॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

## લોયાનાં ત્રીજાં વચનામૃત અંતર્ગત

# આદર્શ જીવન પ્રસંગો




: લેખક :

સદ્‌ગુરુ બ્રહ્મસ્વરૂપદાસ સ્વામી (સાહિત્ય-વિશારદ)

ગુરુવર્ય : સ.ગુ.શા.ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી (કોઠારીશ્રી વરતાલ-સંસ્થાન)



: પ્રકાશક :

શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલ



શ્રી હરિકૃષ્ણ મહારાજ-વડતાલધામ



પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી

લોયાનાં ત્રીજા વચનામૃત અંતર્ગત

# આદર્શ જીવન પ્રસંગો



“જેને ભગવાનનો ને સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે ને સંતને અર્થે શું ન થાય ?’’...

‘‘જેને ભગવાનનો નિશ્ચય માહાત્મ્યજ્ઞાને સહિત હોય તે ભગવાનનાં વચનમાં ફેર પાડે નહી, ને જેમ કહે તેમ કરે.”

“જેને ભગવાનનો ને સંતનો એવો નિશ્ચય હોય તેને તેની કોરનો કેફ વર્તે.”

— (વચનામૃત લોયા-૩)

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

ॐ

લોયાનાં ત્રીજા વચનામૃત અંતર્ગત

# આદર્શ જીવન પ્રસંગો

**: લેખક :**


સદ્‌ગુરુ બ્રહ્મસ્વરૂપદાસ સ્વામી (સાહિત્ય-વિશારદ)
ગુરુવર્ય : સ.ગુ.શા.ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી
કોઠારીશ્રી વરતાલ-સંસ્થાન



દક્ષિણ વિભાગ વડતાલ શ્રીલક્ષ્મીનારાયણ દેવ
ગાદીના સનાતન ધર્મમાર્તણ્ડ
**પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી**ની
આજ્ઞાથી

**:: પ્રસિદ્ધકર્તા ::**

**વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી**
મુખ્ય કોઠારી પ.પૂ. સદ્. શાસ્ત્રી શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી
ગુરુ : પ.પૂ. સદ્. કો. શ્રી નંદકિશોરદાસજી સ્વામી
વડતાલ–સંસ્થાન

**આદર્શ જીવન પ્રસંગો (લોયાનાં ત્રીજા વચનામૃત અંતર્ગત)**

**લેખક :** સદ્‌ગુરુ બ્રહ્મસ્વરૂપદાસ સ્વામી (સાહિત્ય-વિશારદ)

**સંપાદક :** શા. અમૃતવલ્લભદાસ

**પ્રકાશક :** શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતાલ

મુ. વડતાલ, તા. નડિયાદ, જી. ખેડા. પીન : ૩૮૭૩૭૫ (ગુજરાત)

ફોન : (0268) 2589728, 2589776.

**E-mail :** vadtaldhamvikas@gmail.com

**Web :** www.vadtalmandir.org

**પ્રકાશન તિથિ :** સં. ૨૦૭૫, ગુરુપૂર્ણિમા, તા. ૧૬-૭-૨૦૧૯, મંગળવાર
શ્રી સ્વામિનારાયણ મંદિર, સંસ્થાન-વડતાલ
''શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ સં. ૨૦૭૬ ઉપક્રમે''

**આવૃત્તિ :** પ્રથમ (૨૦૧૯)

**પ્રત :** ૩૦૦૦

**પડતર કિંમત :** રૂા. ૪૬/-

**સૌજન્યને આભારી વેચાણ કિંમત :** રૂા. ૨૫/-

**સૌજન્ય :** પ.ભ. શ્રી રજનીભાઈ મણીભાઈ પટેલ
(આણંદ, હાલ. એટલાન્ટા-અમેરિકા)

**પ્રાપ્તિ સ્થાન :**

શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલ - ૩૮૭ ૩૭૫

તા. નડીયાદ, જી. ખેડા. (ગુજરાત).

ફોન : ૦૨૬૮-૨૫૮૯૭૨૮ / ૭૭૬

**મુદ્રક :** શ્રીજી આર્ટ, અમદાવાદ

ફોન : (૦૭૯)૨૬૪૪૧૫૨૨, મો. ૭૬૦૦૦ ૨૬૬૮૬, ૯૮૭૯૬ ૦૬૬૮૬

**E-mail :** shreejiart@gmail.com, **Web :** www.shreejuarts.org

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

सनातन धर्मधुरंधर आचार्य श्री १००८ श्री राकेशप्रसादजी महाराजश्री

श्री लक्ष्मीनारायण देव दक्षिण देश गादी

संस्थान : वडताल - पीन : ३८७ ३७५

आचार्य जा. र. नं. ४४/२०७४ | ता. २९-४-१९

# આશીર્વાદપત્ર

વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણદેવ તથા આરાધ્ય ઈષ્ટદેવ શ્રીહરિકૃષ્ણમહારાજના ચરણકમળથી લિ.વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના પીઠાધિપતિ **પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી**ના શુભાશીર્વાદપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

વચનામૃત અમૃત છે. એ અમૃતનું આચમન કરનારા ભક્તજનોનાં જીવન કેવા ઉર્ધ્વગામી બને છે તે સંપ્રદાયના ઈતિહાસ પૃષ્ઠોમાંથી જાણવા મળે છે. જ્ઞાની-અજ્ઞાની અલ્પજ્ઞાની; સહુને આત્મા – પરમાત્માની ઓળખાણ માટે આ ગ્રંથ આરસીનું કામ કરે છે.

આ ગ્રંથમાં અનેક સ્વનામધન્ય મુક્ત-ભક્તોનાં નામોલ્લેખ થયેલાં છે તેમાં પણ લોયાનાં ત્રીજા વચનામૃતમાં ૨૧ જેટલા માહાત્મ્યજ્ઞાન સહિત નિશ્ચયવાન ભક્તોનાં નામોલ્લેખ સ્વયં શ્રીહરિએ કર્યા છે. આ ભક્તોનાં જીવનમાંથી આપણે આપણા આધ્યાત્મિક જીવનનું સરળ છતાં સચોટ માર્ગદર્શન મેળવી શકીએ; એવા અનેક પ્રસંગો સત્સંગના સાહિત્યમાં ઉપલબ્ધ છેં, તે શક્ય તમામ પ્રસંગોનું આલેખન કરીને શ્રી બ્રહ્મસ્વરૂપ સ્વામીએ **"આદર્શ જીવન પ્રસંગો"** પુસ્તક લખ્યું છે.

આપણે જ્યારે વડતાલ સંસ્થાના માધ્યમે **"શ્રી વચનામૃત દ્વિશતાબ્દિ"** ઉજવવા જઈ રહ્યા છીએ ત્યારે તેના ઉપક્રમે આ પુરક કહી શકાય એવા સાહિત્યનું પ્રકાશન થઈ રહ્યું છે; તેનો આબાલવૃદ્ધ સહુએ લાભ લેવો અને ખાસ શ્રી બ્રહ્મસ્વરૂપ સ્વામીએ ઘણાં પુસ્તકો લખ્યાં છે તેમની ભાષા સરળ એવં રસાળ છે. અમને વિશ્વાસ છે કે, આ ગ્રંથનું વાંચન-મનન કરીને મુમુક્ષુ મહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયના માર્ગે આગળ વધશે.

અંતમાં આ ગ્રંથ પ્રકાશનમાં સહયોગ આપનાર સહુનું ઈષ્ટદેવ શ્રીહરિકૃષ્ણ મહારાજ મંગળ વિસ્તારો એ જ.

આચાર્ય મહારાજશ્રી

श्री निलकण्ठ ! हरिकृष्ण ! हरे ! दयालो, स्वामिन् ! परात्परवराक्षर धामवासिन् ॥
हरिप्रसाद ! पुरुषोत्तम ! धर्मपुत्र ! नारायणं सुखनिधिंप्रणमाम्यह त्वाम् ॥

શ્રીહરિકૃષ્ણાય નમ:

## ''શુભાશિષ''

વહાલા સંતો–ભક્તો ! વચનામૃત એ સ્વામિનારાયણ ભગવાનની પરાવાણી છે. તેથી તેનું વાંચન કરવાથી, સાંભળવાથી અને દર્શન કરવાથી પવિત્ર થઈ જવાય છે.

ભક્તો ! સ્વયં અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ નારાયણે વચનામૃત ગ્રંથમાં જે જે સંતો–ભક્તોને યાદ કરીને સભામાં જેઓની સ્વમુખે પ્રશંસા કરી છે, એવા સંતો–ભક્તોનું શ્રીજી મહારાજના હૃદયમાં વિશેષ સ્થાન હોય છે, એ નિર્વિવાદ સર્વોએ સ્વીકાર કરવો જ પડે, એમાં શંકાને કોઈ સ્થાન જ નથી.

હે ભક્તો ! એવા રાજીપાના પાત્ર બનેલાં લોયાનાં ત્રીજાં વચનામૃત અંતર્ગત સંતો–ભક્તોનાં જીવન પ્રસંગોને અમારા મંડળના સાધુ બ્રહ્મસ્વરૂપદાસે શબ્દદેહ આપીને ''શ્રી વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ – ૨૦૭૬'' ઉપક્રમે પુસ્તકના રૂપમાં આલેખ્યા છે, તેથી તેઓ પણ વરતાલવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજની કૃપાનું પાત્ર બન્યા છે.

અમારી પણ શ્રીહરિકૃષ્ણ મહારાજને પ્રાર્થના છે કે, આ પુસ્તકના લેખક બ્રહ્મસ્વરૂપદાસને પોતાની મૂર્તિનું વિશેષ સુખ આપે એ જ પ્રાર્થના સાથે અમો શુભાશિષ પાઠવીએ છીએ.

લિ. શાસ્ત્રી ઘનશ્યામપ્રકાશદાસ
શ્રી સ્વામિનારાયણ મંદિર વરતાલધામ
''મુખ્ય કોઠારીશ્રી વરતાલ સંસ્થાન''

## લેખક તરફથી....

હે વહાલા સંતો–ભક્તો ! સંતાનોની પ્રશંસા કરવાથી તેમનાં માતા–પિતા ખુશ થઇ જાય છે – તેમ સદ્‌ગુણી સંતો–ભક્તોના સદ્‌ગુણો ગાવાથી પણ સ્વામિનારાયણ ભગવાન રાજી થઇ જાય છે. એટલા માટે મહાપ્રભુ શ્રીહરિજીએ લોયાધામમાં ૨૩ ભકતોનાં એકવીશ પ્રસંગોની વાતો કરી ખૂબ રાજીપો દર્શાવ્યો હતો.

હે ભક્તો ! આ પુસ્તકમાં જે ૨૧ પ્રસંગો લખવામાં આવ્યા છે, એ લખવાની પ્રેરણા વરતાલ મંદિરના આસિસ્ટન્ટ કોઠારી ડો. સંતવલ્લભદાસ સ્વામી મારા ગુરુભાઇએ આપેલ છે. વિ.સં.૨૦૭૬ ના “વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ” ના ઉપક્રમે આ પુસ્તકનું પ્રકાશ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

હે ભક્તો ! ત્યારબાદ વરતાલના મુખ્ય કોઠારી મારા ગુરુશ્રી (સ.ગુ.શા.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી) ને આ બાબત વાત કરી આશીર્વાદ લઇને વિક્રમ સંવત ૨૦૭૫ માગશર સુદ ચોથ “વચનામૃત જયંતી” ના પવિત્ર દિવસે આ પુસ્તક લખવાની શરૂઆત કરી. અને એ જ મહિનામાં માગશર વદ એકાદશી “સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટય દિન”ના શુભ દિવસે આ પુસ્તકનું લેખનકાર્ય પૂર્ણ થયું. અર્થાત્ ફક્ત બાવીશ દિવસમાં જ આ પુસ્તકનું લેખન પુરુ થઇ ગયું, એને હું વરતાલવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજની કૃપા માનું છું.

હે ભક્તો ! આ પુસ્તકમાં લખવામાં આવેલ દરેક પ્રસંગો સંતો–ભક્તો, ભાઇઓ અને બહેનો સર્વેને પ્રેરણાદાયી હોવાથી આ પુસ્તકનું નામ “આદર્શ જીવન પ્રસંગો” રાખવામાં આવેલ છે.

હે ભક્તો ! વરતાલ ગાદીના વિદ્યમાન આચાર્ય પરમ પૂજય ધર્મ–ધુરંધર ૧૦૦૮ શ્રી રાકેશપ્રસાદજી મહારાજે રાજી થઇને આ “આદર્શ જીવન પ્રસંગો” પુસ્તક વાંચીને “આશીર્વાદ પત્ર” આપેલ છે, તેથી તેઓનો હું વિશેષ આભાર માનું છું.

હે ભક્તો ! આ પુસ્તક લખવામાં જે જે પુસ્તકોનો–ગ્રંથોનો સહારો લેવામાં આવેલ છે, તે તે ગ્રંથોના લેખકો અને પ્રકાશનોનો હું આભાર માનું છું. એ દરેક ગ્રંથોનાં નામ છેલ્લે "સંદર્ભ સુચિ ગ્રંથ"માં લખવામાં આવેલ છે.

હે ભક્તો ! અત્યાર સુધીમાં મારા દ્વારા લખાયેલાં નાના–મોટાં કુલ ૧૭ પુસ્તકો પ્રકાશિત થયેલાં છે. આ મારું ૧૮ મું પુસ્તક છે. મને વિશેષ આનંદ એ છે કે આ મારું પુસ્તક "વરતાલધામ સંસ્થા" દ્વારા પ્રકાશિત થઇ રહ્યું છે. તેથી વરતાલ મંદિરના કોઠારીશ્રી મારા ગુરુ પ.પૂ. શા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી અને ચેરમેનશ્રી સ.ગુ. કો. દેવપ્રકાશદાસજી સ્વામી તથા સમગ્ર ટ્રસ્ટીમંડળનો પણ આભાર માનું છું.

હે ભક્તો ! આ પુસ્તક છાપવામાં આર્થિક સહયોગ આપનાર પ.ભ.શ્રી રજનીભાઈ મણીભાઈ પટેલ (આણંદ, હાલ. એટલાન્ટા–અમેરિકા) તથા આ પુસ્તક લખવાની પ્રેરણા આપનાર મારા ગુરુબંધુ શા.ડૉ.આ.કો.સંતવલ્લભદાસ સ્વામીને વરતાલવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજ પોતાની મૂર્તિનું વિશેષ સુખ આપે એ જ અભ્યર્થના સાથે સૌ વાચકોને મારા ઘણા હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ.

લિ : સ્વામી બ્રહ્મસ્વરૂપદાસ – કંડારી ગુરુકુળ (હાલ–વરતાલધામ)
તા. ૧–૧–૨૦૧૯, વિ.સં.૨૦૭૫ માગશર વદ એકાદશી
''શ્રી સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્યદિન.''



# પ્રકાશકીયમ્

સંવત્ ૧૮૩૭ના કાર્તિક વદિ ૧૩ તેરસને દિવસ ગામ શ્રીલોયા મધ્યે સુરાખાચરના દરબારમાં રાત્રિને સમે ઢોલિયા ઉપર વિરાજમાન ભગવાનશ્રી સ્વામિનારાયણ સ્વયં જે વાત કરે છે તે અધ્યાત્મ જગતના ઈતિહાસમાં મુમુક્ષુઓ માટે દીવાદાંડી બની રહી છે. જેને જેને માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેનાં લક્ષણોનું વર્ણન કરતા કરતા શ્રીહરિએ જે ભક્તોના આખ્યાનો કહ્યા તે ધર્મજગતમાં અનોખી ઘટના છે. ભક્તો ભગવદાખ્યાન કહેતા હોય છે. અહી તો ભગવાન ભક્તાખ્યાન કહે છે. અહી જે જે ત્યાગી ગૃહી–બાઈ ભાઈના આખ્યાનો છે તેમાં કોઈના જીવનમાં જ્ઞાન, કોઈના જીવનમાં ભક્તિ, કોઈના જીવનમાં તીવ્ર વૈરાગ્ય; કોઈના જીવનમાં વિશ્વાસની સોડમ દેખાય છે. પરંતુ ભગવાનશ્રી સ્વામિનારાયણના મત પ્રમાણે આ ઘટનાઓની પાછળ માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયની ખુમારી રહી છે.

આજ આપણે ભગવાનશ્રી સ્વામિનારાયણના આશ્રિત તરીકે જીવન જીવીએ છીએ ત્યારે આ ભક્તોના જીવન પ્રસંગોનું અધ્યયન કરીને કંઈક પ્રેરણા પાથેય પ્રાપ્ત કરીએ; એવા આશયથી પૂ. બ્રહ્મસ્વરૂપ સ્વામીએ આ લેખન કાર્ય કર્યું છે. સ્વામી સરળ અને રસાળ શૈલીના લેખક છે, ભજનાનંદી અને સત્સંગ સાહિત્યના અભ્યાસી છે. એમના અભ્યાસની છાયા તેમના દરેક ગ્રંથોમાં ઉપસી આવે છે.

જ્યારે વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ ઊજવવાનું નક્કી થયું ત્યારે તેમની કલમની સેવા લેવાનું નક્કી કર્યું અને ખુબજ અલ્પ સમયમાં આ ''આદર્શ જીવન પ્રસંગો'' પુસ્તક તૈયાર કર્યું છે. અહીં ૧૮ જેટલા સાંપ્રદાયિક ગ્રંથોનું અધ્યયન કરીને ૨૧ ભક્તોના જીવનના ૧૬૩ જેટલા પ્રેરક પ્રસંગો આલેખ્યા છે. આ દરેક પ્રસંગોનું વાંચન, ચિંતન, મનન આપણા જીવનને માહાત્મ્ય જ્ઞાનયુક્ત નિશ્ચય તરફ દોરી જાય છે.

આ પુસ્તક આપણને લોયાના ત્રીજા વચનામૃતને સમજવાની તક મળશે; એવા પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સાથે આ **''શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ - ૨૦૭૯ ઉપક્રમે''** પ્રકાશન થઈ રહ્યું છે.

આ વચનામૃત ગ્રંથ આત્યંતિક કલ્યાણનો રસથાળ છે. આજે ભૌતિકવાદના વાવાજોડામાં સત્સંગ સાહિત્ય જ આપણી રક્ષા કરી શકે છે. આપણા જીવનમાં પળે પળે આવતી સમસ્યાઓની વચ્ચે રસ્તો પણ આવા સાહિત્યથી જ મળે છે. સત્સંગ કરતા કરતા નાના મોટા કષ્ટોમાં નિષ્ઠાની દ્રઢતા ટકાવવાની ચાવી, આ ભક્તોના આદર્શ પ્રસંગોમાંથી સાંપડશે.

અને આપણે ખરેખર મહાત્મ્યજ્ઞાન સહિત નિશ્ચયવાળા ભક્ત થવાની તીવ્ર ઈચ્છા રાખતા હોઈએ તો ગ્રંથના એક એક પ્રસંગ વાંચીને આત્મચિંતન કરવુ જરૂરી છે; તે પ્રસંગ આપણા જીવનને ક્યાં સ્પર્શે છે એ વિચારી આચરણમાં મૂકવું જરૂરી છે અને જ્યારે એમ કરીએ ત્યારે જ આ ગ્રંથની સાર્થકતા છે અન્યથા આ બધા જ પ્રસંગો કદાચ આપણે એક કરતા વધુ વાર વાંચ્યા-સાંભળ્યા હશે. વચનામૃત દ્વિશતાબ્દિની ઝાકમઝાળ વચ્ચે આપણે આ ગ્રંથ દીપકને અજવાળે આપણો અધ્યાત્મ પથ ઉજાળીએ; એવી બુદ્ધિ શક્તિ પ્રાપ્ત થાય; એવી વૃત્તાલય વિહારીશ્રી હરિકૃષ્ણ મહારાજના ચરણોમાં પ્રાર્થના તથા પ્રકાશન કાર્યમાં સહયોગી પૂ. શા. શ્રી અમૃતવલ્લભ સ્વામી તથા યજમાન પ.ભ. શ્રી રજનીભાઈ મણીભાઈ પટેલ (આણંદ, હાલ. એટલાન્ટા-અમેરિકા) તથા શ્રીજી આર્ટ સહુ કાર્યકર્તાઓ પર શ્રીહરિકૃપા વરશે એજ.

**ભવદીય સત્સંગ કૃપાભિલાષી**

શા. સંતવલ્લભદાસ

# અનુક્રમણિકા


| ક્રમ | પ્રસંગ | પેજ |
|---|---|---|
| ૧ | મહિમા સાથે નિશ્ચય શા માટે ? | ૦૧ |
| | **(૧)** | |
| ૨ | ભક્તરાજ ગલુજી | ૦૪ |
| ૩ | અદ્‌ભૂતાનંદ સ્વામી દ્વારા સત્સંગ | ૦૫ |
| ૪ | આજ્ઞા-પાલનની દ્રઢતા | ૦૭ |
| ૫ | ગલુજી અને તેમની સંપત્તિનું રક્ષણ | ૦૮ |
| ૬ | અપરાધીઓએ માફી માગી | ૧૦ |
| ૭ | નિષ્ઠાની ખુમારી | ૧૧ |
| ૮ | લોકલાજનો ત્યાગ | ૧૨ |
| ૯ | શ્રીહરિજીએ જીજીબાને જીવતાં કર્યાં | ૧૪ |
| ૧૦ | શ્રીહરિજીએ ગલુજીના ગુણો ગાયા | ૧૫ |
| ૧૧ | ગલુજી સાધુ બન્યા અને પછી | ૧૬ |
| ૧૨ | કાળને પણ પાછો કાઢ્યો | ૧૯ |
| ૧૩ | દુષ્કાળમાં શ્રીહરિજીએ રક્ષા કરી | ૨૦ |
| ૧૪ | પરીક્ષાનું છેલ્લું પેપર | ૨૨ |
| ૧૫ | પ્રગટ પ્રભુ પ્રત્યે નિર્દોષબુદ્ધિ | ૨૩ |
| | **(૨)** | |
| ૧૬ | રાજમાતા કુશળકુંવરબા | ૨૫ |
| ૧૭ | જન્મભૂમિ અને સાસરું | ૨૬ |
| ૧૮ | કુશળકુંવરબાનો પૂર્વજન્મ | ૨૭ |
| ૧૯ | પ્રગટ પ્રભુ-દર્શનની પ્યાસ | ૨૮ |
| ૨૦ | પ્રાર્થનાને કારણે પ્રભુએ પરમહંસ મોકલ્યા | ૨૯ |
| ૨૧ | સ્વામીએ ધરમપુરમાં ધામા નાખ્યા | ૩૦ |
| ૨૨ | હાથી ખૂંતે તો હાથી જ કાઢી શકે | ૩૧ |

૨૩ અખિયાં હરિ દરશનકી પ્યાસી ---------------------------------- ૩૩
૨૪ અખંડિત ચોખાનો મર્મ ------------------------------------------ ૩૪
૨૫ ધરમપુરની ધરતી પર --------------------------------------------- ૩૫
૨૬ રાજમાતાએ રાજ અર્પણ કર્યું, પરંતુ ------------------------------ ૩૬
૨૭ પ્રભુ વિરહમાં પ્રાણ છોડ્યા ------------------------------------- ૩૭

(૩)

૨૮ અખંડવૃત્તિ ધારક પર્વતભાઈ ------------------------------------ ૩૯
૨૯ પર્વતભાઈની સ્થિતિ ----------------------------------------------- ૪૦
૩૦ જેવા ભગત એવા જ ઉદાર ------------------------------------------ ૪૧
૩૧ મૂર્તિનું સુખ મૂકીને અન્ન શું ભાવે ? --------------------------------- ૪૨
૩૨ રખવાળાએ રખોપું કર્યું ------------------------------------------- ૪૩
૩૩ માનસ ઉપચારો પ્રત્યક્ષ થયા -------------------------------------- ૪૫
૩૪ અવતારીમાંથી અવતારો પ્રગટ થયા ------------------------------ ૪૬
૩૫ પર્વતભાઈને ત્યાં પ્રભુ પધાર્યા ------------------------------------ ૪૭
૩૬ ઘરના ધણી આવે પછી ચાકર ને શી ચિંતા ? ------------------ ૪૮
૩૭ મારાં અનાજનાં અને ઘાસનાં ધન્ય ભાગ્ય --------------------- ૫૦
૩૮ ઘીની ધાર પાછી ખેંચો તો મારા સમ ----------------------------- ૫૧
૩૯ હું દાદાખાચરનો ગોલો થઈશ ------------------------------------ ૫૨
૪૦ દાસના દાસ એના દાસ ------------------------------------------- ૫૩
૪૧ સત્સંગીના સત્સંગી ------------------------------------------------ ૫૪
૪૨ હરિજનને ઘેર એના દાસ ------------------------------------------ ૫૫
૪૩ જો કુહાડી વાગી હોત તો ? ---------------------------------------- ૫૬
૪૪ પર્વતભાઈની સમજણ ---------------------------------------------- ૫૭
૪૫ સંતો પ્રત્યે સાચી આત્મીયતા -------------------------------------- ૫૯

(૪)

૪૬ મહાત્યાગી - રાજબા ------------------------------------------------ ૬૧
૪૭ સગપણની ચૂંદડી સળગી ગઈ ------------------------------------- ૬૨

૪૮ મારા વ્રતની લાજ રાખજો ---------------------------------------- ૬૩
૪૯ રાજબાઈ ભાવસમાધિમાં ---------------------------------------- ૬૪
૫૦ રાજબા સિંહણરુપે ---------------------------------------- ૬૫
૫૧ આજીવન ગઢપુરમાં જ રહ્યાં ---------------------------------------- ૬૬
૫૨ અગ્નિદેવને પણ ડર લાગ્યો ---------------------------------------- ૬૭

(૫)

૫૩ મહામુકત - મોટાંબા ---------------------------------------- ૬૯
૫૪ લાલજી દૂધ પી ગયા ---------------------------------------- ૭૦
૫૫ સાસરે જવાની વાત ---------------------------------------- ૭૧
૫૬ જીવુબા સાસરે આવ્યાં ---------------------------------------- ૭૨
૫૭ નાગણરુપે દેખાયાં ! ---------------------------------------- ૭૩
૫૮ જીવુબાને સંતોનો મહિમા ---------------------------------------- ૭૫
૫૯ કેવી શ્રદ્ધા! માથા પર સગડી મેલી ---------------------------------------- ૭૭
૬૦ મોટીબાની-મોટાઈ-મહિમા ---------------------------------------- ૭૮
૬૧ જીવુબાના સદ્ગુણો ---------------------------------------- ૮૦
૬૨ કપરી - કસોટી ---------------------------------------- ૮૧
૬૩ મહારાજને સર્વસ્વ અર્પણ કર્યું ---------------------------------------- ૮૨
૬૪ રાધાવાવનું પાણી પણ મહારાજનું કહેવાય ---------------------------------------- ૮૩
૬૫ સુરા ખાચરે રોક્યાં ---------------------------------------- ૮૪
૬૬ તામ્રપત્રમાં લેખ કરી આપો ---------------------------------------- ૮૬
૬૭ જીવુબાની દિવ્ય પ્રતિભાનો પ્રભાવ ---------------------------------------- ૮૭
૬૮ ગોપાળાનંદ સ્વામીના કહેવાથી ---------------------------------------- ૮૯
૬૯ જીવુબાનો પ્રશ્ન : બદ્ધ અને મુકતની વાત ---------------------------------------- ૯૦
૭૦ જીવુબા અક્ષરધામમાં ગયાં ---------------------------------------- ૯૩

(૬)

૭૧ પ્રભુનાં પ્યારાં લાડુબા ---------------------------------------- ૯૫
૭૨ અખંડ બ્રહ્મચર્યનું પાલન ---------------------------------------- ૯૬

૭૩ દરરોજ પૂજામાં પ્રત્યક્ષ જમતા ---------------------------------- ૯૭
૭૪ શતાનંદ સ્વામી દ્વારા પ્રશંસા ---------------------------------------- ૯૮
૭૫ સોનાનાં કડલાં આપી રાજીપો મેળવ્યો -------------------------- ૧૦૦
૭૬ પ્રસાદીનો હાર આપવા ન દીધો ---------------------------------- ૧૦૧
૭૭ લાડુબાની વાતો સાંભળી લાડુદાનને વૈરાગ્ય ------------------- ૧૦૨
૭૮ લાડુબા ધામમાં ગયા --------------------------------------------- ૧૦૩

(૭)

૭૯ દ્રઢ નિયમધારી- મોટાં રામબાઈ --------------------------------- ૧૦૪
૮૦ માથું મૂંડાવી સાદાં વસ્ત્રો પહેરો ---------------------------------- ૧૦૫
૮૧ પાણી ઉપર ચાલી સામે કીનારે ---------------------------------- ૧૦૬
૮૨ મહારાજે નામ બદલી રામબાઈ રાખ્યું -------------------------- ૧૦૭
૮૩ રામબાઈ વિષે અલગ અલગ પ્રસંગો -------------------------- ૧૦૮

(૮)

૮૪ વિશ્વાસી ભક્તરાજ દાદા ખાચર ---------------------------------- ૧૧૦
૮૫ બહેનોને ગામ-ગરાસ અપાવી દીધાં ----------------------------- ૧૧૨
૮૬ ગામ-ગરાસ પાછાં અપાવ્યાં --------------------------------------- ૧૧૩
૮૭ જેના મુખમાં આપનું નામ હોય ----------------------------------- ૧૧૫
૮૮ અડધી હજામતે હાજર ---------------------------------------------- ૧૧૫
૮૯ કમર પકડી ફેંકી દીધા, તો પણ ---------------------------------- ૧૧૬
૯૦ લક્ષ્મીવાડીએ સંતો માટે ધર્મશાળા ------------------------------ ૧૧૭
૯૧ હું વેચાઈને પણ સંતો માટે અનાજ લઈશ --------------------- ૧૧૭
૯૨ મહારાજને રોકવા રસ્તામાં સૂઈ ગયા ------------------------- ૧૧૮
૯૩ ત્રણ વાર દીવાલ પડાવી નાખી ------------------------------------ ૧૨૦
૯૪ હું દુર્વાસાનો પણ ગુરુ છું ------------------------------------------ ૧૨૧
૯૫ હું સાધું ભેગો રહીશ ------------------------------------------------ ૧૨૨
૯૬ અમે તો પરદેશી છીએ -------------------------------------------- ૧૨૩
૯૭ અમારા માટે અને સંતો માટે શું કર્યું ? ------------------------ ૧૨૩
૯૮ દાદા ખાચરનું ધામગમન ------------------------------------------ ૧૨૪

(૯)

૯૯ નિષ્કામી ભકત માંચા ખાચર ---------- ૧૨૬
૧૦૦ ભોજા ચારણ ભગવાન ગોતવા ગયા ---------- ૧૨૭
૧૦૧ પ્રગટ પ્રભુનાં પ્રત્યક્ષ દર્શન ---------- ૧૨૮
૧૦૨ કપાસ ઠેકાણે પાડ્યો ---------- ૧૨૯
૧૦૩ ગઢપુરવાસીઓને નિશ્ચય કરાવ્યો ---------- ૧૩૧
૧૦૪ પ્રગટ પ્રભુ કારિયાણી પધાર્યા ---------- ૧૩૨
૧૦૫ પત્ર વાંચી પરમહંસ બન્યા ---------- ૧૩૩
૧૦૬ દુષ્કાળમાં સંતોને કારિયાણી રાખ્યા ---------- ૧૩૪
૧૦૭ માંચા ખાચરના અચિંત્યાનંદ બન્યા ---------- ૧૩૪
૧૦૮ અચિંત્યાનંદ સ્વામીની પ્રશંસા ---------- ૧૩૫
૧૦૯ અક્ષરધામ-ગમન ---------- ૧૩૫

(૧૦)

૧૧૦ મહાનિષ્કામી મૂળજી બ્રહ્મચારી ---------- ૧૩૭
૧૧૧ મૂળજીમાંથી મુકુંદાનંદ વર્ણી ---------- ૧૩૮
૧૧૨ પ્રદક્ષિણામાંથી પડતું મેલ્યું ---------- ૧૩૯
૧૧૩ ઉનાળામાં ઉઘાડા પગે ચાલીને આવ્યા ---------- ૧૩૯
૧૧૪ સ્વપ્નમાં પણ સેવામાં ---------- ૧૪૧
૧૧૫ મૂળજી બ્રહ્મચારીનો મહિમા ---------- ૧૪૨
૧૧૬ મૂળજી બ્રહ્મચારીનું ધામગમન ---------- ૧૪૩

(૧૧)

૧૧૭ સમાધિનિષ્ઠ લાધીબા ---------- ૧૪૫
૧૧૮ લાધીમાને શ્રીહરિજીનો નિશ્ચય ---------- ૧૪૬
૧૧૯ બાવાનો દંભ ખુલ્લો પાડ્યો ---------- ૧૪૭
૧૨૦ લાધીબાએ અન્નકૂટોત્સવ કરાવ્યો ---------- ૧૪૮
૧૨૧ ગઢે ગઢપણ કોનું ઘર માંડયું ? ---------- ૧૪૯
૧૨૨ લાધીબા અને માતાજી એક સાથે ધામમાં ---------- ૧૫૧

(૧૨)

૧૨૩ ખરાં-ખપવાળાં ઝમકુબાઈ ---------- ૧૫૩
૧૨૪ મહેમદાવાદના બ્રાહ્મણ ઉદેપુરમાં ---------- ૧૫૪
૧૨૫ પ્રગટ પ્રભુ માટે રાજમહેલનો ત્યાગ ---------- ૧૫૫
૧૨૬ પ્રભુ-દર્શનની અનોખી પ્યાસ ---------- ૧૫૭
૧૨૭ ભોમિયા બન્યા ભગવાન ---------- ૧૫૮
૧૨૮ મહિમા આવે એટલે બધું આવે ---------- ૧૫૯
૧૨૯ ઝમકુબા વરતાલ આવ્યાં ---------- ૧૬૦

(૧૩)

૧૩૦ મહામુકત-મુકતાનંદ સ્વામી ---------- ૧૬૨
૧૩૧ સદ્‌ગુણી સદ્‌ગુરુની પ્રાપ્તિ ---------- ૧૬૩
૧૩૨ હું તો પચાસ માળા ફેરવું છું ---------- ૧૬૫
૧૩૩ સત્સંગની મા શા માટે ? ---------- ૧૬૬
૧૩૪ મુકતાનંદ સ્વામી કેવા મોટા ? ---------- ૧૬૭
૧૩૫ મુકતાનંદ સ્વામીના વ્યવહારિક ગુણો ---------- ૧૬૮
૧૩૬ વચનામૃતમાં સ્વામીનો મહિમા ---------- ૧૭૧

(૧૪)

૧૩૭ ઉદારદિલ સામત પટેલ ---------- ૧૭૪
૧૩૮ જમીન અને પશુઓ વેચ્યાં ---------- ૧૭૫
૧૩૯ રાજી થઈને ભેટી પડ્યા ---------- ૧૭૬
૧૪૦ સામત ભગતને નાતબહાર મૂક્યા ---------- ૧૭૮
૧૪૧ મહારાજની કૃપાથી ફરી નાતમાં ---------- ૧૭૯
૧૪૨ સામત ભગતે મૂત્ર-ઈન્દ્રિય કાપી નાખી ! ---------- ૧૮૦

(૧૫)

૧૪૩ માનકુવાના મિત્રો - મૂળજી - કૃષ્ણજી ---------- ૧૮૨
૧૪૪ બન્ને મિત્રો ગઢપુર આવ્યા ---------- ૧૮૩
૧૪૫ કાતર લઈ મહારાજ બોલ્યા ---------- ૧૮૪
૧૪૬ બન્ને મિત્રોએ ગુહ્ય-ઈન્દ્રિય કાપી નાખી ---------- ૧૮૬

૧૪૭ જાતે ભગવાં વસ્ત્રો પહેરી સાધુ બન્યા ------------------------ ૧૮૭
૧૪૮ મહારાજનો રાજીપો ------------------------------------------ ૧૮૮

(૧૬)

૧૪૯ ગુંદાળીના મામૈયો અને મેરામણ ------------------------------ ૧૯૦
૧૫૦ સંતો માટે શહિદ બન્યા -------------------------------------- ૧૯૧

(૧૭)

૧૫૧ સુંદરજીભાઈ સુતાર ------------------------------------------ ૧૯૩
૧૫૨ દાસ કોને કહેવાય ? ------------------------------------------ ૧૯૪
૧૫૩ સુંદરજીભાઈનો ઈગો ઉતાર્યો -------------------------------- ૧૯૫
૧૫૪ સુંદરજી સુતારનો પસ્તાવો ------------------------------------ ૧૯૬

(૧૮)

૧૫૫ ડોસાભાઈ-વાણિયા ------------------------------------------ ૧૯૮
૧૫૬ શેઠ બન્યા સહજાનંદ મહારાજ -------------------------------- ૧૯૮
૧૫૭ ડોસા ભકતને ડાકુથી બચાવ્યા -------------------------------- ૧૯૯
૧૫૮ ડોસા ભકત સાધુ બનવા તૈયાર -------------------------------- ૨૦૦

(૧૯)

૧૫૯ જમતગડા-રાણા રાજગાર -------------------------------------- ૨૦૨
૧૬૦ રાઘવ ભકત અને વશરામ ભકત સાધુ થયા ------------------ ૨૦૩
૧૬૧ જેને ધામમાં આવવું હોય તે ચાલો ---------------------------- ૨૦૪

(૨૦)

૧૬૨ ભકતરાજ પ્રહલાદ ------------------------------------------ ૨૦૬

(૨૧)

૧૬૩ કઠલાલનાં - લક્ષ્મીબાઈ ---------------------------------------- ૨૦૮
૧૬૪ ઉપસંહાર ---------------------------------------------------- ૨૧૦
૧૬૫ સંદર્ભ ગ્રંથસૂચિ ---------------------------------------------- ૨૧૧

તા.૧૧-૧૨-૨૦૧૮

# શ્રી વચનામૃત જયંતી

**શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્**

**શ્રી હરિકૃષ્ણ મહારાજાય નમઃ**

**"સર્વાવતાર ધર્તારં ભુક્તિ મુક્તિ પ્રદાયકમ્**
**વંદેઽહં સ્વેષ્ટદેવં તં હરિકૃષ્ણં મનોહરમ્"**

## વચનામૃત લોયાનું ૩ : માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચયવાળાનું

સંવત્ ૧૮૭૭ ના કાર્તિક વદિ ૧૩ તેરસને દિવસ શ્રીજી મહારાજ ગામ શ્રીલોયા મધ્યે સુરાખાચરના દરબારમાં રાત્રિને સમે ઢોલિયા ઉપર વિરાજમાન હતા ને ધોળી છીંટની ડગલી પહેરી હતી તથા રૂનો ભરેલો ધોળો સુરવાળ પહેર્યો હતો ને મસ્તક ઉપર ધોળો ફેંટો બાંધ્યો હતો તથા ધોળી પછેડી ઓઢી હતી અને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશદેશના સત્સંગીની સભા ભરાઇને બેઠી હતી.

તે સમયને વિષે શ્રીજીમહારાજને ભગવદાનંદ સ્વામી તથા શિવાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે, "ભગવાન તથા સંત તેનો જેને માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેનાં શાં લક્ષણ છે ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જેને ભગવાનનો ને સંતનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે ને સંતને અર્થે શું ન થાય ? એને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે અને સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે." એમ કહીને પછી આ સર્વે હરિભક્તની વાર્તાઓ એકબીજા કેડે કરી. ગામ ડડુસરવાળા રજપૂત ગલુજી તથા ધર્મપુરવાળાં કુશળકુંવરબાઇ તથા પર્વતભાઇ તથા

રાજબાઇ તથા જીવુબાઇ તથા લાડુબાઇ તથા મોટાં રામબાઇ તથા દાદોખાચર તથા માંચોભક્ત તથા મૂળજી બ્રહ્મચારી તથા ભુજવાળાં લાધીબાઇ ને માતાજી તથા મુક્તાનંદ સ્વામી તથા વાળાક દેશમાં ગુંદાળી ગામના બે કાઠી હરિભક્ત ઇત્યાદિક જે સત્સંગી; તેમણે ભગવાનને અર્થે ને સંતને અર્થે જે જે કર્યું; તેને વિસ્તારીને કહેતા હવા. અને વળી એમ પણ કહ્યું જે, "જેને ભગવાનનો નિશ્ચય માહાત્મ્યજ્ઞાને સહિત હોય તે ભગવાનનાં વચનમાં ફેર પાડે નહિ, ને જેમ કહે તેમ કરે." તે ઉપર પોતાની વાત કરી જે, "અમારો સ્વભાવ કેવો હતો ? તો, 'ગોદોહનમાત્ર એક સ્થાનકમાં રહેવાય, પણ વધુ રહેવાય નહિ.' એવા ત્યાગી હતા અને વૈરાગ્ય અતિશય હતો ને શ્રીરામાનંદ સ્વામી ઉપર હેત પણ અસાધારણ હતું, તો પણ સ્વામીએ ભુજનગરથી કહી મોકલ્યું જે, 'જો સત્સંગમાં રહ્યાનો ખપ હોય તો થાંભલાને બાથ લઇને પણ રહેવું પડશે.' એમ મયારામ ભટ્ટે આવીને કહ્યું; ત્યારે અમે થાંભલાને બાથ લીધી, ત્યાર પછી તેમણે કહ્યું જે, 'મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહો.' પછી અમે સ્વામીનાં દર્શન થયાં મોર નવ મહિના સુધી મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં રહ્યા. એવે લક્ષણે કરીને જેને સંતનો ને ભગવાનનો એવો નિશ્ચય હોય તેને જાણીએ." અને પછી સુંદરજી સુતાર અને ડોસા વાણિયાની વાત કરી અને વળી, "જેને ભગવાનનો ને સંતનો એવો નિશ્ચય હોય તેને તેની કોરનો કેફ વર્તે." એમ કહીને રાણા રાજગરની વાર્તા કરી અને પ્રહલાદની વાર્તા કરી જે, પ્રહલાદ જે તે નૃસિંહજી પ્રત્યે બોલ્યા જે, "હે મહારાજ ! હું આ તમારા વિકરાળ રૂપથી નથી બીતો ને તમે જે મારી રક્ષા કરી તેને હું રક્ષા નથી માનતો; ને તમે જ્યારે મારા ઇન્દ્રિયોરૂપ શત્રુના ગણ થકી રક્ષા કરશો ત્યારે હું રક્ષા માનીશ.' માટે જે ભગવાનનો ભક્ત હોય તે દૈહિક રક્ષા ભગવાન કરે તેણે કરીને હર્ષ ન પામે ને રક્ષા ન કરે તેણે કરીને શોક

ન કરે અને અલમસ્ત થકો ભગવાનને ભજે. અને ભગવાન અને સંત તેનું માહાત્મ્ય બહુ જાણે.” તે ઉપર ગામ કઠલાલની ડોસીની વાત કરી. “અને આવી રીતનો જે હરિભક્ત હોય તેનો દેહ પગ ઘસીને પડે, વાઘ ખાઇ જાય, સર્પ કરડે, શસ્ત્ર વાગે, પાણીમાં બૂડી જાય; ઇત્યાદિક ગમે તેવી રીતે અપમૃત્યુએ કરીને દેહ પડે તો પણ એમ સમજે જે, ‘ભગવાનના ભક્તની અવળી ગતિ થાય જ નહિ.” એ તો ભગવાનના ધામને જ પામે; અને ભગવાનથી વિમુખ હોય તેનો દેહ સુધી સારી પેઠે પડે અને ચંદનના લાકડામાં સંસ્કારે યુક્ત બાળે તો પણ તે તો નિશ્ચય યમપુરીમાં જાય.’ એ બેની વિક્તિ સારી પેઠે સમજે. એ સર્વે પ્રકારની જેના હ્રદયમાં દ્રઢ ગાંઠ પડી જાય તેને ભગવાન ને સંતનો માહાત્મ્યે સહિત નિશ્ચય છે એમ જાણવું. અને એવા નિશ્ચયવાળો જે હોય, તે જરૂર બ્રહ્મમહોલમાં જ પુગે; પણ બીજે ક્યાંઇ કોઇ ધામમાં ઓરો રહે નહિ.”

॥ ઇતિ વચનામૃતમ્ લોયાનું ॥ ૩ ॥ ૧૧૧ ॥



## "મહિમા સાથે નિશ્ચય શા માટે ?"

હે વહાલા સંતો–ભક્તો ! આષાઢી સંવત ૧૮૭૭ ના કાર્તિક–વદ તેરસે લોયાધામમાં શ્રીહરિના સખા ભક્ત સુરા બાપુના દરબારગઢમાં રાત્રીએ સભામાં શ્રીજી મહારાજ ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા. તે સમયે તેઓની સાથે આગેવાન સંતો, નાના સંતો, આજુબાજુનાં ગામડાઓમાંથી આવેલ હરિભક્તો તેમજ લોયાગામના સત્સંગીઓ બેઠા હતા. ત્યારે ભગવદાનંદ સ્વામી અને શિવાનંદ સ્વામીએ મહારાજને પ્રશ્ન પૂછયો :

" પ્રશ્ન "

"ભગવાન તથા સંત તેનો જેને માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચય હોય તેનાં શા લક્ષણ છે ?"

હે ભક્તો ! ભગવાનનો અને સંતોનો કેવળ નિશ્ચય હોવો એ અલગ વાત છે અને મહિમા તથા સમજણ સહિતનો નિશ્ચય હોવો એ અલગ બાબત છે. કોઇ વસ્તુ–વ્યકિત કે પદાર્થ કે પદાર્થના ગુણધર્મો સહિત ઓળખાણ થવી એ મહિમાએ સહિત નિશ્ચય કહેવાય છે.

હે ભક્તો ! માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચય એટલે મોટાઇ અને સમજણ સહિતની દ્રઢતા. કોઇ પણ વ્યકિત કે વસ્તુનું અમૂલ્યપણું, દુર્લભપણું, અલૌકિક્તા અને એથી થતા ચિરસ્થાયી લાભો જયારે આપણને જણાય છે, ત્યારે તેનો ખરેખર મહિમા સમજાય છે.

જેમ કોઇ માણસ પાસે ચિંતામણિ હોય તો તેને ખૂબ કાળજીથી ભાવપૂર્વક સાચવશે, કેમ કે તે જાણે છે કે, એમાંથી જે સંકલ્પ કરીએ તે સર્વે સિદ્ધ થશે, પરંતુ એ જ ચિંતામણિ જો બાળકના હાથમાં આવે તો તે રમકડાં તરીકે જ ઉપયોગ કરશે, કારણ કે તેનું માહાત્મ્ય તે જાણતો નથી. એ જ રીતે વ્યકિતને ભગવાનનો અને સંતોનો મહિમા સમજાયો નથી તે વ્યક્તિ ભગવાન તથા સંતોની આજ્ઞામાં રહી શકશે નહિ. તેઓની અનુવૃત્તિમાં રહી શકશે નહિ, તેઓ માટે લોક–લાજ છોડી શકશે નહિ, કોઇ વસ્તુ–વ્યક્તિ કે પદાર્થનો પણ ત્યાગ કરી શકશે નહિ. અને સત્સંગમાં લક્ષાવધિ મનુષ્યો ભજન ભક્તિ કરે છે તેમાં કોણ માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચયવાળા ભકત છે તે સમજવું કઠણ પડશે. એટલા માટે જ ભગવદાનંદ સ્વામી તથા શિવાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો છે કે, 'માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચયવાળાનાં લક્ષણ કેવાં હોય.'

હે વ્હાલા ભક્તો ! ભગવાન કે ભગવાનના એકાંતિક મહાપુરુષોનો સાચો મહિમા સમજાયા વિના જગતનું બંધન કદીપણ તૂટતું નથી. મહિમા સમજાય ત્યારે જ પોતાને ભાગ્યશાળી માની જગતની આસક્તિ ટાળી મોક્ષ મેળવી શકાય છે. આ હેતુથી જ અનેક વચનામૃતોમાં મહિમા સમજવાની અત્યંત આવશ્યકતા બતાવી છે.

લોયાના ૧૭ માં વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે કે, "સંતની સભામાં જાય છે ને પોતાને માન જડતું નથી, ત્યારે એ સંતનો અવગુણ લે છે ત્યારે એને સંતની મોટ્યપ જાણ્યામાં આવી નથી, નહિ તો અવગુણ લેત નહિ. જેમ મુંબઇનો ગવર્નર સાહેબ ખુરશી નાંખીને બેઠો હોય ને તેની સભામાં કોઇ ગરીબ માણસ જાય ને તેને ખુરશી ન નાંખી દે ને આદર કોઇ ન કરે ત્યારે કાંઇ એને તે ઇંગ્રેજ ઉપર ધોખો થાય છે ? ને કાંઇ તેને ગાળ દીધાનું મનમાં થાય છે ? લેશમાત્ર પણ થતું નથી. શા માટે જે એ અંગ્રેજની મોટાઇ જાણી છે જે, 'એ તો મુલકનો પાદશાહ છે ને હું તો કંગાલ છું.' એવું જાણીને ધોખો થાય નહિ...

તેમ જો સંતની મોટાઇ જાણી હોય તો તે સંત ગમે તેવો તિરસ્કાર કરે તો પણ ધોખો થાય નહિ અને જેટલો લે એટલો પોતાનો અવગુણ લે પણ સંતનો અવગુણ તો કોઇ રીતે લે જ નહિ. માટે જેને ભગવાનનું ને સંતનું માહાત્મ્ય સમજાણું છે તેનો પાયો સત્સંગમાં અચળ છે અને જેને માહાત્મ્ય નથી સમજાણું તેનો વિશ્વાસ નહિ."

હે ભક્તો ! ગઢડા મધ્ય પ્રકરણના ૧૬ માં વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે કે, "જો ભગવાનનું માહાત્મ્ય જણાય તો મંદ શ્રદ્ધા હોય તે પણ વૃદ્ધિને પામે; માટે જે પ્રકારે ભગવાનનું માહાત્મ્ય સમજાય તે ઉપાય કરવો ને જો એ ઉપાય કરે તો શ્રદ્ધા ન હોય તોપણ શ્રદ્ધા થાય છે અને જો મંદ શ્રદ્ધા હોય તો તે વૃદ્ધિને પામે છે."

વળી શ્રીજી મહારાજે ગઢડા મધ્યના ચોથા વચનામૃતમાં કહ્યું છે કે, "ભગવાનનું માહાત્મ્ય જાણે તો ભગવાનનું અખંડ ચિંતવન થાય અને જેને ભગવાનનો મહિમા સમજાય છે તેને રાજ્ય હોય અથવા ભીખ માગી ખાય તે બેય સરખું વર્તે....

અંત્ય પ્રકરણના ૧૪ માં વચનામૃતમાં શ્રીહરિજી મહારાજ કહે છે કે, "જેના મનને વિષે ભગવાનનું ને ભગવાનના ભક્તનું અખંડ માહાત્મ્ય હોય તે

ભગવાન ને ભક્તની નિષ્કપટ ભાવે પ્રીતિએ કરીને સેવા કરે ને દેહે કરીને સર્વ સંતને પગે લાગે અને કોઇક સંત માંદા હોય તો તેનું માથું દાબે, પગ દાબે ને ખાધાપીધાની ખબર રાખે અને પોતાની પાસે પોતાને મનગમતી વહાલી વસ્તુ આવે તો તે સંતને આપીને પછી પોતાના કામમાં વાપરે. એવી રીતે મન, કર્મ વચને કરીને જે વર્તે તેનાં અંતરમાં ભગવાનનું ને સંતનું માહાત્મ્ય અખંડ છે એમ જાણવું."

હે ભક્તો ! આ સિવાય પણ પ્રથમના ૫૭ માં, પ્રથમના ૨૪ માં, પ્રથમના ૨૧ માં અને સારંગપુરના પ્રથમ વચનામૃતમાં મહિમા વિષે મહારાજે કહેલ છે. આશરે ૧૫ વચનામૃત મહિમા વિષે લખાયાં છે.

હે ભક્તો ! ભગવદાનંદ સ્વામી અને શિવાનંદ સ્વામીનો પ્રશ્ન સાંભળી ભગવાન શ્રી સ્વામિનારાયણ જવાબ આપતા કહે છે કે, "જેને ભગવાનનો ને સંતોનો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે ને સંતને અર્થે શું ન થાય ? (અર્થાત બધું જ થાય) એને અર્થે કુટુંબનો ત્યાગ કરે, લોકલાજનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સ્રીનો ત્યાગ કરે અને સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે."

આ પ્રમાણે કહીને ૨૨ સંતો–ભક્તોના પ્રસંગો વિસ્તારીને કહ્યા. તેમાં પ્રથમ ભક્તરાજ ગલુજીનાં નામથી શ્રીજી મહારાજે વાતો કરવાની શરૂઆત કરી. તેથી મેં પણ તે ક્રમ લીધો છે. તો પ્રથમ સાંભળો ગલુજીનું આખ્યાન.

**(ચોપાઇ)**

**"હરિભક્ત તણાં આખ્યાન, સુણીએ થઇને સાવધાન ।**
**તેથી તેના જેવા ગુણ આવે, પ્રીતિ પ્રભુપદમાં ઉપજાવે ॥**
**આવાં આવાં સુણે જે આખ્યાન, થાય પવિત્ર તેહના કાન ।**
**તનશુદ્ધિ તો તીરથ સ્નાને, મનશુદ્ધિ આવાં આખ્યાને ॥**
**એવા ભક્તનું આખ્યાન ગાય, એનું અંતર નિર્મળ થાય ।**
**એવા થાય હરિજન જેહ, તેનો સુફળ થયો નરદેહ ॥''**

**(હ.મૃ.ક.૭.વિ.૭૬/ક.૩.વિ.૧૬)**



# ૧.
# ભક્તરાજ ગલુજી

હે વ્હાલા ભક્તો ! ગલુજી એટલે ચરોતર પ્રદેશના મહાન ભક્ત.

ગલુજી એટલે રાજપૂત જ્ઞાતિના શૂરવીર ભક્ત.

ગલુજી એટલે ડડુસર ગામના આગેવાન ભક્ત.

ગલુજી એટલે શ્રીહરિજી મહારાજના આજ્ઞાકારી ભક્ત.

ગલુજી એટલે શ્રીહરિજીનાં વચનના વિશ્વાસુ ભક્ત.

ગલુજી એટલે સંસારમાં જળકમળવત્ રહેતા ભક્ત.

ગલુજી એટલે શ્રીજી મહારાજની દરેક ક્રિયાને દિવ્ય માનનાર ભક્ત.

ગલુજી એટલે શ્રીજી અને સંતો-ભક્તો પ્રત્યે હેતવાળા ભક્ત.

ગલુજી એટલે શ્રીજી મહારાજની સર્વોપરી નિષ્ઠાવાળા ભક્ત.

ગલુજી એટલે શ્રીહરિ અને સંતોના મહિમાવાન ભક્ત.

ગલુજી એટલે શ્રીહરિજી મહારાજના સમર્પિત ભક્ત.

ગલુજી એટલે શ્રીહરિજીનાં વચનના દ્રઢતાવાન ભક્ત.

ગલુજી એટલે શ્રીહરિજીની સેવા માટે લોકલાજ છોડનાર ભક્ત.

ગલુજી એટલે શ્રીહરિજીની આજ્ઞાથી સાધુ બનનાર મહામુમુક્ષુ.

ગલુજી એટલે શ્રીહરિજીની આજ્ઞાથી ફરી ગૃહસ્થ બનનાર દાસ ભક્ત.

ગલુજી એટલે મહાકાળને પણ પરાજીત કરનાર મહામુક્ત.

ગલુજી એટલે સૌને કહીને અક્ષરધામમાં ગયેલા સામર્થ્યવાન ભક્ત.

હે ભક્તો ! ખેડા જીલ્લાના મહુધા તાલુકામાં ડડુસર નામનું એક રળિયામણું ગામ આવેલ છે. તે ગામમાં મહિડા રજપૂત જ્ઞાતિમાં ગલુજીનો જન્મ થયો હતો. શ્રીજી મહારાજ પ્રત્યે તેઓને અનન્ય નિષ્ઠા હતી. શૂરવીર જ્ઞાતિમાં જન્મેલા

ગલુજી સત્સંગમાં પણ શૂરવીર હતા. તેમને પ્રગટ પ્રભુ શ્રીહરિજીનાં વચનમાં અતૂટ વિશ્વાસ હતો.

તેઓના પિતાનું નામ મળતું નથી. તેમના માતાનું નામ જીજીબા હતું. તેમની પત્નીનું નામ અંબાબાઇ હતું. તેમને એક દીકરી હતી તેનું નામ સુખબાઇ હતું અને તેમના ભાઇનું નામ મેલાજી તથા લક્ુમસિંહ હતું. તેઓનાં નામ ભક્ત ચિંતામણિ ગ્રંથમાં સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી લખતા જણાવે છે કે...

**"ક્ષત્રી ભકત ગલુજી મેલોજી, જેસંગ ભાચે લીધા હરિ ભજી;**
**ક્ષાત્રી જીજીબા ને સુખબાઇ, એહ જન ડડુસર માઇ."**

**- ભક્ત ચિં.પ્ર-૧૨૧**

## અદ્‌ભૂતાનંદ સ્વામી દ્વારા સત્સંગ

હે ભક્તો ! શ્રીજી મહારાજે મુમુક્ષુઓને પોતાના સ્વરુપનો નિશ્ચય કરાવવા માટે સંતોનાં મંડળ બાંધીને ગામડે ગામડે વિચરણ કરવા મોકલ્યા હતા. સંતો અનેક કષ્ટો વેઠીને પણ પ્રગટ પ્રભુનો નિશ્ચય કરાવી સત્સંગી બનાવી પ્રભુના શરણે મુમુક્ષુઓને લાવતા હતા. તેના કારણે શ્રીજી મહારાજ સંતો ઉપર અતિશય રાજી થતા હતા.

પ્રગટ પ્રભુનો રાજીપો રળવા માટે સંતો સતત પુરુષાર્થ કરી સત્સંગ કરાવતા હતા. એ સમયમાં અદ્‌ભૂતાનંદ સ્વામી સંતો સાથે વિચરણ કરતા કરતા ડડુસર ગામમાં આવ્યા. ગામમાં ઝોળી માગીને તેઓ જમતા અને ઝાડવા નીચે કે દેવાલયોનાં–મંદિરના ઓટલે સૂઇ રહેતા. નવા બાવા–સાધુ ગામમાં આવ્યા છે એવું જાણીને ગામના બુભુક્ષુ ને મુમુક્ષુ સંતો પાસે બેસવા આવતા હતા. તેઓની આગળ અદ્‌ભૂતાનંદ સ્વામી કહેતા કે, "અક્ષરધામના અધિપતિ પુરુષોત્તમ નારાયણ સ્વામિનારાયણ નામે મનુષ્યરૂપે ગઢડામાં પ્રગટ દર્શન આપી રહ્યા છે." આવી વાતો કરી પ્રગટ પ્રભુના સ્વરૂપનો નિશ્ચય કરાવતા હતા.

હે ભકતો ! દરરોજના ક્રમ પ્રમાણે સંતો ભિક્ષા માગતા હતા. તે જોઇને ગલુજીના ભાઇ મેલાજીને સંતોનો ગુણ આવ્યો ને મનમાં આનંદ થયો. તેથી સંતો પાસે જઇ પ્રણામ કરી પોતાના ઘેર આવવા વિનંતી કરી. મેલાજીનો ભાવ જોઇ સંતો એમના ઘેર ગયા. તે સમયે ગલુજીને વાંસામાં ગૂમડું થયેલ તેની પીડા થતી હોવાથી પથારીમાં બેઠા બેઠા રામ રામ, કૃષ્ણ કૃષ્ણ સ્મરણ કરતા હતા.

ગલુજીએ પોતાના ભાઇ સાથે સંતોને આવેલા જોયા તેથી સંતો પ્રત્યે પોતાનું નિર્મળ મન ખેંચાવા લાગ્યું. અદ્‌ભૂતાનંદ સ્વામીની નજર પણ આ મુમુક્ષુ તરફ ગઇ તેથી મનોમન જાણી લીધું કે, 'આ મુમુક્ષુ મહાન ભક્ત બની અનેકના જીવનમાં પ્રેરણા પૂરી પાડશે'.

પછી સ્વામીએ મેલાજીને તેમનો પરિચય પૂછતા તેમણે કહ્યું : "સ્વામીજી ! એ મારા મોટાભાઇ છે અને ભગવાન શ્રીકૃષ્ણના ભક્ત છે. વાંસામાં મોટું ગૂમડું થયું હોવાથી ખાટલામાં બેઠા બેઠા ભગવાનનું સ્મરણ કરે છે."

આવું સાંભળી અદ્‌ભૂતાનંદ સ્વામી ગલુજી પાસે ગયા અને 'જય શ્રી સ્વામિનારાયણ' કહી શ્રીહરિજીને સંભારી ધીરે ધીરે ગૂમડા ઉપર હાથ ફેરવીને બોલ્યા : "ભગવાન સ્વામિનારાયણ સારું કરી દેશે." સ્વામિનારાયણ નામ સાંભળતા જ ગલુજીના અંતરમાં અપાર શાંતિ થઇ. એટલે પૂછયું : "તમે જેનું નામ લીધું એ સ્વામિનારાયણ કોણ છે ?" ત્યારે સ્વામીજીએ પ્રગટ પ્રભુના મહિમાની અને ઐશ્વર્યની વાતો કરી.

પછી સંતો પત્રાવળામાં જમ્યા. એ સમય દરમ્યાન ગલુજીને ગૂમડાની પીડા થતી હતી તે સંપૂર્ણ મટી ગઇ, તેથી અદ્‌ભૂતાનંદ સ્વામી પ્રત્યે પૂજ્ય ભાવ થયો અને મહાપુરુષ મનાયા. પછી તો કથા-વાર્તા કરી સ્વામીએ પરિવારનાં દરેક લોકોનાં મનમાં સ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય કરાવી દીધો. તેના કારણે આખું કુટુંબ સ્વામીના હાથથી જ વર્તમાન ધરાવી કંઠીઓ પહેરી સત્સંગી બન્યું અને સત્સંગના રંગે રંગાઇ ગયું.

હે ભક્તો ! ત્યારબાદ ગલુજી સંતોના સમાગમે કરીને એકાંતિક ભક્ત બની ગયા અને શ્રીજી મહારાજને પોતાના ઘેર અનેકવાર પધરામણીઓ કરાવી મહારાજનો રાજીપો મેળવવા લાગ્યા. પછી તો ડડુસર ગામમાં ગલુજીના યોગે કરીને જેસંગભાઇને તથા પટેલ પરિવારના ભૂધરભાઇ, રાયજીભાઇ, પ્રભુદાસભાઇ વગેરેને સત્સંગ થયો. બ્રાહ્મણ જ્ઞાતિમાં પણ નારણભાઇ, આણંદરામ વગેરે હરિભક્ત થયા હતા.

આ બધા સત્સંગીઓ સંપ રાખી પ્રગટ પ્રભુની ભક્તિ કરતા હતા અને અવાર-નવાર પોતાના ગામમાં સંતોને તેડાવી કથા-વાર્તા સાંભળી શ્રીજી

મહારાજનો વિશેષ મહિમા સમજતા હતા. પછી તો તે સર્વે હરિભક્તોની વિનંતી સાંભળી શ્રીજી મહારાજે ડડુસર ગામમાં આશરે છ–સાત વખત પધારીને ગામને પોતાનાં પાવન પગલાંથી પવિત્ર કર્યું હતું. ખાસ કરીને ભક્તરાજ ગલુજીના ઘેર રહીને મહારાજ તેમનો ભાવ પૂરો કરતા હતા. આ પરિવારે તો સત્સંગ માટે જીવવું અને સત્સંગ માટે મરવું એવો દ્રઢ નિશ્ચય કર્યો હતો.

## આજ્ઞા-પાલનની દ્રઢતા

હે ભક્તો ! પારખાં તો સોનાનાં હોય, કથીરના નહિ, એ જ રીતે પરીક્ષા તો સાચાની હોય, પણ ખોટાની નહિ. ગલુજીની વધતી જતી ભક્તિ તથા સમર્પણને કારણે ઘણા લોકો તેમને અતિશય આદર આપતા હતા. પણ ઇર્ષ્યાળુ લોકો તો તેમની પાછળ પડી ગયા હતા. પરંતુ શૂરવીર ભક્ત ગલુજી તો તેવા લોકોથી ડરતા નહિ. આનંદમાં રહી ભક્તિ કર્યા કરતા હતા. એમને મન તો તેમને મળેલા પ્રગટ ભગવાન સ્વામિનારાયણની જ ખુમારી હતી અને તેના અંગોઅંગમાં પ્રગટ સંતો–ભક્તોનો નશો હતો.

હે ભક્તો ! એકવાર ગઢડાથી શ્રીજી મહારાજ વડથલ ગામમાં પધાર્યા હતાં. ત્યાં સોલંકી ધર્મસિંહ નામે ગરાસિયા સત્સંગી હતા. મહારાજે ત્યાં એક પત્ર લખ્યો અને તે લઇને ધર્મસિંહને ડડુસર જઇ ગલુજીને આપી આવવા કહ્યું. વડથલથી ડડુસર ચાર કિલોમીટર દૂર છે.

ધર્મસિંહ તો પત્ર લઇને ઉતાવળા–ઉતાવળા ચાલીને સંધ્યા સમયે ડડુસર પહોંચી ગયા અને ગલુજીને ઘેર જઇ તેમના હાથમાં મહારાજનો પત્ર આપ્યો. તે સમયે ગલુજી જમવાની તૈયારી કરી રહ્યા હતા. તેમનાં બા જીજીમાએ થાળી તૈયાર કરી દીધી હતી. પરંતુ પ્યારા પ્રભુનો પત્ર જોઇને જમ્યા વિના જ પત્ર વાંચવા લાગ્યા. પત્રમાં લખેલ હતું : “ભક્ત શ્રી ગલુજી ! આ પત્ર મળે એટલે વાંચીને તુરત જ ઘરની સર્વે સમૃદ્ધિ, પૈસા અને ઘરેણાં વગેરે ગાડામાં ભરીને તમારાં માતાને ઘેર રાખી, તમો એકલા જ બધું લઇને વડથલ આવતા રેજો.”

હે ભક્તો ! શ્રીજી મહારાજની આજ્ઞાનું તુરંત પાલન કર્યું. ગલુજીને કોઇ પ્રકારની શંકા ન થઇ. જમવાનું છોડી દઇ એક ક્ષણનો પણ વિલંબ કર્યા વિના વિશ્વાસુ ભક્તે સેવક પાસે ગાડું મંગાવ્યું. તેમાં માલ–મિલકત બધું જ ગાડામાં ભર્યું અને જવાની તૈયારી કરી. ત્યારે જીજીબાએ પૂછ્યું : “બેટા, અચાનક આ

બધું લઇને ક્યાં જવું છે ?' માતાનો સવાલ સાંભળી ગલુજીએ કહ્યું : “બા ! શ્રીજી મહારાજની આજ્ઞા છે કે ધન–સંપત્તિ બધી જ લઇને અત્યારે જ તેઓની પાસે વડથલ ગામ જવું. કદાચ મહારાજને રૂપિયા–ઘરેણાંની તાત્કાલિક જરૂર પડી હશે, તેથી પત્ર લખીને આ ધર્મસિંહને મોકલ્યા છે. અને તમોને ઘેર રાખવાનું કહ્યું છે, માટે તમો ઘેર રહી ભજન કરજો.”

હે ભક્તો ! ગલુજીનાં બા જીજીબા પણ શ્રીહરિજીનાં અનન્ય ભક્ત હતાં, તેથી તેઓએ કહ્યું : “દીકરા ! શ્રીજી પ્રભુની આજ્ઞા પાળવામાં જ આપણું કલ્યાણ રહેલું છે, માટે તું અત્યારે જ જા અને મહારાજને આ બધું આપી દઇ પ્રભુનો રાજીપો મેળવી લે. મારા જય સ્વામિનારાયણ મહારાજને કહેજે.”

માતાના આવાં વચનો સાંભળી ગલુજીને અપાર આનંદ થયો અને બળદો જોડી ગાડું વડથલના માર્ગે ઉતાવળું ચલાવતા–ચલાવતા શ્રીજી મહારાજ પાસે રાત્રીએ પહોંચી ગયા. પ્રભુને દંડવત પ્રણામ કરીને કહ્યું : “મહારાજ ! તમારી આજ્ઞા મુજબ રૂપિયા–ઘરેણાં વગેરે ગાડું ભરીને સામાન લાવ્યો છું તે ક્યાં ઉતારું એ કહો.”

ગલુજીનું કહેવું સાંભળી પ્રભુ અતિ રાજી થયા અને બોલ્યા : “આવું બીજાથી થાય નહિ. તમોએ અમારું વચન પાળ્યું છે, તેથી તમારા યોગ અને ક્ષેમ, બંનેનું અમે વહન કરીશું. અર્થાત્ તમારી જીવન જરૂરીયાત અમો પૂરી કરીશું અને તમારી ધન–સંપત્તિનું અમો રક્ષણ કરીશું.” આ રીતે કહી મહારાજ ગલુજીને ભાવથી ભેટી પડ્યા અને પ્રેમથી પોતાની પ્રસાદીનો થાળ પોતે પીરસીને જમાડ્યા.

## ગલુજીનું અને તેમની સંપત્તિનું રક્ષણ

હે વ્હાલા ભક્તો ! ગલુજીને તો એમ જ હતું કે ‘પ્રભુને પૈસાની જરૂર પડી હશે એટલે તાત્કાલિક મને તેડાવ્યો છે.' પરંતુ સત્ય વાત તો કંઇક જુદી જ હતી. શ્રીહરિજીએ અચાનક સર્વ–સમૃદ્ધિ સહ ગલુજીને પોતાની પાસે તેડાવી લીધા તેનું કારણ એ હતું કે એ દિવસે જ ડડુસરમાં ગલુજીને મારવાનું કાવતરું ઘડાઇ ગયું હતું. કારણ કે સોલંકી ગરાસીયાઓને રજપૂતો સાથે એમની પરંપરાથી વેર–ઝેર ચાલ્યા આવતા હતા. તે વેર હતું અને ગલુજી સત્સંગી થયા તેથી તે લોકોને વધારે દ્વેષ થયો, તેથી ગલુજીને રાત્રીએ આવી મારી નાખવા

એવો પ્લાન તૈયાર થઇ ગયો હતો. પરંતુ 'તનકી જાણે, મનકી જાણે, જાણે ચિત્તકી ચોરી...' એવા અંતરયામી શ્રીજી મહાપ્રભુથી આ કેમ અજાણ રહે ? તેથી તો ભક્તરક્ષક ભગવાને પોતાના ભક્તને તુરંત બોલાવી લીધા.

**જિતને તારે ગગન મેં ઇતને શત્રુ હોય ।**
**કૃપા જાકો રઘુવીર કી બાલ ન બાંકા હોય ॥**

હે ભક્તો ! સાંજે સંધ્યા સમયે ગલુજી ગયા અને તેજ રાત્રીએ દ્વેષથી ભરેલા ગરાસિયાઓ તેમના ઘેર આવ્યા. અમુક લોકોએ ઘરને ચારેબાજુથી ઘેરી લીધું, જેથી ગલુજી ભાગીને બહાર ન જઇ શકે અને અમુક લોકો ઘરમાં ગયા. તેમણે જોયું તો દીવાના અજવાળે બેઠા બેઠા જીજીબા માળા ફેરવતા હતાં. ગરાસિયાઓ જુદા જુદા ઓરડાઓમાં જઇ ગલુજીને શોધવા લાગ્યા. પણ ગલુજી કયાંય મળ્યા નહિ. પછી પટારા ખોલીને ધન-સંપત્તિ ગોતવા લાગ્યા, પણ એય ન મળી, "જાકો રાખે સાંઇયા, બાલ બાંકા ન હોય."

હે ભક્તો ! દુશ્મન લોકોને 'ન મળ્યા ગલુજી કે ન મળી સંપત્તિ.' તેથી એક આગેવાને માજીને પૂછ્યું : "એ ડોશી ! ગલુ કયાં ગયો છે ? અને ઘર ખાલી કેમ છે ? માલ-મિલકત કયાં સંતાડ્યા છે ? બોલી જાવ." ત્યારે માજીએ મહારાજને યાદ કરીને કહ્યું : "ગલુજી તો વડથલ ગામ ગયો છે. ત્યાં અમારા ભગવાન સ્વામિનારાયણ પધાર્યા છે. તેમણે પત્ર લખીને એક સત્સંગીને અહીં મોકલ્યા હતા અને માલ-મિલકત બધું જ ત્યાં મંગાવી લીધું હતું, તેથી ગલુજી તો તે બધું લઇને અમારા ભગવાનને અર્પણ કરવા માટે થોડીવાર પહેલાં જ વડથલ ગયો છે."

હે ભક્તો ! માજીના મુખેથી આવી વાત સાંભળીને જે મારવા આવ્યા હતા તેના મોંઢા કરમાઇ ગયા. ધાડ પાડવા આવેલા યુવાનો તો અચંબો પામી ગયા. તેમાંથી એક આગેવાને કહ્યું : "માડી ! આજ તારા ગલુની ભક્તિ ફળી. તમારા સ્વામિનારાયણ ખરેખર ભગવાન છે - અંતર્યામી છે. તેઓ અમારા બદ ઇરાદાને અગાઉથી જાણી ગયા, તેથી તમારો દીકરો બચાવી લીધો." ત્યારે બીજો યુવાન બોલ્યો : "ડોશી ! આજે અમે ગલુજીને મારી નાખવા જ આવ્યા હતા અને મારીને ઘર લૂંટી લેવાના હતા, પરંતુ સ્વામિનારાયણ તો ભગવાન ખરા, તેથી તેમણે ગલુને બચાવી લીધો."

હે ભક્તો ! ત્યારબાદ ત્રીજા યુવાને કહ્યું : “ખરેખર સ્વામિનારાયણ ભગવાન જ છે. જે પ્રગટ પ્રભુ હોય તે તો કાળના પણ કાળ હોય. એની શક્તિ બહુ મોટી હોય, આપણા જેવા સાધારણ માણસો એના ભક્તનું કાંઇ ન બગાડી શકીએ.” પછી તે સર્વે જીજીબાને કહેવા લાગ્યા : “માજી ! અમને માફ કરી દેજો. તમે ગલુજીને કહેજો કે, હવે અમારે તમારી સાથે કોઇ વેર નથી. આજથી વેર–ઝેર છોડી દઇએ છીએ. અમોને તમો આશીર્વાદ આપો એટલે અમો પણ તમારી જેમ સ્વામિનારાયણના ભક્ત બનીને ભજન–ભક્તિ કર્યા કરીએ ને ચોરી–લૂંટફાટ છોડી શકીએ.” આ પ્રમાણે કહીને તે બધા લોકો ગલુજીના ઘેરથી જતા રહ્યા.

## અપરાધીઓએ માફી માગી

હે ભક્તો ! શ્રીજી મહારાજે વિશ્વાસુ ભકત ગલુજીને બચાવી લીધા. તેથી મારવા આવેલ ગરાસિયાના મનમાં સદ્‌વિચારો આવવા લાગ્યા અને પરસ્પર કહેવા લાગ્યા : “ગલુજી જેવા પવિત્ર ભકતને આપણે હેરાન કરીએ તો રાવણ, કંસ અને દુર્યોધનની જેમ આપણું પણ કાસળ નીકળી જાય હો. માટે આપણે પણ પ્રગટ પ્રભુ સ્વામિનારાયણ પાસે જઇને વહેલી તકે માફી માગી તેના ભગત બની જઇએ. કારણ કે એમને શરણે થયા વિના તો આપણો ઉદ્ધાર થઇ શકે તેમ નથી. આપણાં મોટાં ભાગ્ય છે કે, આપણને સહુને આવી એક સાથે સારી બુદ્ધિ સૂજી. હવે જ્યારે પ્રગટ પ્રભુ આપણે ગામ આવે ત્યારે આપણે બધાએ એની માફી માગી એના સત્સંગી બની જવું.”

હે ભક્તો ! વડથલ ગામમાં અંતર્યામી શ્રીહરિજીએ ગરાસિયાની વાતો જાણી, તેથી બીજે દિવસે સવારે ગલુજીને જમાડી પોતાના ગામ જવાની આજ્ઞા કરી. આજ્ઞાકારી ભકતરાજ ગલુજી તો તુરંત બળદ જોડી બધા જ સામાન સાથે ડડુસર આવી ગયા. તેમના મનમાં એવો વિચાર પણ ન આવ્યો કે, શા માટે મને માલ–મિલકત લઇને ચાર ગાઉનો ધક્કો ખવડાવ્યો ? તે તો હરિ–સ્મરણ કરતા–કરતા ઘેર આવી ગયા.

હે ભક્તો ! આ બાજુ ડડુસરના ગરાસિયાઓને ગલુજીભાઇ ઘરે આવી ગયાના સમાચાર મળ્યા એટલે તરત જ બધા ભેગા થઇને ગલુજીને ઘેર આવ્યા અને ખુલ્લા દિલે પેટ–છૂટી વાતો કરી : “હે ગલુજી ભક્ત ! અમો ગઇકાલ

રાત્રીએ તમને મારી નાખવા જ આવ્યા હતા, પરંતુ તમારા ભગવાને તમને બચાવી લીધા. ખરેખર એ તો બોલતાં – ચાલતાં પરભુ છે ! તમે એના સાચા સોના જેવા ભકત છો, માટે અમારા અપરાધ માફ કરજો. અમો ખરા દિલથી તમને હાથ જોડીને અમારાં પાપની માફી માટે કરગરીએ છીએ.” આ પ્રમાણે કહી ગલુજીના વચનમાં વિશ્વાસ રાખી સત્સંગી થયા !!

હે ભક્તો ! આજે પણ જે લોકો ભક્ત ગલુજી જેવો વિશ્વાસ રાખી ભાવથી ભક્તિ કરે છે, તેની રક્ષા શ્રીજી મહારાજ કરે જ છે. એવા ભક્તના યોગ અને ક્ષેમનું વહન જરૂર કરે છે, એવા મહાદયાળુ શ્રીહરિજી મહારાજ છે. ગલુજીની પ્રભુએ રક્ષા કરી તેના કારણે તેઓ ઉત્સાહથી વિશેષપણે ભક્તિ કરવા લાગ્યા. સત્સંગ કરવા લાગ્યા. તેમના માતૃશ્રી જીજીબા, ધર્મપત્ની અંબાબાઇ અને દીકરી સુખબાઇ પણ વિશેષપણે ભજન–ભક્તિ કરવાં લાગ્યાં.

## નિષ્ઠાની ખુમારી

હે વહાલા ભક્તો ! ભક્તરાજ ગલુજીને નિત્ય ઉત્સાહથી સત્સંગ, સેવા અને ભજન કરવાની અંતરથી રૂચિ હતી. સંતો–ભક્તોની નિસ્વાર્થ ભાવે – નિરાભિમાનીપણે સેવા કર્યાનું વ્યસન હતું. તેઓ ખેતીકામ કરી કુટુંબના પોષણની જવાબદારી શ્રીજી મહારાજની આજ્ઞા મુજબ કરતા હતા.

હે ભક્તો ! સુખમય જીવન જીવતા એક દિવસ તેમના બા અતિ બીમાર પડ્યાં. તેથી ગલુજી માતાની સેવા અતિ ભાવથી કરવા લાગ્યા. વૈદો પાસે ઘણી દવા પણ કરાવી, પણ મોટી ઉંમર થઇ ગઇ હોવાથી સારું થયું નહિ, તેથી પરિવારના લોકોનાં મનમાં નક્કી થઇ ગયું કે, ‘આજકાલમાં બા જરૂર ધામમાં જશે.’’

હે ભક્તો ! એવા સમયમાં શ્રીજી મહારાજ સંતો–ભકતોને સાથે લઇને ઉમરેઠ જવા ત્યાંથી નીકળ્યા. ત્યારે મહારાજે સંતો–ભક્તોને કહ્યું : “આપણે આજે ડડુસર ગામમાં જ રોકાઇ જઇએ. અહીં ગલુજી બહુ સારા ભક્ત છે તેથી તેમને દર્શન આપીને રાજી કરી કાલે ઉમરેઠ તરફ જઇશું.” પ્રભુની આજ્ઞા થતાં જ એક સ્વારને સમાચાર આપવા મોકલ્યા. તેણે આવીને કહ્યું : “ગલુજીભાઇ! શ્રીજી મહારાજ સંતો અને સખાઓ સાથે અત્યારે જ તમારા ઘેર આવી રહ્યા છે.”

હે ભક્તો ! આવા સમાચાર સાંભળતા જ ગલુજીનાં દિલમાં અતિશય આનંદ થયો. તેમનાં પત્ની અંબાબાઇ અને પુત્રી સુખબાઇને તો હૈયે સુખનો સાગર રેલાયો. સૌ મહારાજના સ્વાગત–સામૈયા બાબત વાત કરી રહ્યા હતા, તે સમયે જીજીબાએ દેહત્યાગ કર્યો. ત્યારે પરિવારના લોકો તો વિચારવા લાગ્યા : "અરે ! માડી તો ધામમાં જતાં રહ્યાં ? હવે તો સૂતક શરુ થઇ ગયું ! હવે શ્રીજી મહારાજને ઘેર કેમ પધરાવવા ?''

હે ભક્તો ! એ સમયે ખુમારીભર્યા સ્વરે ગલુજી બોલ્યા : "આપણે આજે મહારાજ પધારે છે એ અવસર સાચવી લેવાનો છે. જો માની ક્રિયા કરવા રહીશું તો શ્રીજી પ્રભુ ચાલ્યા જશે, માટે મહારાજને જાવા દેવા નથી. કોઇ મુંઝાશો નહિ. ધામધૂમથી સામૈયા સાથે શ્રીહરિજીને ઘેર લાવવાના છે અને બા ગુજરી ગયા છે તે કોઇને ખબર પડવા દેવી નથી." આ રીતે કહી માતાના મૃતદેહને મેડીના માઢ ઉપર ખાટલીમાં સુવાડી માથે કપડું ઢાંકી સ્નાન કરી ધોયેલાં વસ્રો પહેરી તરત જ ગામના પાદરમાં ભાઇઓ સાથે ગલુજી ગયા અને ઢોલીયો તથા શરણાઇવાળાને બોલાવી સામૈયાની તૈયારી કરવા લાગ્યા.

## લોકલાજનો ત્યાગ

હે ભક્તો ! ગલુજીએ ગામના પાદર જઇ મહારાજને દંડવત કર્યા. જાણે કે કાંઇ બન્યું જ નથી એ રીતે સામૈયાની તૈયારીમાં લાગી ગયા. આવું જોઇ અંતર્યામી પ્રભુ ગલુજીની નિષ્ઠા અને સમજણ જોઇ મંદમંદ હસવા લાગ્યા. પછી તો વાજતે–ગાજતે આખા ગામમાં મહારાજની શોભાયાત્રા કાઢીને પોતાને ઘેર લાવ્યા.

હે ભક્તો ! પ્રભુની પધરામણી કરાવી. ઢોલિયા ઉપર ગાદલું પાથરી તે ઉપર નવો ઓછાડ બીછાવ્યો ને પ્રભુને તે ઉપર બેસવા વિનંતી કરી. પ્રભુ તેમનો ભાવ જોઇને પલંગ પર બિરાજમાન થયા. ત્યારે ગલુજીએ પ્રભુનું પૂજન કરી આરતી ઉતારી. ત્યાં ઘરના ચોકમાં વિશાળ સભા થઇ અને શ્રીહરિજીએ આશીર્વાદ આપી કથા–વાર્તા કરી. ત્યારબાદ જે જે લોકોએ મહારાજને પોતાને ઘેર પધરામણી કરવા વિનંતી કરી તે તે લોકોને ઘેર પધરામણીઓ કરી ભક્તો અને સજ્જન લોકોને રાજી કર્યા.

હે ભક્તો ! પોતાની માતાનું મૃત્યુ થયું હોવાથી સુતકને કારણે ગલુજીએ વાણિયાની દુકાનેથી નવું સીધું અન્ય હરિભક્તો પાસે ઉપડાવી એક પવિત્ર બ્રાહ્મણને ઘેર પહોંચાડ્યું અને શ્રીજી મહારાજનો ઉતારો તથા સંતોનો ઉતારો પણ તે બ્રાહ્મણને ઘેર જ રખાવ્યો. ત્યાં બ્રાહ્મણો દ્વારા અનેક પ્રકારનાં ભોજન બનાવડાવ્યાં. થાળ તૈયાર થતાં જ શ્રીજી મહારાજ અને સંતો–ભક્તો પ્રેમથી જમ્યા.

હે ભક્તો ! ત્યારબાદ રાત્રીએ સત્સંગ સભાનું આયોજન થયું. ગલુજીએ ગામમાં સાદ પડાવી સૌને પ્રભુનાં દર્શન અને સત્સંગનો લાભ લેવાનું આમંત્રણ પાઠવ્યું. તેથી સત્સંગ પિપાસુ લોકો સભામાં આવ્યા. રાત્રીએ ત્યાં લીમડાનાં ઝાડ નીચે સુંદર પાટ ઉપર બીરાજી શ્રીજી મહારાજ ગામજનોને સંબોધતા થકા અમૃત–વચનો કહેવા લાગ્યા :

**“ઇહાં કે મનુષ્ય હિ જો જેતે, બાઇ ભાઇ કહાવત તે તે ।**
**સત્સંગ કી રીત જો તામેં, સમજત રહે સહજ હી યામેં ॥**
**બચન કર સંત કે સનમાના, કરત રહત એસે બુદ્ધિમાના ।’’**

**- હ. મૃત સાગર**

આ ડડુસર ગામનાં બાઇ–ભાઇ વગેરે સર્વે મનુષ્યો છે, તે ખૂબ સત્સંગ કરે છે, તેથી સત્સંગની રીતને સહેજે સમજે છે અને સંતોનું વચને કરીને ખૂબ સન્માન કરે છે. એવા આ ગલુજીભાઇ વગેરે બુદ્ધિમાન ભક્તો અહીં છે, તેથી અહીં રહેવું અમને બહું સારું લાગે છે.”

હે ભક્તો ! આ રીતે મોડી રાત સુધી શ્રીજી મહારાજે સહુને દર્શન અને સત્સંગનો લાભ આપ્યો. પછી ત્યાંજ પ્રભુ પોઢી ગયા. (હે ભક્તો ! જે ઘેર ગલુજીએ શ્રીહરિજીનો ઉતારો કરાવ્યો હતો અને પ્રભુ જમ્યા હતા ત્યાં હાલ આપણું સ્વામિનારાયણ મંદિર છે અને જે લીંબતરું નીચે મહારાજ સભા કરીને બેઠા હતા તે લીમડો પડી ગયો હોવાથી તેની સ્મૃતિ માટે એ જ જગ્યાએ બીજો લીમડો ઉગાડેલ છે.)

હે ભક્તો ! બીજે દિવસે પ્રગટ પ્રભુ જાગ્યા અને નાહી–ધોઇ પૂજા પાઠ કરી લીંબતરું નીચે બીરાજ્યા. તે સમયે ગલુજી વગેરે ગામના લોકો ત્યાં આવ્યા અને શ્રીજી મહારાજને દંડવત પ્રણામ કરી સભામાં બેઠા. ત્યારે પ્રભુ બોલ્યા :

"ગલુજી ! હવે અમને રજા આપો. અમારે અહીંથી ઉમરેઠ જવું છે." ત્યારે ગલુજી અને ગામના લોકોએ એક દિવસ વધારે રોકાવાનો આગ્રહ કર્યો પણ પ્રભુએ ના કહી તેથી જવાની રજા આપી.

હે ભક્તો ! શ્રીજી પ્રભુ સખાઓ સાથે સ્વાર થઇને ચાલ્યા ત્યારે ગલુજી વગેરે એક ગાઉ સુધી મહારાજને વળાવવા ગયા. ત્યારે મહારાજે કહ્યું : "ગલુજી ! હવે પાછા વળો અને જલદી ઘેર જઇ ડોશીમાનો અગ્નિ સંસ્કાર કરો. તમે લોકલાજનો ત્યાગ કરીને અમારું સામૈયું કર્યું, પણ તમારી બાનો અંતિમ સંસ્કાર ન કર્યો. તમારા બાને અમો અક્ષરધામમાં લઇ ગયા છીએ. જુઓ આ રહ્યાં તમારા બા જીજીબા.' આમ કહી ગલુજીભાઇને તેમની માતાના દિવ્યદેહનાં દર્શન કરાવ્યાં ! પોતાની માતાનાં આ રીતનાં દર્શન થયાં તેથી ગલુજીને અતિ આનંદ થયો.

## શ્રીહરિજીએ જીજીબાને જીવતા કરી લાજ વધારી

હે ભક્તો ! શ્રીજી મહારાજને ઉમરેઠ વળાવી ગલુજી વગેરે ઘેર આવ્યા. ત્યાંતો ગામલોકોને ખ્યાલ આવ્યો કે, 'તેની બા મૃત્યુ પામ્યાં છે, છતાં ગલુએ એના ભગવાન અને સાધુ–સંતોને જમાડી ધર્મનો લોપ કર્યો છે. અરે ! આ તો અધર્મ જ કહેવાય. પવિત્ર એવા સાધુ–સંતોને સૂતકમાં જમાડી અભડાવી નાખ્યા. આવા માણસને ગામમાં રહેવા જ ન દેવાય. આપણે બધા એક થઇએ અને ગલુને ગામમાંથી હાંકી કાઢીએ. એનો બહિષ્કાર કરીએ.''

હે ભક્તો ! આ રીતે વિરોધીઓએ આ વાતને મોટું સ્વરૂપ આપી ઉપાધિનો ભડકો કર્યો. તેઓ જેમ મનમાં આવે તેમ બોલવા લાગ્યા, તેથી ગલુજી ભક્તની અંતર્યામી શ્રીહરિજીને ચિંતા થવા લાગી.

હે ભક્તો ! ગામના લોકો તો મનફાવે એમ બોલતાં–બોલતાં ગલુજીને ઘેર આવ્યા ને બૂમાબૂમ કરીને પૂછવા લાગ્યા : "કયાં રાખી છે મરેલી ડોશીની લાશને ? કયાં મડદું સંઘર્યું છે ? અમે આવું તમારું ધતિંગ બિલકુલ નહિ ચાલવા દઇએ." ત્યાં તો ટોળાંમાંથી એક માણસ બોલ્યો : "એની ડોશીના મડદાને કયાં સંઘર્યું છે ઇ બધી મને ખબર છે, માટે ચાલો બતાવું?''

હે ભક્તો ! આ પ્રમાણે કહીને ગામના લોકોને લઇને તે મેડા ઉપર ગયો ને જીજીબાનાં મૃત દેહને જ્યાં સુવડાવ્યો હતો ત્યાં જઇને તેનાં માથા ઉપરથી

કપડું જોરથી ખેંચ્યું. ત્યાંતો સૌએ આશ્ચર્ય જોયું ! જીજીબા તો સ્વામિનારાયણ–સ્વામિનારાયણ બોલતાં–બોલતાં બેઠાં થયાં ને બોલ્યાં : "કોણ કહે છે કે, હું મરી ગઇ ? હું તો મારા સ્વામિનારાયણ ભગવાનનાં અક્ષરધામમાં ગઇ હતી."

હે ભક્તો ! આવો ચમત્કાર જોઇને ગામના લોકો તો આશ્ચર્યચકિત થઇ ગયા ! દ્વેષી લોકોની તો બોલતી બંધ થઇ ગઇ. સર્વે શરમાઇ ગયા. કાળામશ મોઢા થઇ ગયા. પછી જીજીબા બોલ્યાં : "સહુ લોકો સ્વામિનારાયણ મહામંત્રની ધૂન બોલો. હવે મારે ધામમાં જવું છે. કુસંગી લોકોના કારણે મને મહારાજે ફરી દેહમાં મોકલી હતી. મારે અહીં રહેવું નથી. ધામમાં તો મહારાજની મૂર્તિમાંથી અપાર દિવ્ય સુખ મળે છે, માટે મારે જલદી ધામમાં જવું છે અને દિવ્ય સુખ ભોગવવું છે.''

હે ભક્તો ! આવું સાંભળીને પાપી લોકો તો ભાગ્યા, પરંતુ સત્સંગીઓ અને સજજનો ઉચ્ચ સ્વરથી ધૂન બોલવા લાગ્યા. ત્યાંતો જીજીબા હર્ષભેર બોલ્યાં : "જુઓ જુઓ સ્વામિનારાયણ ભગવાન મને તેડવા આવ્યા છે અને હું એમની સાથે અક્ષરધામમાં જાઉં છું. તમારે ત્યાં આવવાની ઇચ્છા હોય તો મહારાજનું ખૂબ ભજન કરજો અને સત્સંગના નિયમો પાળજો.''

હે ભક્તો ! આ રીતે બોલીને માજી ધામમાં જતા રહ્યા. પછી ગલુજી વગેરે ભાઇઓએ માજીના દેહના અંતિમ સંસ્કાર કર્યા. ત્યારે આખું ગામ સ્મશાન–યાત્રામાં મહિમા સાથે જોડાયું હતું. આવી રીતે શ્રીજી મહારાજે પરચો આપી ગલુજી ભક્તની આબરૂને અકબંધ રાખી હતી. આ મહાત્મ્યજ્ઞાનનો જ પ્રભાવ છે, કે આવી દ્રઢતા રહે છે.

## સ્વયં શ્રીહરિજીએ ગલુજીના સદ્‌ગુણો ગાયા

હે ભક્તો ! એકવાર શ્રીજી મહારાજ સંતો–પાર્ષદો અને સત્સંગી સાથે ડડુસર પધાર્યા. ગામમાં શોભાયાત્રા નીકળીને ગલુજીના ઘેર ઉતારો કર્યો. ફળીયામાં વિશાળ સભા ભરાઇ અને પ્રભુ ઢોલિયા ઉપર બેસીને સંતો આગળ અને સત્સંગીઓ આગળ ગલુજીના સદ્‌ગુણો કહેવા લાગ્યા.

શ્રીહરિજી બોલ્યા : "હે સંતો તથા ભક્તો ! આ ગલુજી અમારા મહાન ભક્ત છે. મહાગુણિયલ છે. તેમને અમારામાં તથા સંતોમાં અપાર હેત છે–અભંગ સ્નેહ છે. સદાકાળ તેઓ અમારી સેવા–પૂજામાં તત્પર રહે છે. ગલુજીનું

નામ ભવિષ્યમાં સંપ્રદાયના ગ્રંથોમાં સુવર્ણ અક્ષરે લખાશે. તેમના આખ્યાનો ગવાશે. તેમાંથી પ્રેરણાના પીયુષ પીને હજારો નરનારીઓ બળીયા થઇ એકાંતિક બની અમારો અપાર રાજીપો મેળવશે અને અમને રાજી કરી સહજમાં અમારી પ્રાપ્તિ કરી લેશે.'

ભક્તરાજ ગલુજીને અમારી સર્વોપરી નિષ્ઠા છે અને તેથી જ તેઓએ સત્સંગ અર્થે તન, મન, ધન સહિત સર્વસ્વનું સમર્પણ કરી દીધું છે. અમારે અર્થે ને સંતોને અર્થે માથું દેવું હોય તો પણ તેમને મન રમત જેવું છે, એવા તે શૂરવીર ભક્ત છે. તેને અમારાં અને સંતનાં વચનમાં સંપૂર્ણ વિશ્વાસ છે. અમારા સંબંધમાં આવેલા સર્વે સંતો-ભક્તોને તેઓ બ્રહ્મની મૂર્તિ જ સમજે છે. અને તેમના પ્રત્યે વ્યવહાર કરતાં કરતાં પણ દિવ્ય ભાવ રાખી શકે છે; આવું તેમનું  આગવું અંગ છે...

તેમણે અમારી અને સંતોની અનેકવાર ઘણી બધી સેવા કરી છે અને એમનો પરિવાર પણ તેવો જ મહાન છે. તેથી તો અમો અને સંતો તેમની ભક્તિને વશ થઇને એમનાં ઘેર અનેકવાર આવીએ છીએ."

હે વહાલા ભક્તો ! પ્રગટ પરમાત્મા શ્રીહરિજી ભરસભામાં ભક્તરાજ ગલુજીને બીરદાવતા હતા. કેમ જે તેઓ શ્રીજી મહારાજની નાની-મોટી દરેક આજ્ઞાઓ ખબરદાર થઇ પાળતા હતાં. સત્સંગના નિયમો તો એમના જીવમાં જડાઇ ગયા હતા. સવારે વહેલા ઊઠવું, સ્નાન કરી પૂજા કરવી, વાંચન કરવું, ભાલમાં અખંડ તિલક-ચાંદલો રાખવો, હાથમાં માળા રાખવી, પવિત્ર આહાર કરવો, પવિત્રપણે જીવન જીવવું, દારુ, માંસ, ચોરી, વ્યભિચાર વગેરે પંચવર્તમાનને પૂરેપૂરાં પાળવાં, પાજીપળાવની છાયામાં કોઇથી દબાવવું નહિ, આવા અનેક સદ્ગુણોથી ગુણિયલ ગલુજી નિડર અને સ્પષ્ટ વક્તા હતા. તેથી જ આપણે સહુએ તેઓના જીવનમાંથી ઘણું બધું શીખવા જેવું છે.

## ગલુજીભાઇ સાધુ બન્યા અને પછી...

હે ભક્તો ! ભક્તરાજ ગલુજીને સુખ દેવા માટે એકવાર શ્રીહરિજી ડડુસર પધાર્યા. એ વાતને વર્ણવતા વૈષ્ણવાનંદ સ્વામીએ 'હરિલીલાસિંધુ' ગ્રંથમાં કહ્યું છે કે,-

## "છંદ કવિત"

"ભયેઉ બિહાન જાની કિયેઉ પયાન પ્રભુ ।
ડડુસર ગાઉ આયે ગલુજી સદન સો ॥
મુકામ કિયેઉ શામ ધામ સ્વચ્છ સુખધામ ।
પ્રભુજૂત પારસદ કરત અદન સો ॥
ભાગવતી ભયે ભારી ભકત ભુવિમાંહી ભૂપ ।
સુખરુપ શામ લખી લજત મદન સો ॥
અધિક દઇકે સુખ દુઃખહારી દાસનકે ।
આયે ગામ કઠલાલ લલિત વદન સો ॥
- ૧૦ / ૩

### (અર્થ)

સવાર થતા શ્રીહરિજી ઉમરેઠથી ચાલ્યા, તે ડડુસર આવી ગલુજી ભક્તના ઘેર ઉતારો કર્યો. તેમનું ઘર અતિ સ્વચ્છ અને સુખરૂપ હોવાથી સર્વના નાથ શ્રીહરિજીએ પાર્ષદો સાથે ત્યાં ભોજન કર્યું. તેથી ગલુજી ભૂમિ ઉપર મોટા ભગવદીય ભક્ત બન્યા. જેમની શોભા જોતા કામદેવ પણ લાજે છે એવા અને દાસનાં દુ:ખને નાશ કરનારા શ્રીહરિજીએ ગલુજીભાઇને અતિશય સુખ આપ્યું. જેમની સુંદર મુખાકૃતિ છે એવા શ્રીહરિજી મહારાજ પછી ત્યાંથી ચાલ્યા તે કઠલાલ ગામ પધાર્યા."

હે ભક્તો ! થોડા દિવસ રોકાઇને જયારે શ્રીજી મહારાજ ડડુસરથી કઠલાલ જવા ચાલ્યા ત્યારે ગલુજી પણ મહારાજ સાથે પૂજા અને કપડાં લઇ ચાલવા લાગ્યા. તેઓએ કહ્યું : "હે પ્રભુ ! હવે મારે સંસારમાં રહેવું નથી, મને ત્યાગી બનાવો." ત્યારે પ્રભુએ કહ્યું : "હમણા સંસારમાં રહો, ત્યાગી થવાનું હશે ત્યારે હું જરૂર કહીશ."

હે ભક્તો ! શ્રીહરિજીએ માંડમાંડ સમજાવીને પાછા વાળ્યા. પછી ઘેર આવીને સતત રાહ જોયા કરે કે કયારે મહારાજ બોલાવે ને ત્યાગી કરે. કયારે મને તેમની સેવામાં અખંડ રહેવાની સંમતિ આપે ? પ્રગટ ભગવાન અને પ્રગટ

સંતોની સેવા તો બહું મોટાં પુણ્યવાળાંને મળે છે. મારાં એવાં ક્યારે પુણ્ય ઉદય થશે ?”

હે ભક્તો ! ગલુજી ભક્ત આ પ્રકારના વિચારોમાં દિવસો વ્યતીત કરતા હતા. ત્યાં એમણે સમાચાર સાંભળ્યા કે શ્રીહરિજી જેતલપુર પધાર્યા છે. તુરંત જ તેઓ જેતલપુર આવ્યા અને પ્રભુને દંડવત–પ્રણામ કરી કહેવા લાગ્યા : “હે નાથ ! અમારાં પાપનો નાશ કરી અમને સત્સંગ કરાવવા માટે જ આપ અક્ષરધામમાંથી અહીં આવો છો. તે આપની અમારા ઉપર અપાર દયા છે. આપ અને આપના સંતોએ કૃપા કરીને અમારા ઉપર કરેલા ઉપકારોને હું શું વર્ણવું ? એમ કહેતાં તો તેમનું હૃદય ભરાઇ આવ્યું.

હે ભક્તો ! શ્રીજી મહારાજ ગલુજીની અંતરની ઇચ્છા જાણતા હતા, તેથી સાધુ થવાની રજા આપી. આવું સાંભળતાં જ આંધળાંને આંખો મળે ને જે આનંદ થાય. લૂલાને પગ મળે ને એને જે આનંદ થાય, નિર્ધનને ઘણું ધન મળે ને એને જે આનંદ થાય, એના કરતાંય અનંતગણો આનંદ ગલુજીને થયો. તુરંત જ વસ્રો બદલી ભગવાં વસ્રો પહેરી લીધા અને સાધુ બની ગયા !

હે ભક્તો ! સંત બન્યા પછી તેમણે શ્રીજી મહારાજ અને સંતોની ખૂબ સેવા કરીને બંનેનો રાજીપો મેળવ્યો હતો. તેમની સેવા અને ભક્તિ–ભાવના તથા ત્યાગ–વૈરાગ્ય જોઇ મોટેરા સંતો તેમને મોટેરા માનતા હતા.

હે ભક્તો ! એકવાર મહારાજે તેમની પરીક્ષા લેવા માટે કહ્યું : “સ્વામી ! તમે ત્યાગી થઇને ઘણો લાભ લીધો. હવે ઘેર પાછા જાઓ.” આવું સાંભળતા તો તેને અંતરમાં જોરદાર આંચકો લાગ્યો અને ગદ્ગદ્ થઇને પૂછવા લાગ્યા : “દયાળુ પ્રભુ ! આપ આવી આજ્ઞા કેમ કરો છો ? હાથીએ બેસાડી હવે ગધેડે શા માટે ચડાવો છો ?'' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા : “સ્વામી ! અમને કેવા જાણો છો અને તમે કોણ છો ?” ત્યારે સ્વામી કહે : “મહારાજ ! આપ તો સર્વ અવતારના અવતારી, સર્વ કર્તા પરમેશ્વર છો અને હું તો આપનો સેવક છું.'' ત્યારે મહારાજ કહે : “સ્વામી કહે તેમ કરવું એ જ સેવકનો ધર્મ છે, માટે મારી આજ્ઞાથી ભગવાં વસ્રો ઉતારી ગૃહસ્થનાં વસ્રો પહેરી તમારે ઘેર જાઓ. અમારે હજુ તમારા દ્વારા ત્યાં ઘણાં કામ કરવાનાં છે.''

હે ભક્તો ! શ્રીહરિજીનાં આવાં વચનો સાંભળી તેમણે ભગવાં વસ્ત્રો ઉતારી ભક્તને શોભે એવાં સાત્વિક વસ્ત્રો પહેરી લીધાં અને પાછા ગલુજીભાઇ બની પોતાને ગામ ડડુસર જઇ ભજન કરવા લાગ્યા. આ માહાત્મ્યજ્ઞાન સહિત નિશ્ચય વિના સંભવ જ ન થાય.

## કાળને પણ પાછો કાઢ્યો

હે ભક્તો ! એકવાર શ્રીજી મહારાજ પરમહંસો અને ભક્તો સાથે ડડુસર પધાર્યા અને ગલુજીભાઇને ઘેર ઉતારો કર્યો. ત્યારે ગલુજીએ શ્રીહરિજી અને સંતોની ખૂબ ભાવથી સારી પેઠે સેવા કરી સર્વેને રાજી કર્યા. સંતોએ સરસ થાળ બનાવ્યો અને મહારાજ અને સંતો જમ્યા. પછી મહારાજે થાળની પ્રસાદી ગલુજી ભક્તને આપી.

હે ભક્તો ! બપોરે જમ્યા પછી ગલુજીને ઘેર સભા ભરાઇ. ત્યારે શ્રીહરિજી બોલ્યા : "ગલુજી ! તમારે સામે ગામ વડથલ જવાનું છે. ત્યાં સંતનું મંદિર છે ત્યાં આ સાકરનો પડો અને શ્રીફળ આપી આવવાનું છે. પણ એક વાત યાદ રાખજો. રસ્તામાં ચાલતા–ચાલતા ગમે તેવું વિઘ્ન આવે તોપણ પાછા વળવાનું નથી એ મારી આજ્ઞા છે."

હે ભક્તો ! આ પ્રમાણે આજ્ઞા કરી ગલુજીના હાથમાં શ્રીફળ અને સાકરનો પડો આપ્યો. તરત જ ગલુજીને લઇને વડથલને માર્ગે ચાલવા લાગ્યા. રસ્તામાં સ્વામિનારાયણ મહામંત્રનો જપ કરતાં–કરતાં આગળ વધવા લાગ્યા. એ સમયે ત્યાં કાળ મોટા સર્પનું રૂપ લઇ સામે આવ્યો, તેને વાચા ફુટી તેથી તે બોલ્યો : "હે ગલુજી ! હું તમારો કાળ છું. તમારું આયુષ્ય પુરું થઇ ગયું છે, તેથી હું તમને લેવા આવ્યો છું.''

હે ભક્તો ! તે સમયે ગલુજીને શ્રીહરિજીના શબ્દો યાદ આવ્યા કે, ''ગમે તેવું વિઘ્ન આવે છતાં પાછા પડતા નહિ.'' તે સમયે જ તેમનામાં અપાર શક્તિ ઉત્પન્ન થઇ તેથી તેઓ બોલ્યા : "તું ભલે કાળ રહ્યો, પરંતુ હું સર્વાવતારી સ્વામિનારાયણ પ્રભુનો ભક્ત છું અને તેઓની આજ્ઞાનું પાલન કરવા વડથલ જઇ રહ્યો છું, માટે મને તારો કોઇ પ્રકારનો ભય નથી. જો તારે મને લઇ જવો હોય તો મહારાજની આજ્ઞાનું પાલન કરીને પાછો આવું ત્યારે મારી પાસે આવજે. અત્યારે તો હું નહિ જ આવું."

હે ભક્તો ! ગલુજીએ કાળરૂપ સર્પને આ પ્રમાણે કહ્યું તો પણ તે નાગ ગલુજીને ફેણ મારવા ગયો. તુરંત ગલુજીએ તેને ઉપાડીને પગની લાત મારી. તેના કારણે તે નાગ ઉછળીને દૂર જઇને પડ્યો.

હે ભક્તો ! જેને શ્રીહરિજીનો દ્રઢ આશરો હોય છે તે કાળથી પણ ડરતા હોતા નથી. કાળના માથા ઉપર પણ પગ દે એવી તેમાં શ્રીહરિજીના પ્રતાપે શક્તિ પ્રગટે છે. સચ્ચિદાનંદ સ્વામીએ પણ ભગુજી ઘાયલ થયેલા ત્યારે કાળની બોચી મરડી નાંખી હતી.

હે ભક્તો ! કાળરૂપી સાપને ફગાવી ગલુજી વડથલ ગયા અને સંતના મંદિરે (હાલમાં ત્યાં રામજી મંદિર છે.) જઇ સાકરનો પડો અને નાળિયેર આપ્યા. પછી પાછા ડડુસર શ્રીજી પાસે આવતા રહ્યા. ત્યાં બધી વાત કરી, ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા : “ગલુજી ! તમારી જેમ અમારા વચને કાર્યમાં જે પ્રેરાય છે તેને કાળ પણ કાંઇ કરી શકતો નથી, એ અમારે સર્વેને જણાવવું હતું. જેને મારી સર્વોપરી નિષ્ઠા છે, મારી આજ્ઞામાં દ્રઢ વર્તે છે, એવા મારા ભક્તો કાળરૂપી મૃત્યુને પણ તરી જાય છે. આ વાતનો સર્વેને વિશ્વાસ આવે એ માટે અમોએ તમોને મોકલ્યા હતા. તમો અમારા વચને ગયા તેથી જ બ્રહ્માંડોનો પ્રલય કરનાર મહાકાળ પણ તમને કશું કરી શક્યો નહિ.” આ રીતે કહીને મહાપ્રભુ શ્રીહરિજી ગલુજીને ભેટ્યા અને છાતીમાં ચરણ આપી સભામાં તેમની ખૂબ પ્રશંસા કરી. (અહીં માહાત્મ્ય જ્ઞાને સહિત નિશ્ચયની ખૂમારીનો મહિમા નજરે ચડે છે.)

## દુષ્કાળમાં શ્રીહરિજીએ રક્ષા કરી

હે વહાલા ભક્તો ! ફરી એકવાર શ્રીજી મહારાજ ડડુસર પધાર્યા અને ગલુજીના ઘેર ઉતારો કર્યો. તેની નોંધ વૈષ્ણવાનંદ સ્વામીએ લીધી છે :

**“ગુનવંત ગલુજી ફલી સાર, મુકામ કિન મદ હરન માર ।**
**આસન પર આસીન અજીત આપ, સનમુખ બૈઠ સબ મુનિ કલાપ ॥”**

**- હરિલીલાસિંધુ : ૧૧ / ૨૨**

**(અર્થ)**

કામદેવના ગર્વને હરનાર એવા શ્રીહરિજીએ ગુણિયલ ગલુજીભાઇના ઘરના ફળિયામાં ઉતારો કર્યો. અને કોઇથી જીતી ન શકાય એવા પ્રભુ સુંદર

આસન ઉપર બેઠા. પછી ગલુજીએ અતિ પ્રેમથી પ્રગટ પ્રભુની પૂજા કરી. એ રીતે જ સંતોનું પણ પૂજન કર્યું. પછી થાળ તૈયાર થતા શ્રીહરિજી અને સંતો જમ્યા. ત્યારબાદ પ્રસાદીનો થાળ ગલુજીને આપ્યો ને પ્રભુ પલંગે બીરાજયા.

હે ભક્તો ! સભામાં શ્રીજી પ્રભુએ સત્સંગ સંબંધી વાતો કરીને ગલુજીને પૂછ્યું : “તમારા ઘરમાં કેટલા માણસો જમનારા છે ?’ ત્યારે ગલુજીએ કહ્યું : “મહારાજ ! દસ માણસનો ખરચ છે.” તેથી મહારાજે પૂછ્યું : “તમારા ઘરમાં કેટલું અનાજ છે ?’ ત્યારે ગલુજીએ જવાબ આપ્યો : “અમારી કોઠીમાં એક મહિનો ચાલે તેટલું અનાજ છે.” પછી મહારાજે કહ્યું : “તમારા ઘરમાં જેટલા રૂપિયા અને ઘરેણાં હોય તે બધા અહીં લાવો.” પ્રભુની આજ્ઞા થતાં તુરંત ગલુજી ઓરડામાં ગયા અને રૂપિયા–ઘરેણાં લાવીને મહારાજ આગળ મૂક્યા. ત્યારે મહારાજે કહ્યું : “આ સર્વને વેચી તેનું અનાજ લઇ ઘરમાં ભરી રાખો.” એમ આજ્ઞા કરીને મહારાજ ત્યાંથી વિદાય થઇ ઉમરેઠ પધાર્યા.

હે ભક્તો ! મહાપ્રભુ શ્રીહરિજીની આજ્ઞાનું કંઇપણ વિચાર કર્યા વિના ગલુજીએ તુરંત પાલન કર્યું. તમામ રૂપિયા–ઘરેણાંનું અનાજ લઇ લીધું અને ઘરમાં રહેલ કોઠીઓમાં તે ભરી દીધું. ગામના દ્વેષીઓને આ વાતની ખબર પડી એટલે તેઓ કહેવા લાગ્યા : “ગલુજીને તો એના સ્વામિનારાયણે ભીખ માગતો કરી દીધો. ઘરેણાં વેચીને અનાજ લેવાનું કહ્યું, અરે ! અનાજ તો આજે મફતના ભાવે મળે છે, તે કોઠીમાં પડ્યું પડ્યું સડીને લોટ થઇ જશે અને ગલુ ભીખ માગવા નીકળશે.”

હે ભક્તો ! પછી તો ઘણા લોકો આવીને ગલુજીને ઠપકો દેવા લાગ્યા અને મહારાજનું વાકું બોલવા લાગ્યા. તુરંત ગલુજીએ બધાને કહી દીધુ : “મારા ભગવાન માટે એકપણ વાકો શબ્દ બોલતા નહિ. મારા મહારાજ મારું સારું જ કરશે. તેઓ મારા હિતકર્તા છે. જેમાં મારું હિત હોય એવું જ તે કરતા હશે. હું તો તેમનો આશ્રિત છું.” અહીં તેમના હૃદયની માહાત્મ્યજ્ઞાન ભરી ખૂમારીનાં દર્શન થાય છે.

હે ભક્તો ! ગલુજીએ કુસંગીઓને જડબાતોડ જવાબ આપ્યો એટલે બધા જતા રહ્યા. પછી તો ગલુજી દરરોજ ભજન–ભક્તિ કરે ને મહારાજ ફરીને ક્યારે પોતાને ત્યાં પાવન પગલાં પાડે એની રાહ જોયા કરે. એવા સમયમાં

સંવત ૧૮૬૯નો ઓગણતેરો ભયંકર દુકાળ પડ્યો. લોકોને પૈસા દેતા પણ અનાજ મળતું નહિ. એવા સમયમાં પ્રભુની આજ્ઞાથી ગલુજીએ સંગ્રહ કરેલ અનાજ વેચી નાખ્યું તેના ચાર ગણા પૈસા આવ્યા ને ત્રણ હજાર રૂપીયા કમાયા. તે સિવાય ગલુજીએ તે અનાજ અનેક ગરીબ લોકોને પણ આપીને માનવતાનું મોટું કાર્ય કરી શ્રીહરિજીનો રાજીપો મેળવ્યો અને ગરીબોની દુઆ પણ પ્રાપ્ત કરી.

## પરીક્ષાનું છેલ્લુ પેપર

હે વહાલા ભક્તો ! ગલુજીભાઇને એક સુખબાઇ નામની દીકરી હતી. તે યુવાન થઇ ગઇ હતી, પણ લગ્ન હજુ બાકી હતાં. તે પણ મહાન ભક્ત હતી. તેના મનમાં કાયમ એમ થતું કે, મારા પ્રાણઆધાર સહજાનંદ મહાપ્રભુ મારા ઘેર આવીને રહે અને મારા હાથનું બનાવેલ જમે. હું મારા પ્રગટ પ્રભુની સેવા કરું અને મારું આયખું સાર્થક કરું.”

હે ભક્તો ! ભાવના ભૂખ્યા ભૂધર તો ભક્તવત્સલ છે. ભક્તની ભાવનાને સ્વીકારીને તે આત્માને શાશ્વત મહાઆનંદ આપવા પ્રભુ તો તૈયાર જ હોય છે. એ ન્યાયે શ્રીહરિજીએ પણ સુખબાઇની પવિત્ર ભાવનાને અંતર્યામીપણે જાણી તેનો ભાવ પૂરો કરવા દિવ્ય સ્વરૂપે સાધુનો વેષ ધારણ કરી ડડુસર પધાર્યા.

હે ભક્તો ! શ્રીહરિજી પધાર્યા ત્યારે ઘેર સુખબાઇ એકલા જ હતા. ગલુજી અને તેમનાં પત્ની વગેરે કોઇ વ્યવહારિક કામ પ્રસંગે બહાર ગામ ગયાં હતાં. મહાપ્રભુને અચાનક આવેલા જોઇને સુખબાઇના હૈયાનો ભાવોદધિ હિલોળે ચડ્યો. મનનો મોરલિયો નાચી ઊઠ્યો. લોકલાજ તો પ્રેમના સાગરમાં કયાંય તણાઇને જતી રહી. તેમણે પ્રેમનાં આસુડાંથી, નીતરતાં નેણાંથી નાથનાં ચરણ પખાળ્યાં. પછી પૂજન કરી આરતી ઉતારી પંચાંગ પ્રણામ કરી ભાવવિભોર બની ગયાં.

હે ભક્તો ! શ્રીહરિજીએ કહ્યું : “સુખબાઇ ! તમારી ઇચ્છા ઘણા સમયથી અમોને જમાડી અમારી સેવા કરવાની હતી, તેથી અમો એકલા જ આવ્યા છીએ.” પછી તો પૂછવાનું જ શું ? રોજ રોજ મહારાજ માટે નવી નવી રસોઇ બનાવે અને જાતે પીરસી જાતે જ જમાડે. પલંગ પાથરી પોઢાડે, જગાડે, સ્નાન કરાવે વગેરે સેવા કરી મહારાજનો રાજીપો મેળવે.

હે ભક્તો ! એમ કરતાં પંદર દિવસના વાણાં વાઇ ગયાં ! શ્રીહરિ સુખબાઇ સાથે એકલા જ રહે છે તેની ખબર આખા ડડુસર ગામમાં થઇ ગઇ, તેથી નર–નારીઓ જેમ ફાવે તેમ બોલવાં લાગ્યાં. તે સમયે ગલુજી વગેરે બહારગામથી આવ્યા. ત્યારે આગેવાન લોકોએ ગલુજીને કહ્યું : "તમારા ભગવાન તમારી દીકરી સાથે એકલા જ રહે છે એ તમારા રાજપૂત કુળને શોભે ખરું ? આમાંથી તો તમારા કુળને કલંક લાગશે ને નાતમાં કે ગામમાં મોઢું પણ નહિ બતાવી શકો."

## પ્રગટ પ્રભુ પ્રત્યે નિર્દોષબુદ્ધિ

હે ભક્તો ! ગામલોકોનું કહેવું સાંભળી ગલુજીભાઇએ માહાત્મ્ય વિચાર્યું અને કહ્યું : "જયારથી મને સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે ત્યારથી જ મારું બધું નિષ્કલંક થઇ ગયું છે, નિર્દોષ થઇ ગયું છે. મને કલંક લાગે એમ નથી.''

હે ભક્તો ! ગલુજીના આવાં વચનો સાંભળી ગામના ઇર્ષ્યાળુ આગેવાનોએ ભેગા મળી તકનો લાભ ઉઠાવી આજુબાજુના મહિડા જ્ઞાતિના રાજપૂતોને વાત કરી ઉશ્કેરી ગલુજીને નાતબહાર મૂકાવ્યા ! પરંતુ ગલુજીને તેની કોઇ ચિંતા ન થઇ. તેમના અંતરમાં તો પોતાની દીકરી સાથે પ્રગટ પ્રભુ પંદર દિવસ રહ્યા તેનો જ બહુ આનંદ થયો. લોકો તો કાંઇને કાંઇ બોલવા મડ્યા, છતાં ગલુજીનું રુંવાડું પણ હલ્યું નહિ. એ તો મેરુની જેમ મક્કમ જ રહી ભજન કરવા લાગ્યા. કારણકે તેમના મનમાં આ લોકના વ્યવહાર કરતા; પ્રભુનો મહિમા સહિત નિશ્ચય હતો.

હે ભક્તો ! ગલુજીએ શ્રીહરિજીને પ્રાર્થના કરતાં કહ્યું : "પ્રભુ ! મને ખબર નહોતી કે આપ પધારવાના છો, નહિતર હું બહારગામ જાત નહિ. તમે દીકરી માટે જેમ પંદર દિવસ મારા ઘેર રહ્યા છો–તેમ હવે મારા માટે એક મહિનો રહીને મને પણ સેવાનો લાભ આપો." તેઓની સાચી ભાવના જોઇ શ્રીહરિજી એક માસ વધુ રોકાયા. ગામના લોકો તો નિંદા કરતા હતા, પણ ગલુજી અને તેમની દીકરીએ તો લોકની લાજ મૂકી પ્રભુની સેવા કરી વિશેષ રાજીપો મેળવી લીધો.

હે ભક્તો ! ભક્તરાજ ગલુજીની અલૌકિક સ્થિતિ અને પ્રભુ પ્રીતિને નહિ સમજનારા એવા ગામજનો તેમની અતિશય નિંદા કરવા લાગ્યા ને નાતબહાર મુકાવ્યા, છતાં પણ લોકલાજ મૂકી તેમણે પ્રભુ ભજી લીધા ને આંત્યતિક કલ્યાણ કરી લીધું. માટે જેને પોતાનું અંતર પ્રેમભીનું રાખવું હોય તેણે ગલુજીના જેવો પ્રભુમાં પ્રગટ દિવ્યભાવ અને નિર્દોષબુદ્ધિ કેળવવી જોઇએ. તેના જેવો માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય કેળવવો જોઇએ.

હે ભક્તો ! જયાં જયાં શ્રીહરિજી ઉત્સવ–સમૈયા કરતા ત્યાં ત્યાં ગલુજી પરિવાર સહિત જતા અને ત્યાં શ્રીહરિજી, સંતો અને ભકતોની તન–મન અને ધનથી સેવા કરતા. આ રીતે સત્સંગની સેવા અને ભજન કરતાં કરતાં ગલુજીની ઉંમર ૭૨ વર્ષની થઇ. સંવત ૧૯૧૨ જેઠ સુદ–૧૨ તા. ૧૫/૬/૧૮૫૬ ના રવિવારે અગિયાર વાગે શ્રીહરિજી મુકતોને લઇને પધાર્યા. ત્યારે ગલુજીએ પોતાના ભત્રીજા ઘનશ્યામસિંહ અને સત્સંગીઓને કહ્યું : “શ્રીજી મહારાજ મને તેડવા પધાર્યા છે, હું અક્ષરધામમાં જાવ છું.” આ પ્રમાણે કહી કાયમ માટે આંખો બંધ કરી દીધી.



# ૨.
# રાજમાતા કુશળકુંવરબા એટલે



**હે વહાલા ભક્તો !**

**કુશળકુંવરબા એટલે ચરોતર પ્રદેશના ધર્મજના કેસરીસિંહની દીકરી.**

**કુશળકુંવરબા એટલે પૂર્વજન્મનાં વાઘેલા મહારાણી રૂડબાઇ.**

**કુશળકુંવરબા એટલે પૂર્વજન્મમાં અડાલજની વાવ બંધાવનાર રૂડબાઇ.**

**કુશળકુંવરબા એટલે વલસાડ જિલ્લાના ધરમપુર રાજ્યના રાજમાતા.**

**કુશળકુંવરબા એટલે પ્રગટ ભગવાનનાં દર્શન માટે તલપતાં મુમુક્ષુ ભક્ત.**

**કુશળકુંવરબા એટલે શ્રીહરિજીની મૂર્તિને દ્રષ્ટિ પલટાવીને અંતરમાં જોઇ રહેનાર મહાન ભક્ત.**

**કુશળકુંવરબા એટલે ૫૦૦ ગામનું રાજ્ય હોવા છતાં તેમાં જળકમળવત રહેતા આદર્શ ભક્ત.**

**કુશળકુંવરબા એટલે પોતાનું સમગ્ર રાજ્ય શ્રીહરિજીને સમર્પણ કરવા તૈયાર થઇ ગયેલાં રાજમાતા.**

**કુશળકુંવરબા એટલે ૫૦૦ ગામનું રાજ્ય કરનાર આદર્શ મહારાણી.**

**કુશળકુંવરબા એટલે ધરમપુરના સિસોદિયા વંશના સોમદેવ રાજાના મહારાણી.**

**કુશળકુંવરબા એટલે સ્વયં શ્રીજી મહારાજે વચનામૃત ગ્રંથમાં પ્રશંસા કરેલ ભક્તરાજ.**

**કુશળકુંવરબા એટલે શ્રીહરિજીનાં દર્શન બાદ પંદરમેં દિવસે દેહત્યાગ કરનાર મુક્તરાજ.**

## જન્મભૂમિ અને સાસરું

હે ભક્તો ! ચરોતર પ્રદેશના મોટાં ભાગ્ય છે કે એ ધરતી પર સ્વામિનારાયણ ભગવાને અનંતવાર પોતાના પાવન પગલાં પાડી તેને તીર્થત્વ આપ્યું છે. એટલું જ નહિ, આ પ્રદેશમાં જોબન ભાયા જેવા મહાન ભક્તો પણ થયા છે. આવી ધરતીને વિશેષ પવિત્ર કરવાની હોયને શું ? એમ ભગવાનને લાગ્યું હશે, તેથી જ તો અક્ષરધામના એક મુક્તને આણંદ જિલ્લાના ધર્મજ ગામમાં અવતરીત કર્યો. હું વાત કરી રહ્યો છું મહાન ભક્ત રાજમાતા કુશળકુંવરબાની.

હે ભક્તો ! ધર્મજ ગામમાં રાજપૂત જ્ઞાતિમાં કેસરીસિંહ નામના સજ્જન રહેતા હતા. તેમની જ દીકરી એટલે આપણાં કુશળકુંવરબા. તેઓ નાનપણથી જ અધ્યાત્મમાર્ગી હતાં. ઉંમરલાયક થતાં તેઓનાં લગ્ન વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં થયાં હતાં. તેમના પતિનું નામ સોમદેવ હતું. તેમના પૂર્વજો મહારાણા પ્રતાપના પૂર્વ વંશજો હતાં. તેઓ સિસોદિયા રાજપૂત હતાં.

હે ભક્તો ! સોમદેવ સાથે રહીને ભજન–ભક્તિ કરતા કરતા તેઓ ૨૧ વર્ષનાં થયાં ત્યારે તેમને એક પુત્રનો જન્મ થયો. તેનું નામ રૂપદેવ રાખ્યું હતું. રાજ્યમાં આનંદ છવાઇ ગયો, પણ તે આનંદ કાયમ માટે ન રહ્યો. રાજકુમાર રૂપદેવ મોટા થયા ત્યાંતો રાજા સોમદેવનું ઇ.સ. ૧૭૮૭ માં મૃત્યુ થયું.

હે ભક્તો ! સુખ પછી દુ:ખ અને દુ:ખ પછી સુખ એનું જ નામ જીવન. કુશળકુંવરબાઇ વિધવા બન્યાં પછી પોતે કુશળતાપૂર્વક રાજ્યનો વહીવટ કરવાં લાગ્યાં. સમય જતાં રાજકુમાર રૂપદેવ મોટા થયા એટલે તેમને પરણાવી રાજ્ય સોંપી પોતે ભજન–ભક્તિમાં સમય વ્યતીત કરવા લાગ્યાં. તે રાજા રૂપદેવને એક પુત્રનો જન્મ થયો. તેનું નામ વિજયદેવ રાખવામાં આવ્યું.

હે ભક્તો ! વિધિની વક્રતા તો જુઓ ! કુશળકુંવરબાઇ શાંતિથી ભજન–ભક્તિ કરતાં હતાં ત્યાંતો યુવાન દીકરો રાજા રૂપદેવ પણ ઇ.સ. ૧૮૦૭ માં મૃત્યુ પામ્યો. પૌત્ર નાનો હોવાથી અને પુત્રવધુને રાજ્ય કરવાનો અનુભવ નહિ હોવાથી ફરીને મોટી ઉંમરે કુશળકુંવરબા ઉપર વ્યવહારની જવાબદારી આવી. તેઓ જળકમળવત, રહીને ૫૦૦ ગામની રાજધાની ધરમપુરનું શાસન કરવાં લાગ્યાં.

## કુશળકુંવરબાનો પૂર્વજન્મ

હે ભક્તો ! સમાજમાં દૈવી અને આસુરી બે પ્રકારના લોકો હોય છે. તેમાં દૈવી લોકો અધ્યાત્મ–માર્ગમાં આગળ વધતા હોય છે. તેઓ પરોપકાર કરીને લોકોનો રાજીપો મેળવતા હોય છે અને ભક્તિ કરીને ભગવાનનો રાજીપો રળતા હોય છે. આ ન્યાય મુજબ કુશળકુંવરબા પણ ઉત્તમ દૈવી જીવ હતા. તેઓ આગલા જન્મમાં પણ સ્રી હતાં અને વાઘેલા રાજાની રાણી હતાં. સમાજ સેવાના માધ્યમે તેઓ પ્રજાપ્રિય બન્યાં હતાં.

હે ભક્તો ! તેમનું પૂર્વજન્મનું નામ લાલબા હતું. પરંતુ પરોપકારનાં અનેક રૂડાં કામો કરતાં હતાં, તેથી તેઓ લોકમાં રૂડાબાઇના નામે ઓળખાતાં હતાં. સમય જતાં રૂડાબાઇનું નામ અપભ્રંશ થયું ને રૂડબાઇ તરીકે પ્રસિદ્ધ થયું. ગુજરાતમાં એક કાળ વાઘેલા રાજપૂતોનો હતો. સેંકડો વર્ષ પહેલાં ગુજરાતમાં તેઓનું શાસન હતું. તે વાઘેલા વંશમાં રૂડબાઇનું સાસરું હતું.

હે ભક્તો ! બસો વર્ષ પહેલાં ગુજરાતની ધરતી ઉપર ભગવાન સ્વામિનારાયણ અવિરત વિચરણ કરી રહ્યા હતા. ત્યારે એક દિવસ પ્રગટ પ્રભુ અમદાવાદની નજીક આવેલ અડાજણ ગામના પાદરમાં વિસામો લેવા બેઠા. સાથે અનેક સંતો અને સત્સંગીઓ પણ હતા. એ સમયે ત્યાં પાદરમાં જ એક મોટી પૂરાતની વાવ જોઇ તેથી પ્રભુ સંતો–ભક્તો સાથે તેની અંદર ઉતર્યા અને વાવને પ્રસાદીની કરી. ત્યાંનું નિર્મળ નીર પણ પ્રભુએ પ્રેમથી પીધું ને બહાર નીકળ્યા.

હે ભક્તો ! પગથિયાં ચડતા ચડતા પ્રભુની નજર એક શીલાલેખ પર પડી તેથી પોતાની સાથે રહેલા નિષ્કુળાનંદ સ્વામીને કહ્યું : “સ્વામી ! આ લેખમાં શું લખ્યું છે તે વાંચીને મને જણાવો.” આ પ્રમાણે ભલામણ કરીને મહારાજ બહાર આવી વૃક્ષ નીચે બેઠા.

હે ભક્તો ! નિષ્કુળાનંદ સ્વામીએ તે લેખનું ઝીણવટ નજરથી વાંચન કર્યું અને પછી શ્રીજી મહારાજ પાસે આવીને કહ્યું : “હે પ્રભુ ! એ લેખમાં એવું લખ્યું છે કે, હું ક્ષત્રિય સ્રી છું અને આ વાવ મારી કીર્તિ મેળવવા માટે નથી બંધાવી, પરંતુ આ વાવ બંધાવવા પાછળનું કારણ એ છે કે, કોઇ મહાપુરુષ આ વાવમાં સ્નાન કરે તો મારું કલ્યાણ થાય, તે માટે જ આ વાવ બંધાવી છે.” આવું

સાંભળીને દયાળુ શ્રીહરિજી ફરીને વાવમાં ઉતર્યા અને સંતો–ભક્તો સહિત સ્નાન કર્યું.

## પ્રગટ પ્રભુનાં દર્શનની પ્યાસ

હે ભક્તો ! જે સમયે શ્રીજી મહારાજે અડાલજ વાવમાં સ્નાન કર્યું ને પાન કર્યું એ સમયે ધર્મપુરમાં રહેલાં રાજમાતા કુશળકુંવરબા કૃતાર્થ થઇ ગયાં. કારણ કે તે વાવ બંધાવનાર ગતજન્મમાં એ પોતે જ હતાં. પોતાની વાવનું પાણી પરમેશ્વર–સંતો અને ભક્તોના કામમાં આવ્યું એટલે તેમના વિચારોમાં એકદમ પરિવર્તન આવ્યું અને પ્રગટ ભગવાનનાં દર્શનની તાલાવેલી લાગી.

હે ભક્તો ! રાજમાતા કુશળકુંવરબા યોગભ્રષ્ટ આત્મા હતાં. તેઓ ભારે સાત્વિકતાપૂર્વક પવિત્ર જીવન જીવતા હતાં. એમનાં જીવનની પવિત્રતાની સુગંધ સમસ્ત ધરમપુર સ્ટેટના ૫૦૦ ગામડાંઓમાં પથરાયેલી હતી. રાજ્યના ભાયાતો, કારભારીઓ, શ્રેષ્ઠીઓ અને પ્રજાજનો રાજમાતા પ્રત્યે આદર અને શ્રદ્ધા ધરાવતા હતા.

હે ભક્તો ! રાજમાતા કુશળકુંવરબાની જેમ જેમ ઉંમર વધતી ગઇ, તેમ તેમ તેઓનું જીવન અધ્યાત્મ–માર્ગમાં આગળ વધતું ગયું. સંસાર અને રાજકાજમાંથી મન ઊઠી ગયું. જગત નાશવંત જણાયું અને એક ભગવાન જ સત્ય જણાયા. તેથી અખંડ સત્સંગ–ભજન અને ધર્મકાર્ય કરવા લાગ્યાં. તેમણે સત્સંગના જોગે જાણવા મળ્યું કે, 'ભેખમાં ભગવાન હોય.' તેથી ધરમપુરમાં જે કોઇ સાધુ–સંન્યાસી આવે તેને રાજી કરવા લાગ્યા.

હે ભક્તો ! સંતોને રહેવા માટે– ઉતરવા માટે એક સુંદર ધર્મશાળા બંધાવી અને ત્યાં સદાવ્રત ખોલી સંતોને ભાવથી જમાડવા લાગ્યાં. જે કોઇ સાધુ–સંન્યાસી આવે તેને પ્રેમથી સાચવે અને સેવકો દ્વારા બધી જ સંભાળ રખાવે. વળી પોતે દરબારમાં રોજ બ્રાહ્મણ પાસે એક પ્રહર (ત્રણ કલાક) સુધી ભાગવતની કથા દરરોજ સાંભળે. તે કથામાં એક દિવસ એવું આવ્યું કે, "રૂકમણીએ શ્રીકૃષ્ણને પામવા માટે પ્રતિજ્ઞા કરી જે, વરું તો શ્રીકૃષ્ણને વરું, નહિ તો જીભ કરડીને મરું.'' આવી તેની ટેક જાણી સ્વયં શ્રીકૃષ્ણ ભગવાન આવીને તેને લઇ ગયા. આ વાત સાંભળતા જ પ્રભુને મળવાની તાલાવેલી ઉપડી અને રાત–દિવસ પ્રાર્થના શરુ કરી.

## પ્રાર્થનાના કારણે પ્રભુએ પરમહંસ મોકલ્યા

હે ભક્તો ! રાજમાતા કુશળકુંવરબા પ્રભુની પ્રાર્થના અહોનિશ કર્યા કરતા અને પ્રત્યક્ષ દર્શન આપવા મનોમન કરગરતા. તેમના અંતરનો નાદ ગઢપુરમાં વિરાજતા પ્રગટ ભગવાન સ્વામિનારાયણના દિલમાં ગાજવા લાગ્યો. અનેક જન્મોનાં પુણ્ય ઉદય થવાં લાગ્યાં. અનેક જન્મોની સાધનાનો અવધી પૂરો થવા આવ્યો, તેથી શ્રીહરિજીએ દર્શન દેવા જવાનો શુભ સંકલ્પ કર્યો, પરંતુ બીજાને નિમિત્ત બનાવવાનો પણ સંકલ્પ કર્યો.

હે ભક્તો ! પ્રાર્થના એ કાંઇ પરમાત્માની ખુશામત કરવા માટે નથી હોતી, પણ પોતાના અંતરને નિર્મળ બનાવવા માટે હોય છે. પ્રાર્થના એ પ્રભુ પ્રસન્ન કરવાની તાલાવેલી છે. પોતાના જીવનને ભક્તિભાવથી ભરવા માટે પ્રાર્થનાની અનિવાર્યતા છે. પ્રાર્થના એ શરણાગત ભકતના અંતરનો આર્તનાદ છે. પ્રાર્થના એ પોતાના પુરુષાર્થ બાદ પ્રભુની સહાયતા માટેનો આર્ત પૂકાર છે. યાદ રાખો : 'નાનકડા બાળકનું રુદન જેમ માતાને પોતાની તરફ આકર્ષે છે– તેમ નિર્દોષ ભકતની પ્રાર્થના પણ ભગવાનને આકર્ષે છે.' કંઇક આવું જ કુશળકુંવરબાના જીવનમાં બન્યું.

હે ભક્તો ! શ્રીહરિજી મહારાજના શુભ સંકલ્પે જાણે કે માનનું સ્વરૂપ ધારણ કર્યું હોયને શું ? એ રીતે તે સંકલ્પે પ્રભુના પ્યારા પરમહંસ પરમ ચૈતન્યાનંદ સ્વામીમાં પ્રવેશ કર્યો અને ગઢપુર છોડાવીને તેઓને સેંકડો ગાઉ દૂર આવેલા ધરમપુરની ધર્મશાળામાં પહોંચાડી દીધા ! અર્થાત્ સ્વામી રીસાઇને ચાલતા–ચાલતા ઠેઠ ધરમપુર પહોંચી ગયા.

હે ભક્તો ! પરમ ચૈતન્યાનંદ સ્વામી બાબત અમુક સંતો એવું કહેતા હોય છે કે, "સ્વામીને વડતાલ મંદિરના મહંત બનવું હતું અને શ્રીજી મહારાજે અક્ષરાનંદ સ્વામીને મહંત બનાવ્યા, તેથી સ્વામીને ખોટું લાગ્યું અને સત્સંગનો ત્યાગ કરી દૂર ધરમપુર જતા રહ્યા. પરંતુ વરતાલ મંદિરની પ્રતિષ્ઠા તો સંવત ૧૮૮૧ માં થઇ હતી. મહંત તો મંદિર બન્યા પછી થવાયને ? જો સં. ૧૮૮૧ માં ચૈતન્યાનંદ સ્વામી ધરમપુર ગયા હોય તો ત્યાં કોને સત્સંગ કરાવ્યો હોત? કારણ કે, સંવત ૧૮૭૨ પોષ વદ એકાદશી ને સોમવારે શ્રીજી મહારાજ સંતો–ભકતો સાથે ધર્મપુરમાં પધાર્યા હતા. અને વસંતનો સમૈયો કર્યા પછી પ્રભુ ગઢડા

પધાર્યા, તેના પંદરમે દિવસે જ રાજમાતા કુશળકુંવરબા ૮૦ વર્ષની ઉંમરે ધામમાં જતાં રહ્યાં હતાં. ક્યાં સં. ૧૮૮૧ અને ક્યાં ૧૮૭૨ ? નવ વર્ષનું વચ્ચેનું અંતર કેમ પુરી શકાય ? માટે એ વાત વિવાદાસ્પદ લાગે છે.

## સ્વામીએ ધરમપુરમાં ધામા નાખ્યા

હે ભક્તો ! કુશળકુંવરબા વહિવટકુશળ હોવાના કારણે ૪૦ વર્ષ સુધી રાજ્ય કર્યું, પણ રાજ્ય કરવું તેને પોતાને માટે તેઓ અકાર્ય માનતાં હતાં. તેઓ એક પહોર (ત્રણ કલાક) સુધીમાં જેટલું રાજ્યનું કામ હોય, તે બધું દીવાનને બરાબર કહી દેતાં અને તે પછીનો એક પહોર ભાગવતની કથાનું શ્રવણ કરતાં હતાં, એક પહોર સુધી દેવસેવામાં મનની વૃત્તિ પરોવીને રહેતાં હતાં, અને એક પહોર સુધી દૈહિક ક્રિયા કરતાં હતાં. આ રીતે આખો દિવસ ગાળતાં હતાં.

હે ભક્તો ! રાજમાતા કુશળકુંવરબાને એક નિયમ હતો કે રોજ સદાવ્રતમાં અને ધર્મશાળામાં સંતોનાં દર્શન કરવાં અને ચરણ સ્પર્શ કરવો. તે નિયમ મુજબ ધર્મશાળામાં ગયાં અને ત્યાં રહેલા સાધુ–સંતોનાં દર્શન કરતાં કરતાં જ્યાં પરમ ચૈતન્યાનંદ સ્વામી બેઠા હતા ત્યાં જઇને ચરણ સ્પર્શ કરવા નમ્યાં. ત્યાંતો સ્વામી થોડા દૂર ખસી ગયા ને સાથે આવેલા અંગરક્ષકને કહ્યું : “તમો રાજમાતાને કહો કે, અમો સ્રીઓ સાથે બોલતા નથી અને તેઓને ચરણ–સ્પર્શ કરવા પણ દેતા નથી. અમારા ભગવાન, સ્વામિનારાયણે અમોને આ નિયમો આપેલ છે. જો તમે જોરાવરે ચરણને અડશો તો અમારે ઉપવાસ કરવો પડશે, માટે દૂરથી પ્રણામ કરીને જતા રહો.’’

હે ભક્તો ! પરમ ચૈતન્યાનંદ સ્વામીની આવી વાત સાંભળીને રાજમાતાને અતિ આશ્ચર્ય થયું એટલે વધારે વાત જાણવામાં મન ખેંચાયું. તેથી પટાવાળાને કહ્યું : “તું સ્વામીજીને પૂછી જો. તેઓ આપણા મહેલમાં આવીને એમના સંપ્રદાયની અને એમના પ્રગટ ભગવાનની વાતો કરશે ?’’ પછી તો સ્વામી તેમના રાજમહેલમાં ગયા અને કથા–વાર્તા કરતા જણાવ્યું કે, “પાંચાળ–પ્રદેશના ગઢડા ગામમાં સાક્ષાત્ ભગવાન રહે છે. તેઓ સ્વામિનારાયણ નામે ઓળખાય છે. તેમણે હજારો નર–નારીઓને સમાધિ કરાવી અનેક ધામોનાં અને અનેક અવતારોનાં દર્શન કરાવ્યાં છે. આજે ગુજરાતમાં તેમને ભગવાન

માનનારા લાખો નરનારીઓ છે. તેઓ પોતાના આશ્રિતને અંતકાળે તેડવા આવે છે અને પોતાના અક્ષરધામમાં લઇ જાય છે. એ પ્રભુ તો અવતારોનાય અવતારી છે.''

હે ભક્તો ! પડદા પાછળ બેસીને આવી વાતો સાંભળતાં રાજમાતા કુશળકુંવરબાનું હૈયું પુલકીત થઇ ગયું. મનનો મોરલીયો નાચી ઊઠ્યો. મન અનેક જન્મોનું ભૂખ્યું હોય અને પહેલીવાર સ્વાદિષ્ટ ભોજન ભાળ્યું હોય, તેમ મહારાજનાં ચરિત્રોરૂપી ભોજનનાં ભૂખ્યાં રાજમાતા અમૃતની જેમ પાન કરવા લાગ્યાં. ઘણા વખતની મનની ઝંખના ટાઢી થઇ.

હે ભક્તો ! સ્વામી તો રાજમહેલમાં રહેવા લાગ્યા અને દરરોજ કથા કરે ત્યારે શ્રીજી મહારાજની લીલા–ચરિત્રોની ખૂબ વાતો કરે. તે બધી વાતો રાજમાતા પડદો રાખી રૂમમાં બેસીને સાંભળે. પ્રગટ પ્રભુનાં ચરિત્રો સાંભળી તેમનાં દર્શનની તીવ્ર ઇચ્છા થવા લાગી.

હે ભક્તો ! પરમ ચૈતન્યાનંદ સ્વામી ઉપર જેવો ભાવ કુશળકુંવરબા રાખતાં હતાં તેઓ જ પૂજયભાવ–ગુરુભાવ તેમના પૌત્ર રાજકુમારને પણ થયો. તેથી તે વિજયદેવે રાજમાતાની આજ્ઞા લઇ સ્વામીને રાજ્યના ગુરુપદે સ્થાપિત કર્યા. પછી તો દરરોજ વિજયદેવ હાથીને શણગારી તેમાં અંબાડી મૂકી તેમાં સ્વામીને બેસાડી નગરમાં સવારી કાઢી ધાર્મિક સ્થળોમાં દર્શન કરાવા લઇ જાય. રાજકચેરી ભરાય ત્યારે સ્વામી ઊંચા આસને બેસી યથાયોગ્ય સલાહ પણ આપે. રાજ્યગુરુ બનવાથી સ્વામીને ધરમપુરનાં સૌ નરનારીઓ ગુરુ તરીકે માનવાં લાગ્યાં– પૂજવા લાગ્યાં. સ્વામીએ પણ પોતાની વાણી–વર્તનના પ્રભાવથી ધરમપુર રાજ્યના અનેક અધિકારીઓને, શ્રેષ્ઠીઓને, પ્રજાજનોને અને વનવાસી–આદિવાસીઓનાં જીવન પણ સત્સંગના રંગે રંગી નાખ્યા.

## હાથી ખૂંતે તો હાથી જ કાઢી શકે

હે ભક્તો ! અંતર્યામી પ્રભુ પાસે સમાચાર આવ્યા કે, 'ધરમપુરમાં સ્વામી હાથીની સવારી કરી રોજ નગરમાં ફરવા નીકળે છે અને રાજગુરુ બની મહેલમાં કાયમી નિવાસ કર્યો છે. આખા રાજ્યમાં એનો જય જયકાર થાય છે.'

હે ભક્તો ! ગઢપુરમાં લીલુડા લીમડા નીચે પાટ ઉપર શ્રીહરિજી બેઠા બેઠા સાંભળે છે અને સંતો–ભક્તો ધરમપુરની વાતો કરે છે. પછી મહારાજે સભામાં આગળ બેઠેલા મુક્તાનંદ સ્વામી સામું જોઇને કહ્યું : “સ્વામી ! પરમ ચૈતન્યાનંદ સ્વામીએ તો જબરું કામ કર્યું. રાજવંશને અને નગરના લોકોને પણ અમારો નિશ્ચય કરાવી સત્સંગી કર્યાં. પોતાના માની સ્વભાવને લીધે તેઓ અમારાથી દૂર થયા, છતાં અમારો અભાવ ન આવ્યો. એના અંતરમાંથી અમારો નિશ્ચય ડગ્યો નહિ, માટે એ સંતને ધન્ય છે. તેમણે રાજઘરાનામાં સત્સંગ કરાવ્યો પણ પોતે રાજસન્માનમાં ખૂંતી ગયા છે, માટે તેમને કાઢવા તમારે જવું પડશે. કારણ કે ‘હાથી ખૂંતે તો એને હાથી જ કાઢી શકે. એમ રાજસન્માનમાં ખૂંતેલા ચૈતન્યાનંદ સ્વામીને તમે જ કાઢી શકશો.’’

હે ભક્તો ! શ્રીજી મહારાજની આજ્ઞા થતાં જ મુક્તાનંદ સ્વામી થોડા સંતો સાથે ભાવનગર આવ્યા. ત્યાં સમુદ્રમાર્ગે વહાણમાં બેસીને વલસાડ આવ્યા. ત્યાંથી ચાલતા – ચાલતા ધરમપુર આવ્યા. બરાબર તે સમયે નિયમ પ્રમાણે સાંજના વખતે ચૈતન્યાનંદ સ્વામીની હાથી પર સવારી નીકળી. આગળ વિવિધ પ્રકારના વાજાં વાગે અને લોકો જયજયકાર કરે. લોકો લળી લળીને સ્વામીને વંદન કરે અને ભાવથી દર્શન કરે. મુક્તાનંદ સ્વામી પણ એક તરફ ઉભા રહી આ સવારી જોઇ રહ્યા !

હે ભક્તો ! એ વખતે હાથી ઉપર બેઠેલા પરમ ચૈતન્યાનંદ સ્વામીની નજર મુક્તાનંદ સ્વામી ઉપર પડી, તુરંત હાથી જુકાવી નીચે ઉતરી મુક્તાનંદ સ્વામી પાસે જઇ દંડવત કરવા લાગ્યા. એ જોઇ કુંવર વિજયદેવ અને લોકો સ્તબ્ધ થઇ આંખો પહોળી કરી જોઇ જ રહ્યા. ત્યારે ચૈતન્યાનંદ સ્વામીએ સૌને કહ્યું કે, “હું તમારો સર્વેનો ગુરુ છું, પણ આ સ્વામી તો મારા ગુરુ છે અને અમારા ભગવાન પણ આ સ્વામીને ગુરુ માને છે.”

હે ભક્તો ! આ વાતનો ખ્યાલ રાજમહેલમાં કુશળકુંવરબાને આવ્યો તુરંત તેઓ પણ મેનામાં બેસીને આવ્યા ને દૂરથી ગુરુના પણ ગુરુનાં દર્શન કરી રાજમહેલમાં પધારવા વિનંતી કરી. પછી મુક્તાનંદ સ્વામી મહેલમાં ગયા અને ત્યાં રાજમાતાએ કુંવર વિજયદેવ દ્વારા સ્વામીનું પૂજન કરાવ્યું.

## અખિયાં હરિ દરશનકી પ્યાસી

હે ભક્તો ! પછી તો શ્રીજી મહારાજની આજ્ઞાથી મુક્તાનંદ સ્વામી દરરોજ રાજદરબારમાં કથાવાર્તા કરે અને પ્રગટ ભગવાનનાં ચરિત્રોની વાતો કરે, ત્યારે રાજમાતા પડદા પાછળ બેસીને સ્વામીની વાતોનું શ્રવણ કરે. રાજ્યના મોટા મોટા અમલદારો, ભાયાતો અને પ્રજાજનો પણ સ્વામીની કથાનું પ્રેમથી શ્રવણ કરતા હતા અને શ્રીજી મહારાજના સ્વરૂપનો નિશ્ચય પાકો કરતા હતા.

હે ભક્તો ! નદીમાં જેમ પૂર આવે, તેમ સ્વામીના મુખેથી મહારાજનો મહિમા સાંભળીને રાજમાતાના મનમાં શ્રીહરિજી પ્રત્યેનો સ્નેહ ઉત્તરોત્તર વધવા લાગ્યો અને દર્શન માટેની ઝંખના તીવ્ર બની ગઇ. તેથી તેમણે મુક્તાનંદ સ્વામીને કહેવડાવ્યું : “સ્વામી ! મારા વતી મહારાજને વિનંતી કરજો કે, હવે મારાથી મહારાજનાં દર્શન વિના રહેવાતું નથી. મારું શરીર તો હવે ખર્યું પાન છે. જો મને મહારાજનાં દર્શન નહિ થાય, તો મારો જન્મારો એળે જશે.’’ આટલું બોલતા–બોલતાં રાજમાતા રડી પડ્યાં.

હે ભક્તો ! રાજમાતા કુશળકુંવરબા ભાવવિભોર બની ગયાં તેથી મુક્તાનંદ સ્વામીએ સંદેશ આપતા કહ્યું : “રાજમાતાને કહેજો કે થોડી ધીરજ રાખે. ભક્ત વત્સલ ભગવાન શ્રીહરિ અવશ્ય તમોને દર્શન દેવા ધરમપુર પધારશે.’’ આ પ્રમાણે સ્વામીએ રાજમાતાને આશ્વાસન આપ્યું.

હે ભક્તો ! એક દિવસ મુક્તાનંદ સ્વામીએ પરમ ચૈતન્યાનંદ સ્વામીને એકાંતમાં બેસાડીને બોધ આપ્યો : “સ્વામી ! તમોએ રાજમાતાને સત્સંગ કરાવ્યો તેથી શ્રીજી મહારાજ ખૂબ રાજી થયા છે. પરંતુ આપ જેવા સંત રાજના માનપાનમાં બંધાઇ જાય એ કેમ ચાલે ? અનંતકોટિ બ્રહ્માંડોના અધિપતિ મહારાજ આપણને મળ્યા છે. અને અક્ષરધામની આગળ ધરમપુર શી વિસાતમાં ? માટે તમે મનમાંથી આ તુચ્છ આસક્તિ કાઢી નાખો–ખંખેરી નાખો. ગઢડામાં પ્રગટ પ્રભુ તમારી રાહ જુએ છે અને તમને લેવા માટે જ મહારાજે અમને મોકલ્યા છે, માટે તૈયાર થઇ જાવ.’’

હે ભક્તો ! વાત્સલ્યથી ભરપૂર સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીના ઉપદેશથી ચૈતન્યાનંદ સ્વામી જાગી ગયા ! સૂર્યના પ્રકાશે ઝાકળ ઊડી જાય–એમ સ્વામીના મનમાંથી માનપાનનો મોહ ઉડી ગયો. તેઓ મુક્તાનંદ સ્વામી સાથે

ગઢડા જવા તૈયાર થઇ ગયા. પછી રાજમાતાની રજા લઇ તેમણે મહારાજ માટે આપેલ ભેટ લઇ ગઢપુર જવા પ્રયાણ કર્યું.

## અખંડિત ચોખાનો મર્મ

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામી અને પરમ ચૈતન્યાનંદ સ્વામી વગેરે સંતો ગઢપુર પહોંચ્યા. મહારાજ પાસે જઇને કુશળકુંવરબાના ભક્તિ ભાવની વાત જણાવી અને સવિનય કહ્યું : “મહારાજ ! આપે રાજમાતાનો ભાવ પૂર્ણ કરવા માટે વહેલાસર ધરમપુર પધારવું જોઇએ. પાણી વગરની માછલી તડપે એમ રાજમાતા આપનાં દર્શન માટે તડપી રહ્યાં છે.’’ ત્યારે મહારાજે કહ્યું : “સ્વામી ! અમે રાજમાતાનો ભાવ જાણીએ છીએ. એમના સંદેશ વાહકો પણ આવી ગયાં છે. હવે તમે ભલામણ પણ કરી છે, એટલે અમે રાજમાતાનો સંકલ્પ અવશ્ય પૂરો કરીશું.’’

હે ભક્તો ! કુશળકુંવરબાનો ભક્તિભાવ અનોખો હતો. તેઓ દરરોજ પોતાના હાથે કમોદ ફોલતા અને અણિશુદ્ધ ચોખા તૈયાર કરતાં હતાં. આ કાંઇ મગફળી કે ચોળાફળી ફોલવા જેવી સાધારણ વાત નહોતી. હાથથી ડાંગરના ફોતરાંને દૂર કરવા એ તો ધીરજ અને મહેનત માગી લે તેવું કામ ગણાય. જેમના ઘેર અનેક દાસ-દાસીઓ હતાં, તો પણ તેઓ જાતે ડાંગર ફોલી મહારાજ માટે મોકલતા, આ એમનો અનોખો ભક્તિભાવ હતો. તેઓ પ્રેમ અને શ્રદ્ધા સહિત મહારાજનું સ્મરણ કરતાં કરતાં ચોખા તૈયાર કરતાં હતાં. તેઓએ અખંડિત ચોખા તૈયાર કરી મુક્તાનંદ સ્વામીને અપાવી મહારાજના થાળમાં વાપરવા વિનંતી કરી હતી.

હે ભકતો ! સ્વામીએ અખંડિત ચોખાનો ડબ્બો મહારાજને અર્પણ કર્યો. પ્રભુએ સભામાં જ એ ખોલ્યો તો એક પણ દાણો ખંડિત ન હતો. એક એક ચોખાના દાણામાંથી કુશળકુંવરબાના નિર્મળ, નિર્દોષ પ્રેમની સુગંધ પ્રસરી રહી હતી. તે જોઇને પ્રભુ અત્યંત પ્રસન્ન થયા અને ચોખાને હાથમાં લઇને બોલ્યા : “આવા અણિશુદ્ધ ચોખા જેવા થવાશે ત્યારે અમારા અક્ષરધામમાં કાયમ માટે રહી શકાશે.’’

હે ભક્તો ! રાજમાતા કુશળકુંવરબાના મનોરથને પૂર્ણ કરવા માટે શ્રીહરિજી મહારાજ સંતો અને ભકતોના સંઘ સાથે ધરમપુર જવા નીકળ્યા. કાઠિયાવાડની

ધરતીને પાવન કરતા કરતા મહારાજ સાબરમતી, મહીસાગર, નર્મદા અને તાપી વગેરેને પાર કરી સુરત થોડું રોકાણ કરી નદીઓ અને જંગલો પાર કરતા કરતા ધરમપુર પધાર્યા. સંવત ૧૮૭૨ની સાલ હતી. શિયાળાનો સમય હતો. ધરમપુરમાં આજે સોનાનો સૂરજ ઊગી રહ્યો હતો. 'સંવત ૧૮૭૨ પોષ સુદ પડવાને દિવસે પ્રગટ પ્રભુએ ધરમપુરની ધરતી પર પોતાનાં પાવન પગલાં પાડ્યાં.'

## ધરમપુરની ધરતી પર

હે ભક્તો ! મહારાજ પધાર્યા છે, એવો ખ્યાલ આવતાં જ રાજમાતા કુશળકુંવરબાએ ભવ્ય રાજસવારી સાથે શ્રીહરિનું સ્વાગત કરાવ્યું. નગરનાં નરનારીઓએ નીરખીને મહાપ્રભુનાં દર્શન કર્યાં. પ્રભુને રાજમહેલમાં જ રહેવા વિનંતી કરતા ત્યાં રોકાયા. પછી તો રોજ દરબાર ભરાતો હતો. જ્ઞાન વાર્તાઓ થતી હતી. શ્રીજી પ્રભુની સાથે આવેલા ગવૈયા સંતો ગાવણું કરી સંગીતનો દિવ્ય રસ રેલાવતા હતા. ગવૈયા સંતોની અદ્‌ભૂત સંગીતકળા જોઇને રાજના ગવૈયાઓ પણ આફરીન પોકારી ઊઠતા હતા. સ્વયં શ્રીજી મહારાજ પણ કથાવાર્તાનું અમૃત વરસાવી સર્વને સંતૃપ્ત કરતા હતા.

હે ભક્તો ! એક દિવસ ભગવાન સ્વામિનારાયણના વિશેષ પૂજન માટે રાજમાતાએ રાજદરબાર ભર્યો. તેમાં આગેવાન લોકોને બોલાવ્યા. કુંવર વિજયદેવ દ્વારા પ્રભુની વિશેષ પૂજા કરાવી. તેણે મહારાજને ભાત–ભાતના જરિયાની પોષાકો ધરાવ્યા. મહામૂલા હીરા–માણેક–મોતી જડિત સુવર્ણ અલંકારો પણ અર્પણ કર્યા. ભાલમાં કેસર–ચંદનની ચર્ચા કરી અને સુગંધી પુષ્પોની માળા પહેરાવી. પછી સોનામહોર અને રૂપીયાના થાળ ભરી મહારાજ સન્મુખ મુક્યા.

હે ભક્તો ! રાજમાતા કુશળકુંવરબાએ સુરતના કુશળ કારીગરો દ્વારા એક અતિ સુંદર નંગજડિત મુગટ તૈયાર કરાવ્યો હતો. કુંવરે તે રાજમુગટ શ્રીહરિજીના મસ્તક ઉપર ધરાવ્યો. પછી આરતી ઉતારી દંડવત્ પ્રણામ કર્યા. એકબાજુ કુંવર પૂજન કરી રહ્યા હતા અને બીજી બાજુ કુશળકુંવરબા મહારાજની મૂર્તિને ધારીધારીને દર્શન કરી રહ્યાં હતાં. રાજમાતાની ભક્તિ અનુપમ હતી. તેઓને મહારાજની મૂર્તિમાં અસાધારણ સ્નેહ હતો.

હે ભક્તો ! રાજમાતાની દર્શન કરવાની રીત અનોખી હતી. શ્રીહરિજીએ સારંગપુરના બીજાં વચનામૃતમાં એની નોંધ લેતા કહ્યું છે કે, “દર્શન કરતા તો કુશળકુંવરબાને આવડતું. તેઓ એકાગ્ર દ્રષ્ટિથી અમારાં દર્શન કરતાં અને દ્રષ્ટિ પલટાવીને અમારી મૂર્તિને અંતરમાં ઉતારતાં. બીજા દર્શન કરે છે એ તો ફાટેલ દ્રષ્ટિથી કરે છે. જેમ ખિસકોલી બોલે અને હાર્યે પૂછડું ઊંચુ કરે એમ દર્શન કરે, પણ મનની વૃત્તિ તો ક્યાંય બીજે જ ફરતી હોય.’’

હે ભક્તો ! કુંવરે પૂજા કરી ત્યારબાદ રાજ્યના ભાયાતો અને શ્રેષ્ઠી–શ્રીમંતોએ પણ મહારાજનું યથાશક્તિ પૂજન કર્યું. તે બધી ભેટ પ્રભુએ ગરીબોને આપી દીધી.

નોંધ : મહારાજને અર્પણ કરેલ મુગટ હાલમાં વરતાલ અક્ષરભુવનમાં દર્શનાર્થે મુકેલ છે.

## રાજમાતાએ રાજ્ય અર્પણ કર્યું, પરંતુ

હે ભક્તો ! એક દિવસ રાજમાતાએ રાજભવનના વિવિધ વિભાગોમાં શ્રીજી મહારાજની પધરામણી કરાવી. ત્યાં ગજશાળા, અશ્વશાળા તેમજ શસ્ત્રોનો ભંડાર બતાવ્યો. પછી જ્યાં રાજ્યનો ગુપ્ત ધન–ભંડાર હતો ત્યાં લઇ ગયા. તે ખજાનો અઢળક હતો. તે પણ બતાવ્યો અને વિનંતી કરતા કહ્યું : “મહારાજ ! આ સમસ્ત ધન–ભંડાર હું આપને અર્પણ કરું છું. આનો આપને જે રીતે ઉપયોગ કરવો હોય તે રીતે કરો. મારું રાજ પણ આપને હું અર્પણ કરું છું.’’

હે ભક્તો ! આવું સમર્પણ રાજમાતાનું જોઇને મહારાજ મધુર સ્વરે બોલ્યા : “માજી ! આપની ભાવનાનો અમે આદર કરીએ છીએ, પણ અમે તો સાધુ છીએ, આ સંપત્તિને લઇને અમે શું કરીએ ? તમે પૂર્વના મુક્ત છો. તમારો ભાવ પૂરો કરવા માટે અમે અહીં પધાર્યા છીએ. આ સંપત્તિનો ઉપયોગ પ્રજાના સુખ માટે કરજો. ગરીબ વનવાસીઓ માટે કરજો.’’

હે ભક્તો ! ધરમપુરની બાજુમાં વાંસદા રાજ્ય આવેલું છે. ત્યાંના રાજા રાયસિંહજી કુશળકુંવરબાના ભત્રીજી જીતબાના પુત્ર હતા. તેઓના આગ્રહથી શ્રીજી મહારાજ ત્યાં પધાર્યા અને જીતબા તથા તેના પુત્રવધુ રાણીના કહેવાથી મહારાજે પોતાના ચરણારવિંદની છાપો પાડી દીધી.

હે ભક્તો ! ધરમપુરમાં રાજમાતા મહારાજને પ્રસન્ન કરવા માટે વિવિધ પ્રકારના આયોજન કરતા હતા. કુંવર વિજયદેવની ઉંમર નાની હતી, પરંતુ તેઓ ઘોડેસ્વારી અને તીરંદાજીમાં ભારે કુશળ હતા. તેમણે પ્રભુને રાજી કરવા માટે ઘોડેસ્વારીના વિવિધ દાવો રજૂ કર્યા. બે જાતવાન દોડતા ઘોડા ઉપર કુંવરે એક એક પગ રાખ્યો અને સ્થિર ઊભા રહ્યા. પછી મારતે ઘોડે હાથમાં તીર અને કમાન લઇને નિશાન વીંધ્યું, ત્યારે એમની આ કળા અર્જુનના મત્સ્યવેધની યાદ અપાવી ગઇ ! એમના શરીર સંતુલનની કુશળતા અને નિશાનબાજી જોઇ મહારાજ ખૂબ રાજી થયા.

હે ભક્તો ! રાજમાતાના ભાવને પૂર્ણ કરવા માટે મહાપ્રભુ શ્રીહરિજીએ ધરમપુરમાં ભવ્ય વસંત ઉત્સવ કર્યો. વનવાસી લોકો માટે આ પ્રસંગ અત્યંત દુર્લભ હતો. મહારાજના પ્રેમસાગરે સર્વને પોતામાં સમાવી લીધા હતા. વસંત ઉત્સવ ધામધૂમથી પૂર્ણ થયા બાદ શ્રીહરિજીને ગઢડા જવું હતું, પણ રાજમાતા રજા દેતા નહોતા. અંતે મહારાજે તેમને સમજાવીને મનાવી લીધા.

## પ્રભુ વિરહમાં પ્રાણ છોડયો

હે ભક્તો ! ભગવાન શ્રીહરિજીને ભાવભરી વિદાય આપતી વખતે રાજમાતા કુશળકુંવરબાએ બે હાથ જોડીને કહ્યું : “હે મહારાજ ! હવે મને શું આજ્ઞા છે ?’ ત્યારે મહારાજે કહ્યું : “રાજમાતા ! તમે વૃદ્ધ થયા છો. કાયા તો કાચી માટીનો કુંભ છે એ કયારે ફુટી જાય એનો કોઇ ભરોસો નથી. માટે તમે દેહભાવથી મુક્ત થઇ, બ્રહ્મભાવે અમારી મૂર્તિનું ધ્યાન કરતા રહેજો. સમય આવ્યે અમે તમને અમારા ધામમાં તેડી જઇશું.” રાજમાતાએ મહારાજનાં વચનોને અંતરમાં ધારી લીધા અને વિરહભરી વિદાય આપી. તેથી પ્રભુ ગઢપુર પધાર્યા.

હે ભક્તો ! વનવાસી શબરીબાઇ જેમ રામદર્શન માટે જ જીવી રહ્યાં હતાં – એમ કુશળકુંવરબા પણ માત્ર શ્રીહરિજીનાં દર્શન માટે જ જીવી રહ્યાં હતાં. એમના જીવવાનું પ્રયોજન હવે પૂર્ણ થયું હતું. મહારાજનો વિરહ એમનાથી સહેવાયો ન હતો. શ્રીહરિજી ગઢપુર પધાર્યા બાદ બરાબર પંદર દિવસે ૮૦ વર્ષની ઉંમરે રાજમાતાએ પોતાનું શરીર પાણી વિછોયાં માછલાંની પેઠે છોડી દીધું હતું.

હે ભક્તો ! અંતર્યામીને ગઢડામાં ખ્યાલ આવતા કુશળકુંવરબાની યાદમાં વિશાળ સભાનું આયોજન કરાવ્યું અને મહારાજ બોલ્યા જે, “ધરમપુરના રાજમાતાનો જીવ અતિ ઉચ્ચ કોટિનો હતો. એમણે કરેલાં સત્કાર્યોનાં ફળરૂપે એમને અમારી પ્રાપ્તિ થઇ હતી. એ જીવ અમારો હતો અને અમે એને અક્ષરધામમાં લઇ જઇને અમારી મૂર્તિના સુખે સુખિયા કરી દીધાં છે.’’

આ પ્રસંગો આપણા જીવનમાં પણ બની શકે છે. આપણે ઇચ્છીએ પણ છીએ પરંતુ જ્યાં સુધી માહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય ન થાય; ત્યાં સુધી માત્ર સંકલ્પો થાય છે. સ્થિતિ બંધાતી નથી. આવો આપણે એવી સ્થિતિવાળા મુક્તાત્મા કુશળકુંવરબાઇને પ્રાર્થીએ કે આપણા પર કૃપાદ્રષ્ટિ કરે અને આપણે આપણા જીવનમાં પ્રગતિ કરીએ.



# 3.
# અખંડ વૃત્તિધારક પર્વતભાઇ



હે વહાલા ભક્તો !

પર્વતભાઇ એટલે માણાવદરના મૂળ વતની કડવા પટેલ.

પર્વતભાઇ એટલે કર્મભૂમિ અગતરાઇના આગેવાન ભક્ત.

પર્વતભાઇ એટલે રામાનંદ સ્વામીના કૃપાપાત્ર હરિભક્ત.

પર્વતભાઇ એટલે અંતરવૃત્તિવાળા સર્વશ્રેષ્ઠ સત્સંગી.

પર્વતભાઇ એટલે મહારાજની મૂર્તિમાં અખંડવૃત્તિ રાખનાર ભક્ત.

પર્વતભાઇ એટલે સંસારમાં જળકમળવત રહેનાર ભક્ત.

પર્વતભાઇ એટલે સંતો–ભક્તોનો અપાર મહિમા સમજનાર ભક્ત.

પર્વતભાઇ એટલે સાત દિવસ જમ્યા વિના કથાશ્રવણ કરનાર ભક્ત.

પર્વતભાઇ એટલે શ્રીજી મહારાજના અનન્ય ઉપાસક ઉત્તમ ભક્ત.

પર્વતભાઇ એટલે સ્વામિનારાયણ મહાપ્રભુનો રાજીપો મેળવનાર ભક્ત.

પર્વતભાઇ એટલે ધર્મ–જ્ઞાન–વૈરાગ્ય અને ભક્તિવાન એકાંતિક ભક્ત.

પર્વતભાઇ એટલે ઉત્તમ સમજણવાળા ઉત્તમ ભક્ત.

પર્વતભાઇ એટલે નિરાવરણ દ્રષ્ટિવાળા મહાન ભક્ત.

હે ભક્તો ! અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનના અવતરણનો મુખ્ય હેતુ એ હતો કે, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને મહિમાએ સહિત ભક્તિવાળા એકાંતિક ભક્તો તૈયાર કરવા અને ભાગવત ધર્મની સ્થાપના કરવી. આ શુભકાર્યની શરૂઆત તેઓએ સોરઠ દેશથી કરી હતી. સ્વામિનારાયણ સંપ્રદાયમાં સોરઠના સત્સંગનું વિશિષ્ટ સ્થાન છે. સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ સોરઠને ઉદ્ધવ સંપ્રદાયનું કેન્દ્ર બનાવ્યું હતું. અને સોરઠના લોજ ગામમાં પણ નીલકંઠવર્ણીરાજે ઐતિહાસિક વિશ્રાંતિ લીધી હતી.

હે ભક્તો ! સોરઠમાં અનેક મહાન મુક્તો થયા છે. સોરઠનો સત્સંગ શ્રદ્ધા, શૂરવીરતા અને દાતારીથી ભરેલો છે. સમય જતાં ગુણાતીતાનંદ સ્વામી અને સંતોએ આ સોરઠી સત્સંગમાં સમજણનું અમૃત ઘોળ્યું હતું અને સોરઠના સત્સંગને ભગવાન શ્રી સ્વામિનારાયણના સર્વોપરી મહિમાના રંગથી રંગી દીધો હતો.

હે ભક્તો ! સોરઠના ભક્તજનોની વાત આવે એટલે પ્રથમ નામ પર્વતભાઇનું યાદ આવે. આમ તો તેમનું મૂળ ગામ માણાવદર. જ્ઞાતિએ કડવા પટેલ. પણ તેઓનો કાયમી વસવાટ જૂનાગઢ જીલ્લાના કેશોદ પાસે અગતરાઇ હતો.

## પર્વતભાઇની સ્થિતિ

હે ભક્તો ! ભકતરાજ પર્વતભાઇએ જીવન પર્યંત શ્રીહરિજીની મરજી અને અરજીમાં રહી પોતાનું સમગ્ર જીવન ભક્તિમય બનાવી, સત્સંગની સેવામાં સમર્પણ કરી દીધું હતું. એમાં પણ એમની નિર્મોહી સ્થિતિ તો કંઇક અલૌકિક હતી. પર્વતભાઇ રામાનંદ સ્વામીના અનન્ય અને નિષ્ઠાવાન શિષ્ય હતા. તેઓ રામાનંદ સ્વામીને ભગવાન માની એમની જ ભક્તિ કરતા હતા. પરંતુ રામાનંદ સ્વામી ધામમાં ગયા પછી મુક્તાનંદ સ્વામીની સમજણપૂર્વકની વાતો અને શ્રીજી મહારાજ પ્રત્યેની દ્રઢ ભક્તિને જોઇ પર્વતભાઇ શ્રીજી મહારાજ પ્રત્યે એટલે કે સ્વામિનારાયણ ભગવાન પ્રત્યે અનન્ય નિષ્ઠાથી જોડાઇ ગયા હતા.

હે ભક્તો ! ધ્યાન–ભજન અને સેવા–પરાયણ એમનું જીવન હતું. સદાય અંતરવૃત્તિ રાખીને મહારાજનું ભજન કરતા અને વ્યવહારિક કાર્યો પણ કરતા હતા. શ્રીહરિજીની કૃપાથી તેઓને અખંડવૃત્તિ થઇ ગઇ હતી. તેના કારણે દરેક ક્રિયા કરતાં કરતાં પણ તેઓને મહારાજની મૂર્તિમાં વૃત્તિ રહેતી હતી ! સારાય સંપ્રદાયમાં સવાલ કરવામાં આવે કે, ‘કયા ભક્તને મહારાજની મૂર્તિમાં અખંડવૃત્તિ રહેતી હતી ? તો બહુમતીથી નહિ, પણ સર્વાનુમતીથી પર્વતભાઇનું જ નામ આવે, આવા એ ભક્ત હતા ! જો કે ઘણા ભક્તોને મહારાજની મૂર્તિમાં વૃત્તિ રહેતી હતી, પણ પહેલો નંબર તો પર્વતભાઇનો જ આવે !

હે ભક્તો ! પર્વતભાઇ ગૃહસ્થાશ્રમમાં રહી બધો વ્યવહાર કરતા, છતાં જનક વિદેહીની માફક તેના અંતરમાં સંસારનો કોઇ મોહ કે બંધન અડ્યા નહોતા. પર્વતભાઇ પાસે મોટી ખેતી હતી. ગાયો–ભેંસોનાં દૂઝાણાં હતાં. વ્યવહારે

સુખી હતા. આબરુદાર ઘર હતું, છતાં સંસાર–વ્યવહારમાં તેઓ નિર્લેપભાવે વર્તતા હતા. શ્રીહરિજી કેમ રાજી થાય એ એક જ એમને તાન હતું.

હે ભક્તો ! સ્વામિનારાયણ ભગવાનનું ધ્યાન કરતાં કરતાં પર્વતભાઇને નિરાવરણ દ્રષ્ટિ પ્રાપ્ત થઇ હતી. નવાઇની વાત એ હતી કે, આવી યોગીઓ જેવી ઉત્તમ સ્થિતિ હોવા છતાંય તેઓનું જીવન એટલું સીધું–સાદું હતું કે કોઇને ખ્યાલ પણ ન આવે કે, 'આ સામાન્ય લાગતા ખેડૂતના ખોળિયામાં કેટલો ઊંચો આત્મા રમી રહ્યો છે.'

હે ભક્તો ! પર્વતભાઇ એવી સ્થિતિવાળા મહાપુરુષ હતા કે, એમની પાસે બેસનાર કે એમનાં દર્શન કરનાર માણસના દિલમાં પણ સદ્ભાવ જાગ્રત થતો હતો. શ્રીજી મહારાજની આજ્ઞા સિવાય એમની કોઇ સ્વતંત્ર ઇચ્છા જ ન હતી. આવી ઉચ્ચકોટિની સ્થિતપ્રજ્ઞ સ્થિતિ એમની હતી.

## જેવા ભગત એવા જ ઉદાર

હે ભક્તો ! સ્વામિનારાયણ ભગવાનનો સ્વભાવ પરદુ:ખહારી હતો તેતો સૌ કોઇ જાણે જ છે. દુ:ખી લોકોને જોઇ મહારાજ પણ દુ:ખી થઇ જતા. સંપ્રદાયની શરૂઆતમાં ગરીબ માણસો તથા તીર્થયાત્રીઓ માટે શ્રીજી મહારાજ લોજ, માંગરોળ, પીપલાણા વગેરે ગામોમાં સદાવ્રતો ચલાવતા હતા. જે કોઇ આ સદાવ્રતોમાં આવતા તેને પ્રેમથી જમાડતા અને અનાજ માગે તો અનાજ પણ આપતા.

હે ભક્તો ! આ સદાવ્રતોનું પોષણ હરિભક્તોના સમપર્ણ અને સહયોગથી થતું હતું. કોઇ સદાવ્રતોમાં અન્ન–વસ્ત્રોની જરૂર પડતી ત્યારે ત્યાં આજુબાજુના ગામડાંઓમાં વસતા હરિભક્તો દ્વારા તરત સગવડ થઇ જતી.

એક વખત લોજ ગામમાં ચાલતા સદાવ્રત માટે અનાજની જરૂર પડી. તેથી શ્રીહરિજી અને મુક્તાનંદ સ્વામી અનાજની વ્યવસ્થા કરવા અગતરાઇ ગયા અને પર્વતભાઇને વાત કરી.

હે ભક્તો ! શ્રીજી પ્રભુની વાત સાંભળી પર્વતભાઇ, પોતાના ઘેર કોઇ સારો પ્રસંગ આવ્યો હોય એવા હરખમાં આવી ગયા. તુરંત તેઓ મહારાજ અને મુક્તાનંદ સ્વામીને લઇ અનાજ સંઘરવાના ઓરડામાં ગયા. ત્યાં સોળ કળશી અનાજની દસ કોઠીઓ ભરી હતી તે બતાવીને કહ્યું : "આ રહ્યું અનાજ, તમારે

બીજે કયાંય ગોતવા જવાની જરૂર નથી. હમણાં આ બધું જ અનાજ ગાડાંમાં ભરી લોજ રવાના કરું છું.''

(હે ભક્તો ! એક કળશી એટલે સોળ મણ થાય છે અને અમુક પ્રાંતમાં વીસ મણ પણ કહેવામાં આવે છે. આવું સોળ કળશી અનાજ પર્વતભાઇએ સદાવ્રત માટે આપી દીધું !)

હે ભક્તો ! શ્રીજી મહારાજ અને સ્વામી સાથે વાત કરતા કરતા ભક્તરાજ પર્વતભાઇએ કામ કરનારા માણસોને કહી ગામમાંથી ગાડાં મંગાવ્યાં અને ઘરમાં હતું એટલું બધું જ અનાજ હોંશે હોંશે ગાડાંઓમાં ભરીને લોજ રવાના કરી દીધું. પર્વતભાઇની આવી ઉદાર ભાવનાને જોઇ મહારાજ ખૂબ રાજી થયા અને કહ્યું : “અરે, પર્વતભાઇ ! તમે તો બધી કોઠીઓ ખાલી કરી નાખી. છોકરાંઓ માટે થોડું અનાજ તો રાખો.''

હે ભક્તો ! ત્યારે પર્વતભાઇ કહે, ‘મહારાજ ! અનાજ તો પાછું આવતાં વરસે પાકશે, પણ તમ જેવા લેનારા ફરીને થોડા મળવાના છે ?’ અત્યારે એક વર્ષ ચાલે એટલું અનાજ રાખો, આ રીતે મહારાજે કહ્યું. ત્યારે પર્વતભાઇ કહે: “કૂકડાનાં બચ્ચાં ને કણબીનાં છોકરાં ભૂખે ન મરે એ તો ઉકરડા ઉથામીને પણ પેટ ભરી લે. અમે ઉછીનું અનાજ લઇને ખાશું.''

## મૂર્તિનું સુખ મૂકીને અન્ન શું ભાવે ?

હે ભક્તો ! ગઢપુરમાં દાદાખાચરના દરબારમાં કોટિ બ્રહ્માંડના અધિપતિ સ્વયં શ્રીહરિજી મહારાજ પોતાનું ઘર માનીને રહેતા હતા. સવારથી સાંજ સુધી કથા–વાર્તા અને ધૂન–ભજન થતાં હતાં. અનેક ગામડાંઓમાંથી મુમુક્ષુઓ આવીને આ વાતાવરણના રંગે રંગાઇ દેવતાઓને પણ દુર્લભ સેવા અને ભક્તિનો અનેરો લ્હાવો લેતા હતા.

હે ભક્તો ! એક વખત સમૈયા પ્રસંગે પર્વતભાઇ અને તેમનાં ધર્મપત્ની ગઢડા આવ્યાં. માણાવદરથી મયારામ ભટ્ટ પણ સાથે આવ્યા હતા. દરબારગઢ તો વહેલી પરોઢથી પ્રભાતિયાં, કીર્તનો અને પ્રકરણોના મધુર અવાજથી ગુંજતો થઇ જતો. આખો દિવસ કથા–વાર્તા અને ભજનની છોળો ઊડતી.

હે ભક્તો ! સૂર્ય ઉદય થાય એટલે શ્રીજી મહારાજ સભામાં પધારે, ગવૈયા સંતો દ્વારા કીર્તનો ગવાય, મહારાજ અને સંતો–ભક્તો વચ્ચે જ્ઞાનવાર્તા થાય,

પરસ્પર પ્રશ્નોત્તરી ચાલે, દર્શને પધારેલા ભક્તો મહારાજનું અને સંતોનું પૂજન કરે. આખો દિવસ આ રીતે કેમ જતો રહે એનો ખ્યાલ પણ ન આવે.

હે ભક્તો ! આવા ભક્તિભીના દિવ્ય વાતાવરણમાં પર્વતભાઇ પોતાનું દેહભાન ભૂલી ધ્યાન–ભજનમાં લીન થઇ જતા. રોજ સંતો–ભક્તો પોતપોતાની સગવડ ને સમય પ્રમાણે જમવા જાય, પણ પર્વતભાઇને આસન છોડતા કોઇ જૂવે નહિ. તેથી તેઓ અંદરો–અંદર ચર્ચા કરે કે, 'પર્વતભાઇ જમવા જાય છે કે નહિ ?' પછી તો મયારામ ભટ્ટને પૂછ્યું, તેમણે પર્વતભાઇનાં પત્નીને પૂછ્યું, તો તેઓ બન્નેએ ના કહી. પછી ભટ્ટજીએ સભામાં શ્રીજી મહારાજને પૂછ્યું, તો તેઓએ પણ કહ્યું : "અમો પણ એમને નથી જમાડતા.''

હે ભક્તો ! ત્યારે શ્રીજી પ્રભુએ સભામાં બેઠેલા પર્વતભાઇને પૂછ્યું : "તમે ક્યાં જમો છો ?'' ત્યારે તેઓ બોલ્યા : "મહારાજ ! તમારી મૂર્તિનું મહાસુખ મૂકીને અન્ન શું ભાવે ? તમારાં દર્શનથી હૃદયમાં એવી તૃપ્તિ ને શાંતિ રહે છે કે અન્ન–જળ તો યાદ પણ નથી આવતાં. અને વળી આ પવિત્ર સંતોનાં મુખથી અમૃતવાણી સાંભળીને જ તૃપ્ત થઇ જવાય છે.''

હે ભક્તો ! પર્વતભાઇની વાત સાંભળી મહારાજ અત્યંત રાજી થઇને બોલ્યા: "મૃત્યુના ભયે પરીક્ષિત રાજાએ સાત દિવસ સુધી અન્ન–જળનો ત્યાગ કરી કથા સાંભળી હતી, પરંતુ પર્વતભાઇ તો સર્વ રીતે નિર્ભય છે, છતાં સાત–સાત દિવસથી અન્ન–જળ લીધા નથી ! માટે પર્વતભાઇની સ્થિતિ તો રાજા પરીક્ષિત કરતાં પણ ઉત્તમ છે.'' બધા સંતો–ભક્તો આવું સાંભળીને આશ્ચર્ય પામ્યા. પછી તો પર્વતભાઇ જયાં સુધી ગઢડા રહ્યા, ત્યાં સુધી મહારાજે પોતાના થાળની પ્રસાદી જમાડી રાજીપો આપ્યો.

## રખવાળાએ રખોપું કર્યું

હે ભક્તો ! અગતરાઇ, માણાવદર અને કાલવાણી આ ત્રણેય ગામમાં ભક્તરાજ પર્વતભાઇની ખેતી હતી. તેથી જ્યારે પણ સદાવ્રતોમાં અનાજની જરૂર પડતી તુરંત તેઓ અન્ન પહોંચાડી દેતા. આ ઉપરાંત સ્વામિનારાયણ ભગવાન બ્રાહ્મણોની ચોરાશીઓ કરાવતા ત્યારે પણ પર્વતભાઇ અનાજ વગેરેની સેવા કરતા.

હે ભક્તો ! એક સમયે ગઢડામાં મોટો સમૈયો હતો. તેનો લાભ લેવા માટે અને શ્રીજી મહારાજનાં દર્શન કરવાં પર્વતભાઇને જવું હતું, પણ ખેતરમાં અનાજનો પાક તૈયાર થઇ ગયો હતો, તોપણ તેઓ પાક રેઢો મેલીને મહારાજનાં દર્શને ગઢપુર જવા નીકળી ગયા.

હે ભક્તો ! આ બાજુ માલિક વિનાનું ખેતર જોઇ ચાર–પાંચ લોકો અનાજ ચોરવા વાડીમાં ઘૂસ્યા. નધણિયાતી વાડી અને હિલોળા લેતો પાક જોઇ ચોરલોકો તો આનંદમાં આવી ગયા. દાતરડાં અને ચોફાળ લઇ ચોરોએ એક ખૂણેથી ડૂંડીઓ લણવાનું શરૂ કર્યું. વગર મહેનતે તૈયાર મળેલ માલનો ઢગલો જોઇ મોંઢા મલકાવતાં જાય અને ચોફાળમાં ડૂંડાંનો ઢગલો કરતા જાય.

હે ભક્તો ! પોતાના એકાંતિક ભક્તના ખેતરમાં આ રીતે ચોર આવી પાક લણી જાય તે ભગવાનને કેમ પોસાય ? થોડો સમય ડૂંડાં લણ્યાં, ત્યાંતો શ્રીહરિજી દિવ્ય સ્વરૂપે પર્વતભાઇના ખેતરની રક્ષામાં પહોંચી ગયા. પેલા ચોર તો પોતાની મસ્તીમાં લણતા હતા, ત્યાં અચાનક વાહામાં કોરડા વાગ્યા ! તેથી તેઓ ગભરાઇ ગયા અને એકબીજાને કહેવા લાગ્યા : “એલા મને કોઇ કોરડા મારે છે.’’ ત્યારે બીજો કહે : “મને પણ કોઇ મારે છે.’’ ત્યારે ત્રીજો કહે : “નક્કી અહીં ભૂત થતું લાગે છે, માટે બીજે ખૂણે જઇને લણીએ.’’

હે ભક્તો ! પછી તેઓ બીજે જઇને ડૂંડીઓ કાપવા લાગ્યા, ત્યાંતો ફરીને વાંહામાં કોરડા વાગવાનું શરુ થઇ ગયું. તુરંત ચોરો ખેતરની વાડ ઠેકી ગભરાઇને બહાર નીકળી ગયા.

હે ભક્તો ! ખેતરની બહાર નીકળીને ચોર એકબીજાને કહેવા લાગ્યા : “એલા ભાઇ, ભાગો અહીંથી, આ પર્વતભાઇનું ખેતર રેઢું નથી. આ ભક્તનું રખોપું તો એના ભગવાન સ્વામિનારાયણ કરે છે.’’ એમ કહીને મુઠિયું વાળીને ભાગ્યા. આ પ્રસંગ જોઇ ગીતાજીમાં કહેલ ભગવાનના શબ્દો યાદ આવે છે :–

**‘અનન્યાશ્ચિન્તયન્તો માં, યે જનાઃ પર્યુપાસતે ।**
**તેષાં નિત્યાભિયુક્તાનામ્, યોગક્ષેમં વહામ્યહમ્ ॥’**

**- અ. ૯ / ૨૨**

"જે ભક્ત અનન્યભાવે મારું ચિંતન કરે છે, તેને ઘટતું પૂરું કરવાનું અને હોય તેનું રક્ષણ કરવાની જવાબદારી મારી છે."

## માનસ ઉપચારો પ્રત્યક્ષ થયા

હે ભક્તો ! ભગવાન શ્રીહરિજીની મૂર્તિમાં મનને નિમગ્ન કરવાના ઘણા સરળ અને સહજ ઉપાયો સંપ્રદાયમાં પ્રચલિત છે, જેમાં માનસીપૂજા એક ઉત્તમ પ્રકાર છે. મહારાજ સારંગપુરનાં ત્રીજાં વચનામૃતમાં કહે છે કે, "ભગવાનમાં અતિ સ્નેહે કરીને કરેલી માનસીપૂજા તથા પ્રત્યક્ષપૂજા બન્ને સમાન છે.''

હે ભક્તો ! માનસી પૂજાનો અર્થ એ છે કે મનના સંકલ્પ દ્વારા કલ્પેલી સામગ્રીથી પ્રભુની પૂજા કરવી. યાદ રાખો, ધ્યાનની યાત્રાનો આરંભ માનસી પૂજાથી થાય છે. જેવું પ્રત્યક્ષ પૂજાનું માહાત્મ્ય છે, તેવું જ માહાત્મ્ય માનસી–પૂજાનું છે. જેનું ઉદાહરણ પર્વતભાઇ છે.

હે ભક્તો ! સત્સંગિજીવનમાં નારાયણ ગીતામાં શ્રીજી મહારાજે સર્વે ત્યાગી અને ગૃહસ્થો બન્નેને દરરોજ પાંચ વાર માનસીપૂજા કરવાની આજ્ઞા કરેલ છે. એ પ્રમાણે પર્વતભાઇ દરરોજ પાંચ વખત માનસીપૂજા કરતા હતા. ગમે તેવું કામ હોય તો પણ માનસી પૂજાનો સમય થાય એટલે બધા કામ છોડી એક બાજુ બેસી માનસી પૂજા કરી લેતા.

હે ભક્તો ! એક વખત ચોમાસામાં વરસાદ પડે એવું વાતાવરણ હોવાથી કામ જલદી પૂરું કરવાનું હતું. તેથી સાંતી હાંકતા હતા, ત્યાંતો માનસી કરવાનો સમય થઇ ગયો ! એક બાજુ બેસીને માનસી–પૂજા કરવાનો સમય ન હતો તેથી સાંતી ચલાવતા–ચલાવતાં માનસી કરવા લાગ્યા.

હે ભક્તો ! પર્વતભાઇ મનોમન બોલતા જાય : "આવો પધારો મહારાજ ! આ બાજોઠ ઉપર બીરાજો. પધારો પ્રભુ જમવા માટે પધારો.'' ત્યાંતો દિવ્યરૂપે પ્રભુ પધાર્યા. એટલે બાજોઠ પર બેસાડી જમાડવા લાગ્યા : "હે પ્રભુ ! મોટો થાળ અનેક પ્રકારની વાનગીઓથી ભરેલો છે તે તમે જમો. પણ બાજરાનો રોટલો અને દહીં, કેરીનું અથાણું ને છાશ એ તો મારા તરફથી વિશેષ જમો.''

હે ભક્તો ! જાણે કે પ્રત્યક્ષ સ્વરૂપે મહારાજ જમતા હોય એ રીતે જ મનમાં બોલી–બોલીને જમાડવા લાગ્યા. એક બાજુ સાંતી ચાલે છે અને બીજી બાજુ બળદની રાસ પકડી બળદ પાછળ ચાલતા–ચાલતા માનસી પણ ચાલુ છે.

અર્થાત્ તનથી બળદ ચલાવે છે અને મનથી માનસી–પૂજામાં મહારાજને જમાડે છે. પર્વતભાઇની આંખો મીંચાયેલી હતી. દેહ દેહના કામમાં પરોવાયેલ હતું અને મન માનસી પૂજામાં મગ્ન હતું. સામાન્ય માણસના મગજમાં ઉતરે નહિ, એવી આ નવાઇ ભરેલી વાત હતી.

હે ભક્તો ! એ સમયે બાજુનું સાંતી ચલાવતા ખેડૂતની નજર પર્વતભાઇ પર પડી. એને એમ કે, ‘પર્વતભાઇ ઝોલાં ખાય છે–ઊંઘે છે.’ એમ સમજી પર્વતભાઇને સાવધાન કરવા માટે પાછળથી પરોણી અડાડી.

હે ભક્તો ! અચાનક પરોણીનો સ્પર્શ થયો એટલે માનસી પૂજામાં વિક્ષેપ થયો. વૃત્તિની એકાગ્રતા તૂટી, આંખો ઉઘડી ગઇ, તેથી હાથમાંથી થાળી અને કટોરો છટકી ગયાં. એટલે દહીં અને રોટલો ઢોળાઇ ગયું અને સાંતી દહીંવાળુ થઇ ગયું ! પેલો માણસ તો આશ્ચર્યથી આ બધું જોઇ રહ્યો. એને થયું કે, ‘આ રોટલો ને દહીં અચાનક અહીં ક્યાંથી આવ્યાં ?’’ તેમણે પર્વતભાઇને પૂછ્યું. ત્યારે તેઓએ કહ્યું : “હું માનસી–પૂજામાં ભગવાનને દહીં–રોટલો જમાડતો હતો, ત્યાં તમે લાકડી અડાડી તેથી હું ઝબકી ગયો અને હાથમાંથી દહીં ને રોટલો ઢોળાઇ ગયાં.’’

હે ભક્તો ! પર્વતભાઇની વાત સાંભળી પેલાને નવાઇ લાગી અને દિલગીર પણ થઇ ગયો. પોતે આવા ભકતરાજની માનસીપૂજામાં વિઘ્ન કરી અપરાધ કર્યો છે, એવા ભાવથી પર્વતભાઇની માફી માંગી.

હે ભક્તો ! આ રીતે આપણે પણ શુદ્ધભાવથી ને દિવ્યતાથી ભગવાનની માનસીપૂજા કરીએ, તો પ્રભુ તે પ્રત્યક્ષની માફક અંગીકાર કરે છે.

## અવતારીમાંથી અવતારો પ્રગટ થયા

હે ભક્તો ! એક વખત પર્વતભાઇ ખેતર ગયા. ત્યાં તેમને વિચાર આવ્યો કે, “ભગવાને જે નૃસિંહ અવતાર ધર્યો એ કેવો હશે ? અડધા માણસના રૂપમાં અને અડધા સિંહના રૂપમાં ભગવાન કેવા લાગતા હશે ?’’ એ સમયે જ એમને સ્વામિનારાયણ ભગવાનનાં દિવ્ય દર્શન થયાં અને પ્રભુએ મંદ મંદ હસીને કહ્યું: “પર્વતભાઇ શું વિચાર કરો છો ?’’ ત્યારે તેમણે કહ્યું : “ પ્રભુ ! તમે જે નૃસિંહ અવતાર ધારણ કર્યો હતો તે સ્વરૂપ કેવું હશે ?’’

હે ભક્તો ! ભક્તવત્સલ ભગવાન તુરંત બોલ્યા : “તમારે નૃસિંહ નારાયણનાં દર્શનની ઇચ્છા થઇ છે, તો જુઓ કરો દર્શન.’’ એમ કહીને પોતાનાં સ્વરૂપમાંથી એક પછી એક ચોવીસેય અવતારો પ્રગટ કર્યા !

“રાખી વૃત્તિ પ્રભુમાં એકતાર, સ્વામી સહજાનંદ મોજાર ।
જોઇ મહારાજની મૂરતિ, સુખસાગર સુંદર અતિ ॥
પછી જોયું તેને આસપાસ, દીઠો અતિ અતિ પરકાશ ।
તેમાં ચોવીસ જે અવતાર, દીઠાં જુજવાં રૂપ આકાર ॥
મત્સ્ય કચ્છ વારાહ નૃસિંઘ, વામન પરશુરામ અનઘ ।
રામ કૃષ્ણ બુદ્ધ ને કલકી, પુરુષ અવતાર અલૌકી ॥
સુર્યજ્ઞ પુરુષ જે અનુપ, કપીલ દત્તાત્રેય સ્વરૂપ ।
સનકાદિક ને બદ્રિપતિ, મહાધ્રુવ વરદેણ મૂરતિ ॥
પૃથુ ઋષભદેવ રાજન, હયગ્રીવ હરિ ધારી તન ।
હંસ મૂરતિ ધનવંતરી, આવ્યા વ્યાસ નારદતન ધરી ॥
એવા ચોવીશે હરિનાં રૂપ, એક એકથી અતિ અનુપ ।
દીઠા પર્વતભાઇએ પોતે, આવ્યો અતિ આનંદ તે જોતે ॥’
- ભકત ચિંતામણિ : પ્ર-૧૨૮

હે ભક્તો ! ચારેબાજુ ચોવીસ અવતારો અને વચ્ચે મંદ મંદ હસતું મહારાજનું સ્વરૂપ. આ અલૌકિક દર્શન કરી પર્વતભાઇ તો ભાવવિભોર થઇ ગયા. આંખમાંથી આંસુડાની ધાર વહેવા માંડી. તેઓએ પ્રેમપૂર્વક દરેક અવતારોનાં દર્શન કર્યા અને પછી એક પછી એક અવતારો, અવતારી એવા શ્રીહરિજીની મૂર્તિમાં લીન થઇ ગયા અને પછી શ્રીહરિજી મહારાજ પણ અદ્રશ્ય થઇ ગયા.

## પર્વતભાઇને ત્યાં પ્રભુ પધાર્યા

હે વ્હાલા ભક્તો ! શ્રીજી મહારાજ સભામાં ઘણીવાર કાઠી ભકતો આગળ પર્વતભાઇની પ્રશંસા કરતા કહેતા : “સોરઠ પ્રદેશમાં પર્વતભાઇ જેવા કોઇ મોટા સત્સંગી નથી. એના જેવું થવું બીજાઓ માટે અતિ કઠીન છે. એ તો સર્વગુણે સંપન્ન છે. પર્વતભાઇનાં દર્શન કરવાથી પણ અંતરમાં શાંતિ થઇ જાય, વિકારો વહ્યા જાય, વૃત્તિઓ પાછી વળી જાય અને ભગવાન સાંભરવા લાગે એવા એ મહાન ભક્તરાજ છે.’’

હે ભક્તો ! આવું સાંભળીને દરબારોને એમ થતું કે, 'આપણે ઘરબાર છોડીને મહારાજની સાથે ફરીએ છીએ અને તેઓની આજ્ઞામાં પણ રહીએ છીએ છતાં, મહારાજ પર્વતભાઇનાં હરવખત વખાણ કર્યા કરે છે તે એ કેવા હશે ?'' પછી તો એક દિવસ કાઠીઓ કહેવા લાગ્યા : "હે મહારાજ ! તમે જયારે હોય ત્યારે પર્વતભાઇની પ્રશંસા કર્યા કરો છો, પણ એનાં દર્શન તો અમને કરાવો.'' ત્યારે મહારાજ કહે : "કોઇ વખત જૂનાગઢ તરફ જાશું ત્યારે ત્યાંથી પર્વતભાઇને ગામ અગતરાઇ જાશું ને તમને એમનાં દર્શન કરાવીશું.''

હે ભક્તો ! થોડા દિવસો બાદ શ્રીજી મહારાજ સત્સંગમાં દર્શન દેવા માટે કાઠીઓને લઇ સોરઠમાં વિચરણ કરતાં કરતાં જુનાગઢ પધાર્યા. ત્યાં બે દિવસ રોકાયા, ત્યારે કાઠીઓએ કહ્યું : "પ્રભુ ! જૂનાગઢ તો આપણે આવી ગયા, હવે પર્વતભાઇનાં દર્શન તો કરાવો.'' પછી મંદ મંદ હસતા મહારાજ બોલ્યા : "પર્વતભાઇનાં દર્શન કરવાની તમોને ખૂબ ઉતાવળ હોય તો કાલે જ અગતરાય જઇશું.''

હે ભક્તો ! સ્વામિનારાયણ મહાપ્રભુ પધારે છે, એવો ખ્યાલ આવતા પર્વતભાઇના અંતરમાં આનંદનો સાગર ઘુઘવાટા કરવા લાગ્યો. જલદી–જલદી સત્સંગીઓને જાણ કરી ઢોલ–શરણાઇવાળાને બોલાવી વાજતે–ગાજતે મહારાજનું સામૈયું કરવા ગામના પાદરમાં આવી ગયા.

હે ભક્તો ! જે દિશામાંથી મહારાજ પધારવાના હતા, તે બાજુ જોઇને, ધણ ચરવા ગયેલ ગાયની સાંજ પડે ને તેનું વાછરડું જેમ રાહ જુએ, ચણ લેવા ગયેલાં પક્ષીની, માળામાં બેઠેલ એનાં બચ્ચાં જેમ રાહ જુએ, પનઘટે પાણી ભરવા ગયેલ માતાની, જેમ બાળક રાહ જુએ– એ જ રીતે પ્રેમીભક્ત પર્વતભાઇ પોતાના પ્રાણ પ્યારા પ્રભુની રાહ જોઇ રહ્યા. ત્યાંતો દૂરથી પ્રભુનાં દર્શન થયાં ને સામે દોટ મુકી. મહારાજ પણ આવી ગયા ને માણકીયેથી ઉતરી પર્વતભાઇને ભેટી પડ્યા. પછી વાજતે–ગાજતે પ્રભુ પર્વતભાઇના ઘેર પધાર્યા.

## ઘરના ધણી આવે પછી ચાકરને શી ચિંતા ?

હે ભક્તો ! પોતાના પ્રાણ પ્યારા પ્રભુ પોતાને ઘેર પધાર્યા એટલે પર્વતભાઇ તો પલંગે બેસાડીને જેમ ચાતક પક્ષી ચંદ્ર સામું જોઇ રહે, તેમ મનના માણીગરની મનોહર મૂર્તિ સામું જોઇ રહ્યા. જાણે કે હમણાં પી જશે ને કે શું ? દેહનું ભાન

પણ ભૂલવા લાગ્યા. જાણે કે પોતે અને પોતાના પ્રભુ સિવાય ત્રીજું ત્યાં કોઇ છે જ નહિ, એમ મહારાજ સામું જોઇ એકાગ્ર ચિત્તથી દર્શન કરવા લાગ્યા.

હે ભક્તો ! થોડીવાર થઇ એટલે કાઠીઓની ધીરજ ખૂટી એટલે કહેવા લાગ્યા : "અરે મહારાજ ! તમે તો પર્વતભાઇના બહુ વખાણ કરતા હતા અને અહીં તો અમારો કોઇ ભાવ જ પૂછતું નથી. અમારા ઉતારા–પાણી અને ઘોડાઓ માટે જોગાણની વ્યવસ્થા કોણ કરવાનું છે ? તમે પર્વત પર્વત કરતા હતા તે ક્યાં છે તમારો પર્વત ? અમને દેખાડો તો ખરા.''

હે ભક્તો ! કાઠીઓની મર્મ વાણી સાંભળી મહારાજ હસી પડ્યા ને બોલ્યા : "ગામને પાદર લેવા આવ્યા હતા એ પર્વતભાઇ, અમે જેને ભેટી પડ્યા હતા એ પર્વતભાઇ અને આ અમારી સામે બેઠા છે એ પર્વતભાઇ.'' ત્યારે કાઠીઓ બોલ્યા : "ભણું મહારાજ ! અમારે એમ કે આ પર્વતભાઇનો ગોલો (નોકર) હશે. અમોને એમ હતું કે પર્વતભાઇ તો વળી કેવાય હશે; આ તો કણબી ખેડું લાગે છે.''

હે ભક્તો ! આવું સાંભળી મહારાજ બોલ્યા : "ભક્ત કેટલા મહાન છે એ એમના દેહ સામું જોઇને કે એમની જ્ઞાતિ સામું જોઇને કે એમનાં વસ્રો સામું જોઇને ક્યારેય નક્કી ન કરતા. તેમના અંતર સામું જોઇને, એમના ભાવ સામું જોઇને, એમના અંતઃકરણના વિચારો સામું જોઇને અને એમનાં વર્તન સામું જોઇને નક્કી કરાય. સમજયા ? પર્વતભાઇની કેવી સ્થિતિ છે એ અમે એક જ જાણીએ છીએ, તમોને હજુ એની સ્થિતિનો ખ્યાલ નહિ આવે, માટે એના મહિમાથી દર્શન કરો.''

હે ભક્તો ! મહારાજનો મીઠો ઠપકો સાંભળી કાઠીઓએ બે હાથ જોડી પર્વતભાઇને જય સ્વામિનારાયણ કહ્યા. પછી મહારાજે કહ્યું : "ભગત ! તમારે ઘેર મહેમાન આવ્યા છે ને તમે કેમ બેસી રહ્યા છો ? આ બધા દરબારોને ઉતારા કરાવો. ઘોડાઓને ઘાસ નાખો.'' ત્યારે પર્વતભાઇ કહે : "ઘરના ધણી આવે પછી ચાકરને ચિંતા કરવાની ન હોય. હું તો આપનો દાસ છું.'' ત્યારે પ્રભુ કહે : "દરબારો ! પર્વતભાઇએ તો અમને ઘરના ધણી માન્યા છે, માટે અમારે તમારો ખ્યાલ રાખવો પડશે.''

## મારાં અનાજનાં અને ઘાસનાં ધન્યભાગ્ય

હે ભક્તો ! પછી શ્રીજી મહારાજ પર્વતભાઇને પૂછવા લાગ્યા : “તમે અમને બધું બતાવો તો ખરા.’’ ત્યારે તેમણે બતાવ્યું : “મહાપ્રભુ ! આ ડબ્બા ઘીના ભરેલા છે. આ કોઠીઓમાં ખાંડ–સાકરને ગોળ ભરેલ છે. ઘઉંના લોટના આ ગોળા ભરેલા છે અને દહીં–દૂધનાં આ દોણાં ભરેલાં છે. તેમાંથી જેટલું જોઇએ તેટલું છૂટથી વાપરજો. તમારા મહાન ભક્તો આ માટે પધાર્યા છે, માટે જેટલું વધારે એને માટે વપરાય એટલો મને વધારે આનંદ આવશે. તેમજ સામેના વાડામાં ઘાસનાં કુંદવા છે અને કોઠારિયામાં બાજરાની કોઠીઓ ભરેલી છે, તેમાંથી ઘોડાઓને ચંદી આપો. – ખવડાવો.’’

હે ભક્તો ! પર્વતભાઇની વાત સાંભળી અમુક કાઠીઓ અરસ–પરસ કહેવા લાગ્યા : “આ પર્વતભાઇ પોતાને ઘરધણી નહિ, પરંતુ ચાકર કહે છે, તો આજે આપણે એની પરીક્ષા લઇએ. આજે ઘાસનો અને બાજરાનો વધારે બગાડ કરીએ. ચાકર હશે તો કાંઇ નહિ બોલે અને જો ધણી હશે તો તરત બગાડ કરતા આપણને રોકશે.’’ આ પ્રમાણે કહીને દરબારોએ કોઠીઓનાં સાણાં (હોલ) ખુલ્લાં કરી નાખ્યાં, તેથી બહાર બાજરાનો મોટો ઢગલો થઇ ગયો. તેમાંથી આખા પાવરા ભરી ભરીને ઘોડાઓને જોગાણ આપવા લાગ્યા. વાડામાંથી ઘાસ લઇને ત્રણગણું ઘાસ ઘોડાઓ આગળ નાખ્યું, તેથી ઘોડાઓ ઘાસ ખુંદવા લાગ્યા.

હે ભક્તો ! આવો બગાડ દરબારો કરતા હતા અને પર્વતભાઇ ત્યાં સામે જ ઊભા હતા, તોપણ તેના મુખની એકપણ રેખા ફરી નહિ અને એક પણ શબ્દ બોલ્યા નહિ. એ તો મનોમન વિચારતા હતા કે, “મારાં મોટાં ભાગ્ય કે, મારા ઘરનું અનાજ અને ઘાસ મહારાજના ભક્તોના ઘોડાઓના ઉપયોગમાં આવ્યું, તેથી તે અનાજના જીવનું અને ઘાસના જીવનું પણ રૂડું થશે. આવતા જન્મે મહારાજ તેને સત્સંગીના ઘેર જન્મ આપી પોતાના સ્વરૂપનો નિશ્ચય કરાવી તેનું કલ્યાણ કરશે.’’

હે ભક્તો ! થોડીવાર પછી શ્રીજી મહારાજે ત્યાં આવીને જોયું ત્યાં તો બાજરો જેમ તેમ ઢોળાયેલો પડેલો. ઘાસ ઉપર ઘોડાઓ છૂટા ફરતા હતા, તેના કારણે ઘાસ બગડતું હતું. આવું જોઇને મહારાજ લાલ આંખ કરીને બોલ્યા :

"કાઠીઓ ! તમારે ઘેર તમો આ રીતે બાજરો ખવડાવો છો ? આ રીતે ઘાસ ખવડાવો છે ? અત્યારે જ ઘોડાઓને ખીલે બાંધી દો ને ઘાસને જેમ હતું તેમ પાછું ખડકી દો અને વધારાનો બાજરો કોઠીમાં મૂકી દો.''

## ઘીની ધાર પાછી ખેંચો તો મારા સમ

હે ભક્તો ! સ્વામિનારાયણ ભગવાન પોતાને ત્યાં પધાર્યા છે, એટલે પર્વતભાઇને અંતરમાં આનંદ સમાતો નથી. મહારાજ અને ભક્તોની સેવામાં કોઇ કસર ન રહે, તે માટે પર્વતભાઇ સતત ખડેપગે સેવામાં હાજર રહે છે. બીજા દિવસની સવારે શ્રીજી મહારાજ અને કાઠીઓને ગરમા–ગરમ ઘીમાં ઝબોળેલા બાજરાનાં રોટલા અને ભેંસના દૂધનાં શિરામણ કરાવ્યાં. બપોરનાં ભોજન માટે કાઠિયાવાડી છૂટાં ચૂરમાની રસોઇ કરાવી અને ભેંસોનું તાજું ઘી ગરમ કરી તૈયાર રાખ્યું.

હે ભક્તો ! બપોરનું ટાણું થયું એટલે મહારાજને બાજોઠ ઉપર જમવા બેસાડ્યા અને પર્વતભાઇ તથા એમનાં ધર્મપત્નીએ પ્રભુને પ્રેમથી જમાડ્યા. મહારાજ જમીને ઊભા થયા એટલે કાઠીઓની પંક્તિ પડી. સહુને ત્રાંસાની મોટી ત્રાંસળીઓ આપવામાં આવી. કાઠીઓ મોટા પેટ કરીને અર્થાત્ ચોરણીની નાડીઓ ઢીલી કરીને પીરસવાની વાટ જોવા લાગ્યા અને માંડ્યા મોટે મોટેથી ધૂન કરવા.

હે ભક્તો ! પછી પર્વતભાઇ પંગતમાં પીરસવા નીકળ્યા. સહુને ખોબે–ખોબે ચૂરમું ને ખાંડ પીરસી. પછી તેમણે મહારાજના હાથમાં ઘીની ત્રાંબડી આપીને કહ્યું : "પ્રભુ ! ધારે ઘી પીરસો, જો ધાર પાછી ખેંચો તો તમને મારા સમ છે.'' આવા મહિમાવંત ભક્તની મીઠી વાણી સાંભળીને મહારાજે કહ્યું : "પણ ધાર શરૂ રાખીશ તો બીજાનાં તાંસળાં સુધી પહોંચીશ ત્યાં સુધીમાં અડધું ઘી તો નીચે ઢોળાશે.'' ત્યારે પર્વતભાઇ બોલ્યા : "ભલે ઘી ઢોળાય મારા નાથ ! આપના જેવા ઘી ઢોળનારા આ બ્રહ્માંડમાં ક્યાંય ન મળે અને આપની આજ્ઞામાં રહી આપની સેવા કરનારા આવા કાઠી–મુક્તો મારે ઘેર ક્યાંથી ? માટે મન મૂકીને ખૂબ જમાડો.''

હે ભક્તો ! પછી તો મહારાજ પંક્તિમાં ઘી પીરસવા લાગ્યા. કાઠીભક્તોની તાંસળીઓ ઘીથી છલકાવી દીધી. ઘી નીચે ઢોળાય તોપણ ધાર ખેંચે નહીં. આ

રીતની શ્રીજી પ્રભુની લીલા જોઇને પર્વતભાઇ પ્રેમ મગ્ન થઇને તાળિયો પાડતા જાય ને નાચતા જાય.''

હે ભક્તો ! પર્વતભાઇનો પ્રેમ, ઉદારતા, મહિમા અને શ્રદ્ધા જોઇ કાઠીઓ એકબીજાને કહેવા લાગ્યા : "પર્વતભાઇ જેવું આપણાથી થવાય નહિ, 'પર્વત એ તો પર્વત'. બીજા ચળાયમાન થાય, પણ પર્વતભાઇ ડગે નહિ. મહારાજ પ્રશંસા કરતા હતા એવા જ પર્વતભાઇ છે હોં.'' પછી તો કાઠીઓને પણ પર્વતભાઇનો ખૂબ મહિમા વધ્યો.

## હું દાદા ખાચરનો ગોલો થઇશ

હે વ્હાલા ભક્તો ! અનેક સદ્‌ગ્રંથોમાં ભગવાનની સેવાનો મહિમા તો અપાર લખાયેલ છે, પરંતુ ભગવાનના ભક્તની સેવાનો પણ મહિમા બહુ લખેલ છે. શ્રીજી મહારાજ સ્વયં ગઢડા મધ્ય પ્રકરણના ૨૮ માં વચનામૃતમાં કહે છે કે, 'જે ભગવાનના ભક્તની સેવા ચાકરી કરે તે ઉપર તો અમારે અતિશય રાજીપો થઇ જાય છે. ... જો ખરેખરો ભક્ત હોય તો હું તો તે ભક્તનો પણ ભક્ત છું. .... જેનું રૂડું થાય છે તે પણ ભગવાનના ભક્તની સેવામાંથી જ થાય છે. ...

અને વળી જીવને ભગવાનને રાજી કર્યાનો ઉપાય તો મન, કર્મ, વચને ભગવાનના ભક્તની સેવા કરવી એ જ છે. ... માટે અમારે તો ભગવાનનો રાજીપો થયા સારું જન્મોજન્મ ભગવાનના ભક્તની જ સેવા કરવી છે અને જેમ અમારો નિશ્ચય છે તેમજ તમારે પણ નિશ્ચય કરવો. આ વાર્તા જે અમે કરી છે તે કેવી છે તો વેદ, શાસ્ત્ર, પુરાણ આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે શબ્દ માત્ર છે તે સર્વેનું અમે શ્રવણ કરીને તેનું સાર કાઢીને આ વાર્તા કરી છે તે પરમ રહસ્ય છે ને સારનું પણ સાર છે અને પૂર્વે જે જે મોક્ષને પામી ગયા છે ને હવે જે જે પામશે ને હમણાં જે જે મોક્ષને માર્ગે ચાલ્યા છે તે સર્વેને આ વાર્તા છે તે જીવનદોરીરૂપ છે.''

હે ભક્તો ! આ સિવાય પણ શ્રીજી મહારાજે અનેક વચનામૃતોમાં ભક્તોનો મહિમા ખૂબ જ કહ્યો છે. જેમકે, ગઢડા પ્ર.–૭૫–૭૭. કારિયાણીનું–૯, ગઢડા મધ્યનું–૫૯–૬૦–૨૮–૬૨–૬૩. વરતાલનું–૫. અંત્યનું–૮ અને ૨૧ વગેરેમાં

ખૂબ જ મહિમા કહેવામાં આવ્યો છે. તો મારે વાત કરવી છે, ભક્તોનો અતિ મહિમા સમજતા એવા ભક્તરાજ પર્વતભાઇની.

હે ભક્તો ! ગઢપુરમાં એકવાર સભામાં શ્રીજી મહારાજે પૂછ્યું : “દરબારો ! તમે દાદા ખાચરના ગોલા (નોકર–દાસ) બનશો ?’’ ત્યારે તેઓએ કહ્યું : “મહારાજ ! અમે તમારા ગોલા બનવા તૈયાર છીએ, પણ દાદાના ગોલા અમારાથી ન બની શકાય.’’ ત્યાં પર્વતભાઇ આવ્યા. તેને મહારાજે પૂછ્યું. ત્યારે બે હાથ જોડીને પર્વતભાઇએ જવાબ આપ્યો : “હે પ્રભુ ! અમે આખી જિંદગી બૈરાં–છોકરાંના ગોલાપા કરીએ જ છીએ, એના કરતાં તમારા મહાન ભક્ત એવા દાદા ખાચરના ગોલા થવાનું મળે એ તો મારાં મોટાં ભાગ્ય ગણાય ! તમારા આવા સમર્પિત ભક્તની સેવા તો આખી જિંદગી કરીશ.’’

હે ભક્તો ! આવું સાંભળીને મહારાજ અતિ રાજી થયા અને પલંગેથી ઊભા થઇ પર્વતભાઇને ભેટી પડ્યા ને ગળામાં પહેરેલ ગુલાબનો હાર પહેરાવી સભામાં તેમની ખૂબ જ પ્રશંસા કરી. જો કે પછી મહારાજે દાદા ખાચરની સેવામાં રાખ્યા નહિ. પાછા અગતરાઇ મોકલી આપ્યા.

## દાસના દાસ એના દાસ

હે ભક્તો ! સત્તા–સંપતિ અને સિદ્ધિઓ મળવી સહેલી છે, પણ તે મળ્યા પછી પચાવવી કઠણ છે. તે મળ્યા પછી ભલભલાના અંતરમાં અહંકાર આવી જતો હોય છે. પર્વતભાઇએ પોતાની સામર્થીઓને પચાવી જાણી હતી. આટલી ઊંચી સ્થિતિ હોવા છતાંય તેઓ સાધારણ સેવકની જેમ જ રહેતા હતા.

હે ભક્તો ! ભક્તિમાર્ગમાં દાસત્વ ભક્તિનું બહું મહત્વ છે. અહંકારને નાળીયેરની જેમ વધેરી નાખવાની હિંમત હોય એ ભકત જ દાસત્વ–ભક્તિ કરી શકે છે. શ્રીજી મહારાજે વચનામૃતમાં પણ કહ્યું છે કે, “ભગવાનનો રાજીપો જેવો નિર્માની સેવક ઉપર થાય છે, તેવો બીજા ઉપર થતો નથી.’’

હે ભક્તો ! એક વખત શ્રીહરિજી ગઢપુરમાં વિરાજમાન હતા. બધા સંતો–ભક્તો દર્શને આવી રહ્યા હતા. ત્યારે મહારાજને આ બધા ભક્તોની પરીક્ષા લેવાની ઇચ્છા પ્રગટ થઇ. તેથી તેઓ બોલ્યા : “દરબારો ! દાદા ખાચરનો ગોલો બીમાર છે, તેની સેવામાં એક માણસની જરૂર છે, તમે કોઇ એમની સેવામાં રહેશો ?’’ ત્યારે દરબારો કહે : “એવા ગોલા (નોકરો) તો અમારા

ઘેર ઘણા છે, કહો તો તમારા ગોલા થઇને રહીએ, પણ એ નોકરના ગોલા કેમ થવાય ?'' ત્યારે પર્વતભાઇએ આવીને કહ્યું, : "પ્રભુ, દાદા ખાચર તો તમારા મહાન ભક્ત છે અને એના ચાકરની સેવા મળે એ મારું મોટું ભાગ્ય માનીશ, માટે હું રાજી-ખુશીથી એનો ગોલો બની પ્રેમથી સેવા કરીશ.'' પ્રભુ આવું સાંભળી ખૂબ રાજી થયા ને બોલ્યા :

**"દાસના દાસ થઇને જે રહેશે સત્સંગમાં;**
**ભક્તિ એની ભલી માનીશ, રાચીશ એના રંગમાં."**

## સત્સંગીના સત્સંગી

હે વહાલા ભક્તો ! એક વખત સ્વામિનારાયણ ભગવાન સભામાં બિરાજમાન હતા. સંતો-ભક્તોની સંખ્યા પણ ખૂબ મોટી હતી. તે સમયે પ્રભુજી બોલ્યા : "તમે ઢોલિયાના સત્સંગી છો કે સત્સંગીના સત્સંગી છો ?'' આવો સવાલ સાંભળી અમુક ઉતાવળીયાએ ઢોલિયા ઉપર મહારાજને બેઠેલા જોઇને કહ્યું : "પ્રભુ ! અમે તો ઢોલિયાના સત્સંગી છીએ.''

હે ભક્તો ! ત્યારે મહારાજે કહ્યું : "ઢોલિયાના સત્સંગી હોય તે ઢોલિયા પાસે આવીને બેસે.'' તેથી સહુ કોઇ ઊભા થઇ મહારાજના પલંગ ફરતા વીંટળાઇ ગયા, પણ પર્વતભાઇ જ્યાં બેઠા હતા ત્યાંજ બેસી રહ્યા. તેઓને એકલા બેઠેલા જોઇને મહારાજે પૂછ્યું : "પર્વતભાઇ ! કેમ ત્યાં બેસી રહ્યા ? તમે ઢોલિયાના સત્સંગી નથી ?'' ત્યારે પર્વતભાઇ કહેવા લાગ્યા : "મહારાજ! હું ઢોલિયાનો સત્સંગી નથી, હું તો સત્સંગીનો સત્સંગી છું.''

હે ભક્તો ! આવું સાંભળી શ્રીજી મહારાજ પણ ઢોલિયા ઉપરથી ઉતરીને પર્વતભાઇ પાસે જઇને બેઠા. એટલે ઢોલિયા પાસે ઉભેલા સૌ કોઇ આંખો પહોળી કરીને આ દ્રશ્ય જોઇ રહ્યા. પછી એક ભકતે મહારાજને પૂછયું : "પ્રભુ ! આમ કેમ કર્યું ?'' ત્યારે મહારાજ કહે : "એ ઢોલિયો તમારી સામે જ છે. તમે સૌ તેના સત્સંગી છો એટલે ત્યાં બેસો અને અમે તો આ પર્વતભાઇની જેમ સત્સંગીના સત્સંગી છીએ, એટલે અહીં આવીને બેઠા.''

હે ભક્તો ! મહારાજના કહેવાનો મર્મ સહુને સમજાણો, એટલે પોતાની સમજણ ઉપર શરમ આવી અને પર્વતભાઇની સમજણની સૌએ પ્રશંસા કરી.

પછી સૌ પોતપોતાનાં સ્થાને આવીને બેસી ગયા. મહારાજે નાની એવી વાતમાં મોટી સમજણ પોતાના ભક્તોને કરાવી.

## હરિજનને ઘેર બેઠા તીરથ

હે ભક્તો ! એક સમયે સોરઠ પ્રદેશનો સંઘ ચારધામની યાત્રાએ જતો હતો. તેથી પર્વતભાઇના દીકરા મેઘજીભાઇ પણ આ સંઘમાં જોડાયા. રસ્તામાં કારિયાણી ગામ આવ્યું, એટલે રાત્રી નિવાસ માટે સંઘ ત્યાં રોકાયો. ત્યાં મેઘજીભાઇને ખબર પડી કે, સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી અહીં બીરાજે છે, તેથી સ્વામીનાં દર્શન કરવાં વસ્તા ખાચરના દરબારમાં આવ્યા.

હે ભક્તો ! મેઘજીભાઇએ આવી સ્વામીને દંડવત કર્યા. ત્યારે સ્વામીએ પૂછ્યું : “મેઘજી ! અચાનક આ બાજુ કેમ આવવાનું થયું ?’’ ત્યારે મેઘજીભાઇએ કહ્યું : “સ્વામી ! હું ચારધામની યાત્રાએ જાઉં છું, તેથી મને આશીર્વાદ આપો.’’

હે ભક્તો ! ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યા : “બહુ સારું, પરંતુ કાલે સવારે નીકળતા પહેલાં અહીં થઇને જજો.’’ પછી તો મેઘજીભાઇ સ્વામીનાં દર્શન કરી ઉતારે ગયા. રાત્રે સંઘના સૌ લોકો સૂઇ ગયા. સવારે સૌ સાથે મેઘજીભાઇ પણ જાગીને તળાવે સ્નાન કરવા ગયા. તેઓ નાહીને બહાર નીકળ્યા ત્યાં એમને આકાશમાં કોઇ અલૌકિક દ્રશ્ય જોયું ! હજારો દૈવી પુરુષો વિમાનોમાં બેસીને જઇ રહ્યા હતા. તે જોઇ મેઘજીભાઇને મનમાં વિચાર આવ્યો : “અરે ! આટલા બધા આ દૈવી પુરુષો ક્યાં જતા હશે ?’’

હે ભક્તો ! ત્યાંતો અંતરીક્ષમાં વિમાનો થોભી ગયા અને નીચે આવ્યા. ત્યારે મેઘજીભાઇએ પૂછ્યું : “તમે બધા કોણ છો અને ક્યાં જઇ રહ્યા છો ?’’ ત્યારે તે બધા દેવો વતી એક દેવ બોલ્યા : “અમે બધા અડસઠ તીર્થો છીએ. અત્યારે અમો તમારા પિતા પર્વતભાઇનાં દર્શન કરીને આવીએ છીએ અને અહીં યોગીરાજ ગોપાળાનંદ સ્વામીનાં દર્શન કરીને પછી સૌ સૌનાં સ્થાનમાં જશું. લોકો અમારી પાસે આવે છે, સ્નાન–દર્શન કરે છે અને પોતાનાં પાપ મૂકતાં જાય છે, તેથી અમો તીર્થો પણ ગોપાળાનંદ સ્વામી અને તમારા પિતા પર્વતભાઇ જેવા ભક્તોનાં દર્શન કરીએ છીએ અને તેઓ જે જળમાં સ્નાન કરે છે એ જળમાં સ્નાન કરીને અમારી પાસે ભેગાં થયેલાં એ પાપોથી અમે મુક્ત થઇએ છીએ.’’

હે ભક્તો ! દેવની વાત સાંભળીને મેઘજીભાઇને અતિ આશ્ચર્ય થયું. તુરંત તેઓ ગોપાળાનંદ સ્વામી પાસે આવ્યા અને બનેલી ઘટના કહી બતાવી. ત્યારે સ્વામી બોલ્યા : "તને નજરો નજર આ બતાવવું હતું એટલે તો અમોએ તને કાલ અમને મળીને જવાનું કહ્યું હતું. સાંભળ મેઘજી ! પૂર્ણ પુરુષોત્તમ નારાયણના સંબંધે તારા પિતાની આ ઉચ્ચ સ્થિતિ થઇ છે, માટે તારે કયાંય યાત્રાએ જવાની જરૂર નથી. તારા પિતાનાં દર્શનથી જ સર્વ તીર્થનાં દર્શનનું ફળ મળી જશે, માટે તું પાછો વળ અને અગતરાઇ જઇને તારા પિતા પર્વતભાઇની સેવામાં લાગી પડ.''

હે ભક્તો ! યોગીવર્ય ગોપાળાનંદનાં અમૃત સમાન વચનો સાંભળી મેઘજીભાઇ મનોમન બોલ્યા : "હું તો ગંગા કિનારે રહીને પાણી પીવા કૂવો ખોદવા જેવું કરતો હતો. મારા ઘરમાં જ મહાન તીર્થ છે અને હું દૂરનાં તીર્થોમાં જતો હતો. ભાગ્યશાળી હું છું કે મને મહારાજનાં મહાન ભક્ત પિતા તરીકે મળ્યા.'' પછી તેઓ પાછા અગતરાઇ ગયા અને મહિમા જાણી એક મહામુક્ત જાણી પર્વતભાઇની સેવા કરવા લાગ્યા.

## જો કુહાડી વાગી હોત તો ?

હે ભકતો ! એક વાર પર્વતભાઇ ખેતરને વાડ કરવા માટે કુહાડી લઇને ઝરડાં કાપવાં ગયા હતા. ત્યાં ઝરડું કાપતા કુહાડી છટકી ગઇ ને ઉછળીને તેમના જોડા ઉપર પડી તેથી જોડાનો ઉપલો ભાગ કપાઇ ગયો. કુહાડીની ધાર અંદર ઉતરી ગઇ પણ પગમાં વાગી નહિ, પગ બચી ગયો.

હે ભક્તો ! પર્વતભાઇ તુરંત જ નીચે બેસી ગયા અને વિચારવા લાગ્યા : "શ્રીજી મહારાજે આજે મારી રક્ષા કરી, તેથી પગ કપાતા બચી ગયો. જો કુહાડી પગમાં લાગી હોત તો એક મહિનાનો ખાટલો થાત. એક મહિનો પાટા–પીંડી કરાવી આરામ કરવો પડત ત્યારે માંડ સાજો થાત. મહારાજે બહુ દયા કરી દુઃખ દૂર કર્યું, માટે એક માસ કથા–વાર્તા સાંભળવી અને ભજન કરવું. પરંતુ ઘેર રહીશ તો કંઇક ને કંઇક વિક્ષેપ જરૂર આવશે, માટે ગઢડા જઇ મહારાજની સેવામાં એક મહિનો રહી આવું.''

હે ભક્તો ! પર્વતભાઇની જેમ આપણા જીવનમાં પણ આવા પ્રસંગો બનતા જ હોય છે કે, મહારાજે કોઇના કોઇ ઠેકાણે આપણને બચાવ્યા હોય. ઘણીવાર

એક્સિડન્ટ થતા થતા બચી ગયા હોઇએ. તો એ જગ્યાએ આપણે એવું જરૂર માનીએ છીએ કે મહારાજે બચાવ્યા, નહિતર બચવાની કોઇ શકયતા જ નહોતી, પરંતુ એમ વિચાર આવે છે ખરો કે, મહિનો હોસ્પિટલમાં રહેવું પડત અને પીડા ભોગવવી પડત એના કરતાં મહારાજે મને બચાવ્યો છે, એટલે હવે એક મહિનો વડતાલ જઇને મહારાજનાં દર્શન કરી ભજન કરું, સેવા કરું.''

હે ભક્તો ! પર્વતભાઇને વિચાર આવતા તુરંત વર્તનમાં મુકવા માટે ખેતરથી ઘેર આવ્યા ને કપડાં અને પૂજા લઇને ગઢપુર પહોંચી ગયા ! ત્યાં દરરોજ મહારાજનાં દર્શન કરે. સેવા કરે, સંતોનો સમાગમ અને ધ્યાન–ભજન કર્યા કરે. એમ કરતાં કરતાં એક મહિનો થવા આવ્યો, ત્યારે માણાવદરથી મયારામ ભટ્ટ આવીને મહારાજને દંડવત કરીને પૂછ્યુ : "પ્રભુ ! આ વખતે તમે મને સેવાનો લાભ ન આપ્યો ને પર્વતભાઇને ચિઠ્ઠી લખીને કેમ બોલાવ્યા ?'' ત્યારે મહારાજ કહે : "અમોએ બોલાવ્યા નથી.'' ત્યારે ભટ્ટજી કહે : "હું અગતરાઇ ગયો ત્યારે મને એમ કહ્યું હતું કે, 'મહારાજની ચિઠ્ઠી આવી છે, માટે ગઢડા જાઉં છું.''

હે ભક્તો ! ત્યારે મહારાજે પર્વતભાઇને પૂછતા તેમણે કહ્યું : "પ્રભુ ! જો પગમાં કુહાડી વાગી હોત તો એક મહિનો કામકાજ થાત નહિ ને બહુ દુઃખ ભોગવવું પડત, એથી તમે રક્ષા કરી એ તમારી ચિઠ્ઠી જ કહેવાયને ?'' પર્વતભાઇની આવી સમજણ જોઇને સૌ એની પ્રશંસા કરવા લાગ્યા.

## પર્વતભાઇની સમજણ

હે ભક્તો ! એક વખત મયારામ ભટ્ટ મહારાજનાં દર્શન કરી પાછા માણાવદર આવતા હતા, ત્યારે શ્રીજી મહારાજે એક પત્ર ભટ્ટજીને આપ્યો અને કહ્યું : "આ કાગળ અગતરાઇ જઇને પર્વતભાઇને આપી આવજો.''

હે ભક્તો ! પત્ર લઇને ભટ્ટજી અગતરાઇ આવ્યા ને પર્વતભાઇને પત્ર આપ્યો. પ્રભુનો પત્ર જાણીને તેમણે આંખે અડાડ્યો, માથે ચડાવ્યો અને છાતીનો સ્પર્શ કરાવી ખોલીને વાંચીને તુરંત પૂજાની થેલી અને પહેરવાનાં વસ્ત્રો લઇ ગઢડા જવા તૈયાર થઇ ગયા.

હે ભક્તો ! ત્યારે ભટ્ટજી અને પરિવારના લોકો કહેવા લાગ્યા : "ભગત! તમારો દીકરો મરણ–પથારીએ પડ્યો છે ને તમે ગઢડા જવા તૈયાર થઇ ગયા ?

આવું તમોને શોભે ખરું ? એક બાપ થઇને આવું કોઇ કરે ખરા ?'' ત્યારે પર્વતભાઇ બોલ્યા : "મહારાજની આજ્ઞા છે કે કાગળ મળતા જ સર્વ ક્રિયાનો ત્યાગ કરી તત્કાળ ગઢડા આવજ્યો, માટે મારા થકી એક ઘડી પણ હવે રહેવાય નહિ. તમે બધા છો જ ને ? દવા શરુ છે ને તમો સેવા પણ કરો છો, માટે હું નહિં રોકાઉં.''

હે ભક્તો ! આ પ્રમાણે કહીને પૂજાની થેલી લઇ ચાલવા લાગ્યા. સ્વામિનારાયણ મહામંત્રનું સ્મરણ અને મહારાજની મૂર્તિનું ચિંતવન કરતા થકા ચાલ્યા જાય છે, ત્યાં દૂરથી બૂમ સંભળાઇ : "પર્વતભાઇ ! ઉભા રહો, ઉભા રહો.'' સાદ સાંભળીને એમને થયું : "છોકરાની સ્થિતિ વધારે ગંભીર હશે, અથવા તો દેહત્યાગ કર્યો હશે.'' એમ મનોમન નક્કી કરી મઘવતી નદીને કિનારે કપડાની થેલી અને પૂજાની થેલી એક બાજુ મુકીને ઊભા રહ્યા.

હે ભક્તો ! ત્યાંતો પેલા માણસે આવી હાંફતા–હાંફતા કહ્યું : "ઘેર ચાલો મેઘજીભાઇ મૃત્યુ પામ્યા છે ! ત્યારે એકપણ મુખથી રેખા બદલાણી નહિ અને બોલ્યા : "મહારાજ એમને ધામમાં લઇ ગયા છે, માટે તમે સૌ અગ્નિ–સંસ્કાર કરી લેજો. મારે તો મહારાજની આજ્ઞાનુસાર ગઢડા જવું પડશે.''

હે ભક્તો ! આ પ્રમાણે કહીને મઘમતી નદીમાં સ્નાન કરી ગઢડા પહોંચી ગયા ! ત્યાં જઇ મહારાજને દંડવત–પ્રણામ કરી સભામાં બેસીને એકાગ્રતાપૂર્વક મહારાજના મુખારવિંદનાં દર્શન કરવાં લાગ્યા. જાણે કે કાંઇ બન્યું જ નથી એમ શાંતિથી બેસી રહ્યા. ત્યારે મહારાજે પૂછ્યું : "પર્વતભાઇ ! તમારો દીકરો માંદો હતો તેને હવે કેમ છે ? સારું થયું કે નહિ ?'' અંતર્યામીએ અજાણ્યા થઇને પૂછ્યું, જાણે કે કાંઇ જાણતા જ ન હોય ને શું ? એમ પૂછ્યું.

હે ભક્તો ! પર્વતભાઇએ જવાબ આપ્યો : "મહારાજ ! હવે તો બહુ જ સારું થયું છે. મેઘજી તો ગઇકાલે જ તમારા ધામમાં ગયો છે. તમારા ધામમાં જઇ અલૌકિક મહાસુખને ભોગવશે, હવે એને આ સંસારના વૈતરાં નહિ કરવાં પડે. તમારી મૂર્તિના સુખમાં ડૂબી એ દિવ્યાનંદ મેળવશે.'

હે ભક્તો ! ત્યારે પર્વતભાઇને મહારાજે પૂછ્યું : "ભગત ! તમારો દીકરો અવસાન પામ્યો તેનો શોક નથી થતો ?' ત્યારે પર્વતભાઇ કહે : "પ્રભુ ! ખાટલાનો પાયો ભાંગી ગયો હોય તેને ખરખરો કરવો પડે, કારણ કે જંગલમાં

લાકડું લેવા જવું પડે ને સુતારનીય ગરજ પડે; પરંતુ છોકરાંઓ માટે તો આ સંસારના પ્રવાહો તો સ્વાભાવિકપણે ચાલ્યા કરે છે, એમાં કોઇ આવે તો કોઇ જાય. એમાં શોક શું કરવો ?'

હે ભક્તો ! આ રીતની પર્વતભાઇની સમજણને જોઇ મહારાજ અતિ પ્રસન્ન થયા અને સભામાં બેઠેલા કાઠી–દરબારોને કહ્યું : "જુઓ આ પર્વતભાઇ. જયારે તમારી આવી સમજણ થશે, ત્યારે અમારી ખરી પ્રસન્નતા પ્રાપ્ત થશે.'' આવું સાંભળી સભામાં બેઠેલા સહુ કોઇને પર્વતભાઇની આવી શ્રેષ્ઠ સમજણ જોઇ અતિ આશ્ચર્ય થયું.

## સંતો પ્રત્યે આત્મીયતા

હે વહાલા ભક્તો ! એકવાર ગઢડામાં શ્રીજી મહારાજ લીલુડા લીમડા નીચે બેઠા હતા. ત્યારે મુળજી બ્રહ્મચારી મોટા કટોરામાં શેરડીનાં માંદળિયાં કરીને લાવ્યા ને કહ્યું : "મહારાજ ! એક હરિભક્ત તમારા માટે શેરડી લાવ્યા છે, તે જમો.'' પછી મહારાજ કટોરો લઇને માંદળીયાં (શેરડીનાં ટુકડા) જમવાં લાગ્યા. તે સમયે પર્વતભાઇ સભામાં બેઠા હતા. તેમને બોલાવીને માંદળીયાં આપવાં લાગ્યા. ત્યારે પર્વતભાઇએ કહ્યું : "મારાથી આ પ્રસાદી નહિ જમાય.''

હે ભક્તો ! ત્યારે મહારાજે સવાલ કર્યો : "કેમ નહિ જમાય ?'' તેથી તેઓ બોલ્યા : "જયાં સુધી મારા ઇષ્ટદેવ શેરડી ન જમે ત્યાં સુધી મારાથી કેમ જમાય ?'' ત્યારે મહારાજ કહે : "તમારા ઇષ્ટદેવ ? એ વળી કોણ છે ?'' ત્યારે પર્વતભાઇ બોલ્યા : "મહારાજ ! આ સંતો છે એ મારા ઇષ્ટદેવ છે. તમે આ ગોપાળાનંદ સ્વામી–મુક્તાનંદ સ્વામી વગેરે સંતોને જયારે મીઠાઇ–ફરસાણ અને ગળ્યું–ચીકણું નહિ ખાવાના નિયમો આપેલ છે, ત્યારથી મેં પણ એ નિયમો રાખેલ છે. હું પણ ઘેર કયારેય ગળ્યું–ચીકણું–મીઠાઇ–ફરસાણ કશું જ ખાતો નથી.''

હે ભક્તો ! પર્વતભાઇની સંતો પ્રત્યેની આવી આત્મબુદ્ધિ જોઇને મહારાજ અતિશય રાજી થયા ને શાબાશી દેવા લાગ્યા : "ધન્યવાદ પર્વતભાઇ ધન્યવાદ, તમોને તો તમારા દેહ કરતાં પણ સંતોમાં વધારે હેત છે, તેથી તો તમોએ આવાં કઠણ નિયમો રાખ્યા છે. લ્યો ગોપાળમુનિ, લ્યો મુક્તાનંદ સ્વામી તમે સંતો બધા આજથી રસકસના નિયમો છોડો; જયાં સુધી તમો રસકસ નહિ છોડો,

ત્યાં સુધી આ ભક્તરાજ પર્વતભાઇ પણ રસકસવાળું કશું નહિ જમે. માટે આજથી બધું જમવાની છૂટી અમે આપીએ છીએ.''

હે ભક્તો ! સંતો શેરડી જમવા લાગ્યા ત્યારે શ્રીહરિજીએ કહ્યું : ''પર્વતભાઇ ! લ્યો જુઓ, તમારા ઇષ્ટદેવ શેરડી જમવા લાગ્યા. હવે તો તમે જમશોને ?'' ત્યારે પર્વતભાઇએ હા કહી. પછી મહારાજે તેમને પોતાની પ્રસાદીનાં શેરડીનાં માંદિળયાં આપ્યાં. તે લઇને પર્વતભાઇ પણ જમવા લાગ્યા. ભક્તો, પર્વતભાઇને પોતાના દેહના સંબંધી કરતાં પણ સંતોમાં અધિક હેત, મહિમા, વિશ્વાસ અને શ્રદ્ધા હતી !

હે ભક્તો ! શ્રીજી મહારાજે ગઢડા અંત્યના ૨૨ માં વચનામૃતમાં કહ્યું છે કે, ''જેવું પ્રેમલક્ષણા ભક્તિએ યુક્ત આ કીર્તનને વિષે હરિજનનું અંગ કહ્યું છે, એવું તો ઝીણાભાઇનું તથા પર્વતભાઇ અને મૂળજી એનાં પણ એવાં અંગ છે. ... તેને પંચવિષયને વિષે પ્રીતિ ટળી જાય છે અને આત્મનિષ્ઠા રાખ્યા વિનાની રહે છે.

હે વહાલા ભક્તો ! વરતાલવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજને આપણે પ્રાર્થના કરીએ : ''હે મહાપ્રભુ ! પર્વતભાઇમાં જે જે સદ્‌ગુણો હતા તે બધા અમારામાં પણ આવો એવી કૃપા કરશોજી. પર્વતભાઇમાં સ્વરૂપનિષ્ઠા, આજ્ઞાપાલનતા, સમજણ, મહિમા, નિર્મોહિતા, સર્વોપરીતા અને સંતોમાં જે આત્મીયતા હતી એ બધું જ અમારામાં પણ આવો એવી અમો આપને પ્રાર્થના કરીએ છીએ.''





# ૪.
# મહા ત્યાગી રાજબા

હે વહાલા ભક્તો !

રાજબા એટલે વાંકીયા ગામનાં વતની.

રાજબા એટલે મોકા ખાચરનાં દીકરી.

રાજબા એટલે સોનબાની લાડલી દીકરી.

રાજબા એટલે બૃહદ વૈરાગ્યવાન મહાત્યાગી.

રાજબા એટલે બાળપણથી જ મીરાંબાઇ જેવાં ભક્તિવાન.

રાજબા એટલે હંમેશા સાદું ભોજન કરનાર નિસ્વાદી વ્રતધારી.

રાજબા એટલે હંમેશાં પુરુષોથી ૨૦ હાથ દૂર રહેનારા મુક્ત.

રાજબા એટલે વાણીના અપાર દૈવતવાળા વચનસિદ્ધ યોગીની.

રાજબા એટલે અગ્નિદેવ પણ જેનાથી ડરતા એવા તપસ્વીની.

હે વહાલા ભક્તો ! અમરેલી જિલ્લામાં વાંકીયા નામનું નાનું એવું રળિયામણું ગામ આવેલ છે. ત્યાં ૨૦૦ વર્ષ પહેલાં સહજાનંદી મીરાંનો જન્મ થયો હતો. કાઠીકુળમાં મહારાજના ભક્ત મોકા ખાચર થયા છે. તેમનાં પત્ની સોનબાની કૂખે મહા તપસ્વીની સુપુત્રીનો જન્મ થયો. જેઓનું નામ તેઓએ રાજુ રાખ્યું. જેઓ સંપ્રદાયમાં રાજબા તરીકે પ્રખ્યાતિને પામ્યા.

હે ભક્તો ! રાજબા ગઢપુરના જીવા ખાચરનાં ધર્મપત્ની કુંવરબાના સગાં બેન સોનબાનાં દીકરી હતાં. એ સગપણના કારણે અવાર-નવાર નાનપણથી જ નાનકડી રાજુ પોતાની માતા સાથે માસીના ઘેર ગઢપુર આવતાં હતાં. માસીની દીકરી અમુલા અને અમરી પોતાની સમાન ઉંમરવાળા હોવાથી તેઓની સાથે દાદા ખાચરના દરબારમાં તેઓ વધારે સમય રહેતાં. ત્યાં શ્રીજી મહારાજનાં દર્શન કરી જીવુબા-લાડુબા સાથે નાનપણથી જ સત્સંગ કરતાં.

હે ભક્તો ! નાનપણથી જ સત્સંગનો રંગ લાગી ગયો. તેથી મનોમન નક્કી કરી લીધું કે, 'હવે સંસારની ખાટી છાશ પીવી નથી. મારે પણ ગઢપુરમાં કાયમ રહી માસીની દીકરીઓની જેમ મહારાજનું ભજન કરી આ છેલ્લો જન્મ કરી લેવો છે.''

હે ભક્તો ! રાજબાની જેમ જેમ ઉંમર વધતી ગઇ, તેમ તેમ વૈરાગ્ય પણ વધતો ગયો ! રાજબા જુદું વિચારે છે, જયારે એનાં માતા–પિતા પણ જુદું વિચારે છે. તેઓએ તો દીકરીનાં સગપણનું પણ નક્કી કરી નાખ્યું. રાજબા તો આ વાતથી સાવ અજાણ જ હતાં. તેવામાં એક પ્રસંગ બન્યો.

## સગપણની ચૂંદડી સળગી ગઇ !

હે ભક્તો ! એકવાર તેઓ ભાવસમાધિમાં ડૂબીને ભગવાનનું ચિંતન કરી રહ્યા હતા. ત્યાં તેમની માતા સોનબાએ આવી હેતથી માથે હાથ ફેરવીને કહ્યું: "બેટા રાજુ ! આમ જો તારા સગપણની ચૂંદડી આવી છે.' ચૂંદડીનું નામ સાંભળતા જ રાજબાએ છણકો કર્યો અને બોલ્યાં : "બા ! બળી મારી સગપણની ચૂંદડી.''

હે ભક્તો ! જયાં મુખમાંથી આટલા જ શબ્દો નીકળ્યા, ત્યાંતો પટારા ઉપર પડેલ ચૂંદડી ભડભડ કરતી સળગી ગઇ. આવું દ્રશ્ય જોઇ સોનબા તો આભા જ બની ગયાં ! ડરી ગયાં. તેમણે મોકા ખાચરને વાત કરી તો તેમણે કહ્યું : "આવું તો આકસ્મિક રીતે બની ગયું હોય, એમ કાંય થોડું બને કે, 'રાજુ બોલે ને ચૂંદડી સળગી જાય ?'

હે ભક્તો ! સમય જતા રાજબા ઉંમર–લાયક થયાં. માતા–પિતા વારંવાર લગ્નની વાતો કર્યા કરે, એટલે કંટાળીને તેઓ ગઢડા આવતા રહ્યા. લાડુબા–જીવુબા સાથે દિવસે સત્સંગ કરે અને સાંજે પોતાનાં માસી કુંવરબાના ઘેર આવતાં રહે. જીવા ખાચરના બે દીકરી અમુલાબા અને અમરીબાએ પણ લગ્ન કરવાની ના કહેલ, તેથી જીવા ખાચરે અને તેમનાં પત્ની કુંવરબાએ લગ્નનો આગ્રહ કર્યો ન હતો.

હે ભક્તો ! કુંવરબાનાં દેરાણી જીવુબાનાં બા સુરપ્રભાબા થતાં એટલે સગપણના નાતે પણ જીવુબા અને લાડુબા એ રાજબાને માસીની દીકરીઓ થતાં. તો સગાં માસીની બે દીકરીઓ અને કજીન માસીની બે દીકરીઓ આ

ચારે બહેનો સાંખ્યયોગ ધારણ કરી શ્રીજી મહારાજની ભક્તિ કરતાં હતાં. તેથી રાજબા પણ આ ચારેય સાથે રહી પ્રગટ પ્રભુની ભક્તિ કરવા લાગ્યાં.

હે ભક્તો ! ગઢપુરમાં રહી સુખેથી રાજબા ભજન–ભક્તિ સેવા અને સમાગમ કરી રહ્યા હતા. ત્યાંતો વાંકીયા ગામથી તેમના પિતા મોકા ખાચર અને માતા સોનબા ગઢપુર આવ્યાં અને ઘેર આવવાં રાજબાને સમજાવવાં લાગ્યાં. પરંતુ એક તો વૈરાગ્ય હતો જ એમાંય પણ જીવુબા અને લાડુબાનો સત્સંગ થયો. એના કારણે સંસાર પ્રત્યે મન ઉદાસ થઇ ગયું. મહારાજની મૂર્તિમાં અસાધારણ હેત થઇ ગયું. તેમણે તો માતા–પિતાને કહી દીધું : “મારે પરણવું નથી. મારે માસીની દીકરીઓની જેમ સાંખ્યયોગી બની અખંડ મહારાજની ભક્તિ કરવી છે.’’

## મારા વ્રતની લાજ રાખજો

હે ભક્તો ! રાજબાએ સ્પષ્ટ શબ્દોમાં લગ્ન કરવાની ના કહી દીધી, એટલે તેના માત–પિતા મહારાજ પાસે ગયાં અને રાજબાને ઘેર મોકલવા અને લગ્ન કરી લેવા ભલામણ કરવા કહ્યું. મહારાજ તો રાજબાની સ્થિતિ જાણતા જ હતા, પણ વિવેક ખાતર રાજબાઇને બોલાવીને કહ્યું : “રાજબા ! તમે ઘેર જાઓ અને લગ્ન કરો, એવી તમારાં માતા–પિતાની ખૂબ ઇચ્છા છે.’’

હે ભક્તો ! શ્રીજી મહારાજનાં આવાં વચનો સાંભળી રાજબાએ કહ્યું : “અરે પ્રભુ ! તમે જ તો કથામાં કહો છો કે, ‘સંસારના વિષયો ઝાંઝવાનાં જળ જેવાં છે, મુમુક્ષુઓએ એની ઇચ્છા ન રાખવી જોઇએ અને તમે જ મને એમાં ધકેલી રહ્યા છો ? હું તો અખંડ બ્રહ્મચર્ય પાળીને તમારું ભજન કરવા આવી છું. તો પછી તમે મને શા માટે સંસારના ઊંડા કૂવામાં પડવાનું કહો છો ? મારા પર દયા કરો ને મને ઘેર જવાની ને લગ્ન કરવાની આજ્ઞા ન કરો.”

હે ભક્તો ! રાજબાની અંતરની ઇચ્છા જાણીને મહાપ્રભુ બોલ્યા : “રાજબા ! તમારી અંતરની જ ઇચ્છા સંયમી જીવન જીવવાની છે, તો તમારી રક્ષા અમે જરૂર કરીશું, પણ અત્યારે તમે ઘેર જઇને લગ્ન કરો. તમારું બ્રહ્મચર્ય અખંડિત રહેશે એવું હું વરદાન આપું છું.’’

હે ભક્તો ! શ્રીજી મહારાજનાં વચનોમાં વિશ્વાસ રાખી રાજબા માતા–પિતા સાથે વાંકીયા ગામ આવ્યાં. ત્યાં મા–બાપ અને પરિવારનાં નર–નારીઓ

પરસ્પર કહેવાં લાગ્યાં : "રાજુને અત્યારે ભક્તિનો અને વૈરાગ્યનો આવેગ ચડ્યો છે, પણ પરણીને સાસરે જશે એટલે સંસારનાં સુખ સાચાં લાગશે અને વૈરાગ્યનો વેગ ઊતરી જશે.''

હે ભક્તો ! આવું માનીને માત–પિતાએ રાજબાનો સંબંધ ઘુઘરાળા ગામમાં રામ જેબલીયા નામના કાઠી યુવાન સાથે કર્યો અને તાત્કાલિક લગ્ન કરવાનું નક્કી કરી લીધું. સમય નક્કી કર્યા મુજબ ઘડિયાં લગ્ન લેવાયાં. વાજતે–ગાજતે માંડવો નંખાયો. જાન આવી ગઇ.

હે ભક્તો ! વાંકીયા દરબારગઢમાં રાજબાને તો લગ્નની કોઇ ખુશી નથી. એ તો વધારે ઉદાસ થઇ ગયાં અને મનોમન શ્રીજી મહારાજને પ્રાર્થના કરવા લાગ્યાં : "હે ભક્તરક્ષક ભગવાન ! તમારી આજ્ઞાથી હું લગ્ન કરું છું, પણ મારા વ્રતની લાજ રાખજો. જેમ જીવુબાની લાજ રાખી હતી, એમ મારી પણ રાખજો. હું તમારા વિશ્વાસે ઘેર આવી છું.''

## રાજબાઇ ભાવસમાધિમાં

હે ભક્તો ! રાજબા આવી પ્રાર્થના મનોમન કરે છે, ત્યાંતો સગાં–સંબંધીઓની યુવતીઓએ આવીને કહ્યું : "હવે શણગાર સજો. આવો સુખનો દહાડો આવ્યો અને હજુ ઉદાસ ક્યાં સુધી રહેશો ? વરરાજાને તોરણે પધારવાની તૈયારી થઇ ગઇ છે, ઝટ ઊભા થાઓ અને સોળે શણગાર સજો.''

હે ભક્તો ! આવું સાંભળતાં તો રાજબાઇને આંચકો લાગ્યો ! સંસારનાં વિષય–સુખોમાં ડૂબેલી એ સ્રીઓને કેમ ખબર પડે કે, જેમાં તેઓ સુખ માને છે, તેમાં તો રાજબાઇને ઉકરડાનો ઢગલો દેખાય છે. રાજબાને તો મહારાજની મૂર્તિરૂપી અખંડ આનંદના ખજાનાની ચાવી હાથમાં આવી ગઇ છે !

હે ભક્તો ! વરરાજો માંડવામાં આવી રહ્યો છે, એવું સાંભળતાં તો રાજબાને આઘાત લાગ્યો, તેથી તેઓ મૂર્છિત થઇ ગયાં. શરીર જડ બની ગયું ! સોનબાને ખબર આપતા, તેઓ દોડીને આવ્યાં. પવન નાખવાં લાગ્યાં, પાણી છાંટવા લાગ્યાં, પણ મૂર્છા ન ઉતરી. એમને ક્યાં ખબર હતી કે, 'આ મૂર્છા ન હતી, આ તો ભાવસમાધિ હતી. મોટા મોટા ઋષિઓને જે સ્થિતિ નથી મળતી તે સ્થિતિ શ્રીજી મહારાજની કૃપાથી રાજબાઇને સહેજે સિદ્ધ થઇ ગઇ હતી.

હે ભક્તો ! વરરાજો મંડપમાં આવી ગયો. કન્યા પધરાવવાનું મુહૂર્ત પણ આવી ગયું, પણ રાજબાઇની મૂર્છા ઉતરતી ન હતી, તેથી માતા–પિતાને ચિંતા વધતી જતી હતી. આખરે અતિ ખાનગી રીતે મુહૂર્ત સાચવી લેવાનો નિર્ણય લેવાયો. પછી 'રાજબાઇને બદલે રૂપરંગ ને ઉંમરમાં સમાન લાગતી દાસીને લાંબો ઘુંઘટ તાણીને માંડવામાં બેસાડી દીધી. આ વાતની કોઇને ગંધ સરખી પણ ન આવી !

હે ભક્તો ! લગ્નનો વિધિ પૂરો થઇ ગયો અને જાન વળાવવાનો સમય થયો ત્યારે રાજબાઇ મૂર્છામાંથી– ભાવસમાધિમાંથી બહાર આવ્યાં. માંડવામાં તો દાસીથી કામ પતી ગયું પણ સાસરે જવામાં દાસી થોડી ચાલે ? તેથી મા–બાપે આવીને રાજબાને કહ્યું : "દીકરી ! હવે તો અમારી આબરૂનો સવાલ છે. અમારે સમાજમાં શું મોંઢાં દેખાડવાં ? જો તું સાસરે નહિ જા, તો અમારે અફિણ ઘોળીને મરવું પડશે. જો તું અમોને જીવતા જોવાં માગતી હો તો સાસરે જવા તૈયાર થઇ જા.''

હે ભક્તો ! આ રીતે કહીને મજબૂર કરી પરાણે રાજબાઇને સોળે શણગાર પહેરાવ્યાં. રાજબાઇ તો યંત્રવત્ શરીરે ગાડામાં બેસી ગયાં, પણ મન તો શ્રીજી મહારાજની મૂર્તિનું અખંડ સ્મરણ ને ચિંતન કરતું હતું.

## રાજબા સિંહણરૂપે

હે ભક્તો ! વાંકીયા ગામથી મોકા ખાચરે જાનને વાજતે–ગાજતે વળાવી, તેથી જાન ઘુઘરાળા ગામના માર્ગે આગળ વધવા લાગી. ત્યારે બળદગાડામાં બેઠાં–બેઠાં રાજબાઇ શ્રીજી મહારાજને અંતર્યામી જાણીને મનમાં પ્રાર્થના કરે છે : "હે પ્રભુ ! મારો જન્મ તો મુક્તિ માટે જ છે અને હું તો વધારે ને વધારે બંધનમાં સપડાતી જાઉં છું. મારી લાજ રાખજો. તમારા સિવાય મારું કોણ છે ?''

હે ભક્તો ! આમને આમ વલોપાત કરતાં રાજબાઇ સાસરે આવ્યાં. ત્યાં ઘુઘરાળા ગામમાં પણ જાનના સામૈયા થયા. જાન ઘેર આવી. રાત્રીના સમયે રાજબાઇ એક ઓરડામાં પલંગ પર બેઠાં–બેઠાં મહારાજને આર્તનાદે અરજ કરી રહ્યાં છે.

હે ભક્તો ! અંતર્યામી અવિનાશી શ્રીહરિજીએ રાજબાઇનો આર્તનાદ સાંભળી લીધો. આ બાજુ વરરાજા રામ જેબલીયાએ મનમાં હરખાતાં હૈયે જ્યાં ઓરડામાં પગ દીધો ત્યાં તો પલંગ ઉપર વિકરાળ સિંહણને બેઠેલી જોઇ ! ઓય માડી, બોલીને બહાર ભાગી ગયો. તેની રાડ સાંભળી પરિવારનાં નરનારીઓ ભેગાં થઇ ગયાં ને પૂછવાં લાગ્યાં : “શું થયું, શું થયું ?''

હે ભક્તો ! વરરાજાને ધ્રૂજતો જોઇને તેના બાપે પૂછ્યું : “શું છે બેટા, કેમ વ્યાકુળ થઇ ગયો ?'' ત્યારે તેણે માંડ માંડ ઉત્તર આપ્યો : “બાપુ ! ઓરડાની અંદર તો સિંહણ પલંગ પર બેઠી છે.'' ત્યારે બધા ઓરડામાં જોવાં ગયાં, પણ તે સૌને તો રાજબાઇ જ દેખાતાં હતાં. બધાએ ફરીને સમજાવીને રામ જેબલીયાને અંદર મોકલ્યો. તે ફરીને ઓરડામાં ગયો ત્યાં તો જાણે પોતાને મારવા માટે સિંહણ છલાંગ લગાવતી હોય એવું ભયંકર સ્વરૂપ જોયું. તેથી એકદમ ભય પામીને ભાગ્યો ને બહાર નીકળી ગયો. હે ભક્તો ! પછી ઘરની બહેનોએ ઓરડામાં જઇ રાજબાને વાત કરી, તેથી રાજબા બોલ્યા : “મારે તો પરણવું ન હતું, પણ મારાં માતા–પિતાએ મારી ઇચ્છા વિરુદ્ધ મારાં લગ્ન કર્યાં છે, તેથી હું મારા વ્રતની લાજ રાખવા મારા ભગવાન સ્વામિનારાયણને ઘેરથી નીકળી ત્યારથી પ્રાર્થના કરું છું, તેથી દરબારને હું સિંહણરૂપે દેખાવ છું. મહારાજ મારા બ્રહ્મચર્યની રક્ષા કરી રહ્યા છે.''

હે ભક્તો ! રાજબા આવું બોલ્યાં, એ સમયે જ તેના શરીરમાંથી તેજ નીકળ્યું ને ઓરડામાં વ્યાપી ગયું. સૌએ દૈવી માની નમસ્કાર કર્યા ને માફી માગી. સર્વને થયું કે, ‘આ કોઇ સ્ત્રી નથી આ તો કોઇ દેવીનો અવતાર છે.''

## આજીવન ગઢપુરમાં જ રહ્યાં

હે ભક્તો ! રાજબાના કહ્યા મૂજબ સવારે વેલડું જોડાયું અને વાંકીયા ન જતાં સીધા ગઢડા ગયાં. ત્યાં શ્રીજી મહારાજનાં દર્શન કરતાં જ રાજબાઇના અંતરમાં આનંદના ઓઘ ઉછળવા લાગ્યા. મહારાજ પણ માયા તરછોડીને આવેલ આ મુક્તાત્મા ઉપર અતિ રાજી થયા.

હે ભક્તો ! પછી તો તેઓ ગઢડામાં જ આજીવન રહ્યાં. ત્યાં જીવુબા અને લાડુબાનો સમાગમ કરી મહાન એકાંતિક સ્થિતિને પામી ગયાં. તેઓને તીવ્ર

વૈરાગ્ય હતો, તેથી પુરુષની ગંધ પણ ગમતી નહિ. પુરુષની છાયા પણ જો શરીર ઉપર પડી જાય તોય પણ ઉપવાસ કરતાં. પૃથ્વી પર પથારી કરી સૂઇ રહેતાં હતાં. ધારણાં–પારણાં, ચાંદ્રાયણ અને અનેક કૃશ વ્રતો કરી કરીને શરીરને સાવ સૂકવી નાખ્યું હતું. સાંપ્રદાયિક ગ્રંથોમાં તો ત્યાં સુધી લખ્યું છે કે, 'રાજબાને પુરુષથી ૨૦ હાથ દૂર રહેવાનું નિયમ હતું !'

હે ભક્તો ! જ્યારે રાજબા ગઢપુર આવ્યાં, ત્યારે શ્રીજી મહારાજે દાદાખાચરને કહ્યું : "દાદા ! તારે ચાર બહેનો છે, હવે આ રાજબાઇને પાંચમી બહેન માનજે. જીવન–પર્યંત તારે એનું પાલન–પોષણ કરવાનું છે. આજથી તું એનો ધર્મનો ભાઇ છો. રાજબાને પણ કહ્યું કે, 'દાદા ખાચર સાથે તમારે ૨૦ હાથ દૂર રહેવાનો નિયમ ન રાખવો. કામકાજ પ્રસંગે નજીક ઉભા રહીને પણ વાત કરવી. એને તમારા ધર્મના ભાઇ માનજો.'

હે ભક્તો ! એકવાર રાજબાઇએ મહારાજને પૂછ્યું હતું : "પ્રભુ ! તમે રાજી થાઓ છો ત્યારે વસ્ત્રો અને થાળ વગેરે આપો છો, પણ અંતરથી રાજી થાઓ છો ત્યારે શું આપો ?'' ત્યારે શ્રીજી મહારાજે કહ્યું : "રાજબા ! અમે ખરેખર અંતરથી રાજી થઇએ છીએ ત્યારે સંસારની વસ્તુમાં અને સગાંઓમાં બંધાવા દેતા નથી. અમારા સિવાય કોઇ પણ વ્યક્તિ, વસ્તુ કે પદાર્થમાં તેને હેત થવા દેતા નથી, આ અમારો અંતરનો રાજીપો છે.''

હે ભક્તો ! રાજબા જીવન–પર્યંત ગઢડામાં જ રહ્યાં. ત્યાં અનેક બહેનોને સત્સંગ પણ કરાવ્યો. શ્રીજી મહારાજ અક્ષરધામમાં ગયાં બાદ રાજબા ઘણાં વર્ષ સુધી પૃથ્વી પર રહ્યાં. તેમનું આયુષ્ય પૂરું થયું ત્યારે શ્રીહરિજી તેમને તેડવા માટે પધાર્યા. ત્યારે રાજબા બોલ્યાં : "મહારાજ ! આજે નહિ, અત્યારે દાદા ખાચર બહારગામ ગયા છે, તેમણે આખી જિંદગી મારી સંભાળ લીધી છે, માટે તેઓ આવે ત્યારે પધારજો, આટલી મારી વિનંતી છે.'' ભક્તાધિન ભગવાન આવું સાંભળી પાછા જતા રહ્યા !

## અગ્નિદેવને પણ ડર લાગ્યો

હે ભક્તો ! થોડા દિવસ બાદ દાદાખાચર ગઢપુર આવી ગયા ત્યારે રાજબાએ તેમને વાત કરી : "હવે હું આજથી ત્રીજા દિવસે ધામમાં જવાની છું,

મારા દેહને તમારા સિવાય કોઇપણ પુરુષ સ્પર્શ ન કરે એનો ખ્યાલ રાખજો. અને મારા દેહને અગ્નિ–સંસ્કાર પણ તમે જ કરજો.''

હે ભક્તો ! ત્રીજો દિવસ આવ્યો. સંવત ૧૯૦૫ ના ચૈત્ર સુદ છઠ્ઠના દિવસે રાજબાઇ સ્વસ્તીક આસને બેસીને બોલ્યાં, "આ જુઓ શ્રીજી મહારાજ મને ધામમાં લઇ જવા માટે આવી ગયા છે, સૌને મારા જય સ્વામિનારાયણ.'' આટલું બોલી આંખો બંધ કરી દીધી. પછી શ્રીજી પ્રભુએ તેમના જીવાત્માને દિવ્યદેહ આપ્યો અને દિવ્ય વિમાનમાં બેસાડી અક્ષરધામમાં લઇ ગયા.

હે ભક્તો ! પછી સૌ સ્વામિનારાયણ મહામંત્રની ધૂન બોલતા–બોલતા ઘેલા નદીએ રાજબાના દેહને અગ્નિ સંસ્કાર કરવા માટે લઇ ગયા. ત્યાં દાદા બાપુએ અગ્નિદાહ આપ્યો, પણ રાજબાના દેહને તેનો સ્પર્શ થયો જ નહિ. સૌને નવાઇ લાગી : "લાકડાં સારાં છે, પવન પણ નથી, તો પછી લાકડાં કેમ સળગતાં નહિ હોય ?'

હે ભક્તો ! પછી આ સમાચાર દરબારગઢમાં સંતોની ધર્મશાળામાં યોગીરાજ ગોપાળાનંદ સ્વામીને પહોંચાડ્યા. ત્યારે અંતરવૃત્તિ કરીને સ્વામીએ અગ્નિદેવને કહ્યું : "રાજબા તો ધામમાં જતાં રહ્યાં છે, હવે તમે એનાં દેહને સ્પર્શ કરશો એનો કોઇ તમને કોઇ દોષ નહિ લાગે. તમારે હવે ગભરાવાની જરૂર નથી. બા તમારા ઉપર નારાજ નહિ થાય, માટે તેના દેહનો સ્પર્શ કરી તેને પંચમહાભૂતમાં વિલિન કરી દો.''

હે ભક્તો ! પછી માણસે આવી દાદા–ખાચરને અતથી ઇતિ સુધી વાત કરી. તેથી તેઓએ પણ અગ્નિદેવને વિનંતી કરીને આગ લગાવી. તુરંત રાજબાનો નશ્વરદેહ પંચમહાભૂતમાં લીન થઇ ગયો.

હે ભક્તો ! શ્રીજી મહારાજે વચનામૃતમાં ત્રણ વાર રાજબાઇને યાદ કર્યાં છે. લોયાનું–ત્રીજું, ગઢડા અંત્યનું ચોવીસમું અને અંત્યનું પચ્ચીસમું. જો કે અંત્યના ૨૫ માં રાજબાઇએ પ્રશ્ન પૂછ્યો છે : તેનો વિસ્તાર તે વચનામૃતમાંથી જાણી લેવો.

હે ભક્તો ! વરતાલવાસી શ્રીહરિકૃષ્ણ મહારાજનાં ચરણોમાં પ્રાર્થના કરીએ કે, 'રાજબા જેવો ત્યાગ અને વૈરાગ્ય આપણામાં પણ આવે.'



# ૫. મહામુક્ત મોટાંબા (જીવુબા)

હે વહાલા ભક્તો !

જીવુબા એટલે સંપ્રદાયના શિરમોડ સાંખ્યયોગી મુકાત્મા.

જીવુબા એટલે સંપ્રદાયનાં સ્રી માત્રના ગુરુસ્થાને રહેલાં મોટીબા.

જીવુબા એટલે ગઢપુરના ગામધણી એભલબાપુનાં મોટાં દીકરી.

જીવુબા એટલે સંસારનાં સુખોને કાકવિષ્ટા તૂલ્ય માનનારાં મહા વૈરાગી.

જીવુબા એટલે શ્રીહરિજીની આજ્ઞા પ્રમાણે જ જીવન જીવતા મુક્તરાજ.

જીવુબા એટલે સુરપ્રભાબાનાં સૌથી મોટાં દીકરી મોટીબા.

જીવુબા એટલે શ્રીહરિજીની પ્રસન્નતા માટે જ સર્વ ક્રિયા કરનારાં મુક્ત.

જીવુબા એટલે શુભગુણોનો મહાભંડાર. વચન સિદ્ધ યોગિની.

જીવુબા એટલે શ્રીજી મહારાજનાં ચરિત્રો સ્રી ભકતોને કહેનારાં ઉત્તમ વક્તા.

જીવુબા એટલે ધામની મૂર્તિને અહીં નેત્ર આગળ દેખનારાં મહામુકત.

જીવુબા એટલે મહારાજ અને સંતોનો અપાર મહિમા સમજનારાં અનાદિમુક્ત.

જીવુબા એટલે અનેક પ્રકારનાં વ્રતો કરનારાં મહા તપસ્વીની મુક્ત.

હે ભક્તો ! ગઢડાના ગામધણી એભલ ખાચરને બે પત્નીઓ હતાં. સુરબાઇ અને સોમબાઇ. સુરબાઇનું પિયર કરિયાણા હતું અને સોમબાઇનું પિયર બોટાદ હતું. સુરબાઇને પ્રથમ દાહા ખાચર, ગોદડ ખાચર, રૂખડ ખાચર અને ભોજા ખાચર, આ પુત્રો થયા હતા. પરંતુ તે ચારેય પુત્રો બાળપણમાં જ મૃત્યુ પામ્યા. ત્યારબાદ એક દીકરીનો જન્મ થયો અને એ જીવી ગઇ માટે એનું નામ ‘જીવી’ પાડ્યું. એ જ આપણાં મહામુકત જીવુબા. સૌથી મોટાં હતાં એટલે સૌ તેને મોટીબા પણ કહેતાં હતાં.

હે ભક્તો ! જીવુબાનો જન્મ સંવત ૧૮૪૧ વૈશાખ સુદ–પૂનમના પવિત્ર દિવસે થયો હતો. બીજા મત પ્રમાણે સંવત ૧૮૪૦ માં થયો હતો. તેઓ નાનપણથી જ મીરાંબાઇની જેમ રમકડાંની જગ્યાએ બાલકૃષ્ણની મૂર્તિ સાથે રમતાં હતાં. સમય જતાં તેઓ મોટાં થયાં એટલે વધારે ભક્તિ કરવા લાગ્યાં.

## લાલજી દૂધ પી ગયા

હે ભક્તો ! એભલ ખાચર આમ તો ધાર્મિકતામાં માનતા હતા, પણ ચારણના કુસંગના કારણે એકવાર ગુસ્સામાં આવી જઇ જીવુબા પૂજા કરી રહ્યાં હતાં ત્યાં આવીને સત્તાવાહી સ્વરે આવેશમાં આવીને બોલ્યા : “જીવી ! આ દરબારગઢને તો તેં ઠાકોરદ્વારો બનાવી દીધો છે. ભરત ભરવાની ઉંમરે શું ભક્તિ માંડી છે ? કાલ સવારે સાસરે જશો ત્યારે સાથે શું લઇ જાશો ? ભક્તિ તો ગઢપણમાં કરવાની હોય, અત્યારે નહિ સમજી ?’’

**“ત્યારે જીવુબાઇ કહે તાત, એવી અમને ન કહેવી વાત,**
**નહિ આ તનનો વિશવાસ, અચાનક થઇ જાય નાશ.**
**વૃદ્ધપણાને વાયદે રહેવું, અમને નથી મનાતું એવું,**
**માટે એ વાત તો નવ કહેવી, આ મૂરતિ નથી મૂકયા જેવી.’’**

**- ભક્ત ચિંતામણિ : પ્ર-૧૩૨**

હે ભક્તો ! જીવુબા કહેવા લાગ્યાં : “બાપુ ! ઠાકોરજીની સેવા છોડવાનું તમારે મને કહેવું નહિ. આ ભગવાનની સેવા કરવાથી તો ભગવાન રાજી થાય છે અને આ લોક તેમજ પરલોક બંને સુધરી જાય છે. બાપુ ! તમો કહો છો કે, ગઢપણમાં ગોવિંદના ગુણ ગાવાના હોય, અત્યારે નહિ, પરંતુ આ દેહનો કોઇ વિશ્વાસ નથી. અચાનક મૃત્યુ આવી જાય છે અને ભગવાન ભજવાનું રહી જાય છે; માટે આવી વાત તમારે મને કયારેય કહેવી નહિ.’’

હે ભક્તો ! દીકરીના નાના મોઢે મોટી વાત સાંભળી એભલ બાપુ બોલ્યા : “જીવુ ! તું કહે છે કે, આ મૂર્તિ મૂકયા જેવી નથી ? તો શું આ મૂર્તિમાં ભગવાન છે ?’’ ત્યારે જીવુબાએ શ્રદ્ધાથી ને મક્કમતાથી કહ્યું : “હા બાપુ, આ સ્વયં ભગવાન જ છે.’’ એવું સાંભળી બાપુ ત્રાડુક્યા : “તો તારા ભગવાનને કહે કે, દૂધનો કટોરો એની આગળ પડ્યો છે એ પી જાય. જો દૂધ પી જાય તો ભગવાન સાચા, નહિતર તારા લાલાને નદીમાં નાખી દઇશ.’’

હે ભક્તો ! તુરંત જ જીવુબાએ બાળ–લાલાને ગદ્ ગદ્ કંઠે સ્તુતિ કરી : “હે પ્રભુ ! તમે મીરાંબાઇનો ઝેરનો કટોરો પીધો. શબરીબાઇનાં બોર ખાધા, વિદુરજીની ભાજી આરોગી અને સુદામાના પૌંવા જમ્યા, તો મારું અર્પણ કરેલ દૂધ નહિ પીઓ ? પ્રભુ ! મને તો આપનો દ્રઢ નિશ્ચય છે જ, પરંતુ મારા બાપુને શંકા છે તે દૂર કરો. જો આજ દૂધ નહિ પીઓ તો મારી આબરૂ જશે ને બાપુને તમારા પ્રત્યે નાસ્તિકભાવ આવી જશે. જો મેં તમને પ્રગટ માનીને સાચા ભક્તિભાવથી સેવા કરી હોય તો આજ લાજ રાખો.’’ આવું જીવુબાએ કહ્યું, ત્યાંતો લાલજી હાથ લાંબો કરી કટોરો હાથમાં લઇ દૂધ પીવા લાગ્યા. ! સદ્. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું :–

**“પછી બાળ મુકુંદ મહારાજે, પીધું દૂધ જન હેત કાજે;**
**જોઇ સહુ જન આશ્ચર્ય પામ્યાં, શીશ જીવુબાને પાય નામ્યાં.**
**તાતને ન ગમતું લગાર, તો પણ નમ્યા વારમવાર;**
**ધન્ય બાઇ તમારી ભગતી, ઘેલાઇમાં મેં ન જાણી ગતિ.**
**તમે નહિ મનુષ્ય મેં જાણ્યું, છો દેવતા આજ પરમાણ્યું;**
**તમે લીધો આંહી અવતાર, મારાં પુણ્ય તણો નહિ પાર.”**

**- ભ.ચિં.પ્ર-૧૩૨**

## સાસરે જવાની વાત

હે ભક્તો ! આવો ચમત્કાર જોઇને એભલ ખાચર જીવુબાને લક્ષ્મીજીનો અવતાર માનવા લાગ્યા. પરંતુ થોડા સમય બાદ જ્ઞાતિના લોકો કહેવા લાગ્યા: “બાપુ ! દીકરી જીવુ હવે જુવાન થઇ ગઇ છે, માટે સાસરે મોકલો. પિતાને ત્યાં દીકરી યુવાન થયાં પછી રહે તો જગતનાં મેણાં સાંભળતાં વાર ન લાગે, માટે જલદી જીવુબાઇને સાસરે મોકલી દો.’’

હે ભક્તો ! બસો વર્ષ પહેલાં નાની ઉંમરમાં જ દરેકનાં લગ્ન થઇ જતાં. પછી ઉંમર–લાયક થાય ત્યારે કન્યાને સાસરે મોકલતા. તો તે રિવાજ મુજબ જીવુબાનાં લગ્ન બચપણમાં જ કુંડળ ગામનાં આગેવાન સત્સંગી રાઇબાના દીકરા હાથીયા પટગીર સાથે થઇ ગયાં હતાં. (કોઇ જગ્યાએ મામૈયા પટગીર સાથે લગ્ન થયાં હતાં તેઓ પણ ઉલ્લેખ છે.)

હે ભક્તો ! લોકોને આવું કહેતા સાંભળી એભલ બાપુને પણ એ વાત સાચી લાગી. તેથી જીવુબા પાસે જઇને કહ્યું : "દીકરી ! હવે તું સાસરે જવા યોગ્ય થઇ ગઇ છો, માટે સંસારમાં રહીને ભક્તિ કરજે. આપણે સંસારી છીએ એટલે વ્યવહારનો પણ ખ્યાલ રાખવો પડે. આ બાબત મેં શ્રીજી મહારાજને પણ વાત કરી છે. તેઓએ પણ હા કહી છે, માટે સાસરે જવાની તૈયારી કરો. તારા સાસરીયા પણ આપણા સત્સંગી છે, તારી સાસુ રાયબા તો મહારાજનાં મોટાં ભક્ત છે, માટે તેમની સાથે રહીને ભક્તિ કર્યા કરજે.''

હે ભક્તો ! પિતાની વાત સાંભળી જીવુબા ને લાડુબા બન્ને બહેનો જાણે કે વીજળી પડી હોય તેમ અવાક બની ગયાં ! કપાળમાં બળબળતો ડામ દીધો હોય એવું વસમું લાગ્યું ! બાપુની વાત તેઓને વજ્પાત જેવી લાગી. પછી ધીરે રહીને જીવુબા બોલ્યાં, "બાપુ ! શ્રીજી મહારાજ પાસે જઇને અમે થોડી વાત કરી લઇએ, પછી આગળ વાત કરીશું.''

હે ભક્તો ! તુરંત બન્ને બહેનો ઉતાવળી–ઉતાવળી શ્રીહરિજી પાસે આવી અને પંચાંગ પ્રણામ કરી રડતાં રડતાં બધી વાત કરી. ત્યારે મહારાજે કહ્યું : "વ્યવહારની રીત પ્રમાણે તમારે સાસરે જવું જોઇએ. યુવાન દીકરીઓ પિતાને ઘેર રહે તેથી તેમનાં માતા–પિતાને સગાં–સંબંધીઓ અને લોકોનાં મેણાં સહન કરવાં પડતાં હોય છે; માટે તમારા પિતાએ કહ્યું તે બરાબર છે. ત્યાં સાસરે રહીને અમારું ભજન કરજો.''

## જીવુબા સાસરે આવ્યાં

હે ભક્તો ! શ્રીજી મહારાજની આવી આજ્ઞા સાંભળી જીવુબા બોલ્યાં : "હે મહારાજ ! પરપુરુષથી તો અમો પંદર હાથ છેટે રહીએ છીએ, તો પછી અમારા દેહના ધણીનો સ્પર્શ અમારાથી કેમ સહન થશે. અમોએ તો પ્રથમ તમારાં દર્શન થયાં હતાં ત્યારથી જ નક્કી કરી રાખ્યું છે કે, 'આખી જીંદગી બ્રહ્મચર્યનું પાલન કરી મહારાજને રાજી કરવા છે. મળ–મૂત્રથી ભરેલાં માનવ દેહધારી માટે આ શરીરનો ઉપયોગ નથી કરવો. આ દેહથી તો આપની સેવા અને ભજન–ભક્તિ જ કરવી છે, માટે કૃપા કરી સાસરે જવાની આજ્ઞા ન આપો.''

હે ભક્તો ! મુક્ત સ્થિતિને પામેલાં બંને બહેનોનો સારધાર વૈરાગ્ય જોઇ મહારાજ અંતરથી ખૂબ રાજી થયાં અને બોલ્યા : "જીવુબા ! તમારી આવી

દ્રઢતા અને સમજણ છે, તેથી તમારો સંયમ માર્ગ સલામત રહેશે, પણ એક્વાર કુંડળ સાસરે જાઓ. ત્યાં અમો તમારું સંયમી જીવનનું અવશ્ય રક્ષણ કરીશું. એક્વાર સાસરે જઇને પાછા આવશો એટલે તમારા બાપુને પણ લોકોની વાતો સાંભળવી નહિ પડે. મારાં વચનમાં વિશ્વાસ રાખીને સાસરે જાવ, હું તમારા રખેવાળા કરીશ.''

હે ભક્તો ! શ્રીજી મહારાજની આવી મધુર વાણી સાંભળી બન્ને બહેનોને શાંતિ થઇ ગઇ. પછી પ્રણામ કરી ઓરડામાં ગયાં. ત્યારબાદ મહારાજે એભલ બાપુને બોલાવીને કહ્યું : "બાપુ ! જીવુબાને સાસરે જવા માટે તૈયાર કરી દીધાં છે, માટે વળાવાની તૈયારી કરો.''

હે ભક્તો ! મહાપ્રભુ શ્રીહરિજીની વાત સાંભળી એભલ ખાચરે સંપૂર્ણ તૈયારી કરીને જીવુબાને વેલડામાં બેસાડી સાસરે વળાવ્યાં. સાથે ગયેલ માણસ જોડે મહારાજે રાઇબાને પત્ર લખાવીને કહેવડાવ્યું કે,'તમારાં ઘેર સાક્ષાત લક્ષ્મીજી પધારે છે, તેથી તેઓનું સન્માન કરજો. ઘરની વહુ છે, એવો નાતો રાખશો નહિ. તમારાં પરિવારનાં મોટાં ભાગ્ય છે કે, આવી જોગમાયા ત્યાં પધારે છે.''

હે ભક્તો ! વેલડું કુંડળ ગામના દરબારગઢમાં આવ્યું. મહારાજની આજ્ઞા મુજબ રાઇબામાએ જીવુબાનું સ્વાગત કર્યું. રાત્રી થઇ એટલે જીવુબા એક ઓરડામાં પલંગ પર બેસીને મહારાજની મૂર્તિમાં મનની વૃત્તિ રાખીને ધ્યાનમાં બેસી ગયાં. મનોમન મહારાજને પ્રાર્થના કરી : "હે અંતર્યામી ! તમારી આજ્ઞા પાળવા આવી છું. તમે મને વિશ્વાસ આપ્યો છે તે ભૂલતા નહિ. મારું વ્રત અખંડિત રહે એ જવાબદારી આપે લીધી છે, એ ભૂલતા નહિ. જો મારું વ્રત ખંડિત થશે તો મારો દેહ પડી જશે. હું જીવતી નહિ રહી શકું.''

## નાગણરૂપે દેખાયાં

હે ભક્તો ! જીવુબા મનોમન મહારાજને કહી રહ્યાં હતાં, એ સમયે જ ઓરડાનો દરવાજો ઊઘડ્યો. હાથિયા પટગીરે જયાં ઓરડામાં પગ મૂક્યો અને જ્યાં પલંગ પર નજર કરી ત્યાંતો પલંગ પર ફૂંફાડા મારતી ભયંકર નાગણ જોઇ ! હાથિયાભાઇને ચિત્તભ્રમ થયું હોય એવું લાગ્યું. એટલે આંખો

ચોળીને–ખોલીને ફરીને પલંગ તરફ જોયું, તો જીવુબાની જગ્યાએ કાળી–કાળી નાગણને જોઇ. તુરંત હાંફતાં–હાંફતા ઉતાવળા પગે ઓરડા બહાર નીકળી ગયા અને પોતાનાં બા રાઇબાને સર્વે હકીકત કહી.

હે ભક્તો ! વાત સાંભળીને તુરંત રાઇબા પણ તે ઓરડામાં ગયાં, પરંતુ તેમને તો પલંગ પર ધ્યાન–મગ્ન બેઠેલાં જીવુબાને જોયાં. બહાર આવીને હાથિયા પટગીરને કહ્યું : 'બેટા, અંદર તો વહુ બેઠાં છે, ત્યાં કોઇ નાગણ નથી, ચાલ મારી સાથે.' એમ કહીને ઓરડાની અંદર લઇ ગયા. હાથિયા બાપુ જુએ તો નાગણ દેખાય અને રાઇબા જુવે તો જીવુબા દેખાય.

હે ભક્તો ! આવું જોઇને અને સાંભળીને રાયબાને મહારાજની ભલામણ યાદ આવી : 'તમારે ઘેર સાક્ષાત, મહાલક્ષ્મી આવે છે.' આ શબ્દો યાદ આવતાં જ જીવુબાને ધ્યાનમાંથી જગાડ્યાં અને જણાવ્યું કે, 'મારા દીકરાને તમે નાગણરૂપે દેખાવ છો અને મને નથી દેખાતાં એનું કારણ શું ? અને સંસારના પહેલા પગથિયે જ તમે ધ્યાનમાં બેસી ગયાં છો, આનું કારણ જે હોય તે કહો. પહેલી રાત્રિએ તો નવોઢા પતિની ચાતક નજરે રાહ જોતી હોય અને તમે અંતરવૃત્તિ કરીને બેસી ગયાં એનું કારણ બતાવો.''

હે ભક્તો ! રાયબાનું વચન સાંભળી મંદહાસ કરી વિનમ્રભાવે જીવુબા બોલ્યાં : "સાસુમા ! આ બધો શ્રીજી મહારાજનો પ્રતાપ છે. તેઓએ મને મારા બ્રહ્મચર્યવ્રતનું રક્ષણ કરવાનો કોલ આપીને સાસરે મોકલી છે. મારા બાપુના હઠાગ્રહને કારણે જ મારે સાસરે આવવું પડ્યું છે, બાકી મારે સંસારના નાશવંત વિષયો ભોગવવાં નથી, મારે તો સંયમી જીવન જીવી પ્રભુની ભક્તિ કરવી છે.

હે ભક્તો ! જીવુબાની આવી વાત સાંભળી રાઇબાનાં ખુશીનો કોઇ પાર ન રહ્યો. તે તો જીવુબાને નમન કરીને કહેવા લાગ્યાં : "ધન્યવાદ છે તમને, ભરયુવાનીમાં તમને સંસારના ભોગ ઝેર જેવાં લાગે છે. તમે સુખેથી ગઢડા જાઓ અને તમારી ઇચ્છા મુજબ ત્યાંજ રહો.'' આ રીતે કહી એક પત્ર લખીને તેમાં એભલબાપુને જણાવ્યું : "તમારી દીકરી જીવુ તો જોગમાયા છે, માટે અમે રાજીખુશીથી એને, ત્યાં રહી ભક્તિ કરવાની છૂટી આપીએ છીએ. તમે પણ એને ત્યાં રહેવા દેજો.''

હે વહાલા ભક્તો ! ગઢડામાં શ્રીજી મહારાજ લીંબતરું નીચે સભા ભરીને બેઠા છે. એભલ ખાચર વગેરે સંતો–ભક્તો પણ સામે બેસી દર્શનનું અને કથામૃતનું પાન કરી રહ્યા છે. એ સમયે દરબારગઢમાં એક વેલડું આવીને ઉભું રહ્યું અને તેમાંથી જીવુબા નીચે ઉતર્યા ! મહારાજની દ્રષ્ટિ જીવુબા પર પડી, જીવુબાએ પણ દૂરથી મહારાજને પંચાંગ પ્રણામ કર્યા. મહારાજે મંદ મંદ હસીને આશીર્વાદ આપ્યા.

હે ભક્તો ! મહારાજે ત્રાસી નજરે એભલ બાપુ સામે જોયું, તો બાપુનાં નેણ લાલઘૂમ થતાં જોયાં ! ત્યાં સભા પૂરી થઇ એટલે ઉતાવળે પગલે એભલ ખાચર ઓરડામાં આવ્યા અને જયાં ગુસ્સે થઇને જીવુબાને ઠપકો આપવા જાય છે, ત્યાં જીવુબાએ રાઇબાએ આપેલ પત્ર બાપુના હાથમાં આપી પ્રણામ કર્યા. પત્ર વાંચીને પાછા જતા રહ્યા અને પછી જીવુબાને કયારેય પણ સાસરે જવાનું કીધું નહિ.

## જીવુબાને સંતોનો મહિમા

હે ભક્તો ! એકવાર જીવુબા–લાડુબા પોતાના મામાને ઘેર ગામ કરિયાણા ગયાં હતાં. ત્યાં આપણાં મહાન ભક્ત મીણબાઇ પણ રહેતાં હતાં. તે ગામમાં થોડા દિવસ રોકાઇ મીણબાઇમાને તથા પોતાના મામા–મામીને મળી પાછાં ગઢડા આવતાં હતાં. રસ્તામાં વાવડી ગામ અને કીડી ગામ વચ્ચે એક વાવ આવી. ત્યાં તેઓને દૂરથી એક સંત દેખાયા. તેથી વેલડું ઉભું રખાવી ગાડું ચલાવનારને કહ્યું : “તમે જઇને પૂછી આવો કે, કયા સ્વામી છે અને શું તકલીફ છે ?’’

હે ભક્તો ! ગાડા ખેડૂતે જઇને જોયું તો મોટા અખંડાનંદ સ્વામી સૂતા–સૂતા સ્વામિનારાયણ મહામંત્રનું ભજન કરી રહ્યા હતા. તેઓને પૂછતા કહ્યું : “મને લોહી ખંડ પેટ બેસણું થઇ ગયું છે. અર્થાત્ ઝાડા થઇ ગયાં છે અને ઝાડામાં લોહી પડે છે, એના કારણે અશક્તિ ખૂબ આવી ગઇ છે, તેથી ચાલી શકાતું નથી, તેથી સૂતો–સૂતો ભજન કરું છું.’’

હે ભક્તો ! પેલા ખેડૂતે જઇને જીવુબાને સર્વે બીના કહી સંભળાવી. તેથી તેઓએ કહ્યું : “તમે જઇને અખંડાનંદ સ્વામીને તેડી લાવો અને આ વેલડામાં

સૂવાડી ગઢડા લઇ જાઓ. અમે ગાડા પાછળ ધીરે-ધીરે ચાલતા આવીશું.'' આ પ્રમાણે કહી ગાડામાં રહેલી નવી અઢાર રજાઇઓને ઉપરા-ઉપરી પાથરી દીધી, એટલે સ્વામીને સૂવામાં તકલીફ ન પડે ! પછી તો ગાડા ખેડૂતે જઇને સ્વામીને વાત કરી અને ઉંચકીને ગાડામાં સૂવડાવી ગઢડા લઇ આવ્યા. તેમજ જીવુબા વગેરે બહેનો પણ ઉઘાડા પગે ધીરે ધીરે ચાલતાં ચાલતાં જ ગઢડાં આવ્યા !

હે ભક્તો ! મોટા અખંડાનંદ સ્વામી ગાડામાં સૂતા સૂતા ગઢપુર પહોંચ્યા, ત્યાં સુધીમાં તો અઢાર નવી ગોદડીઓ ને રજાઇઓ લોહીવાળી અને મળવાળી બગડી ગઇ હતી; કારણ કે સ્વામીને અતિ સાર ઝાડા થઇ ગયેલ હોવાથી ઝાડા રોકી શકાતા ન હતા. આવું જોઇને સ્વામી અંતરમાં ખૂબ કોચવાતા હતા, પણ બહેનોને તો અંતરમાં સંતની સેવાનો અવસર મળ્યો એનો આનંદ હતો.

હે ભક્તો ! દરબારગઢમાં જઇ જીવુબાએ પાર્ષદો બોલાવી, સ્વામીને સંતોની ધર્મશાળામાં લઇ જવા કહ્યું અને વૈદ્ય બોલાવરાવી સ્વામીની દવા શરુ કરાવી. ત્યારબાદ લોહી-મળવાળી રજાઇઓ જાતે ધોઇને તડકે સૂકવી.

હે ભક્તો ! શ્રીજી મહારાજને ખ્યાલ આવતા તેઓ સંતોની ધર્મશાળામાં ગયા અને અખંડાનંદ સ્વામી માથે હાથ મૂકી સેવા કરનાર સંતોને ભલામણ કરી રાજીપો દર્શાવી અક્ષર-ઓરડી તરફ આવવા લાગ્યા. ત્યાં મહારાજની દ્રષ્ટિ સૂકાઇ રહેલી રજાઇઓ ઉપર પડી, તેથી સેવકને પૂછતા તેણે બધી વિગત જણાવી.

હે ભક્તો ! માવતરને જેમ બાળક વ્હાલાં હોય, તેમ ભક્તવત્સલ ભગવાનને પોતાનાં સંતો-ભકતો વ્હાલાં હોય છે. નાનાં બાળકને કોઇ રાજી કરે તો મા રાજી થઇ જાય છે- તેમ કોઇ સંતો-ભક્તોની સેવા કરે તો ભગવાન રાજી થઇ જાય છે. એમાંય અહીં તો મળમૂત્રથી ખરડાયેલી રજાઇઓ ધોઇને નીચી ટેલચાકરી કરવાની વાત હતી.

હે ભક્તો ! દરબારની દીકરીયુંએ પોતાના લાડીલા સંતની આવી સેવા કરી એ જોઇને મહારાજનાં અંતરમાં રાજીપાનો પાર ન રહ્યો. પ્રભુનાં નેત્રમાં હર્ષનાં અશ્રુ છલકાયાં. સાંજના સમયે લીમડા નીચે સંતો-ભક્તોની વિશાળ સભા થઇ. ત્યારે મહારાજ બોલ્યા : "ભકતો ! ઘણાંને મનમાં ઘાટ-સંકલ્પ થયા

કરે છે કે, 'મહારાજે ગઢપુરને પોતાની નિવાસભૂમિ કેમ બનાવી છે ?' આજના પ્રસંગમાં એનો ઉત્તર સમાયેલો છે. ....

હે ભક્તો ! એભલ બાપુના પૂરા પરિવારના અંતરમાં અમારા પ્રત્યે દ્રઢ અનુરાગ છે, એટલા માત્રથી અમે અહીં નથી રહ્યા. આ પરિવાર જેટલો અમારો મહિમા સમજે છે એટલો જ અમારા સંતો–ભક્તોનો પણ મહિમા સમજે છે. જેવી અમારી સેવા કરી છે, એટલી જ અમારા સંતો –ભક્તોની પણ કાળજી રાખે છે. એમાંય આજે તો જીવુબા અને લાડુબાએ તો સેવાની હદ વાળી છે. એમણે માંદા સંતને રજાઇઓ બગડવાની પરવા કર્યા વિના વેલડામાં સૂવાડવાનું કહ્યું.

હે ભક્તો ! એટલું જ નહિ, પણ તેઓ ઉઘાડા પગે ઠેઠ વાવડીની વાવથી પગે ચાલીને ગઢપુર આવ્યાં. દરબારની દીકરીયું આટલું લાંબુ ચાલીને ક્યાંય જાય નહિ અને હજુ સુધી ક્યારેય પણ પગે ચાલીને આટલી લાંબી મુસાફરી કરી નથી. આજે તો અમારા સંતના માટે તેઓ ચાલીને આવી છે. અરે, પોતાની નવી–નકોર રજાઇઓ મળમૂત્રને લોહીવાળી થવાની છે, એવો ખ્યાલ હોવા છતાંય પણ પ્રેમથી બધી જ રજાઇઓ પાથરી તેના ઉપર સ્વામીને સૂવાડવાનું કહીને સુવડાવ્યા !

હે ભક્તો ! મૂર્તિમાન મહિમા છલકાતો અમે એ જોયો કે, ગંદવાડ ભરેલી– દુર્ગંધ મારતી એ રજાઇઓને જીવુબા, લાડુબા અને રાજબાએ સેવીકા પાસે ન ધોવડાવી પણ જાતે જ મળમૂત્ર સાફ કરીને ધોઇ !" આવું બોલતાં બોલતાં શ્રીજી મહારાજ ભાવવિભોર બની ગયા અને મહાપ્રભુની બન્ને આંખોમાંથી સ્નેહનાં આંસુઓ છલકાવાં લાગ્યાં !

નોંધ : હે ભક્તો ! અખંડાનંદ સ્વામીનો આ પ્રસંગ 'અક્ષરાનંદ સ્વામી' ની ૧૮૭ મી વાતમાં રાજબાના નામે પણ લખાયેલ છે.

## કેવી શ્રદ્ધા ? માથા પર સગડી મેલી

હે ભક્તો ! સ્વયં શ્રીજી મહારાજે ગઢડા અંત્ય પ્રકરણના ૨૪ માં વચનામૃતમાં કહ્યું છે કે, "જીવુબાઇને શ્રદ્ધાનું અંગ છે.'' તો એ બાબતનો જીવુબાનો એક પ્રસંગ જોઇએ. એ સાંભળવાથી આપણને ખ્યાલ આવે કે તેઓ કેવાં શ્રદ્ધાવાળાં હતાં.

હે ભક્તો ! એક વખત શ્રીજી મહારાજ વરતાલ પધારતા હતા. ગઢપુરથી નીકળી રસ્તાના ગામડામાં સૌ રોકાયા. ત્યાં સૌ જમ્યા, પણ શ્રીજી મહારાજ ન જમ્યા. ત્યારે જીવુબા–લાડુબા વગેરે સાથે હતાં. થોડો વિસામો લઇ સૌ ચાલવા લાગ્યા. પરંતુ એ સમયે જીવુબાને વિચાર આવ્યો : “અરે ! અમો સૌ તો જમ્યા છીએ, પણ મહારાજ જમ્યા નથી, એટલે રસ્તામાં તેઓને ભૂખ લાગશે, તેથી હું ભોજન તૈયાર રાખું એટલે જ્યારે પ્રભુ જમવા માગે તરત જમાડી દઉં.’’

હે ભક્તો ! તુરંત તેઓએ એક ઘડો ફોડીને તેની ઠીબ બનાવી, તેમાં રેતી ભરીને તેમાં છાણાં ખડકીને સળગાવ્યાં અને તે ઉપર તપેલી મૂકી ચોખા ઓરી પાણી નાખીને તે ઠીબ માથા ઉપર ઉપાડી અડવાણા પગે ગાડા પાછળ ચાલવાં લાગ્યાં !

હે ભક્તો ! ભક્તોની આવી ભાવના ને શ્રદ્ધા જોઇને ભગવાનને જલદી ભૂખ લાગતી હોય છે. તે ન્યાયે મહારાજે વરસડા ગામના પાદરમાં લાડુબાને કહ્યું : “અમને ભૂખ લાગી છે.’’ ત્યારે લાડુબા બોલ્યાં : “મોટીબા આપની માટે જ માથે રસોડું લઇને ચાલ્યા આવે છે.’’ ત્યાં જીવુબા આવ્યાં. તેમને પણ મહારાજે કહ્યું : “અમને ભૂખ લાગી છે.’’ તુરંત માથા ઉપરથી ઠીબ ઉતારી તેમાંથી તપેલી કાઢી ચોખા પીરસ્યા અને એમાં ઘી તથા સાકર ભેળવીને મહારાજને પીરસ્યું. મહારાજ આવી ભાવના ને શ્રદ્ધા જોઇ જીવુબા ઉપર ખૂબ રાજી થયા.

## મોટીબાની મોટાઇ-મહિમા

હે ભક્તો ! શ્રીહરિચરિત્રામૃત સાગર ગ્રંથના ચોથા પૂરના ૭૬ મા તરંગમાં આધારાનંદ સ્વામીએ જીવુબાના સદ્‌ગુણોનું વર્ણન કર્યું છે, તે જોઇએ તેઓના જ શબ્દોમાં : “જે સુવાસિની અને વિધવા સત્સંગી બાઇઓ હતી તે બધી ગઢપુરના મોટીબા–જીવુબા પાસે બેસતી હતી. સંતોમાં જેમ મુક્તાનંદ સ્વામી સૌના અધિક માન્ય અને મોટેરા હતા – તેમ મોટીબા પણ બાઇઓમાં સૌના અધિક માન્ય હતાં. ચૌદલોકમાં રાજબાઇના જેવી કોઇપણ ત્યાગી બહેન ન હતી, છતાં તે રાજબાઇ મોટીબાને અધિક મોટા અને ગુરુ માનતા હતાં. .....

એક મોટા સંતમાં જે ગુણ હોવા જોઇએ તે બધા ગુણો મોટીબામાં હતાં. ગુણોની દ્રષ્ટિએ કશી જ ન્યૂનતા તેમાં ન હતી. બધાં જ સર્વોત્તમ સદ્‌ગુણો તેમનામાં સહેજે રહેતા, ક્યારેય તે ગૌણ પડતા નહિ. જેમ સરોવરમાં સહુથી અધિક સાગર ગણાય, પાંચભૂતોમાં સહુથી શ્રેષ્ઠ આકાશ ગણાય અને મુક્તોમાં સહુથી મહાન મુક્તાનંદ સ્વામી કહેવાય – તેમ સત્સંગી બહેનોમાં સહુથી અધિક મહાન મોટીબા ગણાય.''

હે ભક્તો ! પૂર પાંચ અને તરંગ ૬૭ માં પણ સ્વામી લખે છે કે "મોટીબા ખૂબ બળિયા હતાં. તેઓ સૌ પ્રથમ (સ્રીઓમાં) ત્યાગી થયાં હતાં. સત્સંગ થયા પછી તેઓ અતિ સમાધિનિષ્ઠ થયાં હતાં. તેઓ અત્યંત નિષ્કામ ભાવે શ્રીહરિની સેવા કરતાં. ...

જે બાઇ જેવી મુમુક્ષુ જણાય, તેવી વાત જીવુબા તેની આગળ કરતાં. તેઓ બીજાના આત્માને પણ દેખતાં. ભગવાનની ઇચ્છાથી તેઓ સિદ્ધગતિ પામ્યાં હતાં. જેટલી સત્સંગી બાઇઓ હતી, તેઓ જયારે અંત સમયે દેહત્યાગ કરતી તેને જીવુબા અંતર દ્રષ્ટિ દ્વારા દેખતાં. ત્યારે જીવુબા શ્રીહરિજીની મૂર્તિ સાથે આવીને તે ભક્ત સ્રીના આત્માને અક્ષરધામમાં પહોંચાડી દેતા.''

હે ભકતો ! આધારાનંદ સ્વામી એ જ ગ્રંથમાં પૂર – ૬ અને તરંગ ૧૫ મા જણાવે છે કે, "તેઓ બન્ને રાજપુત્રીઓ હતી તેથી તેમને ખાવા – પીવાની તો કાંઇ ખોટ ન હતી, છતાં તે બહેનો અત્યંત ત્યાગ રાખતાં હતાં. તેમના ત્યાગને દેખીને તો મોટા સિદ્ધો પણ કંપી જતા હતા. જેટલા ખાવા–પીવામાં સારા રસ ગણાતા, તેને તેઓ ક્યારેય જીભે અડાડતા જ નહીં. પુરુષમાત્રને તેઓ પિતા અને ભાઇ સમાન ગણતા. કોઇપણ પર પુરુષને ક્યારેય પોતાનું મુખ દેખાડતાં નહિ; એવા નિયમને તેઓ દ્રઢપણે રાખતા. ફક્ત ભગવાનની મૂર્તિને જ દ્રષ્ટિથી દેખતા. પોતાના આત્માનું જીવન શ્રીહરિજીને જ માનતા. તે ત્યાગી બહેનોનો પ્રતાપ જોઇને ઘણી સ્ત્રીઓ તેમનો સત્સંગ કરતી અને તેઓની આજ્ઞા પ્રમાણે ધર્મનું પાલન કરતી. મોટા રાજાની રાણીઓ પણ તેઓને સતી માની ચરણોમાં પડતી.''

## જીવુબાના સદ્‌ગુણો

હે ભક્તો ! એ જ પૂરના ૬૦ મા તરંગમાં સ્વામી લખે છે કે, “સત્સંગી બાઇઓમાં જીવુબાના સમાન કોઇ નથી. તેઓ હરિભક્તના દાસ થઇને વર્તે છે. તેમને કોઇ ઉપર ઇર્ષ્યા કે અભાવ નથી અને ભગવાનના ભક્તોના ઉપર અત્યંત પ્રેમભાવ રાખે છે. ઘરમાં કોઇ પણ સારી વસ્તુ હોય તે તરત ભક્તોને આપે છે. અને જેટલી વસ્તુ ભક્તોના ઉપયોગમાં આવે, તેટલું તેઓ ઘણું મોટું ભાગ્ય માને છે. જે કોઇ વસ્તુ ભક્તના ઉપયોગમાં ન આવે તેને તેઓ મનમાં અત્યંત દુર્ભાગ્ય માને છે.’’

હે ભક્તો ! એ જ તરંગમાં શ્રીહરિજી તો ત્યાં સુધી કહે છે, તે જોઇએ તેઓના જ શબ્દોમાં : “જેટલા મોટેરા સંતો છે, તેઓ જીવુબાનો સ્વભાવ જોઇને બધા તેમના જેવી સાધુતા શીખવા પ્રયત્ન કરે છે, છતાં તે કોઇમાં આવી સાધુતા આવતી નથી. રાધિકાજી અને લક્ષ્મીજીનાં જેવી અનંત દેવીઓ, જીવુબાના જેવી સાધુતા શીખવા અનંત યુગોથી પ્રયાસ કરી રહી છે. છતાં હજી સુધી કોઇમાં તેવી સાધુતા આવી નથી. સત્સંગીઓનું હિત કરવા માટે અમે બધા સત્સંગમાં ફરતા રહીએ છીએ, પણ જીવુબાની સાધુતા (સદ્‌ગુણો)ને જોઇને તેઓ અમને ભૂલાતા નથી.’’

હે ભક્તો ! સાતમા પૂરના ૩૬ મા તરંગમાં મુક્તાનંદ સ્વામી પણ જીવુબાનો મહિમા જણાવે છે કે, “જીવુબા સાધુ સ્વભાવનાં હતાં. તેમના ઉપર બધી જ બાઇઓને પૂજ્યભાવ હતો. સાંખ્યયોગી અને કર્મયોગી (ગૃહસ્થ) જેટલી બાઇઓ હતી તે બધી જીવુબાને ગુરુ માનતી. જીવુબા આખા સત્સંગનું હિત ઇચ્છતા અને સત્સંગી બાઇઓને ઘણા પ્રેમથી વાતો કરતાં. કોઇ કુસંગી બાઇઓ પણ જો જીવુબાનાં મુખથી વાત સાંભળતી તો સત્સંગ કર્યા વિના જાતી નહિ. શ્રીહરિજીની જેવી મરજી હોય તે પ્રમાણેની વાતો તેઓ બાઇઓને કરતાં.

જીવુબામાં અપાર સદ્‌ગુણો હતા, પણ પોતે તેની વાત ક્યારેય કરતા નહિ અને બીજા સત્સંગીના ગુણો ગાઇને તેને અતિ પ્રસિદ્ધ કરતાં હતાં. તેઓ જિંદગીભર હરિભક્તોની સાર–સંભાળ રાખતાં. કોઇ ગરીબ હરિભક્ત હોય તો તેને અન્ન–વસ્ત્રાદિક આપીને તેની સાર–સંભાળ રાખતાં હતાં. પોતાના ગરાસની ઊપજ બધી ગરીબ હરિભક્તોને ખવડાવી દેતાં અને તેમની પાસે

મહારાજનું ભજન કરાવતાં અને તેને ધર્મમાં દ્રઢતાથી ચલાવતા. જે કોઇ પણ ધર્મ પાળવામાં ઢીલો હોય તો તરત જ તેને રજા આપી દેતાં. ધર્મહીનના ઉપર દયા લાવતા નહિ, કારણ કે આપણા સત્સંગની આવી પ્રથા છે.''

## કપરી કસોટી

હે ભક્તો ! શ્રીજી મહારાજ ગઢડા પ્રથમ–પ્રકરણના ૬૧ માં વચનામૃતમાં કહે છે કે, "સર્વ વાસના ટાળીને અને ભગવાનને સર્વસ્વ અર્પણ કરીને ભગવાનના દાસ થઇ રહેશું અને એમ કરતાંય ભગવાન આપણને વધુ દુ:ખ દેશે તો ભગવાન પણ પોતે આપણને વશ થઇ જશે. શા માટે ? જે પોતે ભક્તવત્સલ છે અને કૃપાસિંધુ છે, તે જેની પોતાને વિષે અતિ દ્રઢ ભક્તિ દેખે તેને પોતે આધીન થઇ જાય છે. પછી તે પ્રેમભક્તિએ યુક્ત જે ભક્તનું મન તે મનરુપી દોરીએ કરીને બંધનમાં આવે છે, પછી છૂટવાને સમર્થ થતા નથી.

માટે જેમ જેમ ભગવાન આપણને કસણીમાં રાખે, તેમ તેમ વધુ રાજી થવું જોઇએ, જે, 'ભગવાન જેમ જેમ મને વધુ દુ:ખ દેશે, તેમ તેમ વધુ મારે વશ થશે અને પળમાત્ર મારાથી છૂટે નહિ રહે,' એવું સમજીને જેમ જેમ ભગવાન અતિ કસણી દેતા જાય, તેમ તેમ અતિ રાજી થવું પણ કોઇ રીતે દુ:ખ દેખીને અથવા દેહનાં સુખ સારું પાછો પગ ભરવો નહિ.''

હે ભક્તો ! આ વચનામૃતમાં કહ્યા મુજબ શ્રીજી મહારાજે એભલ ખાચરના પરિવારની કસોટી લીધી હતી, તે ટૂંકમાં સાંભળો. સંવત ૧૮૭૦ ની સાલમાં એભલ ખાચરનું મૃત્યુ થયું. મહારાજ તેઓને ધામમાં લઇ ગયા. પછી શ્રીજી મહારાજ ગઢડા છોડીને જવા તૈયાર થયા. ત્યારે દાદાખાચર તો બાળક હતા, તેથી જીવુબા મુખ્ય હતા. તેઓએ મહારાજને ગઢડા છોડવાનું કારણ પૂછતા પ્રભુએ કહ્યું : "અમે તો એભલ બાપુના કારણે રહેતા હતા, પણ હવે તો તેઓ નથી એટલે હવે અમે કોના વિશ્વાસે રહીએ ?''

હે ભક્તો ! શ્રીજી મહારાજની વાણી સાંભળી જીવુબા બોલ્યાં : "મહારાજ ! અમારો પરિવાર અને અમારી માલ–મિલકત બધું બાપુએ તમોને જ અર્પણ કરી દીધું છે, પછી શા માટે જવાનું કહો છો ? અમો તો તમારી આજ્ઞામાં રહીને આપ

જેમ કહેશો, તેમ કરીશું, માટે જવાનું કહેશો નહિ. અમે તમારા વિયોગમાં નહિ રહી શકીએ. આપ બાપુના વિશ્વાસે રહેતા હતા, એમ અમારા વિશ્વાસે પણ રહો. અમે તો આપના દાસ છીએ, અમોએ તો તન, મન, ધન બધુંય આપને જ અર્પણ કરી દીધું છે, માટે અમારા ઉપર કૃપા કરીને અહીં જ રહો. આપ જેમ કહેશો, તેમ અમે સર્વે કરીશું.''

હે ભક્તો ! ભક્તવત્સલ ભગવાન આમ તો અતિ કોમળ હોય છે, પણ ભક્તની કસોટી લેતા હોય ત્યારે વજ્ર જેવા કઠણ બની જતા હોય છે. આવું જ કંઇક એભલ બાપુના પરિવાર ઉપર થયું. જીવુબાની વાત સાંભળી મહારાજ કહેવા લાગ્યા : "તમે તો કેવળ મુખથી જ કહો છો કે, 'અમારી માલ–મિલકત બધી આપને અર્પણ કરી દીધી છે.' પણ લેખ કર્યા વિના અમોને વિશ્વાસ કેમ આવે ?''

## મહારાજને સર્વસ્વ અર્પણ કર્યું

હે ભક્તો ! મહારાજનાં આવાં વચનો સાંભળી તરત જ જીવુબાએ ઓરડામાં જઇ પોતાની બન્ને માતા અને લાડુબા, પાંચુબા, નાનીબા આ ત્રણેય બહેનોને બોલાવી અને ૧૩ વર્ષના નાના ભાઇ દાદા ખાચરને પણ બોલાવીને સર્વેને વાત કરી : "મહારાજને આપણા બોલ્યામાં વિશ્વાસ નથી, તેથી આપણે સૌ લેખ લખીને સહીઓ કરીને આપણી જમીન–જાયદાદ અને આ દરબારગઢ બધું જ મહારાજના નામે લખી આપીએ, તો જ મહારાજ અહીં રોકાશે, નહિતર જતા રહેવા તૈયાર થયા છે અને આપણે કોઇપણ ભોગે મહારાજ અને સંતોને આપણા ઘેરથી જવા દેવા નથી, માટે બધા સંમતિ આપી સહી કરી આપો.''

હે ભક્તો ! આવું જીવુબાનું કહેવું સાંભળી સૌએ હા કહી અને સહી કરી લેખ તૈયાર કરી સભામાં મહારાજ બેઠા હતા, ત્યાં જઇને લેખ આપ્યો. તે લેખ વાચીને મહારાજ બોલ્યા : "હવેથી દરબારગઢ અને જમીન વગેરે બધું જ તમોએ અમોને આપી દીધું ને ?'' ત્યારે જીવુબા વગેરેએ કહ્યું, 'હા, પ્રભુ, આજથી તમે માલિક છો. હવે બીજી શું આજ્ઞા છે ? તે કહો.' ત્યારે શ્રીહરિજી વજ્ર સરખી વાણી બોલ્યા : "તો હવે અમારી આજ્ઞા છે કે, આ દરબારગઢ અને બીજી સર્વે માલિકીની જગ્યા છોડી અત્યારે ને અત્યારે જ અહીંથી ચાલ્યા જાઓ. એટલા દૂર જતા રહો કે, જ્યાં કોઇ આપણા સત્સંગી પણ રહેતા ન હોય.''

હે ભક્તો ! શ્રીજી મહારાજની આજ્ઞા સાંભળી સૌને અંતરમાં આંચકો લાગ્યો : "અરે ! દરબારગઢ છોડી દેવાનું તો બરાબર, પણ જયાં કોઇ હરિભક્ત પણ ન રહેતાં હોય એવાં કુસંગીઓનાં ગામમાં રહેવાનું ? જયાં કોઇ સ્વામિનારાયણ ભગવાનને ઓળખતું પણ ન હોય, એવા ગામમાં રહેવાનું ? આપણે ગઢડા વિના અને દરબારગઢ વિના તો રહી શકીશું, પણ મહારાજનાં દર્શન વિના કેમ રહી શકીશું ?''

હે ભક્તો ! આવી પરસ્પર વાત કરે છે, ત્યાંતો સત્તાવાહી સ્વર સંભળાયો: "તમારે ન જવું હોય તો અમો જતા રહીએ. અમારે કાંઇ પરાણે તમારા રાજ–પાટ જોતાં નથી.'' આ રીતે બોલી ચાલવાની તૈયારી કરી.

હે ભક્તો ! ત્યારે પરિવારનાં સર્વે આડાં ઊભાં રહ્યાં અને વિનંતી કરી કહેવા લાગ્યાં : "મહારાજ ! માલ–મિલકતનો લેખ તો અમોએ કરી જ આપ્યો છે, એની અમોને જરૂર નથી, પણ આપતો એવી જગ્યાએ જવાની વાત કરો છો કે, જયાં તમારાં કે સંતોનાં કયારેય દર્શન જ ન થાય, માટે એવી કૃપા કરો કે નજીકના ગામમાં રહેવાની છૂટી આપો, એટલે વાર–તહેવારે આપનાં દર્શને આવી શકાય.''

## રાધા વાવનું પાણી પણ મહારાજનું કહેવાય

હે ભક્તો ! જીવુબા વગેરેની વાત સાંભળી મહારાજ તો વધારે અકળાયા ને બોલ્યા : "તો આ અમે હાલ્યા. અમે કહીએ એમ તમારે ન કરવું હોય તો અમારે નથી રહેવું.'' ત્યારે સૌ પરિવારે માફી માગી અને જવા તૈયાર થયા. પછી જીવુબાએ સ્થાવર–જંગમ મિલકતનો લેખ હતો તે શ્રીજી મહારાજના હાથમાં આપ્યો ને વિનંતી કરી : "પ્રભુ ! અમો અત્યારે જ ગઢડા છોડીને દૂરના કોઇ ગામડામાં જતાં રહીએ છીએ, આપને જવાની જરૂર નથી, પરંતુ એક વિનંતી છે કે, 'આ મારો ભાઇ દાદો હજુ તો ૧૩ વર્ષનો જ છે, તેથી રસ્તામાં તેને ભૂખ લાગશે, તો તમો હા કહો તો એના માટે બાજરાના બે રોટલા બનાવી સાથે લઇ જઇએ.''

હે ભક્તો ! આવું સાંભળીને દયાળુ પ્રભુ નિર્દય થઇ ગયા હોય ને શું ?એમ ઉંચા અવાજે બોલ્યા : "આ લેખ વાંચો તો, એમાં કયાંય રોટલા લઇ જવાનું

લખ્યું છે ? શા માટે જુદાં –જુદાં બાનાં કાઢો છો, ન જવું હોય તો અમો કયા તમને પરાણે મોકલીએ છીએ ? તમે રહો ને અમે જતા રહીએ.''

હે ભક્તો ! ત્યાંતો સર્વે એકી અવાજે બોલી ઊઠ્યાં : “ના, ના, મહારાજ ! તમે તો અમારા જીવનપ્રાણ છો, અમે અત્યારે જ જઇએ છીએ, રાજી રહેજો અને અંતરમાં અખંડ દર્શન દેતાં રહેજો.” આ પ્રમાણે કહી પ્રણામ કરી આખો પરિવાર ગઢડા છોડી રાધાવાવના માર્ગે ચાલવા લાગ્યો !

હે ભક્તો ! આવું દ્રશ્ય જોઇને અને મહારાજની આવી માગણી સાંભળીને સભામાં બેઠેલા સંતો–ભક્તો સૌ સ્તબ્ધ બની ગયા. અરે અરે મહારાજે આ શું કર્યું ? આગેવાન સંતોએ શ્રીજી મહારાજને સમજાવવાના પ્રયત્નો કર્યા, પરંતુ હઠે ભરાયેલા ભગવાન આજ કોઇનું સાંભળવા તૈયાર ન થયા. આજે તો દરબારગઢ સુમસામ બની ગયો. કોઇ સાધુ–સંત કે હરિભક્ત એક બીજા સાથે વાત પણ કરતા નથી. સૌનાં ઉદ્વિગ્ન મન છે. એભલ બાપુ ધામમાં ગયા હતા ત્યારે પણ આવું શોકનું વાતાવરણ ન હતું એવું વાતાવરણ ગરમગીન બની ગયું છે. કોઇના ચહેરા ઉપર આનંદ દેખાતો નથી. સૌ સુનમુન બેસી રહ્યા છે.

હે ભક્તો ! એભલ ખાચરનો પરિવાર ચાલતા–ચાલતા રાધાવાડીએ આવ્યો. ત્યાં સૌ વિસામો લેવા બેઠાં. તરસ લાગી હોવાથી રાધાવાવનું પાણી લેવા જવાનું વિચાર્યું, ત્યાં મહારાજની આજ્ઞા યાદ આવી ગઇ કે, ‘અમોને આપેલ મિલકતમાંથી કોઇનો પણ ઉપયોગ કરવાનો નહિ.’ દાદાને સમજાવીને કહ્યું : “ભઇલા ! આ મહારાજની વાવ કહેવાય, માટે રજા વિના પાણી ન પીવાય. આગળ જતા બીજાની વાડીએથી પાણી લઇને તને પાઇશું.''

## સુરા ખાચરે રોક્યાં

હે ભક્તો ! રાધાવાવથી જ્યાં ચાલવાની તૈયારી કરે છે, ત્યાં લોયાધામથી સુરાખાચર ત્યાં આવ્યાં. તેઓએ એબલ બાપુના આખા પરિવારને આ રીતે ઝાડ નીચે બેઠેલ જોઇને વિચાર કર્યો. “અરે ! વેલડા વિના બહારગામ નહિ જનારાં આ બહેનો–દીકરીયું આમ એકલાં કયાં જતાં હશે. હજુ હમણાં તો એભલ બાપુ લાંબા ગામતરે (અવસાન પામ્યા) ગયા છે અને રાજપરિવારનાં

આ લોકો ક્યાં જતાં હશે ? લાવ, જઇને પૂછી જોઉં. કોઇ પુરુષ પણ સાથે નથી દેખાતા ને એકલાં–એકલાં બહેનો જ બેઠાં છે.”

હે ભક્તો ! આવું મનોમન વિચારતા–વિચારતા સુરા બાપુ ત્યાં આવ્યા ને ઘોડા ઉપરથી ઊતરીને સૌને જય સ્વામિનારાયણ કહ્યા. જવાબમાં સૌ પણ જય સ્વામિનારાયણ બોલ્યાં. સૌના ચહેરા નિસ્તેજ જોઇને સુરા બાપુ બોલ્યા : “આમ એકલાં ક્યાં જાવ છો ? નથી કાંઇ બળદ–ગાડું કે નથી કોઇ નોકર–ચાકર. ચાલતાં–ચાલતાં અહીંયા જ આવ્યાં છો કે આગળ જવાનાં છો ?’’

હે ભક્તો ! સુરા બાપુએ સવાલ કર્યો, એટલે જીવુબાએ અતથી ઇતિ સુધી માંડીને સર્વે વાત કરીને કહ્યું : “મહારાજે બધું લખાવી લીધું એનું અમને દુઃખ નથી. અમે તો વગર લખાવ્યે બધું આપી જ દીધું હતું, પણ જો કોઇ સત્સંગીના ગામમાં રહેવાની છૂટી આપી હોત તો સારું હતું, ક્યારેક મહારાજ અને સંતોનાં દર્શન તો થાત; હશે, જેવી મહારાજની મરજી.’’

હે ભક્તો ! જીવુબાનાં મુખથી આવી વાત સાંભળીને સુરા બાપુ તો અવાક્ બની ગયા. જાણે કે માથે વીજળી પડી હોય એવું વસમું લાગ્યું. હરહંમેશ હસતો રહેતો ચહેરો કરમાઇ ગયો. આંખે અંધારાં આવવાં લાગ્યાં. એભલ પરિવારનાં બહેનો કરતાં પણ એમને વધારે વસમું લાગ્યું અને બોલ્યા : “દીકરીયું ! થોડીવાર મારી રાહ જોઇને અહીં જ બેસજો. હું હમણાં જ આવું છું. જો તમે અહીંથી જાવ તો તમને મારા સમ છે, આ દાદા ખાચરની આણ છે.’’

હે ભક્તો ! આંખમાં આંસુ સાથે બોલતા–બોલતા ઘોડા ઉપર ચડી મારતે ઘોડે ગઢડા દરબારગઢમાં આવી મહારાજ આગળ બેસી પોક મૂકી રડવા લાગ્યા. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા : “સુરા ભક્ત ! એભલ બાપુ તો મોટી ઉંમરના હતા અને તેઓ તો મારા ધામમાં ગયા છે, તેથી તેમનો આટલો બધો શોક કરવાનો ન હોય.’’ ત્યારે સુરા બાપુ બોલ્યા : “મહારાજ, હું મરેલા માટે નથી રોતો, હું તો તમે જીવતાને તડપાવી–તડપાવીને મારો છો, એને માટે રડું છું. આ કળિયુગમાં તમો આવી પરીક્ષા લેશો તે તમને ભગવાન કોણ કહેશે ?’’

## તામ્રપત્રમાં લેખ કરી આપો

હે ભક્તો ! સર્વેનાં અંતરની વાત જાણનારા અંતર્યામી શાંતિથી બોલ્યા : "તમને બહુ દુઃખ થતું હોય તો જાવ, પાછા બોલાવી લાવો.'' આટલું બોલીને મૌન થઇ ગયા. તુરંત સુરા બાપુ જેવા આવ્યા હતા તેવા જ મારતે ઘોડે રાધાવાવ આવ્યા ને જીવુબા અને તેઓની બન્ને માતાઓને કહ્યું : "ચાલો સૌને મહારાજ બોલાવે છે.'' ત્યારે જીવુબા બોલ્યા : "બાપુ ! તમારી અમારાં પ્રત્યેની લાગણીથી જો પાછા આવવાનું કહેતા હશો ને અમે આવીશું તો શ્રીજી મહારાજ અમારાં ઉપર કુરાજી થઇ જશે, કારણકે અમોએ અત્યાર સુધી જે જે અર્પણ ને સમર્પણ કર્યું છે, એ મહારાજને રાજી કરવા માટે જ કર્યું છે, માટે જેમ બન્યું હોય અને મહારાજે ખરેખર જે કહ્યું હોય એ જ કહેજો.''

હે ભક્તો ! જીવુબાની વાત સાંભળી સુરાબાપુએ સાથે આવેલ પાર્ષદને કહ્યું : "તમે કહો, મહારાજ બોલાવે એ સાચું છે કે ખોટું ?'' ત્યારે પાર્ષદે પણ કહ્યું કે, 'મહારાજે આપ સર્વેને બોલાવ્યાં છે, માટે ચાલો.''

હે ભક્તો ! સર્વેના દેહમાં જીવ ફરીને આવ્યો હોય એમ એભલ પરિવાર સુરા બાપુ સાથે ઉતાવળાં–ઉતાવળાં ચાલતાં દરબારગઢમાં આવ્યાં ને પ્રભુને પ્રણામ કરીને જીવુબા બોલ્યાં : 'મહારાજ, આપે અમોને બોલાવ્યાં છે, એમ સુરા બાપુએ સમાચાર આપ્યા છે, તેથી અમો પાછા આવ્યાં છીએ, હવે અમારાં સૌ માટે શી આજ્ઞા છે?'

હે ભક્તો ! ભગવાન ભક્તોને વધારેને વધારે કસે છે, ત્યારે ભક્તો પણ વધારે ને વધારે કસાતો જાય છે. જેમ હીરાને ઘસતા તે વધારે ચળકે છે, તેમ જ ભક્તો પણ ભગવાનની કસોટીની સરાણે ઘસાઇ ચળકી ઊઠતા હોય છે. ભક્તનું હૃદય ફૂલ જેવું તો હોય જ છે, પણ ભગવાનની કસોટી એમાં સુગંધ પૂરવાનું કામ કરતી હોય છે.

હે ભક્તો ! જીવુબાના પૂછવાથી કોમળ હૃદયના શ્રીહરિજી કઠણ કાળજુ કરીને બોલ્યા : "અમોએ તમોને અહીં રહેવાં માટે નથી બોલાવ્યાં, પણ આ કાગળમાં લેખ કરી આપ્યો છે, તે તો ફાટી જાય કે પાણીથી પલળી જાય, એટલે પુરાવાનો નાશ થતાં અમારે આ ગામ–ગરાસ બધું છોડી દેવું પડે, માટે

કાગળના બદલે તાંબાના પતરામાં લખાણ કરીને ગામ–ગરાસનો અમારા નામે દસ્તાવેજ કરી આપો.''

હે ભક્તો ! તુરંત જીવુબાએ પોતાના કારભારી હરજી ઠક્કર પાસે તામ્રપત્ર મંગાવ્યું અને પળનોય વિલંબ કર્યા વિના શ્રીજી મહારાજના નામનો દસ્તાવેજ કરી મહારાજનાં ચરણોમાં મૂકયો. ૧૩ વર્ષના બાળભક્ત દાદા ખાચર જીવુબાની સાથે ઊભા રહીને આ બધું જોતા હતા.

હે ભક્તો ! આટલી–આટલી કપરી કસોટી મહારાજે કરી તોપણ જીવુબા વગેરે કોઇપણના ચહેરા ઉપર ફેરફાર ન થયો. સૌનાં અંતરમાં એક જ ભાવ હતો કે, 'મહારાજ અમારાં ઉપર રાજી થવા જોઇએ. રાજી રહેવા જોઇએ !'

હે ભક્તો ! શ્રીહરિજી મહારાજ તો અંતર્યામી હતા, તેથી તેઓ જાણતા જ હતા કે, 'મેં આટલાં–આટલાં તાવ્યાં તોપણ એભલ પરિવારને મારો જરા પણ અવગુણ આવ્યો નહિ, દાસની જેમ મારી દરેક આજ્ઞાનું પાલન કરવાનું જ એક તાન રહેલું છે.' આવું બધું યાદ આવતા જ પલંગ પરથી એકદમ ઉતરીને દોડીને નાના એવા દાદા ખાચરને તેડી લીધા અને ભેટી પડ્યા ને બોલ્યા : "હે જીવુબા, લાડુબા, સુરબા, સોમબા, પાંચુબા, નાનીબા અને દાદા ! તમો સર્વે મારી આકરી કસોટીમાં પાસ થઇ ગયાં છો, માટે આજથી હું જીવન પર્યંત તમારી પ્રેમરૂપી દોરીથી બંધાઇને રહીશ. તમારાં ગામ–ગરાસ તમે રાખો, અમારે શું કરવા છે ? હવે તમારે કયાંય જવાની જરૂર નથી. તમારું નામ ઇતિહાસમાં અમર થઇ જશે.''

હે ભકતો ! પછી તો જીવુબા અને લાડુબાને બારે મહિનાના ઉત્સવોની વહેંચણી કરી આપી. અને તાંબાનું જે લખાણવાળું પતરું હતું તે દાદાને પાછું આપી દીધું અને હાલમાં તે 'તામ્રપત્ર' વડતાલ અક્ષરભુવનમાં દર્શનાર્થે રાખેલ છે.

## જીવુબાની દિવ્ય પ્રતિભાનો પ્રભાવ

હે ભક્તો ! લાડુદાન ગઢવી જેવા રજોગુણી વ્યક્તિનું પોતાની દિવ્ય પ્રતિભાથી થોડીવારમાં જ શ્રીરંગદાસ (બ્રહ્માનંદ)સ્વામીમાં પરિવર્તન કરી દેનાર મોટાબાનું ઓજસ એટલું બધું પ્રભાવશાળી હતું કે, તેનાં દર્શન તો શું તેમના

થોડાક શબ્દોના શ્રવણમાત્રથી પણ ઘણા લોકોના રજોગુણ–તમોગુણ નાશ પામી જતા. તેનું એક જવલંત ઉદાહરણ જોઇએ.

હે ભક્તો ! શેલણા–ભમોદરાના આગેવાન દરબારો ઓઘડ ખુમાણ, રામ ખુમાણ તથા વાજસૂર ખુમાણ હતા. તેમણે સાંભળ્યું કે, ગઢડામાં એભલ ખાચરની દીકરી દેવીનો અવતાર કહેવાય છે, માટે એમનાં દર્શન કરવાં જવું. પછી ત્રણે ગઢડા આવ્યા અને દાદા ખાચરને કહ્યું : ‘અમારે જીવુબાને લાડુબાનાં દર્શન કરવાં છે.’ ત્યારે દાદા બાપુએ કહ્યું : “પણ તેઓ પરપુરુષો સાથે બોલતાં નથી, તેથી તમારી સાથે વાત નહિ કરે,’’ ત્યારે આ દરબારો કહે : “તેના મુખથી એકવાર સ્વામિનારાયણ નામ સાંભળવા મળશે તોય પણ અમને સંતોષ થશે.’’

હે ભક્તો ! પછી દાદા ખાચરે ત્રણેય ખુમાણોને વાસુદેવ નારાયણના ઓરડાની ઉંબરાની બહાર ઓસરીમાં ચાકળા પાથરીને બેસાડ્યા, અને દાદા ખાચર ઉંબરામાં બેઠા. અંદર જીવુબા ને લાડુબા હતાં. પછી ઓઘડ ખુમાણ બોલ્યા : “દાદાભાઇ ! બન્ને બહેનોને કહો કે, “ઓઘડ ખુમાણ, રામ ખુમાણ અને વાજસૂર ખુમાણ જય સ્વામિનારાયણ કહે છે.’’ ત્યારે દાદા ખાચરે ત્યાં ઉંબરામાં બેઠા–બેઠા જ ઓરડાની અંદર જોઇને બંને બહેનોને કહ્યું, ત્યારે અંદરથી જીવુબા બોલ્યાં : “ભાઇ દાદા ! તે ત્રણેય બાપુને કહો : “અમારા જય સ્વામિનારાયણ.’’

હે ભક્તો ! જીવુબાના મુખથી કેવળ જય સ્વામિનારાયણ શબ્દ સાંભળ્યો એ સમયે જ ત્રણેય દરબારોના સંકલ્પો બંધ થઇ ગયા. અંતરમાં શાંતી વ્યાપી ગઇ. ત્રણેયને આશ્ચર્ય થયું ને બોલ્યા : “અરે ! આ બંને તો સાક્ષાત લક્ષ્મીજી અને રાધિકાજી જેવાં છે.’’ તરત જ તેઓ ફળીયામાં આવીને દંડવત કરવા લાગ્યા. પછી બીજે દિવસે ઘેર ગયા. પછી તો તેઓ યોગાનંદ સ્વામીના સમાગમે કરીને પાકા સત્સંગી થયા હતા.

હે ભક્તો ! આચાર્યોની સ્થાપન પહેલાં સત્સંગમાં સમગ્ર સ્ત્રી સમાજનાં ગુરુપદે સ્વયં શ્રીજી મહારાજે જીવુબાને સ્થાપેલા હતાં. સ્ત્રીઓનાં ધર્મોના ખરેખરા તેઓ રખેવાળ હતાં. ત્યારબાદ આચાર્યોના ધર્મપત્નીઓને ગુરુપદે સ્થાપ્યાં હતાં.

હે ભક્તો ! જીવુબા ઘણીવાર શ્રીજી મહારાજને તત્વજ્ઞાન સંબંધી સવાલો પણ પૂછતાં હતાં. અતિશય ઊંચા પ્રકારની જ્ઞાનચર્ચાઓ પણ પ્રસંગોપાત થતી રહેતી તે સવાલોમાંથી એક સવાલ જીવુબાએ પૂછેલ તે જણાવું છું, જેથી ખ્યાલ આવે કે, જીવુબામાં કેવી બુદ્ધિપ્રતિભા હશે ? ....

હે ભક્તો ! સંવત ૧૮૮૩ મા પોષ સુદ આઠમના દિવસે ગઢપુરમાં શ્રીજી મહારાજના નાના ભાઇ ઇચ્છારામજી ધામમાં ગયાં. પછી તેઓને અગ્નિસંસ્કાર કરવા માટે ઘેલા નદીને કાંઠે લાવ્યા. સંતો અને મહારાજ પણ સાથે આવેલા. પછી રઘુવીરજી મહારાજે (આચાર્યે) અગ્નિ–સંસ્કાર કર્યો. તે સમયે શ્રીજી મહારાજ ખીઝડાના ઝાડ પાસે ઓટો હતો તેના પર બિરાજમાન હતા. એક બાજુ ઇચ્છારામ ભાઇની ચિતા સળગતી હતી અને બીજી બાજુ મહારાજ આગળ વેદાંત તથા સાંખ્ય સંબંધી વાતો ચાલતી હતી.

હે ભક્તો ! આવા પ્રસંગે પણ શ્રીહરિજી અધ્યાત્મની જ્ઞાનચર્ચાઓ કરતા હતા, તેના ઉપરથી ખ્યાલ આવે કે, મહારાજને કથા–વાર્તામાં કેવી રુચિ હતી ?

## ગોપાળાનંદ સ્વામીના કહેવાથી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યો

હે ભક્તો ! અધ્યાત્મ–ચર્ચાઓ ચાલી રહી હતી ત્યારે ગોપાળાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીના કાનમાં કહ્યું : "સ્વામી, પરમ દિવસે મોટીબાએ (જીવુબાએ) શ્રીજી મહારાજને પ્રશ્ન પૂછ્યો હતો અને શ્રીજી મહારાજે તેમને જે જવાબ આપ્યો હતો તે વાત મેં ક્યારેય સાંભળી નથી, માટે તમે તે પ્રશ્ન પૂછો તો મહારાજ તે વાત કરે અને તે વાત સર્વેને સાંભળવા જેવી છે.''

હે ભક્તો ! આ પ્રમાણે ગોપાળાનંદ સ્વામીને કાન નજીક મુખ રાખીને ખાનગી વાત કરતા શ્રીજી મહારાજ જોઇ ગયા એટલે મુક્તાનંદ સ્વામીને મહારાજે પૂછ્યું : "સ્વામી ! યોગીરાજ શું વાત કરે છે ? અમને તો સંભળાવો." ત્યારે મુક્ત મુનિ કહેવા લાગ્યા : "મહારાજ ! તમે ત્રણ દિવસ પહેલાં જીવુબા આગળ જે વાત કરી હતી તે સાંભળવાની ગોપાળાનંદ સ્વામી સહિત અમો સૌને ઇચ્છા છે. સ્વામી મારી સાથે એ વાત કરી રહ્યા હતા, માટે કૃપા કરીને કહો.''

હે ભક્તો ! ત્યારે શ્રીજી મહારાજ બોલ્યાં : "સ્વામી ! એ વાત તો કરામત જેવી છે, તે ખરો સુપાત્ર જીવ હોય તેને જ કહેવાય ને જીવુબા તથા લાડુબા જેવાં તો કોઇ સુપાત્ર નથી, માટે અમે તેમને એ વાત કહી હતી. તમે પૂછી અને ગોપાળાનંદ સ્વામીએ પૂછાવી, તે તમારા બેય જેવા સુપાત્ર બીજા કોણ છે ? માટે તે વાત કહીએ છીએ. અને એ વાત તો ઉદાસીપણાને ટાળે એવી ને સમજવા જેવી છે ને આ વાતને જે સમજે તે જ પૂરો જ્ઞાની કહેવાય અને આ વાત સુપાત્ર હોય તેને જ સમજાય એવી છે ને કુપાત્રને તો સમજાતી જ નથી, તેને તો ઝેર જેવી લાગશે.''

આ વાતમાં એવી શી કરામત છે? તો ધર્મનિષ્ઠા, ભક્તિનિષ્ઠા, જ્ઞાનનિષ્ઠા અને વૈરાગ્યનિષ્ઠા વગેરે સર્વે નિષ્ઠાઓ તે એક નિષ્ઠામાં આવી જાય છે અને મુક્ત વિના આ વાતનો પ્રશ્ન થઇ શકે નહિ ને ભગવાન વિના બીજાથી તેનો ઉત્તર થઇ શકે નહિ તે તમો સૌ સાંભળો, અમે કહીએ છીએ.

## જીવુબાનો પ્રશ્ન : બદ્ધ અને મુક્તની વાત

હે ભક્તો ! એક દિવસ શ્રીજી મહારાજ બહેનો આગળ બેઠા હતા, ત્યારે જીવુબાએ સવાલ કર્યો : "મહારાજ ! બદ્ધ જીવ હોય તે મુક્ત થાય છે અને મુક્ત હોય તે પાછા બદ્ધ થાય છે તે શી રીતે થાય છે તે કહો.'' ત્યારે મંદહાસ કરીને મહારાજ બોલ્યા : "સમગ્ર જગતના કર્તા એવા જે અમો તે અનંત બ્રહ્માંડોનું આધાર જે અક્ષરધામ તેમાં સદા બિરાજમાન છીએ. તે અક્ષર એક સાકારરુપે અમારી સેવામાં રહે છે અને બીજા નિરાકાર બ્રહ્મધામરુપે સર્વે મુક્તોને ધરી રહેલ છે.–

હે મુક્તાનંદ સ્વામી ને ગોપાળાનંદ સ્વામી ! તે બ્રહ્મધામ કરોડો સૂર્ય, ચંદ્ર સરખા પ્રકાશે યુક્ત, શાંત અને અમૃતરૂપ છે, જેનો કોઇ દિવસ ક્ષય થતો નથી. જેમાં મંદ, શીતળ અને સુગંધ વાયુ વાય છે એવા એ અક્ષરધામને પામવા માટે જયારે જીવ અહીં અનંત સાધનો કરે છે ત્યારે પામે છે. તે જયારે ધામમાં જાય છે ત્યારે પોતાને વળગી જે કારણરુપ અવિદ્યા તે દૂર થાય છે એટલે તે બદ્ધ જીવ હતો તે મુક્ત થાય છે. અને જયારે ભગવાનના સ્વરૂપની નિષ્ઠા સંપૂર્ણ થાય ત્યારે તે જીવાત્મા અક્ષરધામમાં બ્રહ્મમય દેહનું ધારણ કરીને ભગવાનની સેવામાં રહે છે. એ પ્રમાણે બદ્ધમાંથી મુક્ત થવાય છે.

હે સ્વામી ! હવે મુક્ત હોય તે બદ્ધ કેવી રીતે થાય છે ? તે કહીએ છીએ. એ ભગવાનના ધામને ચાર દિશાએ ચાર દરવાજા છે ને એ દરવાજાની કમાનોની શિખરે એક એક બ્રહ્મરૂપ કડાં છે, તેને ઝાલીને ભગવાનની શક્તિરૂપ એવી જે માયા તે અહંકારરૂપે, દયારૂપે, અસત્યપણારૂપે અને ભગવાનની સ્વરૂપ નિષ્ઠાની ખામી રૂપે, એમ ચાર પ્રકારે જુદે જુદે રૂપે મનના જેટલા વેગથી ઝૂલી રહેલ છે. ....

હે સ્વામી ! ભગવાનના ધામમાં પહોંચેલા અનંત પ્રકારનો મુક્તો છે, તેમાં ચાર પ્રકારના મુક્તો છે, તેમને કાંઇક સંકલ્પ રહેલા હોય છે, તેમાં કોઇને તો એવા સંકલ્પ થાય છે કે, "ભગવાન મને આજ્ઞા કરે તો હું બ્રહ્માંડમાંથી અધર્મનો નાશ કરી અનંત જીવોને મુક્ત કરી દઉં.' કોઇકને એમ રહે છે કે, 'જો ભગવાન મને આજ્ઞા કરે તો અનંત ઇશ્વરોને ઐશ્વર્યના અભિમાનનો ત્યાગ કરાવી ભગવાનના સ્વરૂપને વિશે નિષ્ઠા કરાવી મુક્તદશાને પમાડી દઉં.''

હે સ્વામી ! કેટલાક મુક્તોને એમ સંકલ્પ થાય છે કે, 'જો ભગવાન મને આજ્ઞા આપે તો અનંત જીવ, ઇશ્વર અને બ્રહ્મરૂપ થવા ઇચ્છતા મુમુક્ષુઓને માયાનું ઝાળું તોડીને મુક્તભાવને પમાડી દઉં.' કેટલાક મુક્તોને એમ થાય છે કે, "ભગવાન હૂકમ કરે તો સમગ્ર જગતને અસત્ય મનાવીને એક ભગવાનને વિષે જ સર્વને જોડી દઉં ને મુક્તદશાને પમાડું.'' એવી રીતે ચાર પ્રકારના સંકલ્પ કરતા એવા મુક્તોના તે સંકલ્પ સિદ્ધ કરવા અને બ્રહ્માંડોના અનંત જીવોનું શ્રેય કરવા ભગવાન તેમને પ્રેરે છે.

જેમ કોઇને વાયુનું વમળ ચડ્યું હોય, તે વમન (ઉલટી) કરે ત્યારે જ શાંત થાય, તેમ તે મુક્તોને પણ સંકલ્પોનું વમળ ચડે છે. જેમ માણસ ઉલટી કરવા દૂર જતો રહે છે – તેમ આ મુક્તો પણ અક્ષરધામને દરવાજે ઝૂલતી માયા પાસે જાય છે, ત્યાં તેને ભગવાનની શક્તિરૂપ જે માયા તેનો યોગ થાય છે, તેથી તે મુક્તોનાં બ્રહ્મમય શરીર પડી જાય છે અને કારણ શરીર વળગે છે. પછી તે મુક્ત મટીને બદ્ધ થાય છે."

હે સ્વામી ! તેમાંથી કેટલાક તો આ લોકમાં ભગવાનના અવતાર તરીકે પ્રકટ થાય છે ને કેટલાક તો મહાત્મા તરીકે વિચરતા હોય છે. તેઓ ઘણા

જીવ, ઇશ્વરોને દર્શન, સ્પર્શ અને ઉપદેશથી બદ્ધપણું નાશ કરી મુક્તભાવને પમાડે છે. એ પ્રમાણે એ મુક્તોને પણ ભગવાનના સ્વરૂપ વિના બીજા સંકલ્પ રહે છે તેથી તેને ભગવાનનું અક્ષરધામ છોડી બ્રહ્માંડોમાં જવું પડે છે અને અક્ષરધામ છોડી બ્રહ્માંડોમાં જાવું પડ્યું એ જ એનું બદ્ધપણું છે. એવી રીતે મુક્ત હોય તે બદ્ધ થાય છે !!

હે મુક્તાનંદ સ્વામી ! ભગવાનના ધામ આગળ બીજાં બ્રહ્માંડ કોઇ ગણતરીમાં નથી, અતિ તુચ્છ છે. જેમ ભરતજીને મૃગલું નડ્યું, તેમ તેઓને જીવોનું ભલું કરવારૂપ દયા નડે છે, તેથી તેઓ મુક્ત મટીને બદ્ધ થાય છે, તો પણ તેનામાં એટલું જોર (શક્તિ) છે જેથી બીજાઓને મુક્ત કરી મેલે છે. પછી જયારે એ પોતાનું કાર્ય કરી રહે છે ત્યારે તેને પોતાને થયેલા બદ્ધપણાનું ભાન થાય છે, પછી પોતાની મુક્તદશાને સંભારતો થકો ભગવાનના ધામના દરવાજામાં કારણ શરીરને તજી બ્રહ્મમય શરીર ધરીને ભગવાનના ધામમાં આનંદથી જાય છે ને પ્રભુનાં ચરણારવિંદને સેવે છે.

માટે હે સ્વામી ! જે બદ્ધમાંથી મુકત થાય છે તે એક સ્વરૂપ નિષ્ઠાના બળ વડે જ થાય છે. અને મુક્તમાંથી બદ્ધ થાય છે તે તેની ખામીને લીધે જ થાય છે, માટે સર્વે નિષ્ઠાઓ જેમાં આવી જતી હોય, એવી જો એક નિષ્ઠા હોય તો તે સ્વરૂપનિષ્ઠા છે ને બીજી નિષ્ઠામાં ખામી હોય, તો તે ભાંગે છે, પણ સ્વરૂપનિષ્ઠામાં ખામી હોય તો તે જરૂર જન્મ ધરાવે છે, માટે આ સમજી સર્વ પ્રકારની વાસના તોડી એક ભગવાનના સ્વરૂપમાં નિષ્ઠા રાખશે, તેને કોઇ પ્રકારની માયા નહિ વળગે ને બદ્ધપણું નહિ આવે ને એ અક્ષરધામના દરવાજા તે જાણપણારૂપ છે ને તેની આગળ માયા રહેલી છે, તે તો જે ગાફલ રહે ને ભગવાનના સ્વરૂપ વિના બીજા સંકલ્પ રાખે, તેને તે માયા પરાભાવ કરે છે ને જન્મ ધરાવે છે, માટે આ વાત બહુ ચમત્કારી ને સૌને સમજવા જેવી છે.' એટલી વાત કરી તેટલા સમયમાં ઇચ્છારામભાઇનો અગ્નિસંસ્કાર પૂરો થઇ ગયો. – શ્રી હરિ ચરિત્ર ચિંતામણિ : ૨/૧૧

હે ભક્તો ! આવા તો અનેક પ્રસંગો જીવુબાના છે, તે બધા ભેગા કરીએ તો એક પુસ્તક પણ બને.

## જીવુબા અક્ષરધામમાં ગયાં

હે ભક્તો ! શ્રીજી મહારાજ સ્વેચ્છાથી જયારે ધામમાં ગયા ત્યારે પ્રેમાનંદ સ્વામીને સાચવવાની ભલામણ જીવુબાને કરી હતી, તેથી તેઓ ગોપીનાથ મહારાજનો પ્રસાદીનો થાળ દરરોજ પ્રેમાનંદ સ્વામી માટે મોકલતાં હતાં.

હે ભક્તો ! શ્રીજી મહારાજ ધામમાં પધાર્યા તેનાં ૩૦ વર્ષ વીતી ગયાં, છતાં જીવુબાને ધામમાંથી લેવા માટે મહારાજ આવતા નથી. હવે મોટીબાની ઉંમર પણ ઘણી થઇ ગઇ હતી. તેઓને મોહનવરને મળવાની ઉતાવળ થઇ હતી, તેથી સમાધિવાળા એક રામબાઇ હતાં તેમને પૂછવા મોકલ્યાં. રામબાઇએ સમાધિમાં ધામમાં જઇને મહારાજને પૂછ્યું તો, પ્રભુએ કહ્યું : ''ગઢડામાં શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પધરાવવાનો સંકલ્પ અમારો છે, તે જીવુબા પૂરો કરે તરત ધામમાં તેડી જશું.''

હે ભક્તો ! રામબાઇએ આવીને જીવુબાને વાત કરી. તુરંત તેઓએ આચાર્ય રઘુવીરજી મહારાજને જણાવ્યું. તેઓએ ગોપીનાથજીની મૂર્તિ ઘડનારા નારાયણજીભાઇને બોલાવ્યા ને શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિ બનાવવાનું કામ તેમને સોંપ્યું. તેમજ મોટા યોગાનંદ સ્વામીના શિષ્ય રઘુવીરચરણ સ્વામીને દેખરેખ માટે વડોદરા મોકલ્યા.

હે ભક્તો ! ગઢપુરથી જીવુબાએ પોતાની પાસે રહેલાં શ્રીજી મહારાજનાં પ્રસાદીનાં વાસણો વગેરે વસ્તુઓ બળદ–ગાડાંઓમાં ભરીને વડોદરા મોકલાવ્યાં ને તે પ્રસાદીનાં વાસણો ઓગાળીને તેમાંથી શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિ બનાવી.

હે ભક્તો ! પંચધાતુની મૂર્તિ તૈયાર થતાં જ ગઢડા ગોપીનાથજી મહારાજની જમણી બાજુ તે હરિકૃષ્ણ મહારાજ સંવત ૧૯૧૬ ફાગણ સુદ પાંચમના દિવસે આચાર્ય રઘુવીરજી મહારાજના હસ્તે પ્રતિષ્ઠા વિધિ કરી પધરાવવામાં આવ્યા. એક માન્યતા પ્રમાણે તે હરિકૃષ્ણ મહારાજ સ્વયં સિંહાસનનાં પગથિયાં ચડીને ગોપીનાથજી મહારાજની મૂર્તિની બાજુમાં ઊભા રહી ગયા હતા.

હે ભક્તો ! પ્રતિષ્ઠા થતાં જ જીવુબાએ શ્રીજી મહારાજને પ્રાર્થના કરી : ''હે પ્રભુ ! હવે તમારો વિયોગ સહન થતો નથી, માટે કૃપા કરી ધામમાં લઇ જાઓ,'' તુરંત મહારાજે દર્શન આપીને કહ્યું : ''જેઠ સુદ પાંચમે તૈયાર રહેજો,

અમો તેડવા આવીશું.'' જીવુબાને અતિ આનંદ થયો. તેઓએ દાદા ખાચરના પરિવારને અને સત્સંગી સર્વે બહેનોને સત્સંગ દ્રઢ રાખવાની ભલામણ કરી.

હે ભક્તો ! સંવત ૧૯૧૬ ના જેઠ સુદ પાંચમે (બીજા મત પ્રમાણે જેઠ વદ છઠ્ઠ) ગાયનું છાણ મંગાવી લીંપી સ્નાન કરી જીવુબા તેમાં બેસીને બોલ્યાં : “ધૂન બોલો, મહારાજ મને લેવા આવે છે.'' ધૂન શરુ થઇ. ત્યાંતો અનંત મુક્તો સહિત શ્રીજી મહારાજ દિવ્ય વિમાનો લઇને પધાર્યા. સૌને જય સ્વામિનારાયણ કહી જીવુબા દિવ્યદેહ ધારણ કરી મહારાજની બાજુમાં બેસી અક્ષરધામમાં પધાર્યા.

હે ભક્તો ! પછી તેઓના પંચભૌતિક દેહને લઇને જયાં શ્રીજી મહારાજનો અગ્નિસંસ્કાર કરેલો તેની બાજુમાં લઇ જઇ અગ્નિસંસ્કાર કર્યો. હાલમાં ત્યાં લક્ષ્મીવાડીમાં મોટો ઓટો બનાવવામાં આવ્યો છે અને મોટાંબાની માનતાઓ પણ ચાલે છે.





# ૬.
# પ્રભુનાં પ્યારા લાડુબા

તા. ૨૫–૧૨–૨૦૧૮

હે વહાલા ભક્તો !

લાડુબા એટલે ગઢપુરના એભલ ખાચરનાં બીજા દીકરી.

લાડુબા એટલે સુરપ્રભાબાનાં બીજા નંબરનાં દીકરી.

લાડુબા એટલે શ્રીજી મહારાજનાં કૃપાપાત્ર મુક્ત.

લાડુબા એટલે શ્રીહરિજીની પ્રસન્નતા માટે જ સર્વ ક્રિયા કરનાર.

લાડુબા એટલે સત્સંગી સ્ત્રી – સમાજના આગેવાન ભક્ત.

લાડુબા એટલે નિત્ય – પૂજામાં પ્રભુને પ્રત્યક્ષ દેખનાર પ્રેમી ભક્ત.

લાડુબા એટલે મોટાબેન જીવુબા જેવા જ સમર્પિત મુક્તરાજ.

હે ભક્તો! ગઢડાના ગામધણી એભલ ખાચરને ચાર દીકરીયું હતી. તેમાં લલીતા એટલે કે લાડુબાનો બીજો નંબર હતો. સૌથી મોટાં જીવુબા અને એનાથી નાનાં લાડુબા હતાં. તેઓનો જન્મ આષાઢી સંવત ૧૮૪૪ ચૈત્ર સુદ–૧૫ ના રોજ ગઢપુરમાં થયો હતો. નાનપણથી જ તેઓને પૂજા–પાઠમાં વધારે શ્રદ્ધા હતી. જેટલું સમર્પણ જીવુબાનું હતું એટલું જ સમર્પણ લાડુબાનું પણ હતું. જે જે કપરી કસોટીમાંથી દાદા ખાચર અને જીવુબા ઉતર્યા હતાં, તે સર્વે કસોટીમાં પણ લાડુબા સાથે જ હતાં, તેથી ફરીને એ પ્રસંગો પુનરાવર્તન કરતો નથી.

હે ભક્તો ! લાડુબાને પણ લગ્ન કરવાં ન હતાં. તેઓ લાલજીને પ્રત્યક્ષ માનીને જ સેવા – પૂજા કર્યા કરતાં, પણ પિતા એભલબાપુના અતિ આગ્રહના કારણે તેઓને લગ્ન કરવા પડેલા. તેઓનું સાસરું બોટાદ ગામ હતું અને તેમના પતિનું નામ માતરા ધાધલ હતું. તેઓનું બીજું નામ ખોડા ધાધલ હતું. જે

માતરા ધાધલ સુરા ખાચર અને સોમલા ખાચરની જેમ જ શ્રીજી મહારાજ સાથે સત્સંગીઓનાં ગામડાંઓમાં જતા હતા. અને તેઓએ પણ મહારાજનો રાજીપો મેળવ્યો હતો.

હે ભક્તો! લાડુબાનાં લગ્ન પણ ત્યારના રિવાજ મુજબ બચપણમાં જ થઈ ગયાં હતાં. યુવાન થતાં એભલ બાપુએ પરાણે સાસરે મોકલ્યાં. પ્રથમ દિવસે જ લાડુબાએ પતિ માતરા ધાધલને કહ્યું: "મારી ઈચ્છા સાસરે આવવાની ન હતી, પણ બાપુએ લોકલાજને કારણે મોકલી છે. મારે પણ અખંડ બ્રહ્મચર્યવ્રત રાખીને મહારાજની સેવા ને ભક્તિ કરવી છે, માટે તમે મને સંયમવ્રત રાખવામાં મદદ કરો."

## અખંડ બ્રહ્મચર્યનું પાલન

હે ભક્તો! લાડુબાનાં આવાં વચનો સાંભળી માતરા ધાધલ બોલ્યા : "લલીતા! તમે તો દેવીનો અવતાર લાગો છો. આટલી બધી સમજણ નાની ઉંમરમાં તમને આવી ગઈ એ સામાન્ય સ્રીને આવે નહિ. અત્યારે તો તમારું જોબન ભરયુવાનીનું છે અને છતાંય તમો આજીવન બ્રહ્મચર્ય પાળવાની વાત કરો છો, એ મુક્ત સ્થિતિને પામેલાં જ કહી શકે. મારાં મોટાં ભાગ્ય માનું છું કે, તમારી જેવી યોગીની સાથે મારા લગ્ન થયાં. હું પણ મહારાજનો ભક્ત છું, માટે મારા તરફથી રજા જ છે, આપણે બન્ને સંયમ રાખીને શ્રીજી મહારાજને રાજી કરીશું. તમારે અહીંયા રહેવું હોય તોય મને વાંધો નથી અને ગઢપુર જઈને રહેવું હોય તોય હું તમોને મૂકી જવા તૈયાર છું."

હે ભક્તો! માતરા બાપુની આવી મીઠી વાણી સાંભળીને લાડુબાના અંતરમાં અતિશે આનંદ થયો અને બોટાદમાં સાસરે રહી સુખેથી મહારાજનું ભજન કરવાં લાગ્યા, પણ અંતરથી શ્રીજી મહારાજને પ્રાર્થના કર્યા કરે: "હે પ્રભુ! મારે તમારી સાથે રહી મોટીબાની જેમ તમારી સેવા કરવાની ઈચ્છા છે.''

હે ભક્તો! માતરા ધાધલ તો વધારેને વધારે સમય શ્રીજી મહારાજ સાથે સત્સંગ વિચરણમાં જ વીતાવતા હતા. તેઓ પણ બ્રહ્મચર્ય પાળે છે, એવો ખ્યાલ અંતર્યામી મહારાજ સિવાય કોઈને ન હતો. તેથી તે જણાવવા અને લાડુબાને

પોતાની સમીપમાં સેવા કરવાની ખૂબ જ ઈચ્છા છે, તેથી તેઓને હંમેશાં ગઢડામાં રાખવા માટે મહારાજે એકવાર મોટી સભામાં એભલબાપુને અને સર્વેને સંભળાવવા વાત કરી."

હે ભક્તો! ભક્તવત્સલ ભગવાન શ્રીહરિજી મહારાજ બોલ્યા જે, "એભલ બાપુ અને સભામાં બેઠેલા સંતો–ગૃહસ્થો સર્વે સાંભળો. આ એભલ બાપુએ લોકલાજને કારણે લલીતાને બોટાદ સાસરે મોકલી છે, પણ તે તો ત્યાં પણ એક બ્રહ્મચારીણી જેવું જીવન જીવે છે. તેઓને સંસારનાં વિષયોનાં સુખો તો નરક જેવાં લાગે છે. આટલા સમયથી તેઓ પતિ સાથે રહે છે, તોય એક દિવસ પણ સંયમ ચૂક્યા નથી."

તોયપણ લાડુબા કરતાં વધારે ધન્યવાદ અમો એમના પતિ અને અમારા ભક્ત આ માતરા ધાધલને આપીએ છીએ કે, તેઓ પણ પ્રેમથી સંયમ રાખી, લાડુબાને સાથ આપે છે. હવે અમો એભલ બાપુને કહીએ છીએ કે, લલીતાને અહીં દરબારગઢમાં બોલાવી રહેવાની રજા આપે. વેલડું લઈને તેઓને તેડી લાવે, આ કરશો તો અમો વધારે રાજી થઈશું, કારણ કે લલીતા અહીં ગઢડામાં કાયમ રહેવા માટે અમારી દરરોજ પ્રાર્થના કર્યા કરે છે."

## દરરોજ પૂજામાં પ્રત્યક્ષ જમતા

હે ભક્તો! તે સમયે સભામાંથી ઉભા થઈને માતરા ધાધલ પણ પોતાના સસરા એભલ ખાચરને કહેવા લાગ્યા: "બાપુ! શ્રીજી મહારાજ કહે છે એવું જ જીવન અમો બન્ને જીવીએ છીએ. તમારી દીકરી તો દેવીનો અવતાર છે, માટે તમો એમને તેડવા વેલડું મોકલો અને કાયમ માટે અહીં રાખો, એટલે તેઓ પણ મહારાજની સેવા કરી મહારાજનો રાજીપો મેળવી શકે. તેઓ અહીંયા કાયમ માટે રહે એમાં હું રાજી છું અને હવે સમાજના લોકો પણ કાંઈ બોલી નહિ શકે, કારણ કે, હું રાજીખુશીથી સૌની હાજરીમાં જ અહીં રહેવાની રજા આપું છું.

હે ભક્તો! શ્રીજી મહારાજ અને પોતાના જમાઈ માતરા ધાધલ બન્નેની ઈચ્છા જાણી એભલ બાપુએ લાડુબાને લેવા માટે વેલડું મોકલ્યું, તેથી કાયમ માટે બોટાદને છોડી લાડુબા ગઢપુરમાં રહેવાં આવી ગયાં.

હે ભક્તો! ગઢપુરમાં રહીને મહારાજની પ્રસન્નતા માટે જીવનનો એક એક શ્વાસ લાડુબાએ વાપરી નાખ્યો! જીવુબાની જોડે રહીને ભજન ભક્તિ અને સેવા કરીને આખું આયખું ઓગાળી નાખ્યું.

હે ભક્તો! શ્રીમદ્ સત્સંગિજીવનના ત્રીજા પ્રકરણના પહેલા અધ્યાયમાં ગ્રંથ–રચયિતા શતાનંદ સ્વામીએ લાડુબા વિષે લખ્યું છે તે જોઈએ તેઓનાં જ શબ્દોમાં. સ્વામી લખે છે કે “સર્વે કરતાં લલિતાની ભક્તિ શ્રેષ્ઠ હતી, તેથી શ્રીહરિજીએ તેઓને કહ્યું: “હે લલિતા! તમારી ભક્તિ જોઈને અમે ખૂબ જ રાજી થયા છીએ, માટે અમારી પાસે વરદાન માંગો.”

આવું સાંભળી આનંદ પામી લાડુબાએ વરદાન માગ્યું: “હે પ્રાણ પ્યારા પ્રભુ! ઘણા સમયથી મારા મનમાં ઈચ્છા છે કે તમો મારા હાથનું રાંધેલ જમો. હું આપના માટે થાળ બનાવું અને તમે પ્રેમથી તે જમો. પરંતુ આપને હું કહી શકતી નથી, કારણ કે વર્ણાશ્રમના જે ધર્મો છે તે મને આ વાત કહેતાં મારી વાણીને રોકે છે.”

હે ભક્તો! આવું સાંભળી હસતા – હસતા હરિજી બોલ્યા: “હે લલિતા! તમારી ઈચ્છા જરૂર પૂરી કરીશ. મારા પ્રત્યે તમારા ભાવને હું જાણું છું.” ત્યાર પછી દરરોજ પૂજા સમયે લાડુબા પોતાના હાથથી થાળ (રસોઈ) બનાવી ત્રણે મૂર્તિઓ (રાધા–કૃષ્ણ અને હરિકૃષ્ણ) આગળ નૈવેદ્ય ધરાવે, તે સમયે ત્રણે મૂર્તિઓ તે રસોઈમાં બનાવેલ તમામ વાનગીઓ પ્રત્યક્ષની જેમ જમવા લાગી.

હે ભક્તો! આ વાતનો ખ્યાલ આવતાં જીવુબા વગેરે સ્ત્રી ભક્તો લાડુબાની પૂજાનાં દર્શન કરવા આવ્યાં. તે સર્વેએ આવીને જોયું તો થાળમાં ધરાવેલાં પકવાનોને ઓછાં થતાં જોયાં, પરંતુ પ્રત્યક્ષ તો એક લાડુબા જ જોઈ શકતાં હતાં.

## શતાનંદ સ્વામી દ્વારા પ્રશંસા

હે ભક્તો! લાડુબાની પૂજામાં અર્પણ કરેલ નૈવેદ્ય પ્રત્યક્ષ જમે છે તે પોતાને દેખાય છે, પણ પ્રત્યક્ષ પ્રભુ જમે છે, તે પોતાને દર્શન થતાં નથી, તેથી પોતાની ભક્તિ લાડુબા કરતાં ઓછી છે, એવું પરસ્પર કહીને જીવુબા વગેરે

બહેનો પોતાની પૂજામાં પણ પ્રભુ પ્રત્યક્ષ જમે એવી પ્રભુને પ્રાર્થના કરી વિશેષપણે ભક્તિ કરવાં લાગ્યાં.

હે ભક્તો! ત્યારબાદ જીવુબા વગેરે બહેનો ભક્તની વિશેષ ભક્તિ જોઈને શ્રીજી મહારાજ રાજી થયા અને તેઓએ પૂજામાં અર્પણ કરેલાં પકવાન વગેરે નૈવેદ્ય મહારાજ મૂર્તિ દ્વારા ક્યારેક – ક્યારેક જમવા લાગ્યા.

હે ભક્તો! શતાનંદ સ્વામીએ શ્રીજી મહારાજની સેવા કરનાર ભક્તોનાં નામ લખ્યાં છે, તેમાં લાડુબાની સેવા વિષે લખતાં તેઓ જણાવે છે કે, "લાડુબા ઘઉંનો લોટ, દાળ, ચોખા, તેલ, દૂધ, સાકર, શાકભાજી અને ફળો વગેરે રસોઈની સામગ્રી સાફ કરવાની સેવા કરતાં હતાં." – સ.જી.પ્ર.૩–અ–૨

હે ભક્તો! સર્વમંગલસ્તોત્રમાં પણ શતાનંદ સ્વામીએ લાડુબાનાં નામનો ઉલ્લેખ કરતા લખ્યું છે: 'લલિતેષ્ટવરપ્રદ' અર્થાત્ લાડુબાને ઈચ્છિત વરદાન આપનાર. આગળ સ્વામી લખે છે: 'લલિતા સંસ્કતાન્નાદિ' અર્થાત્ લાડુબાએ સાફસૂફ કરેલું અન્ન જમનારા.

હે ભક્તો ! ગઢપુરમાં રહીને શ્રીજી મહારાજ આખા વર્ષ દરમ્યાન જેટલા ઉત્સવ કરતા, તેના બે વિભાગ કર્યા હતા. મહારાજે સ્વયં બન્ને બેનોને ઉત્સવની વહેંચણી કરી આપી હતી તેની નોંધ પણ શતાનંદ સ્વામીએ લખી છે. મહારાજે બન્નેને બોલાવી કહ્યું: "જયાબાઈ ! દરેક મહિનાના જે જે ઉત્સવો શુકલ પક્ષના હોય (અજવાળીયાના હોય) તે તે ઉત્સવોમાં પાક વગેરે કરવામાં તમારું મુખ્યપણું રાખવું અને હે લલિતાબાઈ ! કૃષ્ણ પક્ષના (અંધારીયાના) જે જે ઉત્સવો આવે તેની જવાબદારી તમારે રાખવી." સ.જી.પ્ર.–૩.અ–૩

હે ભક્તો! શ્રીજી મહારાજનો અખંડ રાજીપો લાડુબા ઉપર રહેતો હતો, કારણ કે, શ્રીજી મહારાજ, રાજી થાય અને કામય માટે રાજી રહે એ માટે લાડુબા સતત પ્રયત્નો કર્યા કરતાં હતાં. એટલા માટે તો શ્રીહરિજીએ ગઢડા અંત્યનાં ૨૪ માં વચનામૃતમાં કહ્યું છે : "....... લાડુબાઈને અમારી પ્રસન્નતા કરવી એ અંગ" તો આ વચનામૃતમાં કહ્યા મુજબ લાડુબાએ આખી જીંદગી શ્રીજી મહારાજની સેવામાં સમર્પણ કરીને તેઓનો રાજીપો મેળવી લીધો હતો.

## સોનાનાં કડલાં આપી રાજીપો મેળવ્યો

હે ભક્તો! શ્રીજી મહારાજને રાજી કરવા માટે પોતાનું પુરું જીવન જેમણે સમર્પણ કર્યું હતું એવા લાડુબાએ મહારાજને પોતાનાં સોનાનાં કડલાં આપી દીધાં તે પ્રસંગ જોઈએ.

હે ભક્તો! ગઢપુરમાં ગોપીનાથજી મહારાજનાં મંદિરનું કામ ચાલી રહ્યું હતું. ભગવાન તો લક્ષ્મીજીના પણ પતિ છે, તેથી ધનની માગણી કોઈ પાસે કરવી ન પડે, પરંતુ પ્રભુ મનુષ્યરૂપે પ્રગટ હોય છે ત્યારે સામાન્ય માણસની જેમ જ વ્યવહાર કરતા હોય છે. એ પ્રમાણે એકવાર મંદિરનું કામ ચાલતું હતું ત્યારે પૈસા ખૂટી ગયા અને કામ બંધ પડ્યું. કડિયાઓની મજૂરી આપવાના પણ પૈસા ન રહ્યા, આટલી બધી તાણ પડી ગઈ.

હે ભક્તો! તે સમયે શ્રીજી મહારાજને હરજી ઠક્કરે વાત કરી. તેથી મહારાજે લાડુબાઈને બોલાવ્યાં અને પૂછ્યું: "લલિતા ! તમારી પાસે પૈસા છે ? ગોપીનાથજી મહારાજના મંદિરમાં કામ કરતા કડિયાના પગાર ચૂકવવાના પણ પૈસા નથી, તેથી જો તમારી પાસે હોય તો આપો."

હે ભક્તો ! મહારાજની માગણી સાંભળી તુરંત જ લાડુબા પોતાના ઓરડામાં ગયાં અને પટારો ખોલી પગમાં પહેરવાનાં સોનાનાં કડલાં પડ્યાં હતાં તે લાવ્યાં અને મહારાજને આપતાં બોલ્યાં: "મહારાજ ! હું સાસરે ગઈ હતી ત્યારે લોકના રીતરિવાજ મૂજબ આ સોનાનાં કડલાં પહેરીને ગઈ હતી. હવે મારે એની જરૂર નથી. હવે તો હું ક્યારેય સોનું પહેરતી નથી, માટે આ કડલાં વેચી નાખો અને એના જે પૈસા આવે તેમાંથી કડિયાના પગાર ચૂકવો."

હે ભક્તો ! લાડુબાની આવી વાત સાંભળી મહારાજ ખૂબ રાજી થયા અને તે કડલાં લીધાં. પછી હરજી ઠક્કર દ્વારા તેને વેચાવીને તેમાંથી કડિયાના પગાર ચૂકવ્યા હતા. પછી ફરીવાર પૈસાની જરૂર પડી ત્યારે ખોલડિયાદના ખેંગાર ભગતે મદદ કરી હતી.

## પ્રસાદીનો હાર આપવા ન દીધો

હે ભક્તો ! એક વખત ગઢપુરમાં અમદાવાદથી ગવૈયા જીષ્ણુદાસ સ્વામી આવ્યા. તેઓ ગોપીનાથજી મહારાજનાં દર્શન કરીને પાછળ પ્રદક્ષિણામાં બેસીને કીર્તનો ગાવા લાગ્યા. આલાપ સહિત કીર્તનો સાંભળવાથી દાદાખાચરના દીકરા બાવા ખાચર બહુ રાજી થયા અને બોલ્યા: “સ્વામી ! તમારે જે જોઈએ તે માંગી લો.” ત્યારે જીષ્ણુદાસ સ્વામીએ કહ્યું: “મહારાજ જે હાર પહેરતા તે આપો.”

હે ભક્તો! આવું સાંભળીને બાવા ખાચર હાર લેવા પોતાના ઘેર ગયા અને પટારો ઉઘાડી હાર લેવાની તૈયારી કરી. ત્યારે લાડુબાએ પૂછ્યું : “બાવા! પટારો ઉઘાડીને શું કરે છે ? ” ત્યારે બાવાએ કહ્યું : “ફઈ ! અમદાવાદથી જીષ્ણુદાસ સ્વામી આવ્યા છે. તેમણે ગાવણું બહુ સારું કર્યું છે, તેથી મહારાજની પ્રસાદીનો હાર આપવો છે, તે લેવા આવ્યો છું.”

હે ભક્તો! એવું સાંભળી લાડુબા બોલ્યાં: “બાવા ! ગાંડો થા મા ગાંડો. આ હાર કાંઈ ગાવણાના આલાપમાં અપાય નહિ. આ તો જ્યારે અક્ષરપતિ પ્રકટ પુરૂષોત્તમ આ પૃથ્વી ઉપર પધાર્યા હોય અને મોટીબા ફઈ જેવાં તથા રાજબાઈ ફઈ જેવાં તથા મારા જેવાં સાથે આવ્યાં હોય અને તેમણે સેવાએ કરીને રાજી કર્યા હોય ત્યારે આ હાર મળે, અમથો આ હાર મળે તેવો નથી.”

હે ભક્તો! આ પ્રમાણે કહીને લાડુબાએ તે હાર બાવા ખાચરને ન આપવા દીધો. તેથી બાવા ખાચરે જઈ જીષ્ણુદાસ સ્વામીને કહ્યું: “સ્વામી ! મારે તો તમને હાર આવો છે, પણ મારાં લાડુબા ફૂઈ આપવાં દેતાં નથી.”

હે ભક્તો! તે વાત યાદ રાખીને જીષ્ણુદાસ સ્વામી પાછા અમદાવાદ જતા રહ્યા. પછી સમય જતાં લાડુબા અક્ષરધામમાં જતાં રહ્યાં. તે વાતનો ખ્યાલ જીષ્ણુદાસ સ્વામીને આવ્યો, તેથી તેઓ આવ્યા અને ગાવણું કરીને બાવા ખાચરને ખુશ કરી દીધા. તેથી બાવા ખાચર મહારાજ પહેરતા તે હાર લયાવ્યા ને સ્વામીને ભેટ આપી દીધો. પછી તે હાર લઈને જીષ્ણુદાસજી અમદાવાદ જતા રહ્યા. તે હારમાં એક પરવાળું અને એક સાચું મોતી હતું.

## લાડુબાની વાતો સાંભળી લાડુદાનને વૈરાગ્ય ચડ્યો

હે ભક્તો! લાડુદાન ગઢવી (બ્રહ્માનંદ સ્વામી) ને શ્રીજી મહારાજે કહ્યું: "લાડુ બારોટ ! એભલ ખાચરની બે દીકરીયું જીવુબા અને લાડુબા છે તે સાસરે જવાની ના કહે છે, માટે તેને સારી–સારી વાતો કરી સાસરે જાય એવું વર્ણન કરો."

હે ભક્તો! પછી તો વાસુદેવ નારાયણના ઓરડાની ઓસરીયે એક ચાકળો પાથરી આપ્યો. તેના ઉપર બેસીને લાડુદાન ગઢવી રસશૃંગારની અનેક વાતો કરીને બોલ્યાં: "જુવાનીમાં તો સંસારના ભોગ ભોગવવાના હોય, અત્યારથી ત્યાગી બની જશો તો દેવયાની જેવી દશા થશે, માટે સારાં–સારાં વસ્રો પહેરીને પંચવિષયોનાં સુખો ભોગવી આનંદ કરો."

હે ભક્તો! લાડુદાનની વાતો સાંભળી ઓરડાની અંદર બેઠેલા બન્ને બેનોમાંથી લાડુબા બોલ્યાં: "લાડુદાન બારોટ ! અમે બન્ને બહેનોએ જે દેહ ધારણ કર્યો છે, એ વિષયો ભોગવવાં માટે નથી. અમારે તો આ દેહે કરીને અખંડ બ્રહ્મચર્યવ્રત પાળીને પ્રભુના પદને પામવું છે. પ્રભુને રાજી કરવા છે અને અમારાં જેવાં અનેક પ્રભુને રસ્તે ચાલે તેવાં કરવાં છે.

લાડુદાન ! વિષયનો જીવ હોય તેને તો વિષય જ સારા લાગે, કેમ કે તેણે ભગવાનનાં સુખનો અનુભવ કર્યો જ નથી. ગીંગો હોય તેને વિષ્ટા જ સારી લાગે, પણ ભમરાને તો સુગંધ જ સારી લાગે. ખાખરાની ખિસકોલીને આંબાનો રસ સારો લાગે જ નહિ– તેમ જે વિષયી લોકો છે તે તો વિષયનાં જ વખાણ કરે, પણ જેણે પ્રભુનો રસ ચાખ્યો છે તેને તો વિષય ગમે જ નહિ."

હે ભક્તો! આ પ્રમાણે લાડુબાએ અનેક દૃષ્ટાંતો આપીને વિષયોનો નિષેધ કરી દેખાડ્યો. તેમજ વિષયોને ભોગવવાથી યમયાતના ભોગવવી પડે છે તથા લખ–ચોરાશીમાં ફરવું પડે છે એ પણ કહી સંભળાવ્યું.

હે ભક્તો ! લાડુબાની વૈરાગ્યવાળી વાણી સાંભળી લાડુદાન તો ઊંડાં જ ઉતરી ગયા. તેઓએ મનોમન વિચાર્યું : "અરે! આ તો મહાસતીઓ લાગે છે. આમની આગળ મારું પોપટીયું જ્ઞાન કાંઈ કામમાં નહિ આવે. શ્રીજી મહારાજે મને અહીં જ્ઞાન દેવા નહિ, પણ જ્ઞાન લેવા મોકલ્યો છે."

હે ભક્તો ! પછી તો તેમને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને નક્કી કર્યું: "મારે પણ હવે સંસાર છોડી સાધુ બની જવું અને પ્રભુને શરણે થઈ છેલ્લો જન્મ કરી લેવો." પછી ત્યાંથી બન્ને બહેનોને દૂરથી પગે લાગીને કહ્યું: "તમે તો જોગમાયાનો અવતાર છો. મેં આપને અજ્ઞાનથી જે જે શબ્દો કહ્યા હોય તેની હું માફી માગું છું." પછી તેઓ મહારાજ પાસે ગયા અને દીક્ષા આપી સાધુ બનાવવા વિનંતી કરી. પછી શ્રીજી મહારાજે સંતની દીક્ષા આપી અને શ્રીરંગદાસજી નામ પાડ્યું. ત્યારબાદ તેઓ બ્રહ્માનંદ સ્વામી તરીકે જાણીતા થયા.

## લાડુબા ધામમાં ગયાં

હે ભક્તો! શ્રીજી મહારાજ ધામમાં ગયા પછી ઘણાં વર્ષો સુધી લાડુબા ગઢપુરમાં રહ્યાં. પછી પ્રભુનો વિયોગ સહન ન થવાથી મહારાજને પ્રાર્થના કરી. એટલે સંવત – ૧૯૦૬ શ્રાવણ સુદ છઠ્ઠના દિવસે શ્રીજી મહારાજ દિવ્ય વિમાન લઈ અનેક મુક્તો સહિત પધાર્યા. ત્યારે લાડુબાએ સૌને કહ્યું: "શ્રીજી મહારાજ મને તેડવા પધાર્યા છે. હું ધામમાં જાવ છું. સૌ સત્સંગ રાખજો." આટલું કહી દિવ્યદેહ ધારણ કરી પ્રભુ સાથે વિમાનમાં બેસી અક્ષરધામમાં ગયાં.





# ૭.

# દૃઢ નિયમધારી મોટાં રામબાઈ

હે વહાલા ભક્તો !

રામબાઈ એટલે જેતપુરના જીવા જોષીનાં દીકરી.

રામબાઈ એટલે શ્રીજી મહારાજનાં એકાંતિક ભક્ત.

રામબાઈ એટલે દુઃખમાં પણ ધર્મ–નિયમ ન છોડનાર મુક્ત.

રામબાઈ એટલે શ્રીજી મહારાજનાં કૃપાપાત્ર ભક્ત.

રામબાઈ એટલે શિર સાટે સત્સંગ રાખનારાં ભક્ત.

રામબાઈ એટલે સ્વયં મહારાજે નામ બદલેલ કડવીબાઈ.

હે ભક્તો ! સૌરાષ્ટ્રમાં જેતપુર નામનું રળીયામણું ગામ છે. જ્યાં અનેકવાર રામાનંદ સ્વામી પધાર્યા હતા અને સ્વામિનારાયણ ભગવાનને પણ ત્યાં રામાનંદ સ્વામીએ ગાદીએ બેસાડીને ઉદ્ધવ સંપ્રદાયના આચાર્ય બનાવ્યા હતા.

હે ભક્તો ! આવાં પવિત્ર તીર્થસ્થાનમાં શ્રીજી મહારાજના દૃઢપણે ધર્મ–નિયમોનું પાલન કરનારા બ્રાહ્મણ જ્ઞાતિમાં જીવા જોષી નામના સારા સત્સંગી રહેતા હતા. તેઓને સંતાનમાં એક દીકરી અને બે દીકરા હતાં. તેઓનાં પત્નીનું નામ પૂતળીબાઈ હતું. દીકરીનું નામ કડવીબાઈ હતું અને દીકરાઓનાં નામ ગોવર્ધન અને શીવાભાઈ હતાં.

હે ભક્તો ! આખો પરિવાર સુખેથી સત્સંગના નિયમો પાળી સુખેથી મહારાજનું ભજન કરતાં હતાં. પુત્રી કડવીબાઈ ઉંમર – લાયક થતાં જ તેમને એ જ ગામ જેતપુરમાં જ પરણાવ્યાં હતાં. કડવીબાઈ સાસરે આવ્યાં. મનમાં એમ હતું કે, ‘મારા સાસરીયામાં પણ સત્સંગ કરાવીશ અને સૌ સાથે મળીને શ્રીજી મહારાજની ભક્તિ કરી પ્રભુને રાજી કરીશું.’

હે ભક્તો ! પરંતુ કડવીબાઈના મનના વિચારો મનમાં જ રહ્યાં. સાસરીયા પક્ષના લોકો તો સત્સંગી થવાને બદલે ઉલટાના કડવીબાઈનો સત્સંગ છોડાવવા પ્રયત્નો કરવા લાગ્યા. કડવીબાઈને સત્સંગ છોડાવવા પૂજા–પાઠ છોડી દેવા હેરાન કરવા લાગ્યા.

હે ભક્તો ! તેમની શંખણી સાસુ અને ધર્મ–નિયમો જેમના જીવનમાં પતી ગયાં છે, એવો એનો પતિ બન્ને મળી કડવીબાઈને પરેશાન કરવાં લાગ્યાં. પરંતુ કડવીબાઈ તો દુ:ખ સહન કરીને પણ સત્સંગને શિર સાટે રાખતાં હતાં. ભજન–ભક્તિ, સેવા–પૂજા વગેરે નિત્ય–નિયમો નિયમિત કરતાં હતાં, તેના કારણે સાસરી પક્ષમાં તે અળખામણાં થઈ ગયાં હતાં.

## માથું મૂંડાવી સાદાં વસ્ત્રો પહેરો

હે ભક્તો ! કડવીબાઈ દુ:ખના સમયમાં પણ સુખપૂર્વક મહારાજનું ભજન કરી ધર્મ–નિયમોનું પાલન કરે છે અને ઘરની જવાબદારી પણ સંભાળે છે. આવી તેમની દૃઢતા જોઈ અંતર્યામી શ્રીહરિજી મહારાજે તેઓને કાયમ સુખી કરવા માટે અને સાસરીયાના ત્રાસમાંથી છૂટકારો મેળવવા માટે જે લીલા કરી એ જોઈએ શબ્દોના રૂપમાં.

હે ભક્તો ! કડવીબાઈ નિત્યક્રમ પ્રમાણે પૂજા–પાઠ કરી ઘરનું કામ કરી જેતપુર ગામની સીમમાં– વગડામાં એક દિવસ ઘાસ લેવાં ગયાં, ત્યાં ઘાસ વાઢતા હતાં, તે સમયે શ્રીજી મહારાજ ધોરાજીથી જેતપુર આવતા હતા. કડવીબાઈને જોઈ મહારાજ તેઓની પાસે આવ્યા. કડવીબાઈએ જ્યાં મહારાજને જોયા ત્યાં તો ગાંડા–ઘેલાં જેવા થઈ ગયાં! અંતરમાં આનંદની છોળો ઉઠવા લાગી. તરસ્યાને પાણી મળે, ભૂખ્યાને ભોજન મળે, લોભિયાને ધન મળે ને જે આનંદ તેમને થાય, એના કરતાં અનંતગણો આનંદ કડવીબાઈને થયો.

હે ભક્તો! પ્રગટ પ્રભુનાં કારણે કડવીબાઈનાં અંતરમાં પ્રભુ–પ્રત્યેનો પ્રેમ ન સમાયો તેથી તે આંસુ બની આંખ દ્વારા બહાર નીકળી પ્રભુનાં પાવલીયાં ધોવાં લાગ્યો ! તેઓ મહારાજને વારમવાર પંચાંગ પ્રણામ કરવાં લાગ્યાં. ભાવવિભોર બની મહારાજને પ્રાર્થના કરવાં લાગ્યાં : “પ્રભુ ! તમે દર્શન દઈને

મારા પર અપાર કૃપા કરી છે. બોલો પ્રભુ મારા માટે શી આજ્ઞા છે ? શું કરવાથી તમે મારા પર વધારે રાજી થાવ ? જે કહેવું હોય તે તમારી ભક્ત જાણીને જરૂર કહો. કહેવામાં બિલકુલ કચાશ રાખશો નહિ."

હે ભક્તો ! કડવીબાઈની પ્રાર્થના સાંભળી મહારાજ મંદહાસ કરી બોલ્યા : "કડવીબાઈ ! ભગવાન ભજવા હોય તેને આવા ફેલ ન કરવા જોઈએ.' ત્યારે કડવીબાઈ બોલ્યા : "મહારાજ ! હું તો શિર સાટે આપના નિયમો પાળું છું, હું ક્યાં ફેલ કરું છું, છતાં આપને જે ફેલ લાગતા હોય તે કહો, તે તજવા હું તૈયાર જ છું, આજ્ઞા કરો."

હે ભક્તો ! ત્યારે અલૌકિક કૃપા જેમણે કરવાનું નિરધાર્યું છે, એવા મહાકૃપાળુ મહારાજ બોલ્યાં : "આ માથા પરના વાળ લાંબા–લાંબા રાખ્યા છે, તે કઢાવી નાખો અને માથે મૂંડન કરાવી નાખો. આ રંગબેરંગી વસ્ત્રો કાઢી સાદાં કપડાં પહેરો. આ ડોકમાં મંગળ–સુત્ર પહેર્યું છે તે પણ કાઢી નાખો અને આ હાથમાં બંગડીઓ પહેરી છે, એ મને આપી દો. આ રીતે કાયમ રહો."

હે ભક્તો ! ત્યારે કડવીબાઈ બોલ્યાં : "આ રીતે તો વિધવા સ્ત્રી હોય તેને રહેવાનું હોય. મંગળસૂત્ર, માથાના વાળ અને હાથનાં કંકણ તો સધવા સ્ત્રીઓને પહેરવાનાં જ હોય."

## પાણી ઉપર ચાલીને સામે કીનારે

હે ભક્તો ! આવું સાંભળી શ્રીજી મહારાજ બોલ્યા : "અમારી તમને આજ્ઞા છે કે, સૌભાગ્યવતી સ્ત્રીઓની એ શોભા ભલે હોય પણ તમો વિધવા જેવો વેષ ધારણ કરીને રહો, એમાં અમો રાજી છીએ અને અમારી આજ્ઞા પણ એ જ છે."

હે ભક્તો ! મહારાજની આજ્ઞા થતાં જ તુરંત કડવીબાઈ બંગડીઓ કાઢી મહારાજને આપીને ઘરે ગયાં અને વાળંદને બોલાવી માથું મુંડાવી નાખ્યું. ઘરેણાં કાઢી નાખ્યાં અને સાદાં વસ્ત્રો પહેરી લીધાં! આવું જોઈને તેના પતિને અતિશય ક્રોધ આવ્યો અને કડવીબાઈને ખૂબ માર મારી ખાટલાનો એક પાયો કડવીબાઈની છાતી ઉપર રાખીને તે કુસંગી પલંગ ઉપર સુતો ! આ પ્રમાણે ઘણા દિવસ સુધી તે રીતે સૂઈને ખૂબ હેરાન કર્યા.

હે ભક્તો ! આ પ્રમાણે દુ:ખ સહન કરીને કડવીબાઈને અતિ પીડા થવા લાગી તેથી એક રાત્રે શ્રીજી મહારાજને પ્રાર્થના કરીને કહ્યું : "હે પ્રભુ ! શરીરની પીડાને કારણે તમારી ભક્તિ બરાબર થતી નથી, માટે હવે મને આ દેહમાંથી છૂટી કરી તમારા ધામમાં લઈ જાઓ. ત્યારે અંતર્યામી પ્રભુએ પ્રગટ થઈને કહ્યું : "કડવી ! કાલે તું પાણી ભરવાના નિમિત્તે ભાદર નદીએ જજે. ત્યાં ઘોડાપૂર આવેલું હશે, તેમાં તું પડજે, મારી ઈચ્છાથી તું તણાઈશ નહિ, ડૂબીશ નહિ, પણ પાણીની ઉપર ચાલી શકીશ. સામે કિનારે એક વેલડું દેખાશે, તેમાં બેસી જજે, મારા પાર્ષદો તને ગઢડા લઈ આવશે."

હે ભક્તો ! મહારાજની વાણી સાંભળી તથા મહારાજની કૃપાદષ્ટિથી શરીરની સર્વે પીડા સારી થઈ ગઈ, તેથી નિરાંતે ઊંઘ આવી ગઈ, સવાર થયું એટલે પાણીનું બેડું લઈ ભાદર નદીએ ગયાં. લોકો પણ પાણીનું પુર જોવાં આવેલાં, ત્યારે સૌનાં દેખતાં જ કડવીબાઈએ ઘોડાપૂરમાં શરીર પડતું મૂક્યું, પણ મહારાજની ઈચ્છાથી પાણી પર ચાલી સામે કીનારે પહોંચી ગયા ! પ્રભુના કહ્યા મુજબ ત્યાં વેલડું પડેલું, તેમાં બેસીને ગઢપુર પહોંચી ગયાં.

હે ભક્તો ! આ બાજુ જેતપુરમાં કડવીબાઈ પાણી ભરીને ઘેર ન આવ્યાં તેથી તેના પતિએ જેતપુરના ગામધણી મૂળુવાળાને ફરિયાદ કરી : "મારી ઘરવાળીને તેનાં માત–પિતા જીવા જોષી ને પૂતળીબાઈ તેમજ તેના ભાઈ ગોવર્ધન અને શિવો એ ચારે મળીને એને ભગાડી ગયાં છે અને એના સત્સંગમાં સંઘરી દીધી છે."

હે ભક્તો ! તુરંત મૂળુવાળાએ ચારેને બોલાવીને પૂછ્યું. તો તેમણે કહ્યું કે, 'અમે આ બાબત કાંઈ જાણતાં જ નથી, અમારી દીકરીને તો એનો પતિ હેરાન કરતો હતો.'' ત્યારે દરબારે કહ્યું : "જો કડવી તમારા સત્સંગમાંથી મળશે, તો તમારાં ચારેનાં માથાં કાપી નાખીશ."

## મહારાજે નામ બદલી રામબાઈ રાખ્યું

હે ભક્તો ! કડવીબાઈએ ગઢપુર પહોંચી જઈ મહારાજનાં દર્શન કર્યાં અને ત્યાં રહીને જીવુબા – લાડુબા અને રાજબાઈનો સમાગમ કરી સેવા કરવાં

લાગ્યાં. નિત્ય શ્રીજી મહારાજનાં દર્શન કરે, કથા–વાર્તા સાંભળે અને સેવા કરે. આ પ્રમાણે સુખેથી રહેતાં હતાં. ત્યાં એક દિવસ મહારાજે તેઓને બોલાવીને કહ્યું : "કડવીબાઈ ! તમારા દેહના પતિએ રાજાને ફરિયાદ કરી છે, તેથી રાજાએ તમારા પિતાને કહ્યું છે કે, "જો કડવીબાઈ તમારા સત્સંગમાંથી મળશે તો તમારાં ચારેયનાં માથાં ડૂલ કરીશ." માટે જો એના માણસો ગઢડા આવશે અને તમોને જોશે તો તમારાં માતા–પિતા અને ભાઈઓને મૂળુવાળા મારી નાખશે, માટે અમો કહીએ તેમ કરો."

હે ભક્તો ! ત્યારે કડવીબાઈ બોલ્યા : "મહારાજ ! મારે તો આપની આજ્ઞા પાળીને આપને જ રાજી કરવા છે, માટે તમે જેમ કહો તેમ કરવા હું તૈયાર છું." આવું સાંભળી મહારાજ રાજી થયા અને બોલ્યા : "આજથી તમારું નામ બદલીને મોટાં રામબાઈ રાખીએ છીએ. હવે તમો અમારી આજ્ઞા માનીને ચરોતરને છેડે આવેલ કઠલાલ ગામમાં જઈને રહો અને રેંટીયો કાંતીને જીવન નિર્વાહ કરજો. તમારા દેહનું અને જીવનું બન્નેનું ધ્યાન અમો રાખીશું. હવેથી તમારું નામ કોઈપણ પૂછે તો રામબાઈ કહેવાનું."

હે ભક્તો ! આ પ્રમાણે કહીને મહારાજે ઉમરેઠ બાજુના હરિભક્તો આવ્યા હતા તેમની સાથે રામબાઈને મોકલ્યા. તેઓ જઈને રામબાઈને કઠલાલ મૂકી આવ્યા. પછી તો ત્યાં રહીને મહારાજનું અખંડ ભજન કરતાં અને ગામની બહેનોને સત્સંગ કરાવતાં. ત્યારબાદ એ બાજુ મહારાજ નીકળતા ત્યારે ગુપ્ત રીતે તેઓને દર્શન આપવાં પણ જતા હતા. આ રીતે આખી જીંદગી મહારાજની આજ્ઞા પાળી, દૂર રહી ભજન કર્યું અને અંતે અક્ષરધામમાં પહોંચી ગયાં.

## રામબાઈ વિષે અલગ પ્રસંગો

હે ભક્તો ! મોટા રામબાઈ વિષે એક પ્રસંગ એવો પણ છે કે, રામબાઈ સત્સંગ મૂકતા ન હતાં, તેથી તેના પતિએ ગુસ્સે થઈને કહ્યું : "આજથી તું મારી મા–બેન સમાન છો. ત્યારે રામબાઈએ પણ કહ્યું : " તમે પણ મારા માટે ભાઈ – બાપ જેવા છો."

હે ભક્તો ! આ પ્રમાણે કહીને રામબાઈએ સૌભાગ્યનાં તમામ ચિહ્નોનો ત્યાગ કરી માથું મુંડાવીને વિધવાની જેમ રહેવાં લાગ્યાં ! આવું જોઈ સાસરી પક્ષના સર્વેએ મળી નક્કી કર્યું : "આપણે એને મારી નાખીએ. આ બાઈએ સમાજમાં આપણું ખરાબ દેખાડ્યું છે. એને જીવતી રાખીશું તો આપણી આબરૂ જશે, માટે રાત્રે સૂતી હોય ત્યારે ઠેકાણે પાડી દઈશું. "

હે ભક્તો ! આ પ્રમાણે વાત કરી સૌ છૂટા પડ્યા. ભેગા થયેલામાંથી એક સજ્જન વ્યક્તિએ જઈ આપણા સત્સંગી ઉન્નડવાળા (ઉન્નડ ખુમાણ) ને વાત કરી કે, ''તમારા સત્સંગીની દીકરીને આ બ્રાહ્મણો રાત્રીએ મારી નાખવાના છે, માટે તમોને જાણ કરવા આવ્યો છું. એ કડવીબાઈ તમારા ભગવાન સ્વામિનારાયણનું ખૂબ ભજન કરે છે, તેથી જ તેના સાસરીયા તેમને ખૂબ ત્રાસ આપે છે."

હે ભક્તો ! આવી વાત સાંભળીને સત્સંગીનો પક્ષ રાખવા અને એક નિર્દોષ સ્રીને બચાવવા માટે ઉન્નડ ખુમાણ હાથમાં ઉઘાડી તલવાર લઈને એમને ઘેર ગયા અને બૂમ પાડી ધમકી આપી : "આ કડવીબાઈ અમારી સત્સંગી છે, માટે એને જો કોઈ હેરાન કરશો તો તમારી ખેર નથી. આ તલવારે કરી તમારાં માથાં વધેરી નાખીશ."

હે ભક્તો ! તે રાત્રીએ જ કડવીબાઈએ શ્રીજી મહારાજને આર્તનાદે પ્રાર્થના કરી, તેથી મહારાજે દર્શન દઈને કહ્યું : "કાલે સવારે ભાદરમાં પડજો; સામે કીનારે તમને લેવા માટે બે પાર્ષદો આવશે, તેમની સાથે ગઢડા આવજો." પછી બીજા દિવસે ભાદર ગયાં ત્યારે પાણી ઉપર મહારાજની મૂર્તિ દેખાણી! તેથી તેમની પાછળ–પાછળ ગયાં એટલે સામા કાંઠે પહોંચીને ગઢપુર આવી ગયાં. પછી ત્યાં જીવુબા સાથે એમને રાખ્યાં ને નામ બદલી રામબાઈ રાખ્યું. પછી રામબાઈએ ગઢડા રહીને અનેક બહેનોને સત્સંગ કરાવીને અક્ષરધામના અધિકારી બનાવી દીધાં હતાં.

હે ભક્તો ! એક બીજી કથા મુજબ ...... કડવીબાઈ ગઢડે આવ્યાં બાદ તેનો પતિ સંબંધીઓને લઈને તેમને લેવા આવ્યો હતો. ત્યારે મહારાજે તેઓને સમજાવ્યા : "સંસારની આસક્તિ કડવીબાઈને નથી, એ તો મીરાંબાઈની જેમ ભજન–કીર્તન કર્યા કરે છે, માટે અહીં રહેવા દો." પણ સાસરીયા માન્યા નહી, તેથી મહારાજે કડવીબાઈને સાસરે જવાની આજ્ઞા કરી.

હે ભક્તો ! સ્વયં શ્રીજી મહારાજે આજ્ઞા કરી પણ કડવીબાઈ એટલે કે રામબાઈને નરક જેવા સાસરે જવું ન હતું, તેથી સમાધિ કરીને દેહનો ત્યાગ કરી દીધો, તેથી મહારાજ દિવ્યરૂપ ધારીને તેમને ધામમાં મૂકી આવ્યા ! પછી મહારાજે તેમના સાસરીયાઓને અને પતિને કહ્યું : "તમારે જે જોઈએ છે, તે તમો લઈ જાવ અને અમારે જે જોઈતું હતું તે અમોએ લઈ લીધું છે."



# ૮.

# દાદા ખાચરને કોની ઉપમા દેવી ?



હે વહાલા ભક્તો !

દાદાખાચર એટલે ગઢડાના એભલ બાપુના દીકરા.

દાદાખાચર એટલે શ્રીજી મહારાજના સર્વશ્રેષ્ઠ ભક્ત.

દાદાખાચર એટલે શ્રીજી મહારાજનો સૌથી વધારે રાજીપો લેનાર ભક્ત.

દાદાખાચર એટલે શ્રીજી મહારાજના મહાન વિશ્વાસુ ભક્ત.

દાદાખાચર એટલે શ્રીજી મહારાજની અનન્ય કૃપા મેળવનાર ભક્ત.

દાદાખાચર એટલે શ્રીજી મહારાજની જીભ વળે, તેમ કરનાર ભક્ત.

દાદાખાચર એટલે શ્રીજી મહારાજનો પુત્રભાવે પણ પ્રેમ મેળવનાર ભક્ત.

દાદાખાચર એટલે શ્રીજી મહારાજને સ્નેહરૂપી સાંકળથી બાંધી રાખનાર ભક્ત.

દાદાખાચર એટલે શ્રીજી મહારાજની મરજી મૂજબ રહેનાર એકાંતિક ભક્ત.

દાદાખાચર એટલે શ્રીજી મહારાજને તન-મન અને ધન આપનાર સમર્પિત ભક્ત.

હે ભક્તો ! 'દાદો ઈ દાદો હો' તેમને કોની ઉપમા આપવી ? અમૃતને કોની ઉપમા આપી શકાય ? સાગરના જળને કોની સાથે સરખાવવું ? ચિંતામણિને કોની ઉપમા આપવી ? કલ્પતરુંને કયા વૃક્ષની સરખામણીમાં મૂકવું ? મળીયાગર ચંદનને કયા ચંદનની ઉપમા આપવી ? કામધેનું ગાયને કઈ ગાય સાથે સરખાવવી ? સૂર્યનાં તેજને કેની ઉપમા આપવી ?.....

ચંદ્રની શીતળતાને કોની ઉપમા આપવી ? ગરુડજીની ગતિને કોની સાથે સરખાવવી ? સુદર્શન ચક્ર સાથે કયા હથિયારને સરખાવવું ? વાસુકિ નાગને કોની ઉપમા દેવી ? વેદને કોની ઉપમા આપવી ? હિમાલયને કયા પર્વત સાથે સરખાવવો ? ઈન્દ્રને ક્યાં દેવની ઉપમા આપવી ? ....

ઐરાવતને કયા હાથી સાથે સરખાવવો ? ઉચ્ચૈ:શ્રવા ઘોડાને કયા ઘોડા સાથે સરખાવવો ? કપિલમુનિને કયા સિદ્ધો સાથે સરખાવીશું ? ચિત્રરથની કયા ગાયક સાથે સરખામણી કરીશું ? અર્યમા પિતૃઓને કયા પિતૃઓ સાથે સરખાવવા ? અને કાલકુટ ઝેરને ક્યાં ઝેર સાથે સરખાવીશું ? એજ રીતે દાદા ખાચરને પણ કયા ભક્ત સાથે સરખાવીશું ? કે દાદા બાપુને ઉપમા દેવા લાયક હોય. કોઈ પણ ભક્ત સાથે દાદા ખાચરની સરખામણી નહિ કરી શકાય, કારણ કે દાદા બાપુએ તન,મન અને ધન સંપૂર્ણપણે શ્રીહરિજીને સમર્પિત કરી દીધું હતું.

હે ભક્તો ! શ્રીહરિજીને રાજ્ય આપનારા સિદ્ધવલ્લભ રાજા અને ધર્મપુરનાં કુશળકુંવરબા જેવાં ભક્તો હતાં. તન આપનારા પણ ઘણા ભક્તો હતા, પરંતુ મન,તન અને ધન ત્રણેય આપનાર તો દાદા ખાચર એક જ હતા ! એટલા માટે જ શ્રીજી પ્રભુ બોલ્યા હતા : “ગઢડું મારું હું ગઢડાનો એ કદીય નહિ મટવાનો.” તો દાદા બાપુની સમર્પણ ભાવના અને અનન્ય નિષ્ઠા એટલી મહાન છે કે બીજા કોઈ ભક્ત સાથે તેમને સરખાવી શકાય નહિ.

## બહેનોને ગામ - ગરાસ અપાવી દીધાં

હે ભક્તો ! મુસાફર ફરીફરીને ઘરે આવે એ જ રીતે સ્વામિનારાયણ ભગવાન પણ અનેક પ્રદેશોમાં વિચરણ કરીને અંતે પાછા ગઢડા પધારતા હતા, કારણ કે ગઢપુરવાસી દાદા ખાચર અને એમના પરિવારે પ્રભુને પ્રેમ અને સમર્પણની દોરીથી બાંધી દીધા હતા.

હે ભક્તો ! મહાન ભક્તરાજ દાદા ખાચરનો જન્મ બોટાદ ગામમાં પોતાના મામાને ઘેર આષાઢી સંવત ૧૮૫૭ના પોષ સુદ–પાંચમને દિવસે થયો હતો. તેઓનાં માતાનું નામ સોમાદેવી (સોમબાઈ) હતું.

હે ભક્તો ! દાદા ખાચર નાનપણથી જ ગઢપુરમાં રહી મોટા થયા હતા, તેને કારણે તેઓને બચપણથી જ મહારાજનાં અને પવિત્ર સંતોનાં દરરોજ

અનેકવાર દર્શન થતાં હતાં, તેમજ મહારાજ અને સંતોનાં મુખે કથા–વાર્તા પણ દરરોજ સાંભળવા મળતી હતી.

હે ભક્તો ! પવિત્ર વાતાવરણમાં તેમનું પાલન–પોષણ અને ઉછેર થયો હતો, તેના કારણે તેમના જીવનમાં અનેકાનેક સદ્‌ગુણો ખીલ્યા હતા. દાદા બાપુને શ્રીજી મહારાજનો મહિમા હતો, એ જ પ્રમાણે સંતોનો પણ અપાર મહિમા હતો અને સત્સંગીઓનો પણ ખૂબ મહિમા હતો.

હે ભક્તો ! એભલ ખાચર ધામમાં ગયા પછી એકવાર શ્રીજી મહારાજે કહ્યું : "દાદા ! અમો કહીએ એમ કરશો ?" ત્યારે દાદા બાપુએ કહ્યું : "મહારાજ ! મારું તન–મન અને ધન બધુંય મેં આપને જ સમર્પિત કર્યું છે, માટે તમારે પૂછવાનું ન હોય, આજ્ઞા કરવાની હોય." ત્યારે મહારાજ કહે : "દાદા ખાચર ! તો આ તમારો ગામ–ગરાસ તમારાં આ બહેનો જીવુબા અને લાડુબાને નામે કરી દો."

હે ભક્તો ! મહારાજની આજ્ઞા થતાં જ તુરંત દાદા ખાચરે કોઈ પણ સંકલ્પ કર્યા વિના તામ્રપત્રમાં લખનારને બોલાવ્યો અને બધો જ ગામ–ગરાસ બન્ને બહેનોનાં નામે લખી તે તાંબાનું પતરું જીવુબા અને લાડુબાને સોંપી દીધું !

હે ભક્તો ! પછી શ્રીજી મહારાજે પૂછ્યું : "દાદા ! હવે તમે શું કરશો ?" ત્યારે દાદા ખાચર કહે : "હું ભાવનગર કે કારિયાણી ગમે ત્યાં રહીને નોકરી કરીશ." આ પ્રમાણે કહીને તેમણે જવાની તૈયારી કરવા માંડી.

હે ભક્તો ! ત્યારે મહારાજે જીવુબા અને લાડુબાને કહ્યું : "તમે તો સાંખ્યયોગ પાળીને અખંડ ભજન–ભક્તિ કર્યા કરો છો, તો તમારો ગામ–ગરાસનો વહીવટ કોણ કરશે ? " ત્યારે તેમણે કહ્યું : "મહારાજ ! આપ અમને વિશ્વાસુ માણસ ગોતી આપજો, એ અમારો વ્યવહાર સંભાળશે. "

## ગામ-ગરાસ પાછાં અપાવ્યાં

હે ભક્તો ! ત્યારે શ્રીજી મહારાજ કહે : "તો પછી આ તમારા ભાઈ દાદાને જ નોકરીએ રાખોને, એ વિશ્વાસપાત્ર છે અને તમારા ભાઈ છે અને અમારા ભક્ત પણ છે, એ તમારો વ્યવહાર સંભાળશે."

હે ભક્તો ! પછી મહારાજે દાદાખાચરને કહ્યું : "દાદા! જો તમારે નોકરી જ કરવી હોય તો તમારાં બહેનોની જ કરોને ? એમને પણ આ બધો વ્યવહાર સંભાળે એવા વિશ્વાસુ માણસની જરૂર છે."

હે ભક્તો ! જીવુબા અને લાડુબાને શ્રીહરિજીની લીલાનું રહસ્ય સમજાતું નહોતું, એ તો જેમ મહારાજ કહે એમ જ કર્યે જતાં હતાં. તેથી તેમણે દાદાભાઈને નોકરીએ રાખ્યા અને બધો જ વહીવટ સોંપી દીધો.

હે ભક્તો! આ પ્રમાણે નોકરી કરતા- કરતા એક વરસ જેટલો સમય પસાર થઈ ગયો. પછી એક દિવસ શ્રીજી મહારાજે જીવુબા અને લાડુબાને બોલાવીને કહ્યું : "તમે તો ત્યાગી થયાં છો, સાંખ્યયોગ લઈને બેઠાં છો, ઘર-સંસાર માંડ્યો નથી, તો પછી તમારે વળી આ ગામ-ગરાસની માથાકૂટ શા માટે કરવી ? માટે ગામ-ગરાસ તમારા ભાઈ દાદાને પાછો સોંપી દો."

હે ભક્તો ! મહારાજની વાત સાંભળી-આજ્ઞા માનીને કોઈ જાતનો સંકલ્પ વિના બન્ને બહેનોએ ગામ-ગરાસ દાદા ખાચરને સોંપી દીધો ! આ પ્રમાણે શ્રીજી મહારાજે દાદા બાપુ અને બન્ને બહેનોની કસોટી લીધી, તેથી ત્રણેય પાસ થઈ ગયાં ! દાદા ખાચરે એક વર્ષ નોકર તરીકે વહીવટ કર્યો, પણ તેમને પણ કાંઈ સંશય થયો નહિ ! કેવો વિશ્વાસ, કેવું સમર્પણ !

હે ભક્તો ! પ્રારબ્ધનું દુઃખ ભોગવીએ કાં તો આજ્ઞાલોપથી આવેલા પ્રાયશ્ચિતરૂપ દંડનું દુઃખ ભોગવીએ, અને ભગવાને રાજી થઈને આપણી પરીક્ષા લેવા માટે મોકલેલું દુઃખ ભોગવીએ, એમાં અતિશય તફાવત છે. પહેલાં બન્ને દુઃખ ભોગવવાથી પ્રારબ્ધ ટળે અને ભૂલનું પ્રાયશ્ચિત થઈ જાય છે, પણ બીજું કાંઈ મળતું નથી. જ્યારે શ્રીહરિજી પરીક્ષા ખાતર મોકલેલાં દુઃખને સહન કરી લઈએ છીએ ત્યારે આપણામાં પરમાત્મા અપરંપાર નવી શક્તિઓ પ્રગટાવે છે. આપણે જે સ્થિતિમાં હોઈએ તેનાથી ઘણી ઉંચી સ્થિતિએ પહોંચાડે છે, એ વાત નિર્વિવાદ છે; માટે શ્રીજી પ્રભુ આપણી પરીક્ષા લે છે, તેમાં કેવળ ફાયદો જ છે, માટે મુંઝાવું નહિ. આનંદમાં રહી ભજન કર્યા કરવું અને જે જે ભક્તોની પૂર્વકાળમાં પરીક્ષા લીધી હોય તેવોને યાદ કર્યા કરવા એટલે હિંમતથી પરીક્ષાનો સામનો કરી શકાય.

## જેના મુખમાં આપનું નામ હોય....

હે ભક્તો ! એક વખત દરબારગઢમાંથી દાદાખાચરના (એ સમયના) ચારસો રૂપિયા ચોરીને એક ડોશી ભાગી ગઇ. પરંતુ શ્રીજી મહારાજની ઇચ્છાથી ગામ બહાર જઇ શકી નહિ, પાછી દરબારગઢમાં આવી. ત્યારે શ્રીજી પ્રભુએ કહ્યું : "દાદા ! આ ડોશીએ વિશ્વાસઘાત કરીને ચોરી કરી છે, માટે તેને મારો.''

હે ભક્તો ! મહારાજની આજ્ઞા થતાં જ દાદા બાપુ ડોશીમા પાસે ગયા, ત્યાંતો તે સ્વામિનારાયણ – સ્વામિનારાયણ બોલવાં લાગી. એટલે દાદા બાપુ પાછા આવ્યા. ત્યારે મહારાજે પછ્યું : " પાછા કેમ આવ્યા ? ડોશીને મારી કેમ નહિ ?"

હે ભક્તો ! દાદા ખાચરે ત્યારે એવો જવાબ આપ્યો કે એ સાંભળીને આપણે વિચારીએ તો ખ્યાલ આવે કે આપણે તો હજુ દાદા બાપુની મહિમા અને સમજણ આગળ બહુ વામણા છીએ. તેઓ બોલ્યા : "મહારાજ ! આ ડોશી તમારું ભજન કરે છે, તેને મારાથી કેમ મારી શકાય ? હે પ્રભુ ! એમણે તો ફક્ત મારા પૈસા જ ચોર્યા છે, પરંતુ કદાચ એણે મારા દીકરાને મારી નાખ્યો હોત તો પણ હું એને મારત નહિ, કારણ કે જેના મુખમાં આપનાં નામનું સ્મરણ થતું હોય તેને હું મારી જ ન શકું.!

હે ભક્તો ! આવું સાંભળી મહારાજ અતિશય રાજી થઇ ગયા, તેથી પલંગ ઉપરથી ઉતરી દાદા ખાચરને ભેટી પડ્યા અને પોતે ગળામાં હાર પહેર્યો હતો તે દાદા બાપુને પહેરાવી દીધો અને સભામાં તેમની ખૂબ પ્રશંસા કરી.

## અડધી હજામતે હાજર

હે ભક્તો ! એકવાર દાદા ખાચર હજામત કરાવવા વાળંદ પાસે બેઠા હતા. અડધી થઇ ગઇ હતી અને અડધી બાકી હતી. એ સમયે શ્રીજી મહારાજ અક્ષર–ઓરડીથી ચાલીને લીંબતરું પાસે આવીને બોલ્યા : "દાદા ખાચર ક્યાં છે ?" આ અવાજ સાંભળીને તુરંત દાદા બાપુએ વાળંદને કહ્યું : "ઊભો રહે, મને મહારાજ બોલાવે છે."

હે ભક્તો ! અડધી હજામત અધુરી રખાવીને દાદા બાપુ ઉતાવળા ચાલીને મહારાજ પાસે આવીને બોલ્યા : “બોલો પ્રભુ ! હું હાજર છું.'' ત્યારે મહારાજ કહે : “હજામત તો પૂરી કરી લેવી હતી.'' ત્યારે દાદા બાપુ બોલ્યા : “મહારાજ ! હજામત તો પછી પણ થશે, પણ આપની આજ્ઞાનું પાલન પ્રથમ કરી લઉં.'' આવું સાંભળી મહારાજે સભામાં કહ્યું : “જુઓને દાદાને અમારી સાથે કેટલું હેત છે ? હજામત પણ પૂરી ન કરી, આવા તો એ મહિમાવાળા છે. એટલા માટે જ અમો કાયમ માટે એમને ત્યાં રહીએ છીએ અને એમના ઘેર સ્નેહરૂપી સાંકળથી બંધાયેલા છીએ.''

## કમર પકડી ફેંકી દીધા, તો પણ

હે ભક્તો ! શ્રીજી મહારાજે જેટલી દાદા ખાચરની પરીક્ષા કે કસોટી લીધી છે, એટલી બીજા કોઇની લીધી નથી. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે, દરેકે દરેક પરીક્ષામાં તેઓ પાસ થઇ ગયા છે! અને સ્વયં શ્રીહરિજીએ દાદા બાપુને પાસ થયાનું સર્ટિફિકેટ પણ આપ્યું છે.

હે ભક્તો ! એક વખત સવારે વહેલાં ચાર વાગ્યે શ્રીજી મહારાજને રીસ ચડી એટલે ઊઠીને રીસાઇને ચાલવા લાગ્યા. દાદા ખાચરને ખબર પડતા દોડીને હાલમાં ગણપતિની ડેરી છે ત્યાં ભેગા થઇ ગયા અને મહારાજના પગ પકડીને બેસી ગયા. એટલે મહારાજે તેમને કેડ પકડીને ફેંકી દીધા ! અને આગળ ચાલવા લાગ્યા.

હે ભક્તો ! ફેંકાયા એટલે દાદા બાપુને મૂઢ માર વાગ્યો, તોપણ ઊઠીને દોડીને મંદિરના વંડાના નાકા પાસે બજારમાં મહારાજને આંબી ગયા અને પગ પકડીને દરબારગઢમાં પાછા આવવા વિનંતી કરવા લાગ્યા. ત્યાં પણ મહારાજે તેમને ફગાવી દીધા અને ચાલવા લાગ્યા. ફરીને દાદાબાપુએ પગ પકડી લીધા, તો પણ ફગાવી દીધા, તેથી દાદા બાપુને ખૂબ વાગ્યું. ત્યારે તેઓ જોરજોરથી રડવા લાગ્યા અને ધ્રૂજવા લાગ્યા.

હે ભક્તો ! દયાળુ પ્રભુથી પોતાના ભક્તનું દુ:ખ ન જોવાયું એટલે તેઓ પાછા વળ્યા અને દાદા ખાચરને ભેટીને છાતીએ દબાવીને બોલ્યા : “દાદા ! અમે હવે રીસાઇને ક્યારેય નહિ જઇએ, તમારે ત્યાં કાયમ રહેશું.” આ પ્રમાણે બોલી બન્ને દરબારગઢમાં આવ્યા.

## લક્ષ્મીવાડીએ સંતો માટે ધર્મશાળા

હે ભક્તો ! એકવાર રાત્રીએ આરતી વગેરે નિયમો કરીને મહારાજે સંતોને પૂછ્યું : "સંતો ! તમે બધા રાત્રીએ ક્યાં રહો છો ?'' ત્યારે અમુક સંતો કહે : "મહારાજ ! રાત્રે ઘેલા નદીમાં રહીએ છીએ.'' અમુક કહે : "પીપળાવાડીએ રહીએ છીએ'' અને કોઇકે કહ્યું : "લક્ષ્મીવાડીએ રહીએ છીએ.''

હે ભક્તો ! આવું સાંભળી મહારાજે કહ્યું : "અત્યારે ચોમાસામાં નદીમાં રહેવાય નહિ.'' પછી દાદા બાપુને બોલાવીને કહ્યું : "સાધુઓને રહેવાની જગ્યા નથી, તેઓ જયાં–ત્યાં પડ્યા રહે છે, માટે કાંઇક રહેવાનું જોઇએ.'' ત્યારે દાદા ખાચર કહે : "મહારાજ ! મારા ઓરડાઓ ખાલી કરી દઉં, ત્યાં સંતોને રાખો.'' ત્યારે મહારાજે સંતોને પૂછ્યું, તો સંતોએ કહ્યું : "આ ઓરડાઓમાં અમો બધા રહીશું તો દાદાના પરિવારને રહેવાની તકલીફ પડશે, માટે લક્ષ્મીવાડીએ ધર્મશાળા થાય તો સારું.''

હે ભક્તો ! સવારે મહારાજ, સંતો અને દાદા ખાચર લક્ષ્મીવાડીએ પધાર્યા અને મહારાજે પૂછ્યું : "દાદા ! કઇ જગ્યાએ સંતો માટે ધર્મશાળા કરીશું ?'' ત્યારે દાદા બાપુ કહે : "મહારાજ ! સંતોને પૂછી જુઓ. મારે તો તમે અને સંતો રાજી થાવ એમ કરવું છે. આપ સંતોને પૂછીને એમની મરજી હોય ત્યાં જગ્યા કરો.''

હે ભક્તો ! પછી નિત્યાનંદ સ્વામીને પૂછતા તેમણે કહ્યું, તેથી તે જગ્યાએ મહારાજે જઇ હાથમાં કોદાળી લઇ સાત વખત ટચકા કરી પાયો ગાળવાનું મુહૂર્ત કર્યું. (અત્યારે જયાં લક્ષ્મીવાડીમાં મંદિર છે, તેથી દક્ષિણ દિશા તરફ સંતોની ધર્મશાળા હતી.) પછી સૌ સંતો પાયા ખોદવા લાગ્યા અને જોતજોતામાં તો ધર્મશાળા તૈયાર થઇ ગઇ અને મહારાજે તેમાં પધરામણી કરી. પછી સંતો રહેવા લાગ્યા.

## હું વેચાઇને પણ સંતો માટે અનાજ લઇશ

હે ભક્તો ! દાદા ખાચરને મહારાજનો મહિમા હતો એ જ રીતે સંતોનો પણ મહિમા હતો. આપણે જોયું કે, સંતોને રહેવા માટે જમીન આપી ધર્મશાળા બંધાવી આપી. આવા તો ઘણા પ્રસંગો છે, તેમાંથી એક જોઇએ.

હે ભક્તો ! એકવાર સંવત ૧૮૬૯ નો ઓગણોતેરો ભયંકર દુષ્કાળ પડ્યો હતો. તે સમયે દાદા બાપુના દરબારમાં પણ અનાજની કોઠીઓ એક પછી એક ખાલી થવા લાગી. ત્યારે મુક્તાનંદ સ્વામીએ મહારાજને કહ્યું : "મહારાજ ! અહીં દુષ્કાળ ચાલે છે અને ગુજરાતમાં દેશકાળ સારા છે, માટે અમો સૌ સંતો આવતાં વર્ષ સુધી અહીંથી જતા રહીએ, એટલે દાદા ખાચરને તકલીફ ન પડે.''

હે ભક્તો ! સ્વામીની વાત સાંભળી મહારાજે હા કહી એટલે સંતો ગુજરાત જવાની તૈયારી કરવા લાગ્યા. આ વાતનો દાદા બાપુને ખ્યાલ આવ્યો, તુરંત દોડતા આવીને સંતોને ચાલવાનો રસ્તો હતો તેમાં આવીને આડા સૂઇ ગયા અને બોલ્યા : "સંતો ! તમારે જવું હોય તો મારા શરીર ઉપર પગ મૂકીને જાવ.''

હે ભક્તો ! ત્યારે તેમને મુક્તાનંદ સ્વામી સમજાવવા લાગ્યા : "દાદાભાઇ ! તમારા કોઠારમાં હવે ઝાઝું અનાજ રહ્યું નથી અને મહારાજનાં દર્શન કરવાં અનેક ગામડાંઓમાંથી હરિભક્તો આવે, એમને પણ તમો જમાડો છો, તેથી એક વરસ પૂરતાં અમો સંતો જઇએ છીએ. આવતું વર્ષ સારું પાકશે એટલે પાછા આવતા રહીશું.''

હે ભક્તો ! સ્વામીની વાત સાંભળી દાદા ખાચર બોલ્યા : "સ્વામી ! સંતો માટે હું અનાજ બીજાં ગામડાંઓમાં જઇને ઉછીનું લયાવીશ. જો મને કોઇ ઉછીનું નહિ આપે તો હું વેચાઇ જઇશ, મારા દેહને વેચીને પણ સંતો માટે અનાજ લાવીશ, પણ સંતોને ભૂખ્યા નહિ રાખું.'' આવું સાંભળી મુક્તાનંદ સ્વામીની આંખોમાં પ્રેમનાં આંસુ છલકાવાં લાગ્યાં.

## મહારાજને રોકવા રસ્તામાં સૂઇ ગયા

હે ભક્તો ! શ્રીજી મહારાજ એકવાર ભગુજીને કહે : "આપણે ઘેલા કાંઠે ગઢ જોવા જવું છે.'' પછી સૌ જીવા ખાચરના દરબારગઢ આગળ થઇને ઘેલા નદી તરફ બારીએથી ઉતર્યા ને ઉગમણી તરફ એક કોઠો છે ત્યાં ઊભા રહીને મહારાજ બોલ્યા : "આ જગ્યા છે તે વચ્ચે મંદિર કરીએ તો સારું થશે, કેમ જે ઘેલો નદી બાજુમાં છે એટલે સાધુઓને નાહવાનું ઠીક પડે અને ઘેલાનું

પાણી મંદિર માટે વાપરવાનું પણ ઠીક પડે.અને અહીંથી જીવા ખાચરના દરબારગઢ સુધી ધૂળ પૂરીને બધી જમીન એક સરખી કરવી ને એક દરવાજો જીવા ખાચરની ડેલી પાસે મૂકવો.''

હે ભક્તો ! ત્યારબાદ સૌ દરબારગઢમાં ગયા. કથા શરુ થઇ એટલે જીવા ખાચર આવ્યા. મહારાજે તેને મંદિર બાબત વાત કરી, એટલે તેઓએ મંદિર કરવાની હા કહી. પછી થોડા દિવસ બાદ લાધા ઠક્કરના કહેવાથી મહારાજે મંદિરની જમીન માટે પાકો દસ્તાવેજ કરી આપવાનું જીવા ખાચરને કહ્યું, ત્યારે તેઓ બોલ્યા : "મહારાજ ! બહારના કોઇ ધાડપાડુ આવે ત્યારે રક્ષણ માટે અમારે એ ગઢ કામમાં આવે, માટે એ જમીન હું નહિ આપી શકું, તેથી તમે મંદિર બીજે ઠેકાણે કરો.''

હે ભક્તો ! આ રીતે યુક્તિ કરીને તેઓએ મંદિર માટે જમીન આપવાની ના કહી દીધી. પછી મહારાજ અક્ષર–ઓરડીએ પધાર્યા. ત્યારે ત્યાં બોટાદના સોમલો ખાચર અને ભગા દોશીએ આવીને કહ્યું : "તમો બોટાદ આવો ને મંદિર કરો, અમો તન–મન અને ધનથી સેવા કરીશું.''

હે ભક્તો ! ત્યાંતો સુરા ખાચરે આવીને કહ્યું : "મહારાજ ! આપ મંદિર કરવા લોયા પધારો. ત્યાં તમે કહો એટલી જમીન આપીશ અને તન–મન–ધનથી પણ સેવા કરીશ.'' ત્યાંતો કારીયાણીના વસ્તા ખાચરે અને સારંગપુરના જીવા ખાચરે પણ પોતાના ગામમાં મંદિર કરવા મહારાજને કહ્યું.

હે ભક્તો ! દરબારોનું કહેવું સાંભળી મહારાજે બળદ –ગાડું મંગાવ્યું અને તૈયાર થઇને તેઓની સાથે ચાલવા લાગ્યા. ત્યારે લાડુબાએ દાદા ખાચર પાસે જઇને વાત કરી : "દાદાભાઇ ! તમે કાંઇ જાણતા નથી ? દરબારો તો મહારાજને લઇને ચાલ્યા જાય છે, તેઓ તેના ગામમાં મંદિર કરાવીને મહારાજને કાયમ માટે ત્યાં રોકી રાખશે.''

હે ભક્તો ! લાડુબાનું કહેવું સાંભળી તુરંત દાદાખાચરે દોટ મૂકીને ગાડા આગળ જઇને સૂઇ ગયા અને રડવા લાગ્યા. તેથી મહારાજ ગાડીમાંથી નીચે ઉતર્યા. પછી દાદા બાપુ ઊભા થયા અને મહારાજને ભેટીને કહેવા લાગ્યા : "તમારે ગઢ ઉપર મંદિર કરવું હોય તો એમાં પણ મારો ભાગ છે, સરકારમાં લડીને પણ મંદિર ત્યાં કરાવીશું અને એમ ન કરવું હોય તો આ

દરબારગઢ છે, તેમાં તમારી મરજી હોય ત્યાં મંદિર કરાવો, પણ મંદિર કરવા બીજે જાવ નહિ.''

હે ભક્તો ! દાદા બાપુને રડતા જોઇને દરબારોએ કહ્યું : ''મહારાજ ! જેમ દાદાખાચર રાજી થાય એમ કરો. એ કોચવાય એવું કરશો નહિ. અમો તો તમે અહીંયા મંદિર કરો તોપણ રાજી છીએ, પણ દાદાને દિલગીર ના કરશો.''

હે ભક્તો ! પછી મહારાજ પાછા દરબારગઢમાં આવ્યા અને દક્ષિણાદા બારના પાંચુબાવાળા ઓરડાઓ હતા તે પડાવી નાખ્યા અને મુહૂર્ત જોવડાવીને શ્રીજી મહારાજે પોતાને હાથે જ ગોપીનાથજી મહારાજનાં મંદિર માટે ખાતમુહૂર્ત કરી દાદાખાચરને રાજી કર્યા.

## ત્રણવાર દીવાલ પડાવી નાખી

હે ભક્તો ! અત્યારે જે ઓરડાઓ છે, એ મહારાજના સમયમાં ચણાવેલ છે. તેમાં ઉગમણા બારના ઓરડાનું ચણતરકામ ચાલી રહ્યું હતું. કડિયાઓ સવારથી દીવાલ ચણતા હતા. સાંજ પડતા માથા સુધીની ઉંચી દીવાલ ચણાઇ ગઇ. એ સમયે ત્યાં મહારાજે આવીને કહ્યું : ''દાદા ! આ દીવાલ ત્રાંસી ચણાય છે, માટે પડાવી નાખો.''

હે ભક્તો ! મહાપ્રભુની આજ્ઞા થઇ એટલે કોઇ જાતની શંકા વગર, દીવાલને જોયા વગર દાદા બાપુએ તે પડાવી નાખી. બીજા દિવસે ફરીને ચણી. સાંજના સમયે મહારાજ ત્યાં જોવા આવ્યા અને બોલ્યા : ''આ દીવાલ બરાબર નથી. વાંકી–ચૂકી છે, માટે પાડી નાખો.'' ત્રીજે દિવસે નવેસરથી દીવાલ બનાવવામાં આવી. ત્યાં નટવર મહારાજે આવીને કહ્યું : ''હજુ કાટખૂણે બરાબર લાગતી નથી, માટે પડાવી નાખો!'' તુરંત દાદા બાપુએ તરત જ તે દીવાલને પણ પડાવી નાખી !

હે ભક્તો ! પછી શ્રીજી મહારાજે દાદાખાચરને પુછ્યું : ''અમે વારમવાર આ દીવાલ પડાવી નાખીએ છીએ, તેથી તમોને કાંઇ થતું નથી ?'' ત્યારે દાદા બાપુ કહે : ''પ્રભુ ! અમો તો આપના દાસ કહેવાઇએ. આપ જે કરો એ અમારા રૂડા માટે જ કરતા હશો.'' આવું સાંભળી મહારાજ ખૂબ રાજી થયા અને બોલ્યા : ''દાદા ! આ દીવાલ તો નિમિત્ત હતી, અમે તો તારું મન વાંચી રહ્યા હતા.''

**હે ભક્તો ! સ્વામિનારાયણ ભગવાનની કસોટીની રીત અનોખી હતી. દાદા બાપુ આવી તો અનેક કસોટીમાંથી સારધાર પાર ઊતર્યા હતા. એટલે તો આજે વચનામૃતનાં પાને-પાને દાદા ખાચરનું નામ મોખરે છે.**

## હું દુર્વાસાનો પણ ગુરુ છું

**હે ભક્તો ! દાદા ખાચરની કસોટી એક પૂરી થાય અને બીજી શરુ થાય, એવું શ્રીજી મહારાજ કરી રહ્યા હોય એવું લાગતું હતું. સંતો અને સત્સંગીઓ પણ કસોટીઓ જોઇ-જોઇને કે સાંભળી-સાંભળીને દિલગીર થઇ ગયા હોય એવું લાગતું હતું.**

**હે ભક્તો ! એકવાર લીલુડા લીમડા નીચે ઢોલિયા પરથી અચાનક ઉતરીને સ્વામિનારાયણ ભગવાન દાદા ખાચરના ઓરડા પાસે જઇને દાદા ખાચર અને એમનાં પરિવારને કહેવા લાગ્યાં : “આ ઓરડાઓમાં અમારે સંતોને ઉતારા આપવા છે, માટે તમે બધા તમારી ઘરવખરી લઇ બહાર નીકળી જાઓ અને ઓરડા ખાલી કરી આપો.’’**

**હે ભક્તો ! “મહારાજનું આ ન સમજાય એવું વર્તન જોઇને સભામાં બેઠેલા મુક્તાનંદ સ્વામી બોલ્યા : “મહારાજ ! દાદા ખાચર દરબાર કહેવાય, તેમનો ઉતારો વારે વારે ફેરવાવવો એ સારું ન કહેવાય.’’**

**હે ભક્તો ! ત્યારે મહારાજ કહે : “સ્વામી ! અમે એમનો ઉતારો નથી ફેરવાવતા, પણ એમનાં અંતઃકરણમાં પડેલી ધારણાઓને ફેરવીએ છીએ, દાદાખાચર પણ ખરા ખપવાળા છે. અમે જે જે વચન કહેતા ગયા, તેમ તેમ તે કોઇ પણ પ્રકારનો મનમાં સંશય કર્યા વિના કરતા ગયા, સ્વામી ! હું દુર્વાસાનો પણ ગુરુ છું. કોઇ અમને એક દિવસ પણ સત્સંગમાં રાખી શકે તેમ નથી, પણ આ દાદા ખાચર અને એના પરિવારે વર્ષોથી અમને બાંધી રાખ્યા છે.**

**હે મુક્તાનંદ સ્વામી ! જીવુબાઇ, લાડુબાઇ, દાદા ખાચર અને એમનાં ઘરનાં મનુષ્યો, તેમણે કોઇ દિવસ અમારાં વચનમાં સંશય કર્યો નથી. એમણે ઘરબાર અને ગરાસ સર્વ અમારાં નામે કરી મેલ્યાં છે. પાણી વિના માછલાં તરફડે એમ એ અમારા વિના તરફડી જીવ કાઢી નાખે એવાં છે. એમના વર્તમાનની સારધારતા અને અમારામાં દ્રઢ વિશ્વાસને કારણે અમે તેમના ઘરે રહ્યા છીએ ને અમે એને વશ થઇ ગયા છીએ.”**

હે ભક્તો ! એકવાર ગઢડામાં શ્રીજી મહારાજે દાદા ખાચરને કહ્યું : “દાદા ! તમે સાધુનો વેષ ધારણ કરો ને ભાવનગર જાઓ.’’ આ પ્રમાણે કહીને સંતો પાસેથી અનેક માળાઓ મંગાવી ગળામાં ને હાથમાં પહેરાવી. પછી હાથમાં રામસાગર આપીને કહ્યું : “ભજન કરતા–કરતા જજો અને પાછા એ રીતે જ આવજો.’’

હે ભક્તો ! મહારાજની આજ્ઞા થતાં જ દાદા ખાચર હાથમાં તંબુરો લઇને ભાવનગર તરફ ચાલવા લાગ્યા. ત્યારે મુક્તાનંદ સ્વામીએ મહારાજને એમ કરતા રોકયા; એટલે મહારાજે દાદાબાપુને ખોપાળાના રસ્તેથી પાછા બોલાવી લીધા.

## હું સાધુ ભેગો રહીશ

હે ભક્તો ! એક વખત શ્રીજી મહારાજ, સંતો, દાદા ખાચર અને જીવા ખાચર વગેરે ઘેલા નદીમાં નાવા ગયા. નાહીને આવતા રસ્તામાં જોયું તો દ્વારિકાની યાત્રાએ નીકળેલા યાત્રાળુઓ રસોઇ બનાવવા લાકડાં વીણીની સળગાવતા હતા, પણ ઝરમર વરસાદને કારણે અગ્નિ ઓલવાઇ જતો હતો.

હે ભક્તો ! આ દ્રશ્ય જોઇ દયાળુ પ્રભુ બોલ્યા : “જીવા બાપુ ! ચોમાસાના કારણે યાત્રાળુને સુખેથી ખાવા મળતું નથી કે રહેવા મળતું નથી; માટે તેઓ માટે એક ઓરડો કરાવો તો સારું. યાત્રાળુઓ બિચારા બહુ દુ:ખી થાય છે.’’

હે ભક્તો ! ત્યારે જીવા ખાચર મોઢું બગાડીને બોલ્યા : “એવા બાવા તો ઘણા રખડતા હોય, એમના માટે ઓરડા કરવાના ખોટા ખર્ચા શું કામ કરવાના ?’’ પછી દરબારમાં આવ્યા. કથા થઇ. પછી મહારાજે યાત્રાળુનાં દુ:ખની વાત કરી. ત્યારે દાદા બાપુ બોલ્યા : “ મહારાજ ! નવો ઓરડો કરવામાં વાર લાગશે, એના કરતાં મારો ઓરડો યાત્રાળુને આપી દો.’’ ત્યારે મહારાજ કહે : “તમે ને તમારાં ઘરવાળાં કયાં રહેશો ?’’ ત્યારે દાદા બાપુ બોલ્યા : “હું સાધુ ભેગો ધર્મશાળામાં રહીશ અને મારાં પત્ની જીવુબા ભેગાં રહેશે.’’

હે ભક્તો ! આવું સાંભળીને મહારાજે જીવા ખાચર સામે જોઇને કહ્યું : “તમને મેં કહ્યું, ત્યારે તમે કેવો ઉત્તર દીધો અને દાદા ખાચરે કેવો ઉત્તર આપ્યો

એ તમે સાંભળ્યું ? એ અમારાં વચને પોતાનો રહેવાનો ઓરડો પણ આપવા તૈયાર થઇ ગયા.'' આવું સાંભળી જીવા ખાચરનું મોઢું શરમથી ઝૂકી ગયું.

## અમે તો પરદેશી છીએ

હે ભક્તો ! એક સમયે ઉત્તરાયણના દિવસે એક બ્રાહ્મણે રામપ્રતાપભાઇના ઓરડાની પાસે આવીને 'પુણ્ય પર્વણી....' એમ કહ્યું. ત્યારે ઓરડામાંથી સુવાસિની બાઇ બહાર આવીને બોલ્યા : "ભૂદેવ ! અમે તો પરદેશી છીએ, તમને શું આપીએ ?''

હે ભક્તો ! આ અવાજ અક્ષર–ઓરડીમાં બેઠેલા શ્રીહરિજીએ સાંભળ્યો. તરત દાદા ખાચર પાસે એક હજાર રુપિયા માગ્યા. ત્યારે દાદા ખાચરે પટારામાંથી કોથળીયું કાઢીને મહારાજ આગળ મૂક્યું. મહારાજ કહે : "તે લઇને મારી સાથે ચાલો.'' પછી સુવાસિનીબાઇ પાસે આવ્યા અને કહ્યું : "લ્યો ભાભીમા ! હજાર રૂપિયા એમાંથી બ્રાહ્મણોને દાન આપો."

હે ભક્તો ! એ સમયના એક હજાર એટલે અત્યારના લાખો રૂપિયા થાય. તોય પણ દાદા ખાચરે એમ ન કહ્યું કે, "૫૦ કે ૧૦૦ રૂપિયાનું દાન કરાય, આટલા બધા દાનમાં ન આપી દેવાય.'' આવો સંકલ્પ પણ ન થયો, પણ મનમાં રાજી થયાં કે, "મારા પૈસાનું આજે મહારાજનાં ભાભી દ્વારા દાન અપાવીને મને કૃતાર્થ કર્યો. મહારાજનો આજે મને વિશેષ રાજીપો મળ્યો.''

## અમારા માટે ને સંતો માટે શું કર્યું ?

હે ભક્તો ! ભકત ભગવાનને વશ રહે છે એ વાત તો સહુના જાણ્યામાં હોય, પણ સ્વયં ભગવાન ભક્તને વશ થઇ રહેતા હોય એવી વાતો તો ભાગ્યે જ કયાંક જોવા મળતી હોય છે.

હે ભક્તો ! દાદા ખાચરના દરબારમાં આ વાત પ્રત્યક્ષ જોવા મળતી. દરબારગઢના દરેક સભ્યોના સ્નેહને વશ થઇ સ્વામિનારાયણ ભગવાન ત્યાં ઘર માનીને કાયમ રહેતા હતા.

હે ભકતો ! એક દિવસ ચરોતર પ્રદેશના વસો ગામના ગિરધરભાઇ પાટીદાર તથા સિંજીવાડાના જગરૂપ બારોટ, બન્ને મહારાજનાં દર્શને ગઢપુર આવ્યા. દર્શન કરીને બેઠા. પછી ગિરધરભાઇ બોલ્યા : "મહારાજ ! હમણા

ઘણા સમયથી આપ વસો પધાર્યા નથી. અમે રહેવા માટે નવી હવેલી કરાવી છે, તેથી આપ વસો પધારો તો પધરામણી થાય.''

હે ભક્તો ! ત્યારે મહારાજ કહે : ‘‘હમણાં ગોપીનાથજીનું મંદિર થાય છે, તેથી અહીં હાજર રહેવું પડે, માટે હમણા નહિ આવી શકાય.'' આવું સાંભળી પેલા ભક્તે કહ્યું : “તમે મારા ઘેર શાના આવો ? તમે તો દાદા ખાચરમાં બંધાઇ ગયા છો.”

હે ભક્તો ! ગિરધરભાઇની મર્મ ભરેલી વાત સાંભળી મહારાજ બોલ્યા : “અમો વર્ષોથી સત્સંગમાં રહ્યા છીએ, આજ સુધી તમારી છત અમારે શા કામમાં આવી ? તમે કોઇ દિવસ મારા સાધુને પાણી ગાળવા ગળણું પણ આપ્યું નથી અને આ દાદા ખાચર મને સર્વસ્વ અર્પણ કરીને બેઠા છે. તેનું અનાજ, તેની ગાયો–ભેંસોનાં દૂધ–દહીં અને તેનો દરબારગઢ મારા અને મારા સંતને અર્થે સમર્પણ કરેલ છે. એમના સમર્પણ સામે તમારા સમર્પણનો વિચાર કર્યો છે ?''

હે ભક્તો ! શ્રીજી મહારાજનાં કડકાઇભર્યાં વચન સાંભળી ગિરધરભાઇ નીચું જોઇ ભોં ખોતરવા લાગ્યા. એ જોઇ સત્સંગની મા ગણાતા મુક્તાનંદ સ્વામી તરત બોલ્યા : ‘‘મહારાજ ! ગિરધરભાઇ બહુ સારા હરિભક્ત છે. તેમણે નવી હવેલીમાં તમને અને સંતોને પધરાવી રસોઇ દેવી છે, માટે પધારો તો સારું.''

હે ભક્તો ! સ્વામીની વાત સાંભળી મહારાજે હા કહી. મુક્તાનંદ સ્વામીએ એક હરિભક્તને કુસંગી થતા બચાવી લીધા ! સ્વામી જાણતા હતા કે, ‘‘જો મહારાજ વસો નહિ જાય તો ગિરધરભાઇ સત્સંગમાં નહિ રહે.'' અને શ્રીજી મહારાજે પણ પોતાના અતિ પ્રિય ભક્ત દાદા ખાચર વિષે મર્મમાં બોલાયેલાં વચનોનો વળતો જવાબ આપી પોતાના ભક્તનું ગૌરવ વધાર્યું અને સાથોસાથ ટકોર પણ કરી કે, ‘એકલા પરિવાર માટે જ પૈસા ન વાપરો. ભગવાન માટે અને સંતો માટે પણ ધન વાપરી પુણ્ય કમાવો ને ભગવાનનો રાજીપો પ્રાપ્ત કરો.’

## દાદા ખાચરનું ધામગમન

હે ભક્તો ! સંવત ૧૮૮૫ ના આસો સુદ બારસના દિવસે ગઢપુરમાં શ્રીજી મહારાજે ગોપીનાથજી મહારાજની પ્રતિષ્ઠા કરી ત્યારે દેવના થાળ માટે દાદા ખાચરે આશરે ૨૦૦ વીઘા જમીન અર્પણ કરી હતી.

હે ભક્તો ! દાદા ખાચરના સમર્પણની દરેક વાતો લખવામાં આવે તો એક પુસ્તક બની જાય એટલા બધા પ્રસંગો છે.

શ્રીહરિજીએ ગઢડા અંત્યના ૨૪ માં વચનામૃતમાં કહ્યું છે કે, "પ્રકૃતિ જે જાવી તે જીવને બહુ કઠણ છે, તથાપિ જો સત્સંગમાં સ્વાર્થ જણાય તો પ્રકૃતિ ટળવી કઠણ ન પડે. જેમ દાદા ખાચરના ઘરના માણસોને અમને રાખવાનો સ્વાર્થ છે, તો અમને જે પ્રકૃતિ ન ગમે તે રાખતા નથી.'' વળી એ જ વચનામૃતમાં મહારાજે કહ્યું છે કે, "દાદાખાચરને વિશ્વાસનું અંગ છે." તેમજ ગઢડા પ્રથમના ૭૪માં વચનામૃતમાં પણ મહારાજે કહ્યું છે કે, "આ દાદા ખાચરને થોડું જ આપ્તકાળ જેવું આપ્યું હતું, તેમાં પણ જેનું અંતઃકરણ જેવું હશે તેવું સૌને જણાણું હશે."

હે ભક્તો ! શ્રીજી મહારાજે આ પ્રમાણે વચનામૃતમાં ત્રણવાર દાદા ખાચરને યાદ કર્યા છે. અને વચનામૃત સંપાદકો જે ચાર સદ્‌ગુરુઓએ (ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને શુકાનંદ સ્વામી) તો ૧૮૪ વચનામૃતની શરૂઆતમાં જ દાદા ખાચરને યાદ કર્યા છે. વચનામૃતમાં સૌથી વધારે વચનામૃતો દાદા ખાચરનાં દરબારગઢનાં છે.

હે ભક્તો ! સંવત ૧૮૮૬ ના જેઠ સુદ દશમના દિવસે શ્રીહરિજી સ્વેચ્છાથી સ્વધામ પધાર્યા ત્યારે મહારાજનો વિયોગ સહન ન થવાથી દાદા ખાચર સળગતી ચિતામાં પડવા દોડ્યા હતા. ત્યારે યોગીરાજ ગોપાળાનંદ સ્વામીએ તેઓને રોકીને બેઠકે મોકલ્યા હતા. ત્યાં શ્રીજી મહારાજે દાદા બાપુને ગુલાબનો હાર પહેરાવીને કહ્યું હતું કે, "મને મુવેલ ન જાણતા, હું તો સત્સંગમાં અખંડ રહીશ અને સંતો–ભક્તોના મનોરથ પૂરા કરીશ.''

હે ભક્તો! શ્રીજી મહારાજ ધામમાં પધાર્યા પછી દાદા ખાચરે ૨૩ વર્ષ પ્રભુના વિયોગમાં વીતાવ્યાં. છેવટે સંવત ૧૯૦૯ ના પોષ સુદ–છઠ્ઠ ના દિવસે સૌને કહ્યું : "શ્રીજી મહારાજ મને લેવા પધાર્યાં છે. જય સ્વામિનારાયણ." આટલું કહી મનુષ્ય દેહ છોડી દિવ્ય દેહ ધારણ કરી મહારાજ સાથે વિમાનમાં બેસી અક્ષરધામમાં પધાર્યા. એ સમયે દાદા બાપુની ઉંમર બાવન વર્ષ હતી.



# ૯.
# નિષ્કામી ભક્ત માંચા ખાચર

હે વહાલા ભક્તો !

માંચા ખાચર એટલે કારિયાણી ગામના ગામધણી દરબાર.

માંચા ખાચર એટલે ભગવાનને રાજી કરવા આજીવન અવિવાહિત રહેનારા ભક્ત.

માંચા ખાચર એટલે માર્ગીના પંથમાં હોવા છતાં અખંડ બ્રહ્મચર્ય રાખનાર નિષ્કામી ભક્ત.

માંચા ખાચર એટલે શ્રીજી મહારાજનો પત્ર વાંચીને સાધુ બનનાર આજ્ઞાંકિત ભક્ત.

માંચા ખાચર એટલે સંસારમાં જળકમળવત્ રહેતા એકાંતિક ભક્ત.

માંચા ખાચર એટલે સદ્ગુરુ રામાનંદ સ્વામીના શિષ્ય.

હે ભક્તો ! માંચા ખાચર સારંગપુરની બાજુમાં આવેલ કારિયાણી ગામના ગામધણી દરબાર હતા. નાનપણથી જ પ્રગટ પ્રભુ મેળવવાની ખૂબ ઇચ્છા હતી. એ સમયમાં એક લાખ રુપિયા એમની પાસે હતા. ૧૦૦ ગાયો અને ૧૦૦ ભેંસો અને સેંકડો વીઘા જમીન હતી, તોપણ તેઓએ લગ્ન કર્યા ન હતા!

હે ભક્તો ! સ્વામિનારાયણ ભગવાને ગઢડા મધ્ય પ્રકરણના ૩૮ માં વચનામૃતમાં માંચા ખાચરની નોંધ લેતા કહ્યું છે કે, “સંસારી જીવ છે તેને તો કોઇક ધન દેનારો મળે કે દીકરો દેનારો મળે તો ત્યાં તરત પ્રતીતિ આવે અને ભગવાનના ભક્ત હોય તેને તો જંત્ર–મંત્ર, નાટક–ચેટકમાં કયાંય પ્રતીતિ આવે જ નહિ. અને જે હરિભક્ત હોય ને જંત્રમંત્રમાં પ્રતીતિ કરે તે સત્સંગી હોય તો પણ અર્ધો વિમુખ જાણવો અને જે સાચા ભગવાનના ભકત હોય તે ઘણા હોય નહિ. ....

યથાર્થ ભગવાનના ભક્ત તો કારિયાણી ગામમાં માંચો ભક્ત હતા. તેઓ સત્સંગ થયા મોર માર્ગીના પંથમાં હતા, તો પણ નિષ્કામી વર્તનમાનમાં ફેર પડ્યો નહિ અને પોતે બાળબ્રહ્મચારી રહ્યા. અને કોઇક કીમિયાવાળો પોતાને ઘેર આવીને ઊતર્યો હતો, તેણે ત્રાંબામાંથી રૂપું કરી દેખાડ્યું ને પછી એ ભક્તને (માંચા ખાચરને) કહ્યું જે, 'તમે સદાવ્રતી છો માટે તમને આ બુટ્ટી બતાવીને રૂપું કરવા શીખવું.' ...

પછી એ ભક્તે લાકડી લઇને તેને ગામ બહાર કાઢી મૂક્યો અને તેને એમ કહ્યું જે, 'અમારે તો ભગવાન વિના બીજા પદાર્થની ઇચ્છા નથી.' પછી એ ભક્તને સત્સંગ થયો ત્યારે ભગવાનના એકાંતિક ભક્ત થયા." હે ભક્તો ! આવા ઉત્તમ મુમુક્ષુ માંચા ખાચરને રામાનંદ સ્વામીનો યોગ થયો એટલે વામમાર્ગનો ત્યાગ કરી દીધો અને રામાનંદ સ્વામીને પવિત્ર સંત જાણી તેમને ગુરુ માની શિષ્યત્વ સ્વીકાર્યું. આથી તેમને કંઇક શાંતિ થઇ, પરંતુ એમની જિજ્ઞાસાવૃત્તિ એટલેથી શાંત થઇ ન હતી. એમને તો બોલતા–ચાલતા પ્રગટ ભગવાન જોઇતા હતા.

## ભોજા ચારણ ભગવાન ગોતવા ગયા

હે ભક્તો ! એક દિવસ માંચા ખાચર ડેલીએ બેઠા બેઠા વિચારે છે કે, "જો કયાંક પ્રગટ ભગવાન મળી જાય, તો આ ને આ દેહે મોક્ષ થઇ જાય.'' આ પ્રમાણે તેમના મનમાં પ્રબળ સંકલ્પો થતા હતા. ત્યાં તેમના બાળપણના મિત્ર ભોજા ચારણ આવ્યા. તેઓએ રામ રામ કહીને પૂછ્યું : "બાપુ ! શું વિચારતા હતા ?" ત્યારે માંચા ખાચરે કહ્યું : "ભોજા ! હવે પ્રગટ ભગવાન મળી જાય તો કામ થઇ જાય. આમને આમ કયાં સુધી હરાયા ઢોરની જેમ જન્મોજન્મ ભટક્યા રાખવું ?"

હે ભક્તો ! ત્યારે ભોજા ચારણે કહ્યું : "બાપુ ! આ કળિયુગમાં પ્રગટ ભગવાન કયાં મળે ? '' ત્યારે માંચા ખાચરે કહ્યું : "ભગવાન ઘેર બેઠા થોડા મળે, એને તો ગોતવા પડે.? પણ બાપુ ! કયાં ગોતવા જાશું ?" ભોજાએ સવાલ કર્યો. ત્યારે માંચા ખાચરે કહ્યું : "ભોજા ! આપણે એક કામ કરીએ, તું અને હું બન્ને પ્રગટ ભગવાનને ગોતવા નીકળીએ."

હે ભક્તો ! ત્યારે ભોજા ચારણ બોલ્યા : “બાપુ ! તમે તો ગામધણી છો, માટે તમે અહીં રહો, ભગવાન શોધવા હું જઇશ.'' તેવું સાંભળી માંચા ખાચરે કહ્યું : “તો પછી ધરમનાં કામમાં ઢીલ ન કરાય. તું આજે જ નીકળીને ભગવાન ગોતવાનું શરુ કરી દે.”

હે ભક્તો ! ઘણો સમય જતો રહ્યો, પણ ભોજા ચારણ આવ્યા નહિ, તેથી માંચા બાપુને મનમાં થયા કરે છે : “હજુ કેમ આવ્યો નહિ. ભોજો ઝટ આવે ને સારા સમાચાર લાવે તો સારું.” એવામાં એક દિવસ માંચા ખાચર ગામના ચોરે બેસીને મનોમન વિચારતા હતા, ત્યાં દૂરથી ભોજા ચારણને આવતા જોયા. તુરંત દોડીને એકબીજાને ભેટી પડ્યા.

હે ભક્તો ! એકબીજાના કુશળ–ખબર પૂછીને ભોજા ચારણે કહ્યું : “બાપુ ! હું પ્રગટ પ્રભુને ગોતી લાવ્યો ! ભોજાની વાત સાંભળી માંચા ખાચર પણ અતિ આનંદમાં આવી ગયા અને બોલ્યા : “જલદી બતાવ, ક્યાં જોયા તે પ્રગટ ભગવાન ?” ત્યારે ભોજા ચારણે કહ્યું : “બાપુ ! લોજ ગામે. સોરઠના ગામડાઓમાં વિચરણ કરીને તે ભગવાન અનેક ધર્મોનાં નર–નારીઓને સમાધિ કરાવી એમનાં ઇષ્ટદેવનાં દર્શન કરાવે છે. અલૌકિક ઐશ્વર્યો જણાવી અનેક લોકોને પોતાના આશ્રિતો બનાવ્યા છે. હજારો માણહ ફેલફતુર છોડીને એમના આશ્રિત થાય છે ! એમની પાહે તો વ્યસનની વાત જ ન થાય. અને એ પ્રગટ ભગવાનનું નામ છે : સહજાનંદ સ્વામી. સ્વામિનારાયણ ભગવાન તરીકે સોરઠમાં તેઓ પ્રસિદ્ધ થયા છે.”

## પ્રગટ પ્રભુનાં પ્રત્યક્ષ દર્શન

હે ભક્તો ! ભોજા ચારણની વાત સાંભળી માંચા ખાચરના મનને શાતા વળી. એમણે સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવા જવાનો સંકલ્પ કર્યો. પછી બન્ને મિત્રો ભગવાનનાં દર્શન કરવાં લોજ જવા કારિયાણીથી નીકળ્યા. ત્યાં રસ્તામાં તેમણે સાંભળ્યું કે, સ્વામિનારાયણ ભગવાન માંગરોળમાં જન્માષ્ટમીનો ઉત્સવ ઉજવી રહ્યા છે; તેથી બન્ને માંગરોળ આવ્યા.

હે ભક્તો ! માંગરોળમાં આવી બન્નેએ મહારાજનાં દર્શન કર્યાં. તે સમયે મહારાજ પોતાનો સર્વોપરી પ્રતાપ દેખાડી અનેક ઐશ્વર્યો બતાવી મુમુક્ષુઓને

પોતાના સ્વરૂપની નિષ્ઠા કરાવતા હતા. માંચા ખાચરનાં હ્દયમાં પણ મહાપ્રભુનાં દર્શન કરી તથા અલૌકિક પ્રતાપ જોઇ ટાઢુ થયું તેથી તેઓ મહારાજના આશ્રિત બન્યા.

હે ભક્તો ! શ્રીજી મહારાજ પણ તેઓ ઉપર ખૂબ રાજી થયા અને અન્ય ઉત્સવ–સમૈયામાં આવવા માટે ભલામણ કરી, પોતે પહેરેલ હાર માંચા ખાચરને પહેરાવી વિશેષ રાજીપો બતાવ્યો. ત્યારબાદ રજા લઇ તેઓ કારિયાણી પાછા આવ્યા. પરંતુ મનમાં સતત એવું રહ્યા કરે છે કે, ક્યારે ફરી ઉત્સવ આવે અને હું ફરીને પ્રભુનાં દર્શન કરવા જાઉં.

હે ભક્તો ! માંચા ખાચરને પ્રગટ પ્રભુનાં દર્શન થયાં એનો આનંદ હ્દયમાં સમાતો નથી અને બીજી વાર દર્શન થાય એ માટે સમૈયાની રાહ જોવા લાગ્યા છે. ત્યાં સમાચાર મળ્યા કે પ્રભુ સરધાર પધાર્યા છે અને ત્યાં સમૈયો કરવાના છે. પ્રગટ પ્રભુ અને સંતોનાં દર્શનના પ્યાસી માંચા ખાચર આવા શુભ સમાચાર સાંભળી આનંદમાં આવી ગયા અને સરધાર જવાની તૈયારી કરવા લાગ્યા.

## કપાસ ઠેકાણે પાડ્યો !

હે ભક્તો ! કાકા માંચા ખાચરને તૈયાર થતા જોઇ તેમના ભત્રીજા વસ્તા ખાચરે પૂછ્યું : “કાકા ! ગામતરે જતા હો એવું લાગે છે.’’ ? ત્યારે માંચા ખાચરે કહ્યું : “હા દીકરા ! એવા સમાચાર મળ્યા છે કે પ્રગટ પ્રભુ સરધારમાં સમૈયો કરવાના છે, તેથી મહારાજનાં દર્શન કરવાં અને સમૈયાનો લાભ લેવા સરધાર જવું છે.”

હે ભક્તો ! ત્યારે વસ્તા ખાચરે પૂછયું : “કાકા ! તમે આમ વયા જાવ ઇ થોડું હાલે, આપણાં ખેતરમાં બહેં વીઘાનો કપાહ ફાલ્યો–ફૂલ્યો છે, ઇ ઠેકાણે પાડીને જાવ તો સારું. મારે બીજાં ઘણાં કામ છે, માટે તમે આ કપાસની જવાબદારી સંભાળો અને પછી શાંતિથી મહારાજનાં દર્શન કરવા જજો.’’

હે ભક્તો ! વસ્તા ખાચરનું કહેવું સાંભળી માંચા ખાચર બોલ્યા : “સારું દીકરા ! કપાસ ઠેકાણે કરીને જઇશ.’’ આ પ્રમાણે કહી પોતાના મિત્ર ભોજા ચારણને બોલાવીને કહ્યું : “ભોજા ! આજુબાજુનાં ગામડાંઓમાં જઇને

ગોવાળોને ગાયો સહિત બોલાવી લાવ.” પછી ભોજા ચારણ ગયા અને અનેક ગામોનાં ગાયોનાં ધણ લઇને ભરવાડો હાજર થયા.

હે ભક્તો ! ત્યારે સર્વે ગોવાળોને માંચા ખાચરે કહ્યું : “આ મારા ખેતરમાં બસો વીઘાનો કપાસ છે એમાં તમારી ગાયો છૂટી મૂકી દ્યો.’’ આવું સાંભળી ભરવાડોને નવાઇ લાગી અને ગાયોને વાંભ કરી એટલે બધી જ ગાયો આવી ખાવાં લાગી અને જોતજોતામાં તો કપાસનાં છોડનાં નાનાં–નાનાં ઠુંઠા કરી નાંખ્યા!

હે ભક્તો ! આ વાત વસ્તા ખાચરે દરબારગઢમાં સાંભળી તુરંત ઘોડે ચડીને ખેતર આવ્યા. જોયું ત્યાંતો બસો વીઘાનો કપાસ સાફ થઇ ગયેલો ! ત્યારે તેણે અકળાઇને પૂછ્યું : “અરે કાકા ! આ તમે શું કર્યું ? આવું કરતા તમને કાંઇ વિચાર ન આવ્યો ?’’ ત્યારે માંચા ખાચર બોલ્યા : “ વિચાર આવ્યો એટલે જ આવું કર્યું છે. મને એ જ વિચાર આવ્યો કે, ‘કપાસ વીણાવીને વખારમાં ભરાવું અને પછી સમૈયામાં જાઉં, તો ત્યાં રહ્યા થકા કપાસના સંકલ્પ થયા કરશે કે, શું ભાવ આવશે, અત્યારે કેટલા ભાવ ચાલતા હશે.’ આવા વિચારો ન આવે એટલે જ કપાસને આ રીતે ઠેકાણે પાડ્યો, જેથી ભાવના વિચારો જ ન આવે !’

હે ભક્તો ! આ પ્રમાણે કહીને માંચા ખાચર સરધાર ગયા અને ત્યાં પ્રેમથી શ્રીજી પ્રભુનાં દર્શન કર્યાં. તે સમયે મહારાજ તળાવની પાળે સભા કરીને બેઠા હતાં. ત્યાં લોયાધામના સુરા ખાચરે પ્રશ્ન પૂછ્યો : “મહારાજ ! બધાને સમાધિ કરાવો છો, પણ માછલાંઓને સમાધિ થાય ?” ત્યારે મંદ મંદ હસતા મહારાજે પોતાના હાથમાં રૂમાલ હતો તે ઉંચો કરીને ફેરવ્યો. એટલે તળાવમાં રહેલાં તમામ માછલાંને સમાધિ થઇ ગઇ !

હે ભક્તો ! તળાવના પાણી ઉપર જાણે કે રૂપું પાથર્યું હોય ને શું ? તેવું દ્રશ્ય દેખાવાં લાગ્યું. સૌ લોકો આવું જોઇને આશ્ચર્ય પામી ગયા. ત્યારે ભક્ત સુરા બાપુએ વિનંતી કરી : “મહારાજ ! આ માછલાંને જનાવર–પક્ષી વગેરે ઉપાડી જશે, માટે તેમને સમાધિ ઉતારો ને પાણીમાં જવા દો.’’

હે ભક્તો ! ત્યારે મહારાજ બોલ્યા : “સુરા બાપુ ! જીવપ્રાણીમાત્રની દોરી અમારા હાથમાં છે. જેટલું ચાલવા દઇએ એટલું ચાલે.’’ આ રીતે કહીને પ્રભુએ હાથની ચપટી વગાડી એટલે માછલાંઓને સમાધિ ઉતરી, તેથી તે બધાં

તળાવનાં ઊંડાં પાણીમાં જતાં રહ્યાં. આ દ્રશ્ય જોઇ માંચા ખાચરને અનેરો આનંદ થયો.

## ગઢપુરવાસીઓને નિશ્ચય કરાવ્યો

હે ભક્તો ! સંવત ૧૮૬૧ માં જન્માષ્ટમીનો સમૈયો પૂરો થયો. એટલે માંચા ખાચરે શ્રીજી મહારાજ પાસે આવીને પ્રાર્થના કરી : "હે પ્રભુ ! આપ સંતો–ભક્તો સાથે મારા ગામ કારિયાણી પધારો અને ત્યાં પણ મોટો સમૈયો કરો, એવી મારી ઇચ્છા છે.'' ત્યારે મહારાજે કહ્યું : "અમોએ ચાતુર્માસ અહીંયાં જ રહેવાનું તુંગજીત અને વૈરજીતને વચન આપી દીધું છે, માટે ચાતુર્માસ પૂરો થાય પછી તમારા ગામમાં જરુર આવીશ.''

હે ભક્તો ! મહારાજે કારિયાણી પધારવાનો કોલ દીધો, એટલે માંચા ખાચર ખૂબ રાજી થયા. પછી પ્રભુની રજા લઇ સરધારથી નીકળી પોતાના ગામ કારિયાણી ન જતા પોતાના મિત્ર એભલ ખાચરને મળવા અને તેમને સારા સમાચાર દેવા ગઢપુર આવ્યા.

હે ભક્તો ! તે સમયે ગઢડામાં એભલ બાપુ પોતાના પરિવાર સાથે ભાગવતની કથા સાંભળતા હતા. ત્યાં મિત્ર માંચા ખાચરને જોઇ સામે ચાલી તેમને ભેટી પલંગ પર બેસાડી કુશળ–સમાચાર પૂછ્યા.

હે ભક્તો ! માંચા ખાચરે મનમાં વિચાર્યું કે, 'મને પ્રગટ પ્રભુ મળ્યા છે તેની ઓળખાણ મારા મિત્ર એભલ બાપુને પણ કરાવું. 'હિતની વાત કરે એને જ મિત્ર કહેવાય' એ ન્યાયે માંચા ખાચરે અતથી ઇતિ સુધી પ્રગટ પ્રભુનાં દિવ્ય ચરિત્રો કહી સંભળાવ્યાં.

હે ભક્તો ! ત્યારે એભલ ખાચરે કહ્યું : "મિત્ર ! સમાજમાં ઘણા લોકો પોતાના ગુરુને ભગવાનનું રૂપ માનતા હોય છે, એમ તમે પણ તમારા ગુરુને ભગવાન કહેતા હો એવું લાગે છે. ત્યારે માંચા ખાચરે કહ્યું : "મિત્ર ! હું માત્ર ગુરુની વાત નથી કરતો, પણ ગુરુરૂપે અવતરેલા સાક્ષાત ભગવાનની વાત કરું છું. સ્વામિનારાયણ કેવળ મારા ગુરુ નથી, પણ સર્વોપરી ભગવાન છે. સંતો અને ગુરુને ભગવાન કહેવા, એ તો લોકવ્યવહાર છે. આદર ખાતર સદ્ગુરુ માટે ભગવાનનો શબ્દપ્રયોગ થાય એ વાત અલગ છે, પણ સ્વયં

પરમાત્મા સદ્‌ગુરુરૂપે અવતરે એ વાત જ સાવ અલગ છે. સહજાનંદ સ્વામી ગુરુરૂપે સ્વયં પુરુષોત્તમ નારાયણ જ છે.''

હે ભક્તો ! માંચા ખાચરની વાત સાંભળી એભલ પરિવારને ગુરુ અને ગુરુરૂપે પ્રગટેલા પ્રગટ ભગવાનનો ભેદ સ્પષ્ટ સમજાઇ ગયો. વિશેષમાં માંચા ભક્તે કહ્યું : “મિત્ર ! મેં મારી નજરે સામુદ્રિક શાસ્ત્રમાં લખેલાં ભગવાનનાં ચિહ્નો પ્રગટ પ્રભુ સ્વામિનારાયણનાં શરીરમાં જોયાં છે.''

હે ભક્તો ! આવી માંચા ખાચરની વાત સાંભળી એભલ પરિવારને મહારાજ પ્રત્યે ભગવાનપણાનો નિશ્ચય થઇ ગયો અને કારિયાણી પ્રગટ પ્રભુ પધારે ત્યારે તુરંત સમાચાર આપવાનું જણાવ્યું. ત્યારબાદ મિત્રની રજા લઇ માંચા ખાચર કારિયાણી આવ્યા.

## પ્રગટ પ્રભુ કારિયાણા પધાર્યા

હે ભક્તો ! માંચા ખાચરને વચન આપ્યા મૂજબ શ્રીજી મહારાજ સંવત ૧૮૬૧માં પ્રથમવાર કારિયાણી પધાર્યા. તે સમયે માંચા ભક્તે પોતાનાં સગાં–વહાલાં આજુબાજુનાં ગામોમાં રહેતાં હતાં, તે સર્વેને કારિયાણી બોલાવ્યાં અને પ્રગટ પ્રભુનાં દર્શન કરાવી ભગવાનપણાનો નિશ્ચય કરાવી સત્સંગી બનાવ્યા.

હે ભક્તો ! માંચા ખાચર અને વસ્તા ખાચર દરરોજ શ્રીજી મહારાજનું પૂજન કરી ભારે–ભારે ભેટો ધરવા લાગ્યા અને પ્રગટ પ્રભુનો રાજીપો મેળવવા લાગ્યા. એક દિવસ મહારાજે માંચા ખાચરને કહ્યું : “દરબાર ! આ તમારા કારિયાણી ગામમાં માણસોને અને પશુઓને પાણી–પીવાની તકલીફ જણાય છે, માટે અમારે એક મોટું તળાવ કરાવવાની ઇચ્છા છે.''

હે ભક્તો ! સર્વ જીવ–પ્રાણીમાત્રને સુખ થાય એવા શ્રીહરિજીના આ શુભ સંકલ્પને સાંભળી તુરંત ઓરડામાં જઇ ધન લચાવીને મહારાજ આગળ મોટો ઢગલો કર્યો. મહારાજ પણ એમની ઉદારતા જોઇને ખૂબ રાજી થયા. પછી તો ત્યાં મોટું તળાવ ખોદાવ્યું અને તળાવમાં બે કૂવા ખોદાવી ‘રામકુંડ’ અને ‘ભીમકુંડ’ નામ પાડ્યાં. કૂવામાં મધુર જળ આવ્યું. તે મહારાજે પીધું અને પ્રસાદીનું તે કુંડમાં નાખ્યું. ચોમાસામાં વરસાદ થતાં આખું તળાવ પાણીથી ભરાઇ ગયું, તેથી પાણીની તંગી ઉનાળામાં પડતી હતી તે બંધ થઇ ગઇ.

હે ભક્તો ! પછી મહારાજે રંતીદેવ રાજાનું આખ્યાન કહી સૌને પરોપકાર કરવાનો સદ્‌બોધ આપ્યો. ત્યારબાદ ત્યાં મહાવિષ્ણુયાગ અને મહારુદ્રયાગ બે યજ્ઞો કરાવ્યાં આ રીતે માંચા ખાચરને રાજી કરી વસંત–ઉત્સવ કરી પ્રભુ ગઢપુર પધાર્યા.

## પત્ર વાંચી પરમહંસ બન્યા !

હે ભક્તો ! સામાન્ય લોકો માટે આ લોકના વૈભવ અને મોટાઇનો મોહ છોડવો અતિ અઘરો છે. જો પૂર્વના પ્રબળ સંસ્કાર હોય અને પ્રભુને પામવાનો ખરેખરો ખપ હોય, ત્યારે જ ભગવાનની કૃપા થાય અને જીવ સર્વ રીતે નિર્મળ બને છે.

હે ભક્તો ! માંચા ખાચરનું જીવન ઉત્તમ મુમુક્ષુને શોભે એવું હતું. સંસારમાં રહેવા છતાં નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન કરતા હતા અને જળમાં કમળ રહે એમ રહેતા હતા. આવા મહાન ભક્તોની સ્થિતિ સામાન્ય લોકો શું જાણી શકે ? જેથી બીજાઓને આવા ભક્તોની ખાતરી કરાવવા અને ભુજના સુંદરજી સુથારનું અભિમાન ઉતારવા માટે શ્રીજી મહારાજે સોરઠના ભાદરા ગામથી એક પત્ર લખ્યો. તેમાં અઢાર ભક્તોનાં નામ લખી પત્ર રવાના કર્યો. તેની નોંધ નિષ્કુળાનંદ સ્વામીએ ભક્ત ચિંતામણિમાં લીધી છે. :–

**“માંચા સુરા સોમલા અલૈયા, મુળુ નાજા માતરા મામૈયા;**
**અજા જીવા વીરદાસ વળી, લાધા કાળા કમળશી મળી.**
**એહ સર્વે તજી ઘરબાર, થાજ્યો પરમહંસ નિરધાર;**
**જેમ મોટા મોટા ઘર મેલી, ભજ્યા હરિ તજી જગરેલી.’’**

**- પ્રકરણ : ૫૪**

હે ભક્તો ! વીરદાસ પટેલે પત્ર લઇને માંચા ખાચરને આપ્યો. તે સમયે તેઓ વાડીએ બાર કોશીયો કૂવો ગળાવતા હતા. પત્ર ખોલીને વાંચ્યો. તેમાં લખેલું હતું, “પહેલું જ પોતાનું નામ ! આગળ મહારાજે લખેલ કે, “અઢાર ભક્તોને અમારી આજ્ઞા છે કે પાદર હો તો ગામમાં જશો નહિ, ગામમાં હો તો ઘેર જશો નહિ. ફળિયામાં હો તો ઘરમાં જશો નહિ! આ કાગળ વાંચી તરત જ કુંભારને ત્યાંથી ગેરુ લઇ આવી ભગવાં વસ્ત્રો કરી તે પહેરીને જેતલપુરમાં સ્વામી રામદાસજીને મળી કાશીની જાત્રા કરવા જજો.’’

હે ભક્તો ! શ્રીજી મહારાજે ઘેર જવાની ના કહી હતી એટલે ખેતરે રહીને ગામમાંથી ગેરુ મંગાવી, કપડાં રંગીને તે સુકાયાં એટલે પહેરીને જેતલપુર પહોંચી ગયા! ત્યાં બીજા ભક્તો પણ સાધુનાં વસ્ત્રો પહેરીને આવી ગયા, એટલે રામદાસ સ્વામીએ સર્વેને કાશીએ જવાની ના કહી. પછી બધા નવા પરમહંસોને લઇ ભુજ આવ્યા. કારણ કે મહારાજે રામદાસ સ્વામીને પત્ર દ્વારા જણાવ્યું હતું કે, 'નવા સંતોને લઇને તમો ભુજ આવજો.''

હે ભક્તો ! શ્રીજી મહારાજ નવા સંતોને જોઇને અતિ રાજી થયા. સુંદરજી ભાઇને પણ પોતાનું ગુમાન ઉતરી ગયું. થોડો સમય નવા સંતોને સાથે રાખીને પછી મહારાજે કહ્યું : "તમો મારાં વચને સાધુ બની ગયા છો, એ જ રીતે મારાં વચને તમો સૌ પાછા ઘેર જાઓ.'' કડુના કલ્યાણદાસને (અદ્ભૂતાનંદ સ્વામી) પોતાની પાસે રાખ્યા અને બાકીનાને ઘેર મોકલ્યા. તેમાં માંચા ખાચર પણ હતા.

## દુષ્કાળમાં સંતોને કારિયાણી રાખ્યા

હે ભક્તો ! ઘેર આવ્યા પછીય પણ માંચા ખાચર તો સંતો જેવું જ જીવન જીવતા હતા. એવામાં સંવત ૧૮૬૯ માં ભયંકર દુષ્કાળ પડ્યો. એ સમયે આટલી મોટી સંખ્યામાં રહેલા સંતોને ક્યાં રાખવા એ એક મોટો પ્રશ્ન હતો, કારણ કે ક્યાંય અન્ન-જળની સગવડ થાય એવું દેખાતું ન હતું.

હે ભક્તો ! આવા કપરા કાળમાં માંચા ખાચર અને એમના ભત્રીજા વસ્તા ખાચરે ઘણા સંતોને પોતાના દરબારગઢમાં રાખીને અન્ન-વસ્ત્રે કરીને સેવા કરી હતી. એ સમયે માંચા ખાચર પાસે અઢળક સંપત્તિ હતી અને ૫૦૦ કળશી અનાજ કોઠીઓમાં ભરેલું પડ્યું હતું. આ બધું જ સંતોના ઉપયોગમાં વાપરીને તેમણે શ્રીજી મહારાજ અને સંતોનો અપાર રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

## માંચા ખાચરના અચિંત્યાનંદ બન્યા

હે ભક્તો ! વસ્તા ખાચર માંચા ખાચરના ભત્રીજા હતા અને તેનાં ધર્મપત્ની સીતબાઇ માંચા ખાચરનાં ભાણી હતાં ! (દરબારોમાં એવો રિવાજ આજે પણ શરૂ છે. તેઓ મામા-ફઇનાં દીકરા-દીકરી લગ્ન કરી શકે છે.) સમય જતા સીતબાઇ બીમાર થયાં ને યુવાનવયે જ ધામમાં જતાં રહ્યાં.

હે ભક્તો ! પછી વસ્તા ખાચર બીજું લગ્ન કરવા તૈયાર થયા. તેથી માંચા ખાચર ઉઘાડી તલવાર લઇ તેને મારવા માટે પાછળ દોડ્યા. એટલે વસ્તા ખાચર તો દોડીને કોઇના ઘરમાં સંતાઇ ગયાં. પછી ગુપ્ત રીતે મહારાજ પાસે ગઢડા પહોંચી ગયા ને બધી વાત કરી. તેથી શ્રીજી મહારાજ તત્કાળ કારિયાણી પધાર્યા અને માંચા ખાચરને સમજાવીને કહ્યું : “બાપુ ! તમે તો એકવાર માયા– મમતા છોડી ત્યાગી થવા આવેલા અને અત્યારે શું કરી રહ્યા છો ? મારી ઇચ્છા છે કે તમો ફરીને સાધુ થઇ જાઓ.”

હે ભક્તો ! મહારાજે તેઓને દીક્ષા આપી ‘અચિંત્યાનંદ સ્વામી’નામ પાડીને સ્વરૂપાનંદ સ્વામીના મંડળ સાથે ગામડાઓમાં વિચરણ માટે મોકલી દીધા. અને પછી તેઓએ ઝાલાવાડ પ્રદેશમાં જઇ ઘણા મુમુક્ષુઓને સત્સંગી કરી મહારાજનો પાકો નિશ્ચય કરાવ્યો હતો.

## અચિંત્યાનંદ સ્વામીની પ્રશંસા

હે ભક્તો ! “થોડાં વર્ષ વીત્યાં બાદ અચિંત્યાનંદ સ્વામી બીમાર થયા. તેથી તેમની સેવામાં મહારાજે છ સંતો રાખ્યા હતા. પછી શ્રીજી મહારાજે અમદાવાદમાં નરનારાયણદેવ પધરાવ્યાં ને કાંકરીયા તળાવે બ્રાહ્મણોની ચોરાશી કરી ત્યારે અચિંત્યાનંદ સ્વામીને ત્યાં લાવ્યા હતા. પછી મહારાજ મંચ ઉપર ઊભા થઇને બોલ્યા હતા, જે “આ માંચા ખાચર અમારાં વચને સાધુ થયા ને અચિંત્યાનંદ બન્યા. પરંતુ તેમનું એવું પ્રારબ્ધ હતું કે, ‘રુંવાડે રુંવાડે જીવડાં પડે’ પરંતુ અમારું એમણે માન્યું તો તેમનું પ્રારબ્ધ ટળી ગયું. આ અચિંત્યાનંદ સ્વામીને કારણે ઝાલાવાડમાં સત્સંગ થયો છે, તે બધાયનું પુણ્ય આમને છે.” આ રીતે મહારાજે સ્વામીની વાત કરી હતી.

## અક્ષરધામ ગમન

હે ભક્તો ! અચિંત્યાનંદ સ્વામી છેલ્લે – છેલ્લે બામણગામમાં રહેતા હતા. એક દિવસ તેઓએ સર્વે સંતો અને સત્સંગીઓને બોલાવીને કહ્યું : “ધૂન

બોલવાની શરુ કરો. શ્રીજી મહારાજ મને તેડવા માટે પધાર્યા છે, તેથી તેઓ સાથે હું ધામમાં જાવ છું. તમો સૌ શિરસાટે સત્સંગ રાખજો.'' આ પ્રમાણે બોલી દેહ છોડી દીધો. પછી શ્રીજી મહારાજે તેઓને દિવ્યદેહ આપ્યો ને ધામમાં લઇ જઇને કાયમ માટે પોતાની સેવામાં રાખ્યા.

"કારિયાણીના ખાચર માંચો, જેનો સ્નેહ પ્રભુપદે સાચો;
તજી સંસાર સાધુ થયેલા, અચિંત્યાનંદ નામે રહેલા.
હતા તે સમે બામણગામ, તેણે દેહ તજ્યો તેહ ઠામ.''

- હ. મૃત.ક.૭ વિ.૬૨





# ૧૦. મહાનિષ્કામી મૂળજી બ્રહ્મચારી

**હે વહાલા ભક્તો !**

**મૂળજી બ્રહ્મચારી એટલે મછીયાવના કૃષ્ણજી બ્રાહ્મણના સુપુત્ર.**

**મૂળજી બ્રહ્મચારી એટલે નૈષ્ઠિક બ્રહ્મચારીઓમાં અગ્રગણ્ય બ્રહ્મચારી.**

**મૂળજી બ્રહ્મચારી એટલે રામાનંદ સ્વામીના અતિ કૃપાપાત્ર બ્રહ્મચારી.**

**મૂળજી બ્રહ્મચારી એટલે સ્વામિનારાયણ ભગવાનના કૃપાપાત્ર બ્રહ્મચારી.**

**મૂળજી બ્રહ્મચારી એટલે ધર્મકુળનાં બેનો–ભાઇઓના કૃપાપાત્ર બ્રહ્મચારી.**

**મૂળજી બ્રહ્મચારી એટલે શ્રીજી મહારાજની દરેક ક્રિયાને દિવ્ય જાણનારા બ્રહ્મચારી.**

**મૂળજી બ્રહ્મચારી એટલે રામાનંદ સ્વામીની આજીવન સેવા કરનારા બ્રહ્મચારી.**

**મૂળજી બ્રહ્મચારી એટલે શ્રીજી મહારાજની આજીવન સેવા કરનારા બ્રહ્મચારી.**

**મૂળજી બ્રહ્મચારી એટલે સંતો ભકતોનો રાજીપો મેળવનારા બ્રહ્મચારી.**

**હે ભક્તો ! મૂળજી બ્રહ્મચારીનો જન્મ અમદાવાદ જીલ્લાના સાણંદ તાલુકાના મછીયાવ ગામમાં સંવત ૧૮૨૨ માં થયો હતો. તેઓ ઔદિચ્ય બ્રાહ્મણ હતા. તેમના પિતાનું નામ કૃષ્ણજી અને માતાનું નામ રાયબા હતું.**

**હે ભક્તો ! રાયબાને સંતાન થતું ન હતું એટલે તેઓ અમરેલી જીલ્લાના લાઠીની બાજુમાં આવેલ ભૂરખીયા હનુમાનજીનાં દર્શન કરવાં ગયાં હતાં અને માનતા માની હતી. પછી ઘેર આવી હનુમાનજીનું પૂજન કરતાં હતાં. તેના કારણે એકવાર રાત્રીએ હનુમાનજી મહારાજે રાયબાના સ્વપ્નમાં આવીને કહ્યું: “રાયબા ! તમારે ત્યાં મહાન નૈષ્ઠિક બ્રહ્મચારી સંતાન થશે અને તેઓ પ્રગટ**

ભગવાનની આજીવન સેવા કરીને તેઓનો રાજીપો પ્રાપ્ત કરશે.'' આ પ્રમાણે કહી હનુમાનજી અદ્રશ્ય થઇ ગયા.

હે ભક્તો ! સમય જતા રાયબાને ત્યાં પુત્રનો જન્મ થયો અને મૂળજી નામ પાડ્યું. મૂળજી આઠ વર્ષના થયા ત્યારે ત્યાં રામાનંદ સ્વામી આવ્યા. તેઓએ ત્યાં સંવત ૧૮૨૯ માં મૂળજીનો ઉપવીત–સંસ્કાર કર્યો, તેથી મૂળજી રામાનંદ સ્વામીને ગુરુ તરીકે માનવા લાગ્યા.

હે ભક્તો ! સમય જતાં મૂળજી અઢાર વર્ષના થયા. તેઓ સ્વરૂપવાન અને મોટી આંખોવાળા હતા. એકવાર યજમાનની દીકરીને તેડવા એના સાસરે મૂળજીને મોકલ્યા. તેડીને આવતા રસ્તામાં એક ધર્મશાળામાં રાત્રી–ઉતારો કર્યો. રાત્રીએ પેલી યુવતી મૂળજીનું રૂપ જોઇ મોહ પામી. તેથી મૂળજી સૂતા હતા ત્યાં આવી, એટલે સમજાવીને ઓરડામાં મોકલી દીધી. રાત્રે ફરી આવીને પોતાની ઇચ્છા પ્રગટ કરી. ત્યારે મૂળજીએ એને ઉપદેશ આપીને ઓરડીમાં સુવડાવી દીધી.

હે ભક્તો ! મૂળજીએ મનોમ નક્કી કર્યું: “હવે સંસાર છોડી રામાનંદ સ્વામી પાસે જાઉં અને કાયમ માટે ત્યાંજ રોકાઇ જાઉં, નહિતર આવાં બૈરાંઓ મને નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રત પાળવામાં વિઘ્ન કરશે.'' પછી ઘેર આવીને સંસાર છોડવાના વિચાર કરવા લાગ્યા.

## મૂળજીમાંથી મુકુંદાનંદ વર્ણી

હે ભક્તો ! થોડા સમય બાદ મૂળજીના પિતા કૃષ્ણજીનું અવસાન થયું. પછી મૂળજીના આગ્રહના કારણે તેમની માતા રાયબા જેતપુર અને લોજ આવી રામાનંદ સ્વામીને પોતાનો દીકરો સમર્પણ કર્યો; તેથી મૂળજી તો રાજી રાજી થઇ ગયા. પછી પ્રેમથી ગુરુદેવની સેવા કરવા લાગ્યા અને રામાનંદ સ્વામીની અનુવૃત્તિમાં રહેવા લાગ્યા.

હે ભક્તો ! મૂળજીને લઇ રામાનંદ સ્વામી અગતરાઇમાં પોતાના કૃપાપાત્ર શિષ્ય પર્વતભાઇને ઘેર આવ્યા ને તેમને કહ્યું : “ પર્વતભાઇ ! આ મુમુક્ષુને દીક્ષા આપવી છે, માટે એ નિમિત્તે ઉત્સવ કરીએ.” પર્વતભાઇએ યજમાનપદ સ્વીકાર્યું, તેથી તેમને ઘેર સંવત ૧૮૪૦માં મૂળજીને દીક્ષા આપી “મુકુંદાનંદ વર્ણી” નામ પાડ્યું.

હે ભક્તો ! ગુરુએ મુકુંદાનંદ નામ પાડ્યું હોવા છતાં ગુરુ અને સંતો–ભક્તો તો મૂળજી બ્રહ્મચારી કહીને જ બોલાવતા હતા. તેમણે મહાદીક્ષા લીધી ત્યારે તેમની ઉંમર ૧૮ વર્ષની હતી. પછી તો મૂળજી બ્રહ્મચારી ગુરુની સેવામાં અખંડ રહેવા લાગ્યા. સંવત ૧૮૪૦ થી સેવામાં જોડાયા તે ૧૮૫૮ માં રામાનંદ સ્વામી ધામમાં ગયા ત્યાં સુધી સતત ૧૮ વર્ષ સેવામાં વીતાવ્યા. અને સંવત ૧૮૫૮ થી શ્રીજી મહારાજની સેવામાં જોડાયા તે સંવત ૧૮૮૬ માં મહારાજ ધામમાં ગયા ત્યાં સુધી છાયાની જેમ, મહારાજની અનુવૃત્તિમાં રહી સતત ૨૮ વર્ષ સુધી સેવા કરી પ્રગટ પ્રભુનો અપાર રાજીપો મેળવી લીધો હતો.

## પ્રદક્ષિણામાંથી પડતું મેલ્યું !

હે ભક્તો ! મૂળજી બ્રહ્મચારીને શ્રીહરિજી ઉપર અપાર હેત હતું. તેનો એક પ્રસંગ સાંભળો. એક સમયે શ્રીહરિજી મહારાજ વરતાલમાં સભા કરીને બેઠા હતા. તે સમયે મહારાજને તરસ બહુ લાગી. સભા નીચે હતી અને મૂળજી બ્રહ્મચારી મંદિરની ઉપર પ્રદક્ષિણામાં બેઠા હતા.

હે ભક્તો ! તે સમયે શ્રીજી મહારાજે સાદ કર્યો : “ક્યાં ગયા બ્રહ્મચારી? ઓ મૂળજી બ્રહ્મચારી ! અમોને તરસ ખૂબ લાગી છે. પાણી વિના મારું ગળું સુકાઇ ગયું છે, માટે જલદી પાણી લાવો.’’

હે ભક્તો ! પ્રદક્ષિણામાં બેઠેલા મૂળજી બ્રહ્મચારીએ સાંભળ્યું ને તેઓ પણ આકળા થઇ ગયા. તેમણે મનોમન વિચાર્યું : “ફરીને દાદર ઉતરવા જઇશ તો વાર લાગશે, માટે અહીંથી જ ઝંપલાવું એટલે પાણી લાવતા વાર ન લાગે.”

હે ભક્તો ! આવું વિચારીને તુરંત બાર ફૂટ ઊંચી વરતાલની પ્રદિક્ષણા ઉપરથી પોતાનું શરીર પાછળના ચોકમાં પડતું મેલ્યું ! અને દોડીને ઠંડા પાણીનો લોટો ભરીને મહારાજ પાસે લાવ્યા. પછી મહારાજે પાણી પીધું અને બોલ્યા : “આ બ્રહ્મચારીને મારા ઉપર હેત છે, એવું પોતાના દેહમાં પણ નથી.

## ઉનાળામાં ઉઘાડા પગે ચાલીને આવ્યા

હે ભક્તો ! શ્રીજી મહારાજે ઘણીવાર સંતો અને હરિભક્તોની કસોટીઓ પણ લીધેલ છે. એ નિયમ મૂજબ મૂળજી બ્રહ્મચારીની પણ કસોટી લીધી હતી, તે પ્રસંગ જોઇએ

એક વખત શ્રીહરિજી ગુણાતીતાનંદ સ્વામીની જન્મભૂમિ ભાદરામાં પધાર્યા હતા. ત્યાં મહારાજે કહ્યું : "બ્રહ્મચારી ! અમારી મોજડીને તેલ ચોપડીને કુણી કરવી છે, માટે તેલ ચોપડો; પણ તમે જ ચોપડજો, બીજા કોઇને ચોપડવા દેશો નહિ.''

હે ભક્તો ! શ્રીહરિજીની આજ્ઞા થતાં જ મૂળજી બ્રહ્મચારી મહારાજની મોજડી લઇને તેલ ચોપડવા લાગ્યા. ત્યાં વશરામ સુથારે આવીને એ સેવા આપવા વિનંતી કરી, તેથી બ્રહ્મચારીએ મોજડી આપી. પછી મહારાજે બહાર આવીને જોયું તો વશરામ ભક્તને તેલ ચોપડતા જોયા, તેથી ગુસ્સે થઇને બ્રહ્મચારીને કહ્યું : "તમોએ અમારી આજ્ઞા લોપી છે, માટે અહીંથી ગુજરાતમાં જતા રહો. ત્યાં ઘી–ગોળ ખાતા નહિ અને પગમાં જોડા પહેરતા નહિ.''

હે ભક્તો ! ત્યારે દંડવત કરીને બ્રહ્મચારી જેતલપુરમાં રામદાસ સ્વામી પાસે આવીને રહેવા લાગ્યા, પણ અંતરમાં દુઃખ રહ્યા કરે કે, "અરે, મહારાજની સેવા મળતી બંધ થઇ ગઇ, મહારાજ કૃપા કરીને સેવામાં રાખે તો સારું.'' તે સમયે ડભાણના હરિભક્તો પાકી કેરીના ટોપલા લઇને જેતલપુર આવ્યા. તેથી રામદાસ સ્વામી બોલ્યા : "આ કેરી તો મહારાજ જમે એવી સરસ છે, પણ આ તાપમાં કોણ દેવા જાય ?'' તુરંત મૂળજી બ્રહ્મચારી બોલ્યા : "હું જઇશ, મને સેવાનો લાભ આપો." છ મહિનાથી મને મહારાજનાં દર્શન થયાં નથી.

હે ભક્તો ! આ પ્રમાણે કહી કેરીનો મોટો ટોપલો માથે ઊંચકી ઉનાળાના તાપમાં ખુલ્લા પગે ૬૦ ગાઉ ચાલીને ગઢડા આવી શ્રીજી મહારાજ આગળ મુકી 'જય સ્વામિનારાયણ' બોલ્યા; તો પણ મહારાજ બોલ્યા નહિ. પછી બ્રહ્મચારીને જમવા માટે એક સુથાર માજી લઇ ગયા ને પાકું સીધું આપ્યું, પણ બ્રહ્મચારી કેવળ બાટી કરીને જમ્યા ને કહ્યું : "મહારાજે મને ગળ્યું–ચીકણું ખાવાની ના કહી છે અને ઉઘાડા પગે જ ચાલવાનું કહ્યું છે. માજી ! હું સાઠ ગાઉં તાપમાં ઉઘાડા પગે ચાલીને માથે દોઢ મણ કેરી ઉપાડીને મહારાજ માટે લાવ્યો ને જય નારાયણ બોલ્યો, તો પણ મહારાજે મને જય નારાયણ ન કહ્યા ને કાંઇ બોલ્યા પણ નહિ."

હે ભક્તો ! આવું સાંભળી તુરંત બ્રહ્મચારીને સાથે લઇને મહારાજ પાસે આવી માજી ખીજાવા લાગ્યા : "મહારાજ ! તમે આવા નિર્દય કેમ થઇ ગયા

છો ? આવા તાપમાં ઉઘાડા પગે ચાલીને તમારા માટે કેરીઓ લઇને આ બિચારા બ્રહ્મચારી આવ્યા, તોય એની સાથે બોલતા નથી ?" ત્યારે મહારાજ કહે : 'અમે કયાં ના પાડીએ છીએ.' પછી બ્રહ્મચારીએ કેરીનો રસ કાઢીને આપ્યો તે મહારાજ જમ્યા અને કાયમ માટે બ્રહ્મચારીને સેવામાં રાખી લીધા.

## સ્વપ્નમાં પણ સેવામાં !

હે ભક્તો ! એકવાર શ્રીજી મહારાજે એવો નિયમ બનાવ્યો કે, 'જે કથામાં કોઇ સાધું કે ગૃહસ્થ ઊંઘે તો તેને બેરખો મારવો અને તે બેરખો લઇને ઊભા થઇને મહારાજને આપવા જવાનો.' પછી તો જે જે સંતો કે હરિભક્તોને કથામાં ઊંઘ આવે તેને મહારાજ બેરખો મારે ને ઊભા થઇને તે મહારાજને આપી આવે.

હે ભક્તો ! આ ક્રમ ચાલતો હતો. તેમાં એક દિવસ સાંજે કથામાં મૂળજી બ્રહ્મચારી ઊંઘવા લાગ્યા. તેઓ શ્રીજી મહારાજની બાજુમાં જ બેઠા હતા. તેમના નાકમાંથી અવાજ આવતો હતો, છતાં પણ મહારાજે તેમને ઉઠાડ્યા નહિ. ત્યારે બ્રહ્માનંદ સ્વામી બોલ્યા : "મહારાજ ! આ બ્રહ્મચારી પાડીની જેમ નાખોરા બોલાવે છે, તોય કેમ નથી જગાડતા ? તમે તો પક્ષપાત કરો છો."

હે ભક્તો ! ત્યારે શ્રીજી મહારાજ કહે : "એ ઊંઘે છે એવું લાગે છે, પણ એતો સ્વપ્નમાં પણ અમારી સેવામાં રહે છે, તમને ખોટું મનાતું હોય તો જુઓ." આ પ્રમાણે કહીને મહારાજે બ્રહ્મચારીને બેરખો માર્યો. ત્યાંતો એકદમ ઝબકીને બ્રહ્મચારી ઊભા થયા અને શ્રીજી મહારાજને ઊંચકીને દોડવા લાગ્યા ! આવું જોઇ સભા તો આશ્ચર્યવત જોઇ રહી.

હે ભક્તો ! ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા : "બ્રહ્મચારી ઓ બ્રહ્મચારી ! શું કરો છો ? અમને કયાં લઇ જાઓ છો ?" મહારાજના શબ્દો સાંભળી બ્રહ્મચારી જાગી ગયા ને મહારાજને નીચે બેસાર્યા. મહારાજે આવું કરવાનું કારણ પૂછતા મૂળજી બ્રહ્મચારી બોલ્યા : "પ્રભુ ! આપ બેઠા હતા ત્યાં અચાનક આગ લાગી. ત્યાં તમે દાઝી જાઓ એટલે હું તમોને ઉંચકીને ભાગ્યો, તેથી તમો દાઝો નહિ. મને આવું દેખાયું હતું." ત્યારે મહારાજે સૌને કહ્યું : "આ મૂળજી બ્રહ્મચારી જાગ્રત અવસ્થામાં તો અમારી સેવામાં રહે જ છે, પણ સ્વપ્ન–અવસ્થામાં પણ સેવામાં હોય છે, આવા તે મહાન છે."

## શ્રીહરિજીએ મૂળજી બ્ર.નો વચનામૃતમાં મહિમા કહ્યો

હે ભક્તો ! વચનામૃતમાં મૂળજી બ્રહ્મચારીનો કોઇ પ્રશ્ન નથી, પરંતુ શ્રીહરિજીએ તેમની નિષ્ઠા અને સેવાને ખૂબ વખાણી છે. ગઢડા–મધ્યના બાવનમાં વચનામૃતમાં સ્વયં શ્રીજી મહારાજ કહે છે કે, “મુકુંદ બ્રહ્મચારી તથા રતનજી એ બે મુંઝાતા નથી, તો એમની સાથે અમારે ઘણું બને છે.”

હે ભક્તો ! ગઢડા અંત્યના ૨૬ માં વચનામૃતમાં પણ શ્રીજી મહારાજ કહે છે કે, “જેમ મયારામ ભટ્ટ છે તથા મૂળજી બ્રહ્મચારી છે તથા નિષ્કુળાનંદ સ્વામી છે; એવી જાતના જે હોય તેને સ્ત્રી–ધનાદિક પદાર્થનો યોગ થાય તો પણ એ ડગે નહિ.”

હે ભક્તો ! ગઢડા પ્રથમના ૭૩ માં વચનામૃતમાં મહારાજ કહે છે : “આ મુકુંદ બ્રહ્મચારી છે તે ભોળા જેવા જણાય છે, તો પણ અમારા સ્વભાવને યથાર્થ જાણે છે જે ‘મહારાજ તો આકાશ જેવા નિર્લેપ છે અને એમને કોઇ પોતાનું પણ નથી અને પારકું પણ નથી.’ અને એવી રીતે જો અમારા સ્વભાવને જાણે છે તો જેવા ઇશ્વરમાં ગુણ હોય તેવા ગુણ બ્રહ્મચારીમાં વર્તે છે. અને અંતર્યામી સૌમાં રહ્યા છે તે બાઇભાઇને મનમાં એમ સમજાવે છે જે, ‘બ્રહ્મચારીમાં કોઇ વાતની ખોટ્ય નથી.”

હે ભક્તો ! ગઢડા મધ્યના ૪૭ માં વચનામૃતમાં શ્રીજી મહારાજ એવું બોલ્યા છે કે, “જેમ અમારી ચાકરી મૂળજી બ્રહ્મચારી માહાત્મ્ય જાણીને કરે છે, તેમ અમે પણ બ્રહ્મચારીનું માહાત્મ્ય જાણીએ છીએ.”

હે ભક્તો ! વળી શ્રીજી મહારાજ ગઢડા મધ્યના ૩૩ માં વચનામૃતમાં પણ કહે છે : “આ મૂળજી બ્રહ્મચારી છે તે અતિશય દ્રઢ નિષ્કામી છે, તો અમને એની કરેલી સેવા અતિશય ગમે છે અને બીજો કોઇ સેવા –ચાકરી કરે તો તે એવી ગમતી નથી.”

હે ભક્તો !કારિયાણીના છઠ્ઠા વચનામૃતમાં શ્રીજી મહારાજ કહે છે : “અમારા સ્વભાવને તો મૂળજી બ્રહ્મચારી ને સોમલો ખાચર એ આદિક જે હરિજન છે તે કેટલાંક વર્ષથી અમારે પાસે ને પાસે રહે છે તે જાણે છે જે, મહારાજને એક પ્રભુના ભક્ત વિના કોઇ સંઘાથે હેતસંબંધ નથી.”

હે ભક્તો ! વળી અમદાવાદનાં ત્રીજાં વચનામૃતમાં પણ શ્રીજી મહારાજ કહે છે કે, "મૂળજી બ્રહ્મચારી ને રતનજી એ અતિશય ક્યાં ડાહ્યા છે ? પણ કલ્યાણનો ખપ અતિશય છે; માટે ભગવાન જેમ રાજી થાય, તેમ એમને કરતા આવડે છે ખરું."

હે ભક્તો ! સત્સંગિજીવનમાં પણ શતાનંદ સ્વામીએ મૂળજી બ્રહ્મચારીને યાદ કરતા લખ્યું છે કે, "પવિત્ર જીવનવાળા મુકુદાનંદ બ્રહ્મચારી શ્રીહરિજીની સમય સમય પ્રમાણે બધી જ સેવા કરતા." – સ.જી.પ્ર.–અ.–૨

હે ભક્તો ! શિક્ષાપત્રી શ્લોક ચોથામાં પણ શ્રીજી મહારાજ લખે છે : "મુકુન્દાનંદ મુખ્યાશ્ચ નૈષ્ઠિક બ્રહ્મચારિણઃ" અર્થાત્ અમારા આશ્રિત એવા જે મુકુંદાનંદ આદિક નૈષ્ઠિક બ્રહ્મચારી..."

હે ભક્તો ! 'નંદમાળા' માં મંજુકેશાનંદ સ્વામી લખે છે :–

"મુકુંદાનંદ મોટા બ્રહ્મચારી, મારુતિ આપ થયા અવતારી;
જેણે કરી સેવા સ્વામીની પ્રીતે, રહ્યા હરિ આગે હાજર શુભ રીતે.''

હે ભક્તો ! સંપ્રદાયમાં બે મહાપૂજા થાય છે : એક તો ગોપાળાનંદ સ્વામીની અને બીજી અખંડાનંદ વર્ણીની : એમાં અખંડાનંદ વર્ણીએ મહાપૂજામાં દ્વિતીય આવરણમાં પ્રથમ જ મૂળજી બ્રહ્મચારીનું નામ લખેલ છે : 'ૐ મુકુંદાનંદ વર્ણીન્દ્રાય નમઃ ...'

"મુકુંદાનંદાખ્ય પ્રગટ પ્રભુના પૂજક સદા,
નમું તેને નિત્યે મહંતગુરુ જાણી મનમુદા;
વિરાજે વર્ણીન્દ્ર પ્રમુખ હરિના સેવક વિશે,
કૃપાકારી ભારી અનઘ અવિકારી દિલ દીસે."

- હરિલીલામૃત ક.વિ. ૧

## મૂળજી બ્રહ્મચારીનું ધામગમન

હે ભક્તો !શ્રીજી મહારાજને મૂળજી બ્રહ્મચારીએ અનેક પ્રકારે સેવા કરીને ખૂબ રાજી કરેલ છે. ધર્મકૂળની સેવા કરીને સુવાસિનીબા વગેરેને પણ ખૂબ રાજી કર્યા હતા. દાદાખાચર, જીવુબા અને લાડુબા વગેરે એભલ પરિવારને પણ રાજી કર્યા હતા. સંપ્રદાયના ગ્રંથોમાં બ્રહ્મચારીના અનેક પ્રસંગો લખાયેલા છે, માટે અહીં વિસ્તાર કરતો નથી.

હે ભક્તો ! શ્રીજી મહારાજ અને મૂળજી બ્રહ્મચારીનું ચિર સ્મરણ રહે તે હેતુથી ગઢડામાં ગોપીનાથજી મહારાજ અને તેમની સેવક તરીકે હનુમાનજીની મૂર્તિ પધરાવી અને તે વખતે શ્રીહરિજીએ કહ્યું હતું કે, "હનુમાનજી નૈષ્ઠિક બ્રહ્મચારી છે અને અમારા સેવક છે. આ ગોપીનાથજી તે મારું સ્વરૂપ છે અને હનુમાનજી તે મૂળજી બ્રહ્મચારીનું સ્વરુપ છે. આ પ્રમાણે કહી મહારાજે મુકુંદવર્ણીનું માહાત્મ્ય સમજાવ્યું.

હે ભક્તો ! મૂળાનંદ અને સહજાનંદની જોડ બતાવી મહારાજે બ્રહ્મચારી પ્રત્યે આત્મીયતા બતાવી છે. દહીંમાં અડદની દાળ નાખી, તે જમી ગયા તોય ખ્યાલ ન આવ્યો; એ બ્રહ્મચારીની બ્રાહ્મી સ્થિતિ જણાય છે. એક માજીના અડધા રૂપિયાના દાનમાં પણ રાજીપો આપી દીધો એ બ્રહ્મચારીમાં નિર્લોભતા દેખાય છે. ગ્રામ્યકથા કે રામકથા બધું સમાન લાગ્યું એ એમની સ્થિતિની પરાકાષ્ટા જણાય છે. મહારાજ રસ્તે ચાલતા થાકી જાય, એટલે પોતાને ખંભે બેસાડી દે એ આદર્શ સેવકતા બતાવી છે. માનસી–પૂજામાં પણ પ્રત્યક્ષની જેમ બોલી–બોલીને મહારાજને જમાડે, એ એમની પ્રત્યક્ષની ભાવના બતાવે છે.

હે ભક્તો ! શ્રીજી મહારાજની આજ્ઞાથી મૂળજી બ્રહ્મચારીએ ગોપીનાથજી મહારાજનું મંદિર છોવરાવ્યું. (પ્લાસ્ટર કરાવ્યું.) પછી સમાધિવાળા અમૃતબાઇ દ્વારા ધામમાંથી મહારાજે કહેવડાવ્યું કે, 'બ્રહ્મચારીને હજુ ક્યાં સુધી રહેવું છે ?' આ સમાચાર મૂળજી બ્રહ્મચારીને મળતાં જ તેઓ ધામમાં જવા તૈયાર થઇ ગયા!

હે ભક્તો ! આષાઢી સંવત ૧૯૦૨ ભાદરવા માસની અમાસે સૌને કહીને શ્રીજી મહારાજ સાથે અક્ષરધામમાં પહોંચી ગયા. ત્યારે તેમની ઉંમર ૮૦ વર્ષની હતી. તે દિવસે ગ્રહણ થવાનું હતું, તે ન થયું. પછી તેમના દેહને ઘેલા કાંઠે ઓરિયાના આરે ભક્તિબાગ પાછળ અગ્નિ–સંસ્કાર કર્યો. હાલ ત્યાં ઓટો છે.



# ૧૧.
# ભૂજવાળાં લાધીબાઈ

હે વહાલા ભક્તો !

લાધીબા એટલે કાયસ્થ જ્ઞાતિમાં જન્મેલાં મુક્તાત્મા.

લાધીબા એટલે રામાનંદ સ્વામીનાં કૃપાપાત્ર ભક્ત.

લાધીબા એટલે સમાધિનિષ્ઠ–ભૂજનાં મહાન સ્ત્રી ભક્ત.

લાધીબા એટલે પ્રભુ–આજ્ઞા પાળવા લોકલાજ છોડનાર ભક્ત.

લાધીબા એટલે કચ્છ દેશના સ્ત્રી–સમાજનાં આગેવાન ભક્ત.

હે ભક્તો ! કચ્છ પ્રદેશમાં અનેક સ્ત્રી – ભક્તો થયેલાં છે. તેમાં પણ ભૂજ નગરમાં જન્મેલા લાધીબાની વાત તો કાંઈ અલગ જ છે. આશેર ૨૫૦ વર્ષ પહેલાં ભૂજમાં લાધીબાનો જન્મ થયો હતો. તેઓના પિતાનું નામ નથુભાઈ હતું. તેઓ જ્ઞાતિએ કાયસ્થ હતાં અને તેઓની અટક મહેતા હતી. તેમને એક બહેન અને ત્રણ ભાઈઓ હતા. તેઓનાં નામ શિવરામ, નારાયણ અને હરિજીવન હતાં.

હે ભક્તો ! કચ્છના તે સમયના રીતરિવાજ પ્રમાણે અને જ્ઞાતિ રિવાજ પ્રમાણે લાધીબાનાં લગ્ન નાનપણમાં જ થઈ ગયાં હતાં. પરંતુ લગ્ન પછી ફક્ત ત્રણ વર્ષ સુધી જ તેમનો સંસાર ચાલ્યો હતો અને એ સમયમાં જ લાધીબાના પતિ મૃત્યુ પામ્યા હતા ! અર્થાત્ લાધીબા બાળ–વિધવા હતાં અને અખંડ – બ્રહ્મચારીણી હતાં.

હે ભક્તો ! રામાનંદ સ્વામી અવાર – નવાર ભૂજ જતા ત્યારે લાધીબા તેઓની મર્યાદા પ્રમાણે સેવા કરતા અને કથા–વાર્તા સાંભળતાં હતાં. તેઓને રામાનંદ સ્વામીને રાજી કરી લીધા હતા, તેના કારણે તેઓની કૃપાથી તેઓ સમાધિ–સ્થિતિને પામ્યાં હતાં.

હે ભક્તો ! સમય જતા રામાનંદ સ્વામી ધામમાં ગયા અને ઉદ્ધવ સંપ્રદાયની ગાદીએ સ્વામિનારાયણ ભગવાન બિરાજમાન થયા. થોડા સમય બાદ મહાપ્રભુ કચ્છના ભક્તોને દર્શન દેવા માટે કચ્છનાં ગામડાંઓમાં વિચરણ કરતાં – કરતાં ભૂજનગર પધાર્યા.

હે ભક્તો ! શ્રીજી મહારાજે ભૂજમાં ગંગારામ મલ્લના ઘેર ઉતારો કર્યો અને ત્યાંના ભક્તોને દર્શનનું સુખ અને આશીર્વાદનું સુખ આપ્યું. એક દિવસ મહારાજે ગંગારામ ભક્તને પૂછ્યું: "ગંગારામ! અમો ઘણા દિવસથી ભૂજ આવ્યા છીએ, પણ હજુ સુધી લાધીમા દર્શને કેમ આવ્યાં નથી ! તમે તપાસ કરાવો. "

## લાધીમાને શ્રીહરિજીનો નિશ્ચય

હે ભક્તો ! મહારાજના પૂછવાથી ગંગારામ મલ્લ લાધીમાના ઘેર ગયા અને કહ્યું : "શ્રીજી મહારાજ ઘણા દિવસથી મારે ઘેર પધાર્યા છે અને તમોને યાદ કરે છે. ભૂજના બધાં જ સત્સંગીઓ બાઈઓ ને ભાઈઓ તેમનાં દર્શન કરવાં આવી ગયાં છે, તમે એકલાં જ બાકી છો, માટે દર્શન કરી જાઓ. આજે તો સ્વયં શ્રીજી મહારાજે મને તમને બોલાવવાં મોકલ્યો છે, માટે ચાલો."

હે ભક્તો ! ગંગારામ મલ્લની વાત સાંભળી લાધીમા કેફ ભર્યા અવાજે બોલ્યાં :"સ્વામી તો એક રામાનંદ. હું તો ગુરૂદેવ રામાનંદ સ્વામીને ભગવાન માનું છું અને એમની કૃપાથી કૃતાર્થ થઈ ગઈ છું અને સમાધિની સ્થિતિને પામી છું, માટે મારે અન્ય વ્યક્તિનાં કે અન્ય મહારાજનાં દર્શન કરવાની જરૂર નથી."

હે ભક્તો ! ગંગારામ મલ્લે આવીને શ્રીજી મહારાજને લાધીમાની નિષ્ઠાની વાત કરી, એટલે રામાનંદ સ્વામી પ્રત્યેની નિષ્ઠાથી પ્રભુ પ્રસન્ન થયા અને ફરી કહેવરાવ્યું કે, "માને જઈને કહો કે તમેય રામાનંદ સ્વામીનાં શિષ્યા છો અને અમેય રામાનંદ સ્વામીના શિષ્ય છીએ. તેથી આપણે ગુરુભાઈ કહેવાઈએ, માટે મળવા આવો."

હે ભક્તો ! શ્રીજી મહારાજનો આ પ્રમાણેનો સંદેશ સાંભળી ગુરુભાઈ તરીકે મળવા માટે લાધીમા ગંગારામ મલ્લને ઘરે આવ્યાં. આવીને તેમણે શ્રીજી

મહારાજને બે હાથ જોડી નમસ્કાર કર્યા. જવાબમાં મહારાજ પણ જય સ્વામિનારાયણ બોલ્યા.

હે ભક્તો ! રામાનંદ સ્વામીની પૂર્ણ મહિમાથી લાધીમાએ સેવા કરી હતી, તેથી શ્રીજી મહારાજને લાધીમાનું આત્યંતિક કલ્યાણ કરવું હતું, તેના કારણે મહાપ્રભુએ લાધીમા તરફ કરૂણા દૃષ્ટિથી જોયું, તરત તેઓને સમાધિ થઈ ગઈ અને અક્ષરધામમાં ગયાં ! ત્યાં લાધીમાએ મનુષ્યદેહધારી મહારાજના સ્વરૂપને દિવ્ય સિંહાસન ઉપર બેઠેલ જોયું અને રામાનંદ સ્વામીને મહારાજની સેવામાં જોયા ! એટલે તેમને આશ્ચર્ય થયું. ત્યારે રામાનંદ સ્વામીએ કહ્યું : "લાધીબાઈ ! અમે તો ઘણીવાર કહેતા હતા, એ આ સહજાનંદ સ્વામી છે, એ સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમ નારાયણ છે, માટે એની આજ્ઞામાં રહેજો ને એમની નિષ્ઠા કરજો."

હે ભક્તો ! ગુરુનાં વચનો સાંભળીને અને અક્ષરધામનાં દિવ્યસુખના અનુભવથી લાધીમાનાં અંતરચક્ષુ ખૂલી ગયાં. પછી સમાધિમાંથી ઉઠીને પ્રભુની પ્રાર્થના કરીને પાકી નિષ્ઠા કરી મહારાજની આજ્ઞા પ્રમાણે રહેવાં લાગ્યાં.

## બાવાનો દંભ ખુલ્લો પાડ્યો

હે ભક્તો ! શ્રીજી મહારાજ પોતાના ભક્તોના ભાવને કારણે ઘણીવાર ભૂજમાં પધારતા હતા. એકવાર શ્રીહરિજી મહારાજ ભૂજનગર આવીને હીરજીભાઈ સુથારને ત્યાં રોકાયા હતા. ત્યારે સત્સંગીઓને ખ્યાલ આવતા તેઓ મહારાજનાં દર્શને પધારતા અને કથા–વાર્તા સાંભળી સંતોનો પણ સમાગમ કરતા. મહારાજ તેઓને દર્શનનું અને કથા–વાર્તાનું સુખ આપી તેઓનાં ઘેર પધરામણીએ જઈ હરિભક્તોને રાજી કરતાં.

હે ભક્તો ! એક દિવસ શ્રીજી મહાપ્રભુ હીરજીભાઈના ઘેર સભા કરીને વિરાજમાન હતા. તે સમયે એક અફિણનો બંધાણી બ્રહ્મચારી અફિણ ખાઈને મહારાજ પાસે આવ્યો અને આંખો બંધ કરીને જાણે કે સમાધિમાં બેઠો હોય એમ બેસી ગયો.

હે ભક્તો ! ત્યારે અજાણ્યા થઈને મહારાજે પૂછ્યું : "આ શું કરે છે ? આંખો બંધ કરીને ધ્યાનમાં બેઠા છે કે શું ?" ત્યારે કોઈએ કહ્યું : "આ બ્રહ્મચારી તો સમાધિમાં ગયા છે. હવે તેને બરાબર સમાધિ થઈ ગઈ છે."

હે ભક્તો ! તે સમયે ત્યાં લાધીબા આવ્યાં ને પંચાંગ પ્રણામ કરી મહારાજને ‘જય સ્વામિનારાયણ ’કહીને સભામાં બેઠાં. ત્યારે શ્રીજી મહારાજ કહે : “લાધીમા ! તમે સમાધિ કરો.” આ પ્રમાણે કહીને મહારાજે તેમને ધામમાં મોકલી દીધાં ને પછી સળગતી સગડીમાંથી ચીપીયા વડે ઝલતો અંગારો લઈ લાધીબાઈના હાથનાં કાંડાં ઉપર મૂક્યો ! એટલે કાંડું ખદખદ થાવાં લાગ્યું!

હે ભક્તો ! પછી શ્રીજી પ્રભુ બોલ્યા : “હવે બીજો સળગતો લાલ કોલસો લઈને આ બ્રહ્મચારીનાં કાંડા ઉપર મૂકો, એટલે ખ્યાલ આવે કે સમાધિ કરે છે કે દંભ કરે છે. ”

હે ભક્તો ! આવું સાંભળ્યું ત્યાં તો બ્રહ્મચારીની બન્ને આંખો ખુલી ગઈ ને બોલ્યો :“હે મહારાજ ! આપ તો ભગવાન છો, અમે તો પામર જીવ કહેવાઈએ.” આ પ્રમાણે બોલી પ્રભુને પગે લાગીને જતો રહ્યો.

હે ભક્તો ! ત્યારબાદ શ્રીજી મહારાજે લાધીબાને સમાધિમાંથી જગાડ્યાં ને હાથ ઉપર અંગારો હતો તે હેઠો પાડી નાખ્યો. પછી મહારાજ બોલ્યા :“પેલો બ્રહ્મચારી ઢોંગી હતો એટલે અંગારો મૂકવાની વાત કરી એટલે આંખો ઉઘાડીને જતો રહ્યો અને આ લાધીમાની સમાધિ સાચી છે, તેથી તેઓ એમને એમ બેસી રહ્યાં.”

હે ભક્તો ! આ રીતે લાધીમા અનેકવાર સમાધિ કરીને અક્ષરધામમાં જતાં અને શ્રીજી મહારાજનાં અને મુક્તોનાં દર્શન કરી ધામનું દિવ્ય સુખ પ્રાપ્ત કરી દિવ્યાનંદ ભોગવતાં હતાં.

## લાધીબાએ અન્નકૂટોત્સવ કરાવ્યો

**“મેતા નથુ સુત શિવરામ, હરજીવન બેન લાધી નામ;**
**મહા મુક્ત દશા એ સહુની, ભક્ત ભોજા આદિ બહુ સોની.**
**એહ આદિ જન બીજા અપાર, રહે ભુજનગરની મોઝર;**
**સત્સંગે રંગે રાતા રહે, મુખે સ્વામિનારાયણ કહે.”**

**- ભ.ચિં.પ્ર.-૧૧૬**

હે ભક્તો ! નિષ્કુળાનંદ સ્વામીએ લાધીબાના પરિવારનાં નામ ભક્ત ચિંતામણિ ગ્રંથમાં લખ્યાં છે. શ્રીજી મહારાજ ભુજ પધારતા ત્યારે અમુકવાર લાધીમાના ભાઈઓને ઘેર પણ ઉતરતા અને ત્યાં થાળ પણ જમતા હતા.

હે ભક્તો ! એકવાર મહારાજ ભુજ પધાર્યા હતા. ત્યારે લાધીબા અને તેઓના ભાઈઓ મહારાજ પાસે આવ્યાં અને પ્રાર્થના કરી : “હે મહારાજ ! અમારા પરિવારની ઈચ્છા છે કે, આપની હાજરીમાં અમારે અન્નકૂટોત્સવ કરાવવો છે.” ત્યારે શ્રીહરિજી કહેવા લાગ્યા : “લાધીમા ! તમે સાંખ્યયોગી છો અને તમારા જીવન–નિર્વાહ માટે ચાલે એટલું જ ધન તમારી પાસે છે, માટે તમો અન્નકૂટનો આગ્રહ ન રાખો.”

હે ભક્તો! ત્યારે લાધીબાએ કહ્યું : “મહારાજ ! મારા ભાઈઓ પણ આ ઉત્સવમાં મને ધનથી મદદ કરવાના છે, માટે રાજી થઈને સંમતિ આપો. મારું ધન તમારા માટે વપરાશે તો હું મારું ધન્યભાગ્ય માનીશ.”

હે ભક્તો ! લાધીબાની ભાવના જોઈ મહારાજે ઉત્સવ કરવાની હા કહી. પછી લાધીબા અને તેમના ભાઈઓએ મોટો અન્નકૂટોત્સવ કર્યો. એ ભુજનો સૌથી પહેલો અન્નકૂટોત્સવ હતો.

હે ભક્તો ! ભવ્ય અન્નકૂટ પૂરવામાં આવ્યો અને શ્રીજી મહારાજે લાલજી પધરાવી આરતી ઉતારી. સૌ ભક્તો ભાઈઓ ને બહેનો જયજયકાર કરવા લાગ્યં. પછી મોટી સભા થઈ. ત્યારે લાધીબા અને તેમના ભાઈઓએ મહારાજની વસ્ત્રો અને અલંકારોથી પૂજા કરી.

હે ભક્તો ! પછી સભામાં મહારાજે અન્નકૂટ ઉત્સવની વાત કરીને લાધીબાનો મહિમા કહ્યો : “હે ભુજના ભક્તો, આ લાધીબા બહુ મોટાં ભક્ત છે. તેઓએ રામાનંદ સ્વામીના આશીર્વાદથી સમાધિ સ્થિતિ પ્રાપ્ત કરી છે અને અમારો પણ ખૂબ મહિમા જાણે છે. આ લાધીબા તો અક્ષરધામના મુક્ત છે. તેઓએ આજીવન સંયમ રાખીને મોટા યોગી જેવી સ્થિતિ પ્રાપ્ત કરી છે, માટે સૌ તેમનો મહિમા સમજી તેઓની મર્યાદા રાખજો. તેમને પૂજ્યભાવે માનજો.”

## ગઢે ગઢપણ કોનું ઘર માંડ્યું ?

હે ભક્તો ! લાધીબા બાળ – વિધવા હતાં. તેઓ હંમેશાં સાદાં વસ્ત્રો પહેરતાં અને માથે મુંડન રાખતાં હતાં. રજોગુણ તો તેઓએ જીવનમાંથી કાઢી નાખ્યો હતો. સારાં વસ્ત્રો અને સારાં–સારાં આભૂષણો તો તેઓને જોવાં પણ ગમતાં નહિ. એક ઓરડીમાં રહીને ભજન કર્યા કરતાં. તેમના જીવનમાં એક પ્રસંગ એવો બન્યો કે, જીવમાં રહેલો નિશ્ચય સહુએ નજરે નિહાળ્યો, એટલું

જ નહિ, શ્રીહરિ પણ તે વાત ભુલી ના શક્યા. લોયાના ત્રીજાં વચનામૃતમાં યાદ કરીને વિસ્તારીને જે વાત કરી હશે તે જોઈએ.

હે ભક્તો ! આવાં વૈરાગી–ત્યાગી લાધીબાની જાણે કે શ્રીજી મહારાજ પરીક્ષા લેતા હોય ને શું ? એમ એક દિવસ તેઓની નિષ્ઠા ચકાસવા માટે તેમને બોલાવીને મહારાજે પૂછ્યું :"લાધાબા ! અમારી એક વાત માનશો ?" ત્યારે લાધીબા કહે : "અરે ! મહારાજ ! આ શું બોલ્યા ? તમારે મને પૂછવાનું હોય ? તમારે તો મને આજ્ઞા કરવાની હોય. બોલો પ્રભુ ! શી આજ્ઞા પાળવાની છે ?"

હે ભક્તો ! ત્યારે મહારાજ કહે : "લાધીબા ! અમારી એવી ઈચ્છા છે કે, તમો સૌભાગ્યવંતી સ્ત્રી જેવાં વસ્ત્રો પહેરીને તથા આભૂષણો પહેરીને પાદરના કૂવામાંથી પાણી ભરી મુખ્ય બજારમાં ચાલીને અમારી પાસે આવો. લગ્ન થયાં હોય અને નવી નવોઢા જેવાં શણગાર સજે, એવાં સજીને પાણીની હેલ ભરીને અમારી પાસે આવો."

હે ભક્તો ! મહારાજની આવી વાણી સાંભળી તુરંત જ કંઈપણ વિચાર કર્યા વિના લાધીબાએ વિધવાનાં વસ્ત્રો કાઢીને યુવાન યુવતીનાં લગ્ન થયાં હોય અને તે સોળે શણગાર સજે, એ જ રીતે પાનેતર પહેરી, શૃંગાર કરી અનેક પ્રકારનાં ઘરેણાં પહેરી ભૂજના પાદરમાં જઈ કૂવામાંથી પાણી કાઢી માથે હેલ મૂકી ભૂજની મુખ્ય બજારમાં પાણીનું બેડું માથે લઈને ચાલ્યાં!

હે ભક્તો ! આજથી ૨૦૦ વર્ષ પહેલાંનો જમાનો અતિ મર્યાદાવાળો હતો. નાતના રીતરિવાજ પ્રમાણે જ વર્તવું પડતું હતું. એમાંય પણ યુવાન વિધવા સ્ત્રીની દશા તો પશુ કરતાં પણ હલકી હતી. આવા સમયમાં શ્રીહરિજીની આજ્ઞા પાળવા લાધીબાએ લોકલાજનો ત્યાગ કર્યો અને ઉભી બજારે નીકળ્યાં.

હે ભક્તો ! ત્યારે રસ્તામાં સામા મળતા લોકોએ લાધીબાને ઉભાં રાખી પૂછ્યું :"લાધીમા ! આ ગઢે ગઢપણ કોનું ઘર માંડ્યું ? ઘરડી ઘોડીને લાલ લગામ ? આટલી ઉંમરે બુદ્ધિ ભ્રષ્ટ થઈ કે શું ? બોલો બોલો, કોનું ઘર માંડ્યું ?"

હે ભક્તો ! ત્યારે લાધીબા મંદમંદ હસતાં બોલ્યાં : "મારા ભગવાન સ્વામિનારાયણનું ઘર માંડ્યું છે, એમની આજ્ઞાથી આવા શણગાર પહેર્યા છે."

પછી તેઓ મહારાજ પાસે ગયાં ને પાણીનું બેડું ઉતાર્યું. આવું જોઈ મહારાજ બોલ્યા : "તમે અમારી પરીક્ષામાં પાસ થઈ ગયાં."

હે ભક્તો ! અહીં લાધીબાનાં વસ્ત્ર પરિવર્તનનું કોઇ જ મહત્વ નથી, પણ એક ઇષ્ટદેવના વચન ખાતર જે લોકલાજનો ત્યાગ કરે છે તે અતિશય મહત્વનું છે. આપણે શ્રીહરિને ઇષ્ટદેવ તો કહીએ છીએ પણ એમનું વચન માની શકતા નથી. દેશકાળની વાતો કરીને પોતાનો બચાવ પણ કરી લઇએ છીએ. જયારે લાધીબા કોઇપણ વાતમાં ઇષ્ટદેવનું બોલ પાળતા હતા, એટલે વચનામૃતના પાને એમનું નામ આવ્યું છે.

## લાધીબા અને માતાજી એક સાથે ધામમાં ગયાં !

હે ભક્તો ! લાધીબાએ શ્રીજી મહારાજનો ખૂબ રાજીપો મેળવ્યો હતો. અને વિશેષ રાજીપો મેળવવા માટે તેઓ એકવાર સંઘ સાથે ભુજથી ગઢપુર આવ્યાં. ત્યાં સમૈયામાં દર્શનનું અને કથા–વાર્તાનું ખૂબ સુખ લીધું. પછી ચાલવાની તૈયારી કરી શ્રીજી મહારાજ પાસે રજા માગવા ગયાં.

હે ભક્તો ! ત્યારે મહારાજ કહ્યું : "લાધીમા ! તમારે અમારી એક આજ્ઞા માનવાની છે." ત્યારે લાધીબા બોલ્યાં : "મહારાજ ! આજ્ઞા કરો." ત્યારે પ્રભુએ કહ્યું : "આ માતાજી (ઝમકુબા) ઉદેપુરનાં મહારાણી હતાં. અમારું ભજન કરવાં તેઓ રાજ્ય છોડીને અહીંયા રહેવા આવ્યાં છે, પણ તેઓને ગોતવા માટે એમના પતિના સૈનિકો જ્યાં–ત્યાં શોધ્યા કરે છે, માટે તમો તમારી સાથે એમને ભૂજ લઈ જાવ અને આખી જીંદગી સાથે રાખી એમનું ધ્યાન રાખજો."

હે ભક્તો ! શ્રીહરિજીનાં વચને લાધીબા પોતાની સાથે માતાજીને લઈ ગયાં અને આખી જિંદગી સાથે રાખ્યાં હતાં. કથા–વાર્તા કરીને માતાજીના સત્સંગનું પોષણ કર્યું હતું.

હે ભક્તો ! પછી જ્યારે લાધીબાને ધામમાં જવાની ઈચ્છા થઈ ત્યારે સત્સંગી બહેનોને બોલાવ્યાં અને કહ્યું : "આવતી કાલે મારે ધામમાં જવું છે, માટે હવેથી તમો આ માતાજીનો સમાગમ કરી એના જીવન–નિર્વાહનો ખ્યાલ રાખજો."

હે ભક્તો ! આવું સાંભળી માતાજી બોલ્યાં : “લાધીબા ! મહારાજે મને કામય માટે તમારી સાથે રહેવાનું કહ્યું હતું. તો હવે તમે મને મૂકીને એકલાં જ ધામમાં જતાં રહેશો ? મારે પણ આવવું છે. પહેલાં મને મોકલો અને પછી તમે જજો.”

હે ભક્તો ! માતાજીની તીવ્ર ઈચ્છા જોઈને લાધીબાએ તેમને પણ કહ્યું: “સારું કાલે બપોરે તૈયાર થઈ જજો.” આ વાતનો સત્સંગીઓને ખ્યાલ આવતાં બીજે દિવસે લાધીબાના ઘેર બધા ભેગા થયા. ભુજના લોકો પણ જોવા માટે આવ્યા.

હે ભક્તો ! લાધીબાએ ગાયનું છાણ મંગાવી ચોકો કરી માતાજીને તેમાં બેસાડ્યાં અને કહ્યું : “ધૂન શરૂ કરો.” તેથી માતાજી અને સૌ લોકો ધૂન બોલવા લાગ્યા. ત્યારે માતાજી બોલ્યાં : “મહારાજ મુક્તો લઈને મને તેડવા આવ્યા છે, તેથી હું તેઓની સાથે જાવ છું. જય સ્વામિનારાયણ.” આવું બોલી આંખો બંધ કરી દીધી ! પછી લાધીબા પણ બાજુમાં ગાયનાં છાણના ચોકામાં બેસીને બોલ્યાં : “કરો ધૂન શરૂ. જુવો મહારાજ પધાર્યા છે. સૌ સત્સંગના નિયમો પાળજો. હું ધામમાં જાવ છું, જય સ્વામિનારાયણ.” આ રીતે બોલીને લાધીબાએ પણ કાયમ માટે આંખો મીંચી દીધી ! પછી બન્નેને એક જ સાથે અગ્નિ – સંસ્કાર કર્યો !





# ૧૨.
# માતાજી - ઝમકુબાઈ

હે વહાલા ભક્તો !

ઝમકુબાઇ એટલે વાગડ ગામના ખોડુભાનાં દીકરી.

ઝમકુબાઇ એટલે ઉદેપુરના મહારાણાનાં મહારાણી.

ઝમકુબાઇ એટલે રાજસ્થાનના મેવાડ પ્રદેશનાં બીજાં મીરાંબાઇ.

ઝમકુબાઇ એટલે રાજયમાં અને પંચવિષયમાં જળકમળવત્ રહેલાં મુમુક્ષુ.

ઝમકુબાઇ એટલે પ્રગટ પ્રભુનાં દર્શન માટે રાજ્ય ત્યાગનાર ઉત્તમ યોગભ્રષ્ટ.

ઝમકુબાઇ એટલે શ્રીજી મહારાજને રાજી કરવા રાજ્ય છાણ-વાસીદા કરનાર ઉત્તમ મુમુક્ષુ

ઝમકુબાઇ એટલે આજીવન ધ્યાન-ભજન કરનાર ઉત્તમ શ્રદ્ધાવાળાં મુક્ત.

ઝમકુબાઇ એટલે બચપણમાં મીરાંબાઇની જેમ નૃત્ય કરતી જનકબા.

હે ભક્તો ! અમદાવાદ જીલ્લાના ધંધુકા તાલુકામાં ભાલ પ્રદેશમાં વાગડ નામનું નાનકડું ગામ આવેલ છે. તે ગામમાં ક્ષત્રિય જ્ઞાતિમાં ખોડુભા નામના દરબાર હતા. તેઓના પત્નીનું નામ વ્રજકુંવરબા હતું. તેમને ત્યાં યોગભ્રષ્ટ આત્માનો જન્મ થયો અને એનું નામ રાખવામાં આવ્યું : 'જનકબા.'

હે ભક્તો ! ભક્તિમય વાતાવરણ અને ભક્તિપરાયણ કુટંબમાં જનકબા નાનપણથી જ ભક્તિના રંગે રંગાઇ ગયાં હતાં. ઘરમાં એક ઓરડાને ઠાકોરજીનાં મંદિર તરીકે અલગ રાખેલ. તેમાં સવાર-સાંજ ભજન-કીર્તન થાય. ઘરમાં

કૃષ્ણ કીર્તન બોલાતાં ત્યારે નાનકડી એવી જનક કીર્તનના તાલે નાચે. ત્યારે એમ લાગતું કે, ૫૦૦ વર્ષ પહેલાંનાં મીરાંબાઇ જાણે કે જનકનાં રૂપમાં ફરી આવી ગયાં હોય ! પગમાં ઝાંઝરી બાંધીને જનક રુમઝુમ કરતાં નૃત્ય કરતા એટલે ઘરના સૌ તેઓને ઝમકુબા કહીને બોલાવવા લાગ્યા. એટલે મૂળ નામ ભુંસાઇ ગયું.

હે ભક્તો ! ઝમકુબા જેમ જેમ મોટાં થવાં લાગ્યાં, તેમ–તેમ તેનું રૂપ પણ ખીલવાં લાગ્યું. આખા પંથકમાં તેનાં રૂપની પ્રશંસા થવા લાગી અને એ વાત ઠેઠ રાજસ્થાનના મહારાણા સુધી પહોંચી ગઇ ! તુરંત તેણે એક બ્રાહ્મણને મોકલી ખોડુભા આગળ ઝમકુબાનાં લગ્નનો પોતા માટે પ્રસ્તાવ મૂક્યો ! પરંતુ તેઓ અભક્ષ્ય ખાતાં હતાં અને અપેય પીતાં હોવાથી લગ્નની ના કહી.

હે ભક્તો ! ઉદેપુર એ સમયે મોટું રાજ્ય ગણાતું હતું. આજે પણ તે રાજમહેલની ગણના ભારતના મુખ્ય–મુખ્ય મોટા રાજમહેલોમાં થાય છે. હાલમાં તે મહેલમાં રાણા પ્રતાપની વસ્તુઓનું મ્યુઝિયમ બનાવવામાં આવ્યું છે અને બાકીના ભાગમાં રાજપરિવાર રહે છે. આ શહેર રાણાપ્રતાપ અને તેના પિતા ઉદયસિંહે વસાવ્યું છે, તેથી તેનું નામ ઉદેપુર રાખવામાં આવ્યું છે. આ ઉદયસિંહ એટલે કૃષ્ણ–ભક્ત મીરાંબાઇના સગા દિયર. તેઓ મીરાંબાઇના પતિ ભોજરાજના સગા ભાઇ હતા.

## મહેમદાવાદના બ્રાહ્મણ ઉદેપુરમાં

હે ભક્તો ! ઝમકુબાના પિતા ખોડુભાએ લગ્નની ના કહેવડાવી એટલે ઉદેપુરનો રાણો કોપાયમાન થયો. તેથી તેણે અમદાવાદના પેશ્વા દ્વારા ખોડુભા અને ઝમકુબા બન્નેને કપટથી બોલાવી કેદ કરી લીધાં. આ વાતનો શ્રીજી મહારાજને ખ્યાલ આવ્યો તેથી રાજકીય વગ દ્વારા દરબારને અને ઝમકુબાને જેલમાંથી છોડાવ્યાં. જો કે ત્યારે ઝમકુબાને ખ્યાલ ન હતો કે, જેમણે અમને છોડાવ્યા છે એ સ્વામિનારાયણ ભગવાન છે.

હે ભક્તો ! પછી ખોડુભાને શ્રીહરિજીએ કહ્યું : “દરબાર ! રાણાના પ્રસ્તાવનો તમે સ્વીકાર કરો અને તેની સાથે ઝમકુબાનાં લગ્ન કરો. તેઓની રક્ષા કરવાની જવાબદારી અમે લઇએ છીએ.” પછી ઝમકુબાનાં લગ્ન કરવામાં

આવ્યાં ને તેઓ ઉદેપુર સાસરે ગયાં. ત્યાં જઇને જોયું ત્યાંતો દારુ–માંસનું ત્યાં સહજ રીતે સેવન થતું હતું. તેના પતિ દ્વારા ઝમકુબાને તે ખાવાં–પીવાનું કહેવામાં આવ્યું તો તેમણે ત્રણ દિવસ સુધી અન્ન–જળનો ત્યાગ કરી ઉપવાસ કર્યા.

હે ભક્તો ! સાસરીયે આવ્યાં અને મહેલનું વાતાવરણ આવું જોયું એટલે તેઓ શ્રીકૃષ્ણ ભગવાનને નિત્ય પ્રાર્થના કરવા લાગ્યા : “હે પ્રભુ ! આ નરકમાંથી મારો છૂટકારો થાય એવી કૃપા કરો. મારે તો મીરાંબાઇની જેમ જ તમારી ભક્તિ કરવી છે. મારે આવાં પાપમય વાતાવરણમાં રહેવું નથી.”

હે ભક્તો ! ઘટઘટની વાત સાંભળનાર ને જાણનાર અંતર્યામી પ્રભુની દિવ્ય પ્રેરણાથી જાણે કે ઝમકુબાનાં દુઃખનાં દા’ડા પૂરાં થઇ ગયાં હોય ને શું ? એમ એક મહેમદાવાદના વડાદરા બ્રાહ્મણ હરિભક્ત ફરતા–ફરતા ઉદેપુર આવી ગયા. તેઓ મહેલની બહાર એક કૂવામાંથી જળ કાઢી સ્નાન કરી રહ્યા હતા. ત્યાં ઝમકુબાનો એક રસોઇયો પણ ત્યાં નાવા આવ્યો. આ સત્સંગી બ્રાહ્મણ તો સ્વામિનારાયણ – સ્વામિનારાયણ બોલી સ્નાન કરતા હતા.

હે ભક્તો ! ઝમકુબાના રસોયાએ પૂછ્યું : “ભૂદેવ ! સ્વામિનારાયણ બોલો છો, એ કોણ છે ?” ત્યારે સત્સંગી બ્રાહ્મણે કહ્યું : “ એ તો સાક્ષાત બોલતાં–ચાલતા ભગવાન છે. તેઓ કાઠિયાવાડમાં રહીને હજારો લોકોને સમાધિ કરાવી પોતાના સ્વરુપનો નિશ્ચય કરાવે છે અને પોતાના આશ્રિતોનો જયારે અંતકાળ આવે ત્યારે પોતે દિવ્ય વિમાન લઇને તેડવા આવે છે ને પોતાના અક્ષરધામમાં લઇ જાય છે.”

## પ્રગટ પ્રભુ માટે રાજમહેલનો ત્યાગ

હે ભક્તો ! આ બધી જ વાતો રસોઇયાએ જઇને ઝમકુબાને કરી, એટલે તે બ્રાહ્મણને તેડી લાવવા કહ્યું. તેથી તે આવીને સત્સંગી બ્રાહ્મણને રાજમહેલમાં ઝમકુબા પાસે લઇ આવ્યો. ઝમકુબાએ બ્રાહ્મણને પ્રણામ કર્યા એટલે જવાબમાં બ્રાહ્મણે પણ જય સ્વામિનારાયણ બોલીને હાથ જોડ્યા. પછી જે જે પ્રશ્નો ઝમકુબાએ પૂછ્યા, તેના ઉત્તરો બ્રાહ્મણે દીધા.

હે ભક્તો ! પછી તો મહેમદાવાદના વડાદરા બ્રાહ્મણે શ્રીજી મહારાજનાં ચરિત્રોની વાતો કરી, ઐશ્વર્યોની વાતો કરીને ઝમકુબાને મહારાજનો નિશ્ચય કરાવી દીધો. પછી એક દિવસ ઝમકુબાએ તે હરિભક્ત બ્રાહ્મણને કહ્યું : “હું તમને ૨૧ હજાર રૂપિયા આપું, તમે મને સ્વામિનારાયણ ભગવાન પાસે લઇ જાઓ.”

હે ભક્તો ! આવું સાંભળીને તે બ્રાહ્મણ ગભરાઇ ગયો ને બોલ્યો : “માફ કરજો. હું તમને અહીંથી લઇ જાવ એ વાતની તમારા પતિ મહારાણાને ખબર પડે તો મને જીવતો ન મૂકે, માટે હું તમને ત્યાં નહિ લઇ જઇ શકું. હવે મને અહીં બીક લાગે છે, માટે કાલથી હું નહિ આવું, તમે રાજી રહેજો.”

હે ભક્તો ! પછી ઝમકુબાએ તેમને દક્ષિણા આપીને પ્રેમથી વિદાય કર્યા, પણ ઝમકુબાને ક્યાંય ચેન નથી. એક એક ક્ષણ યુગ જેવી લાગે છે. ક્યારે પ્રભુ મળે ! ક્યારે મહારાજનાં દર્શન થાય. મહેલ જેલ જેવો લાગવા માંડ્યો, “ભાગવું છે પ્રગટ પ્રભુને મળવા, પણ સાતથરી ચોકી આડી આવે છે.”

હે ભક્તો ! શ્રાવણ માસ છે. વદી પક્ષ છે. કાળી કાજળઘેરી ઘોર અંધારી રાત છે. લાગે છે કે રાત રાણી કાળો પછેડો ઓઢી અભિસારે નીકળી છે. મધરાતનો સમય છે. આખું ઉદેપુર નિદ્રાદેવીના ખોળે પોઢી ગયું છે, પણ મહારાણી ઝમકુબા મહેલના ઉપલે માળે જાગી રહ્યાં છે. જેને ભગવાનને ભેટવું છે એને ઊંઘ કેમ આવે ?

હે ભકતો ! ત્યારે દ્રઢ નિશ્ચય સાથે ઝમકુબા ઊભાં થયાં. રાજરાણીનાં કીંમતી વસ્ત્રો ઉતારીને પુરુષનાં કપડાં પહેર્યા ! પોતાની સાડીઓ ભેગી કરીને ગાંઠો વાળી દોરડું બનાવી ઝરુખા સાથે બાંધી નીચે લટકાવી દીધું અને ધીરેધીરે તે પકડીને નીચે ઉતરી મહેલના પાછળના ભાગમાં પાણી જવાનું મોટું ગરનાળું હતું તેમાં પ્રવેશ કરી બહાર નીકળી ગયાં !

હે ભક્તો ! ભગવાન મેળવવાની કેવી તાલાવેલી! કેવો ત્યાગ ! કેવી હિંમત ! કેવી દ્રઢતા ! કેવી ખુમારી ! કેવી ઇંતજારી ! કેવી મુમુક્ષુતા ! કેવું સાહસ !

## પ્રભુ-દર્શનની અનોખી પ્યાસ

હે ભક્તો ! ઇતિહાસનાં પાને એવા અનેક રાજકુમારોનાં દ્રષ્ટાંતો નોંધાયાં છે કે જેઓ રાતો–રાત પોતાના રાજવૈભવનો ત્યાગ કરી જંગલના જોગી બની ગયા હોય, પણ આ રીતે પ્રગટ પ્રભુને પામવાની લગનીથી કોઇ રાજરમણી નીકળી પડી હોય તેવા દાખલાઓ બહું ઓછા છે.

હે ભક્તો ! રુમઝુમ કરતી રાત વહી જાય છે. ઘોર અંધારાએ આવીને આવરી લીધી છે. અજાણ્યો રસ્તો છે. ભોમિયો ભેગો નથી. ગઢડા ક્યાં આવ્યું ? તેની ખબર નથી. તોપણ ઝમકુબાએ ગુજરાતની દિશા સાંધી ચાલવા માડ્યું છે. ઉદેપુરના મહેલમાંથી નીકળેલી આ શૂરસરિતા સહજાનંદ સિંધુને મળવા માટે ઉતાવળી બની છે. કોમળ કાયાવાળી રાજરાણી કાંટાને કાંકરાવાળી કેડી ઉપર ઉઘાડા પગે ઉતાવળાં ચાલી રહ્યાં છે. પગમાં છાલાં પડવાં લાગ્યાં છે, પણ એનું એને દુઃખ નથી. મહાપ્રભુ શ્રીહરિજીનું સ્મરણ કરતાં કરતાં તેઓ આગળ વધી રહ્યા છે.

હે ભક્તો ! જેને પરમેશ્વરને પામવો છે, તેણે દેહને પપલાવવો કેમ પોસાય ? મરજીવાને મારગે ચાલનારને વળી મોતનો ભય કેવો ? સૂર્યોદય થતાં થતાં તો ઝમકુબાઇએ ઘણો પંથ કાપી નાખ્યો. સૂર્યના અજવાળાએ ધરતીનાં અંધારાને ઉલેચી નાખ્યાં.

હે ભક્તો ! ઉદેપુરમાં સવાર થતાં જ ખ્યાલ આવ્યો, એટલે રાણાને ખબર આપી. તેણે ચારે દિશામાં ઘોડેસ્વારો દોડાવ્યા. આ બાજુ ઝમકુબાઇનાં કાને ઘોડાના ડાબલાના અવાજ સંભળાયા. પ્રભુને મનોમન પ્રાર્થના કરી, ત્યાંતો તેમની નજર એક મરેલાં ઊંટ પર પડી. જનાવરોએ અંદરથી ફોલી ખાધેલ, દુર્ગંધ મારતું હાડપીંજર પડ્યું હતું, તેથી પળવારનો પણ વિલંબ કર્યા સિવાય ઝમકુબાએ એમાં પ્રવેશ કર્યો!

હે ભક્તો ! પછી બધા સ્વારો પાછા વળી ગયા ત્યારે તે હાડપીંજરમાંથી ત્રીજે દિવસે બહાર આવી. નદીમાં સ્નાન કરી ભૂખ્યાં–તરસ્યાં આગળ ચાલવાં લાગ્યાં. ત્યાં એક વણજારાની પોઠ્ય મળી. તેની સાથે ચાલતાં–ચાલતાં વડનગર સુધી આવ્યાં, પણ વણજારાની આંખમાં વાસનાનાં સાપોલિયાં રમતાં જોઇને તેની

નજર ચુકાવી તળાવમાં સ્રીઓ સ્નાન કરતી હતી તેને ગઢડાનો કાઠિયાવાડનો રસ્તો પૂછી એકલાં જ ચાલવાં લાગ્યાં.

## ભોમિયા બન્યા ભગવાન

હે ભક્તો ! ભગવાનને પામવાનો કેવો દ્રઢ નિર્ધાર ! કેટલી સાવધાની! મુમુક્ષુ જયારે પ્રભુને પામવા પગલાં માંડે છે ત્યારે સ્વયં ભગવાન તેના ભોમિયા બની જાય છે. મહારાજને હવે આ મુમુક્ષુ બેનની ચિંતા થઇ, એટલે વૃદ્ધ બ્રાહ્મણનો વેશ લઇ ઝમકુબા પાસે આવ્યા અને પોતે પણ કાઠિયાવાડમાં જાય છે, એવો વિશ્વાસ આપી સાથે ચાલતા એક નદી કિનારે વિશ્રાંતિ લીધી. અને ઝમકુબાને પ્રેમથી જમાડ્યા.

હે ભક્તો ! બ્રાહ્મણના વેશમાં રહેલા શ્રીહરિજીએ વિચાર કર્યો : “ઝમકુબાએ મહેલ બહાર પગ પણ મૂક્યો નથી. તેને ચાલવાનો અભ્યાસ પણ નથી, છતાં ભગવાનને મળવા શરીરનાં સુખ–દુ:ખ નહિ ગણકારીને ચાલે છે, પણ હવે દુ:ખી થવાં દેવાં નથી.” આમ વિચાર કરી ઝમકુબાને યોગનિદ્રામાં સુવાડી સારંગપુર નજીક કુંડળ ગામની ઉતાવળી નદીને કાંઠે પહોંચાડી દીધાં! અને પોતે અદ્રશ્ય થઇ ગયા.

હે ભક્તો ! તે સમયે શ્રીજી મહારાજ કારિયાણી ગામમાં ભકત વસ્તા ખાચરના દરબારમાં હતાં. ત્યારે પ્રભુએ માંચા ખાચરને કહ્યું : “વેલડું જોડો અને કુંડળની નદીને કાંઠે અમારાં મહાન સ્રી ભકત ખૂબ જ દૂર ઠેઠ ઉદેપુરથી ચાલતાં અમારાં દર્શને આવે છે, તેને અહીં લઇ આવો.

હે ભક્તો ! મહારાજનો આદેશ થતાં માંચા ખાચરે માણસો સાથે વેલડું રવાના કર્યું. આ બાજુ ઝમકુબાઇ જાગ્યાં ત્યાંતો બીજી નદી ને બીજું ગામ ! બ્રાહ્મણ પણ ન હતાં, તેથી તેઓને અતિ આશ્ચર્ય થયું. તે સમયે વેલડું આવ્યું અને સર્વે વાત કરી વેલડામાં બેસાડી કારિયાણી લાવ્યા.

હે ભક્તો ! તે સમયે શ્રીહરિજી દરબારગઢમાં સભા કરીને બેઠા હતા. ત્યાં વેલડું આવ્યું. તેમાંથી ઝમકુબા નીચે ઉતર્યા ને ભાવથી દર્શન કર્યાં. પાણી વિના તરફડતાં માછલાંને પાણી મળે અને જે આનંદ થાય, તેવો આનંદ ઝમકુબાઇને મહારાજનાં દર્શનથી થઇ રહ્યો છે ! પેલા ભોમિયા બનેલા ભામણ

પણ તેમને મહારાજનાં સ્વરુપમાં દેખાય છે, તેથી તેમને બધો ખ્યાલ આવી ગયો કે,“દિવ્યરૂપે બ્રાહ્મણ બની પ્રભુએ મને જમાડીને યોગનિદ્રામાં નાખી કુંડળ પહોંચાડી દીધી.”

હે ભક્તો ! ઝમકુબા તો મટકું માર્યા વિના મહારાજને જોઇ રહ્યાં છે. અંતરમાં મહારાજની મૂર્તિને ઉતારી રહ્યાં છે અને આંસુડાંની ધારાથી જાણે કે અભિષેક કરી રહ્યાં હોય ને શું ? એમ લાગે છે. કેટકેટલી ઝંખના અને કેટકેટલી મુશ્કેલી વેઠ્યા બાદ પ્રગટ પ્રભુનાં દર્શન થયાં છે, તેથી નેણાં તૃપ્ત થતાં નથી. અંતરમાં આનંદના મહાસાગરે માઝા મેલી છે.

## મહિમા આવે એટલે બધું આવે

હે ભક્તો ! પછી શ્રીજી મહારાજે પાસે બોલાવી કુશળ સમાચાર પૂછી ગઢડાથી આવેલ જીવુબા–લાડુબાને ભલામણ કરી : “આ અમારાં મોંઘેરા મહેમાન છે. ખૂબ દૂરથી આવેલા છે, માટે એને સાચવજો, એનો પરિચય અમે પછી આપીશું.!”

હે ભક્તો ! દર્શન કર્યા બાદ ઝમકુબા બહેનોની સભામાં બેસીને મહારાજના મુખથી કથા–વાર્તા સાંભળી કૃતાર્થ થઇ ગયાં. પછી થોડા દિવસ બાદ મહારાજ સાથે તેઓ પણ ગઢડા આવ્યાં અને મહિમા જાણી નાનામાં નાની સેવા કરવાં લાગ્યાં.

હે ભક્તો ! તલ હોય પણ અંદર તેલ ન હોય તો તે શા કામના ? દૂધપાક કરે, પણ અંદર સાકર ન નાખે તો ? શાક કરે પણ અંદર મીઠું ન હોય તો ? શરીર હોય, પણ અંદર જીવ ન હોય તો ? – એમ મહિમા વિના બધું લુખું છે. જો મહિમા જાગે તો અહંકાર આપોઆપ ભાગે. મહિમા જાગે ત્યારે આજ્ઞા સહેજે પળે અને મહિમા સમજાય એટલે સેવા પણ આપમેળે થવા લાગે – ઝમકુબાનાં અંતરમાં મહિમા જાગ્યો છે, તેથી કોઇના કહ્યા વિના દોડીદોડીને નાની–મોટી સેવા કર્યા કરે છે.

હે ભક્તો ! એક દિવસ મહારાજ અક્ષર–ઓરડીથી સંતોની ધર્મશાળા બાજુ જતા હતા. ત્યારે દરબારગઢના ફળિયામાં ઝમકુબાને વાળતાં જોયાં ! તેથી તુરંત મહારાજે જીવુબા–લાડુબાને બોલાવીને પૂછ્યું : “તમે ઝમકુબા પાસે

આવી સેવા કરાવો છો ?" ત્યારે તે બન્નેએ કહ્યું : "મહારાજ ! એ બેન તો ના કહીએ તોય વાળે છે, લીંપે છે અને ગાય-ભેંસનાં છાણ-વાસીદાં પણ કરે છે. આખો દિવસ સેવા ને સ્મરણ કર્યા જ કરે છે.''

હે ભક્તો ! ત્યારે મહારાજે તેમને કહ્યું : "જીવુબા-લાડુબા ! સાંભળો, આ ઉદેપુરના મહારાણાનાં મહારાણી છે અને તમારાં જેવાં અનેક લોકો તો એમને ત્યાં નોકરો છે, છતાંય એ બધું છોડીને અહીં અમારાં દર્શન કરવાં ને ભગવાન ભજવા આવ્યાં છે, માટે એનું વિશેષ ધ્યાન રાખજો."

હે ભક્તો ! આવું સાંભળી બન્ને બહેનો પણ ઝમકુબાનો મહિમા સમજી તેઓનો વિશેષ ખ્યાલ રાખવાં લાગ્યાં.

હે ભક્તો ! એક સમયે ભુજથી લાધીબા સંઘ લઇને ગઢપુર દર્શને આવ્યાં ત્યારે મહારાજે તેમને કહ્યું : "તમો આ મુમુક્ષુને સાથે લઇ જાવ અને કાયમ એનું ધ્યાન રાખજો." પછી ઝમકુબાને બોલાવીને કહ્યું : "ઉદેપુરના રાણાને ખબર પડશે, તો અહીં ઉપાધિ કરશે, માટે તમે લાધીબા સાથે ભુજ જાઓ અને ત્યાં રહી મારું ભજન કરજો. સમૈયો હોય ત્યારે દર્શને આવજો. આજથી તમારું નામ 'માતાજી' પાડું છું."

## ઝમકુબા વરતાલ આવ્યાં !

હે ભક્તો ! અદ્‌ભૂતાનંદ સ્વામીએ આ પ્રસંગને વરતાલ સાથે જોડેલ છે. તે જોઇએ તેઓના જ શબ્દોમાં : "ત્યારે તે બ્રાહ્મણ કહે જે, "મારે પણ ગુજરાતમાં જાવું છે. ચાલો, આપણે બન્ને સાથે ચાલીએ." એમ સંગાથ કરીને પોતે ભેળા ચાલ્યા ને ટાણે-ટાણે ખાધા-પીધાની સર્વે ખબર રાખતા થકા થોડા દિવસમાં વરતાલના સીમાડામાં સોનારકૂઇ આગળ તલાવડી છે ત્યાં આવીને બેઠા.

હે ભક્તો ! ત્યાં ઝમકુબાને કહ્યું : "તમે આ રસ્તે જતાં આગળ થોડેક છેટે વરતાલ ગામ આવે છે ને તેમાં સ્વામિનારાયણ બિરાજે છે. તે તમે ત્યાં જાવ ને હું પણ નાહી-ધોઇને ત્યાં આવું છું."

એમ કહીને પોતે કેડે (પાછળ) રહી ગયા ને બાઇ ત્યાંથી ચાલીને મહારાજ જ્યાં સભા કરીને લીમડા નીચે (વરતાલ મંદિરના દરવાજાની બાજુમાં તે લીમડો હતો. હાલ ત્યાં તેની સ્મૃતિ માટે છત્રી બનાવવામાં આવેલ છે.) બેઠા છે ત્યાં છેટે ઊભાં રહીને દર્શન કર્યાં. તે દર્શન થકી જ નાડી–પ્રાણ ખેંચાઇ ગયાં. અને સમાધિ થઇ ને તે સમાધિમાં અક્ષરધામ દેખાડ્યું. અને અનંતકોટિ પાર્ષદ હાથ જોડીને વિનંતી આ મૂર્તિની કરે છે. અને આ સર્વે સભા પણ ત્યાંજ બેઠી છે ને પોતે પણ ત્યાં જ છે. એવું સમાધિને વિશે અલૌકિક ઐશ્વર્ય પોતાને દેખાડ્યું ને એક કલાક સમાધિમાં રાખ્યાં !

હે ભક્તો ! પછી ઝમકુબાને સમાધિ ઉતરી અને મહારાજે ગામ વગેરેનો પરિચય પૂછ્યો. ત્યારે ઝમકુબાઇએ કહ્યું કે, “મારી સાથે બ્રાહ્મણ હતો તે મારી ખાવાં–પીવાં વગેરે સરભરા કરતો હતો. હમણાં આવું છું તમે જાઓ. આ રીતે મને કહીને જતો રહ્યો.”

હે ભક્તો ! ત્યારે મહારાજ કહે જે, “એ અમે હતા.” એમ કહીને વાટ–ઘાટનાં સર્વે એંધાણ આપ્યાં. તેથી તે બાઇને (ઝમકુબાને) ત્રણેય અવસ્થામાં, ‘આ તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ સર્વ અવતારના અવતારી છે ને મારા ઉપર કૃપા કરીને મને પોતાની જાણીને બંધનમાંથી છોડાવી લીધી.’ એવો દ્રઢ નિશ્ચય ભગવાનપણાનો થયો ને ત્યાં મહારાજ પાસે રહ્યા.

હે ભક્તો ! ભવિષ્યમાં ઝમકુબાનો પતિ ઉદેપુરથી આવે તો ઉપદ્રવ કરે તેથી મહારાજે ઝમકુબાનું નામ બદલીને ‘માતાજી’ રાખ્યું હતું અને લાધીબા સાથે ભુજ મોકલી દીધાં હતાં.

હે ભક્તો ! પછી જયારે લાધીબાને ધામમાં જવાનું થયું ત્યારે ઝમકુબાએ પણ સાથે લઇ જવાનું કહ્યું, એટલે પ્રથમ ઝમકુબાને ધામમાં મોકલી દીધાં અને પછી પોતે ગયાં ! આવા સમર્થ લાધીમા હતાં. પછી બન્નેનો એક સાથે જ અગ્નિ–સંસ્કાર કર્યો હતો.

# ૧૩.

# મહામુક્ત મુક્તાનંદ સ્વામી



હે વહાલા ભક્તો !....

મુક્તાનંદ સ્વામી એટલે અક્ષરધામના મુક્ત.

મુક્તાનંદ સ્વામી એટલે અમરાપુરમાં પ્રગટ થયેલા મુક્ત.

મુક્તાનંદ સ્વામી એટલે અંતઃશત્રુઓને આધીન રાખતા મહામુક્ત.

મુક્તાનંદ સ્વામી એટલે સાચા ગુરુને શોધવા ત્રણ ગુરુનો ત્યાગ કરનાર મુમુક્ષુ.

મુક્તાનંદ સ્વામી એટલે રામાનંદ સ્વામીના અગ્રગણ્ય કૃપાત્ર શિષ્ય.

મુક્તાનંદ સ્વામી એટલે સ્વામિનારાયણ ભગવાનનો રાજીપો મેળવનાર મુક્ત.

મુક્તાનંદ સ્વામી એટલે શ્રીહરિજી પણ ગુરુસ્થાને માનતા એવા અનાદિમુક્ત.

મુક્તાનંદ સ્વામી એટલે 'સત્સંગની મા'નું બિરૂદ મેળવનાર સદ્‌ગુણી સંત.

મુક્તાનંદ સ્વામી એટલે શ્રીહરિજીની પ્રસન્નતા માટે જ સર્વે ક્રિયા કરનાર સાધક.

મુક્તાનંદ સ્વામી એટલે સાધુતાના સર્વે સદ્‌ગુણે સંપન્ન સાચા અર્થમાં સદ્‌ગુરુ.

મુક્તાનંદ સ્વામી એટલે અધ્યાત્મ માર્ગીઓ માટે આદર્શ નમૂનારૂપ આદર્શ સંત.

હે ભક્તો ! સદ્‌ગુરુ મહામુક્ત મુક્તાનંદ સ્વામી એટલે મુક્તાનંદ સ્વામી. તેમને કોની ઉપમા આપવી ? મોટા મોટા સદ્‌ગુરુ સંતો પણ મુક્તાનંદ

સ્વામીને દરરોજ દંડવત કરવા આવતા અને સાધુતાના સદ્‌ગુણો જેમની પાસેથી શીખવાના પ્રયત્નો કરતા એવા સદ્‌ગુણોનો સાગર મુક્તાનંદ સ્વામી હતા.

હે ભક્તો ! મહામુક્ત મુક્તાનંદ સ્વામીનો જન્મ અમરેલી જીલ્લાના અમરાપુર ગામમાં સંવત ૧૮૧૪ પોષ સુદ સાતમને દિવસે રાધાબાઇની કૂખે થયો હતો. તેમના પિતાનું નામ આનંદરામ હતું. મૂળ તેઓ બ્રાહ્મણ હતા. પણ અમરાપુર ગામના ચોરામાં શ્રીરામની સેવા–પૂજા કરવાથી રામાનંદી સાધુ તરીકે ઓળખાતા હતા.

હે ભક્તો ! પુત્રના જન્મની ખુશાલીમાં મહામુક્તનું નામ મુકુંદ રાખવામાં આવ્યું. તેઓ નાનપણથી જ ખૂબ રુપાળા હતા. બચપણથી જ રામાયણના પ્રખર અભ્યાસી હતા. કંઠ અત્યંત મધુર હતો. મુકુંદના મુખેથી રામાયણનું શ્રવણ કરવું એ જીવનનો અનેરો લ્હાવો હતો. તેઓ જયારે રામાયણની કથા કરતા, ત્યારે બાઇઓ ને ભાઇઓની ભીડ જામતી.

હે ભક્તો ! અમરેલીના સંત મૂળદાસ જેવા મહાપુરુષની કૃપાથી મુકુંદદાસના અંતરમાં નાનપણથી જ મુમુક્ષુતા પાંગરી હતી. તેમનું મન સહજ વિતરાગી સંત જેવું હતું. તેઓએ મનોમન નક્કી કરેલ કે, “આજીવન બ્રહ્મચર્ય પાળવું અને પોતાના આ સંકલ્પને સિદ્ધ કરાવે એવા સદ્‌ગુરુને શોધી એમને જીવન સમર્પિત કરી દેવું.”

હે ભક્તો ! ભગવાનની ભક્તિમાં ગુલતાન મુકુંદદાસને સંસારનાં બંધનો ગમતાં નહોતાં પરંતુ તેમની મરજી ન હોવા છતાં એ જમાનાની રીત પ્રમાણે નાની ઉંમરમાં જ એને પરણાવી દીધા હતા.

## સદ્‌ગુણી સદ્‌ગુરુની પ્રાપ્તિ

હે ભક્તો ! પરણ્યા પછીય પણ તેમણે અખંડ સંયમ રાખ્યો હતો. સામાન્ય સંસારી લોકોને આ વાત ન મનાય એવી છે. પરંતુ મુકુંદદાસનું હૈયું તો હાથ ઝાલી ભવસાગર પાર કરાવે એવા સદ્‌ગુરુની શોધ માટે તલસતું હતું. તેઓ કોઇપણ ભોગે સંસારની જંજાળનાં બંધનોને તોડીને સદ્‌ગુરુની શોધમાં નીકળી જવા માગતા હતા, પરંતુ માતા–પિતા અને પત્ની એમને છોડવાં માગતા ન હતાં.

હે ભક્તો ! આખરે તેમણે જડભરતની કથા સાંભળીને જાણી–જોઇને ગાંડા જેવો વ્યવહાર કરવા લાગ્યા! હસતા જાય, નાચતા જાય, ગાતા જાય અને બોલતા જાય : "રામ ઘટાઘટ મહુડી ફૂલી... રામ ઘટાઘટ મહુડી ફૂલી."

હે ભક્તો ! મુકુંદદાસના મુખેથી નીકળેલા આ મહાવાકયનો અર્થ અદ્‌ભૂત હતો. "ઘટોઘટમાં રામ બિરાજે છે, કર્તાહર્તા એ જ છે, છતાં મોહની–મદિરાનું પાન કરી લોકો 'મેં કર્યું, મેં કર્યું' એમ મિથ્યા અભિમાનથી ફૂલાતા ફરે છે." પરંતુ પરમહંસના વચનનાં મર્મને સમજવાની શક્તિ પામર સંસારીઓમાં કયાંથી સંભવી શકે ?

હે ભક્તો ! મુકુંદદાસનું ગાંડપણ નથી, એવું અમરાપરના દરબાર જાણી ગયા. તેથી તેમને મુકુંદદાસે પેટ છૂટી વાત કરી. એટલે તેમણે રજા અપાવી. પછી તો મુકુંદદાસ સદ્‌ગુણી સદ્‌ગુરુની શોધમાં નીકળી ઝાલાવાડના ધ્રાંગધ્રા શહેરમાં આવ્યા ને દ્વારકાદાસને ગુરુ બનાવ્યા. પણ ત્યાં સંતોષ ન મળતાં વાંકાનેરના કલ્યાણદાસ પાસે ગયા. ત્યાંતો બહારનો આડંબર જોઇ અંજાઇ ગયા, પણ અંતે એનો પણ ત્યાગ કરી સરધારમાં તુલસીદાસ પાસે આવ્યા. પણ ત્યાંય શાંતિ ન મળી. પછી રામાનંદ સ્વામીને મળ્યા ને અંતરમાં હા પડી ગઇ. ઘાટ–સંકલ્પો બંધ થઇ ગયા ! તેથી તેઓને સમર્પિત થઇ ગયા.

હે ભક્તો ! પછી તો રામાનંદ સ્વામીએ પણ મુકુંદદાસમાં દરેક સદ્‌ગુણો જોઇને તેઓને સંવત ૧૮૪૨, વસંત–પંચમીના દિવસે દીક્ષા આપી અને 'મુક્તાનંદ સ્વામી' નામ રાખ્યું. તે સમયે સ્વામીની ઉંમર ૨૮ વર્ષની હતી. પછી તો મુક્તાનંદ સ્વામી ગુરુ આજ્ઞાથી લોજના આશ્રમની જવાબદારી સંભાળી અને ત્યાં રહેલા ૫૦ ઉપરાંત સંતોને મોક્ષના માર્ગે માર્ગદર્શન આપી રહ્યા હતા.

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીને સદ્‌ગુરુની શોધ પૂરી થઇ હતી, પણ હજી પરમાત્માના મિલનની પ્યાસ અધૂરી હતી. અને એ પ્યાસ પૂર્ણ થવાનો મંગલ અવસર નજીક આવી ગયો. સંવત ૧૮૫૬ ની શ્રાવણ વદ છઠ્ઠને દિવસે મહાપ્રભુ શ્રીહરિજી નીલકંઠવર્ણીરૂપે સોરઠમાં લોજ ગામમાં આવી ગયા અને મુક્તાનંદ સ્વામીની છેલ્લી શોધ પણ પૂરી થઇ ગઇ!

## હું તો પચાસ માળા ફેરવું છું

હે ભક્તો ! પછી તો નીલકંઠ વર્ણી મટીને, સહજાનંદ સ્વામી બન્યા. અને એ મટીને ભગવાન સ્વામિનારાયણ બન્યા. તે સાથોસાથ મુક્તાનંદ સ્વામીની પણ અધ્યાત્મ યાત્રા આગળ વધતી ગઇ. પછી તો ગુરુ આજ્ઞાથી તેઓની અનન્ય નિષ્ઠા સહજાનંદ સ્વામી પ્રત્યે થઇ હતી.

હે ભક્તો ! નીલકંઠ પ્રભુએ રામાનંદ સ્વામીને ગુરુ તરીકે સ્વીકાર્યા, પરંતુ તેઓ ટૂંક સમયમાં જ ધામમાં જતા રહ્યા. જો કે રામાનંદ સ્વામીએ પોતાની હયાતીમાં જ નીલકંઠ વર્ણીને સંવત ૧૮૫૭માં દીક્ષા આપી સહજાનંદ સ્વામી બનાવ્યા હતા અને સંવત ૧૮૫૮ માં પોતાની ગાદી આપીને ઉદ્ધવ સંપ્રદાયના ગુરુ બનાવ્યા હતા, તો પણ ગુરુ રામાનંદ સ્વામી ધામમાં ગયા પછી ગુરુના કૃપાપાત્ર શિષ્ય મુક્તાનંદ સ્વામીમાં ગુરુબુદ્ધિ રાખી ગુરુ તરીકે માનતા હતા.

હે ભક્તો ! એકવાર ગઢપુરમાં શ્રીહરિજી પોઢી ગયા એટલે મુક્તાનંદ સ્વામી અને ચૈતન્યાનંદ સ્વામી પ્રભુની પગચંપી કરવા લાગ્યા. મહારાજને ઊંઘ આવી ગઇ અને સવાર થઇ ગયું. પછી જાગીને જોયું તો બન્ને સંતોને પગ દાબતા જોયા. અર્થાત્ સાંજથી તે સવાર સુધી શરીર દબાવવાનું શરુ રાખ્યું હતું. આ જોઇને મહારાજ બોલ્યા : "મુક્તાનંદ સ્વામી ! તમે તો અમારા ગુરુ છો ને મારા પગ દાબો તે સારું ન કહેવાય ?" આ રીતે કહીને ઢોલિયેથી નીચે ઉતરી શ્રીહરિજી મુક્તાનંદ સ્વામીને દંડવત કરવા ગયા, ત્યારે સ્વામી દિલગીર થઇ ગયા. ત્યારે શ્રીહરિજી કહે : "સ્વામી ! તમે દિલગીર ન થાઓ, અપરાધ તો અમને થયો છે." એમ કહીને મુક્તાનંદ સ્વામી ઉપર શ્રીજી મહારાજ બહુ રાજી થયા.

હે ભક્તો ! એક વખત શ્રીજી મહારાજે સભામાં સૌ સંતને પૂછ્યું : "તમે કેટલી માળા ફેરવો છો ?" ત્યારે કોઇએ કહ્યું : "હું ૫૦૦ માળા ફેરવું." કોઇક કહે : "હું હજાર માળા ફેરવું છું." કોઇક કહે : "હું બસો ફેરવું છું."

પછી મુક્તાનંદ સ્વામીને શ્રીહરિજીએ પૂછ્યું : "સ્વામીજી ! તમે કેટલી માળા ફેરવો છો ?" ત્યારે સ્વામી કહે : "હું તો પચાસ (૫૦) માળા ફેરવું છું." ત્યારે મહારાજ કહે : "કેવી રીતે ૫૦ માળા ફેરવો છો?" આવું સાંભળી

મુક્તાનંદ સ્વામી કહેવા લાગ્યા : “તમારા એક એક અંગ ધારીને ફેરવું છું. તેમાં જો બીજો સંકલ્પ થાય તો તે માળા ખોટી પડે ?”

હે ભક્તો ! ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા : “આ પચાસ માળા આગળ બીજાની હજાર માળા હોય તોપણ ઓછી પડે છે.” આવું સૌ સાંભળી સમજી ગયા કે, “ઉતાવળી લહરકે માળા ન ફેરવવી, પણ મૂર્તિને મનમાં ધારી, અથવા વૃત્તિમાં ધારીને માળા ફેરવવી.”

## સત્સંગની મા શા માટે ?

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીએ કામને જીત્યો હતો એ રીતે ક્રોધને પણ જીત્યો હતો. સ્વામીને કોઇ ક્રોધ ન કરાવી શકતું. એવા અડબંગી બાવાઓ આવતા ત્યારે શ્રીજી મહારાજ મુક્તાનંદ સ્વામીને તેમની પાસે મોકલતા. માર–માર કરતાં આવતા વૈરાગીઓને પણ પોતાના આચરણને કારણે અને મધુર વાણીને કારણે ઠંડાબોળ કરીને જમાડીને – હસતા–હસતા વિદાય કરી દેતા.

હે ભક્તો ! ગઢાળીના આંબા શેઠ જેવા સત્સંગમાં આવતા બંધ થઇ ગયા હોય કે રામપ્રતાપભાઇ જેવા સત્સંગ છોડીને જવા તૈયાર થઇ ગયા હોય, તો તેઓને સમજાવીને પણ પ્રેમથી સત્સંગમાં પાછા લાવતા અને રાજી રાખતા હતા.

હે ભક્તો ! કોઇ સાધુ–સંતને પોતાના ગુરુ સાથે અણબનાવ થયો હોય ને તે સાધુ સત્સંગ છોડીને ઘેર જવા તૈયાર થઇ ગયા હોય, ત્યારે પોતાની પાસે રાખી સમજાવીને સત્સંગમાં રાખતા, પણ ઘેર જવા દેતા નહિ. કોઇ પાર્ષદને સ્વયં શ્રીજી મહારાજે રજા આપી દીધી હોય, તો તેનું કલ્યાણ ન બગડે એ માટે તેને આચાર્ય રઘુવીરજી મહારાજની સેવામાં મોકલી મહારાજને રાજી કરી દઇને પાળાને સત્સંગમાં રાખતા.

હે ભક્તો ! એટલું જ નહિ, પણ મિતાહારી એવા મુક્તાનંદ મુની તો ભૂખ ન લાગી હોય તોય પણ નાના સંતોની ભૂખ મટાડવા માટે નાના સાધુઓની સાથે ખીચડી ખાવા પણ બેસી જઇને માતાનો ભાવ પ્રગટ કરતા.

હે ભક્તો ! સ્વયં શ્રીહરિજીએ ગળ્યું–ચીકણું ન ખાવાના સંતોને નિયમ આપેલ હોય, પણ બે–ત્રણ દિવસના સંતોને ઉપવાસ થયા હોય ને ભાવિક

ભગત ભૂલથી કે મહિમાથી ખીચડીમાં ઘી નાખીને સંતોને જમવાનો આગ્રહ કરે, ત્યારે દેશકાળની સ્થિતિ જાણીને–સંતોની ભૂખ જોઇને મહારાજનો કુરાજીપો મેળવવા તૈયાર થઇ સંતોને ઘી વાળી ખીચડી ખવડાવીને પ્રગટ પ્રભુનો રાજીપો પ્રાપ્ત કરી માતાનું બિરૂદ મેળવીને પોતાની પવિત્ર ફરજ બજાવતા હતા.

હે ભક્તો ! મહારાજની આજ્ઞા માનીને ધ્રાંગધ્રા જેવા શહેરોમાં વૈરાગી–બાવાઓનો માર ખાઇને, મહારાજની આજ્ઞાથી વેમારડી જેવા ગામોમાં ભગવાનની જેમ પૂજા અંગીકાર કરીને, સુરત જેવા શહેરમાં ભાલચંદ્ર શેઠ જેવાએ મારેલ ભાજીના ડાળખાને પ્રેમથી લઇ ભાજી બનાવી ભગવાનને ધરાવી જમનારા અને ઘાણલાની મૂળી ડોશીએ મારેલ ધોળનાં પોતાની દિવેટ બનાવી મહારાજની આરતી ઉતારનાર મુક્તાનંદ સ્વામીના જેટલા સદ્ગુણો ગાઇએ કે લખીએ એટલા ઓછા પડે એમ છે.

## મુક્તાનંદ સ્વામી કેવા મોટા ?

હે ભક્તો ! બ્રહ્મચારી અક્ષરાનંદ સ્વામીએ પોતાની વાતોમાં મહામુક્ત મુક્તાનંદ સ્વામીની મોટાઇ વર્ણવી છે, એ હું આપની આગળ ટૂંકમાં જણાવું છું. વડોદરા સત્સંગ સમાજના આગેવાન રામચંદ્ર વૈદ સત્સંગમાં આવ્યા પહેલાં ડાકોરના ઠાકોરના ભકત હતા. એકવાર એમને સંકલ્પ થયો કે, “મારું કલ્યાણ થશે કે નહિ થાય ?” તેની પરીક્ષા ડાકોરનાથજી પાસેથી કરવી.

હે ભક્તો ! આવો સંકલ્પ કરીને તેઓ ડાકોરનાથના ડેરા ઉપર (અગાશીમાં) જઇને રાત્રે બેઠા. અને મનોમન સંકલ્પ કર્યો કે, “જો મને ડાકોરનાથ રણછોડરાય મૂર્તિમાન આવીને કહે કે, ‘તારું કલ્યાણ થશે કે નહિ થાય.’ ત્યાર પછી અન્ન–જળ લેવું.”

હે ભક્તો ! રામચંદ્ર વૈદનો દ્રઢ સંકલ્પ જોઇને ડાકોરનાથ બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને આવ્યા ને કહેવા લાગ્યા : “રામચંદ્ર ! તારા જીવનો મોક્ષ કરવો હોય તો અમદાવાદમાં સ્વામિનારાયણ ભગવાનના સાધુ મુક્તાનંદ સ્વામી છે, તેમની પાસે જાઓ તો તે તમારું કલ્યાણ કરશે!”

હે ભક્તો ! આવું સાંભળી રામચંદ્રે પૂછ્યું : “તમે કોણ છો ?” ત્યારે તેઓ કહે : “હું ડાકોરનાથ પોતે છું.” ત્યારે વૈદરાજે પૂછ્યું : “હું કેમ સત્ય માનું

કે તમે ડાકોરનાથ છો ?" ત્યારે પ્રભુ બોલ્યા : "આ મૂર્તિમાં હું પ્રવેશ કરું તો તારે જાણવું જે ડાકોરનાથ છે."

હે ભક્તો ! પછી તેઓના કહ્યા મુજબ ડાકોરનાથની મૂર્તિમાં તે બ્રાહ્મણ લીન થઇ ગયા! એટલે સત્ય માની રામચંદ્ર અમદાવાદ ગયા અને ત્યાં જઇને મુક્તાનંદ સ્વામીને બધી વાત કરી અને સત્સંગી થયા. – અક્ષ.વાતો : ૭૮૬

હે ભક્તો ! એક દિવસ ઉમરેઠના હરિભક્તોએ નિત્યાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! મુક્તાનંદ સ્વામી બહુ મોટા સંત છે." ત્યારે નિત્યાનંદ સ્વામી બોલ્યા : "આ બ્રહ્માની સૃષ્ટિમાં મુક્તાનંદ સ્વામી જેવો બીજો કોઇ સમર્થ પુરુષ નથી. તે તો એ એક જ છે! માટે તેમના જેવો બીજો હું ક્યાંથી લાવું ?" – અક્ષ. વાતો : ૭૯૧

હે ભક્તો ! એકવાર શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું : "સ્વામી ! તમારી મોટપને જાણો છો ?" ત્યારે સ્વામી કહે : "ના મહારાજ, હું જાણતો નથી." ત્યારે મહારાજ કહે : 'અલ્પ જેવો જીવ હોય અને તમે એમ સંકલ્પ કરો જે, આ જીવ ઠેઠ અક્ષરધામમાં જાય. તો તે જીવ અક્ષરધામમાં જઇ પૂગે, એવું તમારા સંકલ્પમાં બળ છે. અને તમારી મોટ્યપ તો અપાર છે.''

હે ભક્તો ! એકવાર મહારાજ કહે : "સ્વામી ! એક તમારે મારો યોગ છે અને એક અક્ષરના મુક્તને મારો યોગ છે. બીજા કોઇને મારો યોગ નથી."

– અક્ષ. વાતો : ૮૧૧

## મુક્તાનંદ સ્વામીના વ્યવહારિક ગુણો

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામી અધ્યાત્મ સદ્‌ગુણોનો ખજાનો હતા, એ જ રીતે વ્યવહારિક ગુણો પણ એમનામાં અપાર હતા. મોટા ભાગે એવું જોવા મળતું હોય છે કે, અધ્યાત્મમાર્ગમાં જે સંત આગળ હોય તેમને વ્યવહારના ગુણોમાં ફાવટ ન હોય અને જે વ્યવહારમાં બહુ જાણતા હોય તેને અધ્યાત્મમાર્ગમાં રુચિ ઓછી હોય, પરંતુ મુક્તાનંદ સ્વામી બન્ને માર્ગમાં એક્કો હતા.

### (ગાયક)

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીના વ્યવહારિક ગુણોને જોઇએ તો તેઓ નાના હતા ત્યારથી જ ચોપાઇઓ સરસ ગાતા હતા. પછી તો અલગ-અલગ

રાગનાં અનેક કીર્તનો મહારાજની આગળ સભામાં બોલતા હતા. અર્થાત્ સ્વામી ગાયક હતા. સ્વામી શાસ્ત્રીય રાગો ખૂબ જાણતા અને ગાતા, તેનો પુરાવો 'હરિચરિત્રામૃત સાગર' ગ્રંથ બતાવે છે.

## (વિદ્વાન)

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામી સંસ્કૃત ભાષાના વિદ્વાન હતા. તેઓએ ભૂજમાં અને અમદાવાદમાં સંસ્કૃતનો અભ્યાસ કર્યો હતો. કારિયાણીમાં મુક્તાનંદ સ્વામીએ રામાનુજાચાર્ય વિરચિત શ્રીભાષ્યે સહિત વ્યાસસૂત્રોની કથા સંસ્કૃતમાં કરી હતી. (સ.જીવન પ્ર–૨ અ.–૧૩) એ સિવાય ખુશાલ વિપ્રને (ગોપાળાનંદ સ્વામીને) મુક્તાનંદ સ્વામીએ રામાનુજ ગીતા ભણાવી હતી.–

(હ.મૃત સાગર : પૂ.૧૮ ત.–૯૧)

## (કવિ)

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામી કવિ હતા. મુક્તાનંદ સ્વામીનાં હજારો કીર્તનો છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં બ્રહ્માનંદ સ્વામીને બાદ કરતા સૌથી વધારે કીર્તનો સ્વામીનાં છે. આજે પણ સંતો–ભક્તો, ભાઇઓ–બહેનો સ્વામીનાં કીર્તનો ખૂબ ગાય છે.

## (લેખક)

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામી લેખક હતા. તેઓએ સંસ્કૃત ભાષામાં સાત ગ્રંથો નાના–મોટા લખ્યા છે. તેમાં 'બ્રહ્મસૂત્રભાષ્યરત્નમ્' 'સ.–જીવન માહાત્મ્યમ્' 'નિર્ણયપંચકમ્' અને 'હનુમત સ્તોત્રમ્' વગેરેનો સમાવેશ થાય છે. પ્રાકૃત ભાષામાં 'મુક્તાનંદ કાવ્ય–(૨૦ ગ્રંથ)' 'ભાગવત સાર ચિરંજીવી પદ'. 'સત્સંગિજીવન પ્રાકૃત'. અને 'કૃષ્ણપ્રસાદ સંક્ષિપ્ત' વગેરેનો સમાવેશ થાય છે.

## (વૈદ)

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામી નાડીવૈદ પણ હતા. તેઓ નાડી જોઇને દવા લેવાનું કહેતા. કારિયાણીમાં શ્રીજી મહારાજની તબિયત બગડી ત્યારે મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું હતું : "સ્વામી ! અમારી નાડી જુઓ, શરીરમાં કસર જણાય છે." બીજા પણ પ્રસંગોમાં સ્વામીનો નાડીવૈદ તરીકે ઉલ્લેખ છે.

## (વાદક)

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામી ! સંગીતકાર પણ હતા. તેમણે સરોદો વગાડવામાં માસ્ટરી હતી. જયારે-જયારે કીર્તનો ગાતાં, ત્યારે -ત્યારે મોટે ભાગે સરોદો વગાડીને જ કીર્તનો બોલતા હતા. તેઓ અનેક રાગ વગાડી જાણતા હતા.

## (નૃત્યકાર)

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામી સારા નૃત્યકાર પણ હતા. તેઓ નૃત્ય કરતાં કરતાં આબેહૂબ હાથીને પગનાં અંગુઠા વડે ચીતરી દેતા હતા. તાલમાં, લયમાં અને ઠેકાઓ સાથે તેઓ શાસ્ત્રીય નૃત્ય પણ જાણતા હતા. પગમાં ઘુંઘર બાંધીને નૃત્ય કરતા હતા.

## (વક્તા)

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામી સારા વક્તા પણ હતા. ગુણાતીતાનંદ સ્વામી કહેતા : "મુક્તાનંદ સ્વામી કથા કરતા હોય ને બે હજાર માણસોની સભા બેઠી હોય તો દરેકના મનમાં થયેલા સંકલ્પના સમાધાન થઇ જતા. સ્વામી પૂર્વાશ્રમમાં પણ રામાયણની કથા કરતા હતા.

## (ચાર ભાષાના જાણકાર)

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામી સંસ્કૃત, ગુજરાતી, હિન્દી અને વ્રજ આ ચાર ભાષા જાણતા હતા. ચારે ભાષાઓમાં સ્વામીની રચનાઓ જોવા મળે છે. જેનો પાઠ કરવાથી અંતરમાં અપાર શાંતિનો અનુભવ થાય છે.

હે ભક્તો ! આ દરેક વ્યવહારીક ગુણોનો ઉપયોગ તેઓ શ્રીજી મહારાજને રાજી કરવામાં કરતા હતા, એના કારણે આ ગુણો- અધ્યાત્મગુણો બની ગયા હતા.

હે ભક્તો ! વચનામૃત ગ્રંથના તેઓ મુખ્ય સંપાદક હતા. તે ગ્રંથમાં સ્વામીએ સંતોવતી, હરિભક્તોવતી અને નવા મુમુક્ષુઓ વતી શ્રીજી મહારાજને મોક્ષ માર્ગ સંબંધી ૯૨ પ્રશ્નો પૂછી શ્રીહરિજીનું માર્ગદર્શન મેળવી ભક્તોને યથાયોગ્ય જ્ઞાન પૂરું પાડ્યું છે.

હે ભક્તો ! પોતે તો મહાજ્ઞાની હતા જ, તેઓ સર્વશાસ્ત્રોના જ્ઞાતા હોવા છતાં અજાણ્યા થઇ મુમુક્ષુના હિતાર્થે સત્સંગના પ્રશ્નો પૂછી સત્સંગીઓની ખૂબ મોટી સેવા કરી છે. અને પોતાના દાસપણાના અંગેની સૌને પ્રતીતિ કરાવી છે. સૌને લાગું પડે તેવા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના ઉત્કર્ષ માટેના પ્રશ્નો પૂછી સંતો–ભક્તોને મોક્ષમૂલક ભાથું બાંધી આપ્યું છે.

## વચનામૃતમાં સ્વામીનો મહિમા

હે ભક્તો ! શ્રીહરિજીએ સ્વયં સ્વમુખે વચનામૃતમાં મુક્તાનંદ સ્વામીનો મહિમા કહ્યો છે અને તેમના સદ્‌ગુણોની પ્રશંસા કરી છે, તે આપને જણાવું છું.

હે ભક્તો ! શ્રીહરિજી કહે છે કે, 'આ શુકમુનિ બહુ મોટા સાધુ છે અને જે દિવસથી અમારી પાસે રહ્યા છે તે દિવસથી એનો ચડતો ને ચડતો રંગ છે, પણ મંદ તો પડતો નથી, માટે એ તો મુક્તાનંદ સ્વામી જેવા છે.'

– કારિયાણી : ૩

.... ભૂંડા ઘાટ થવા માંડે ત્યારે ધ્યાનને પડ્યું મૂકીને જીભે કરીને ઉચ્ચ સ્વરે નિર્લજજ થઇને તાળી વગાડીને 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ભજન કરવું.... તથા ભગવાનના સંત જે મુક્તાનંદ સ્વામી જેવા મોટા હોય તેનાં નામ લઇને તેની પ્રાર્થના કરવી, તો ઘાટ સર્વે ટળી જાય ને નિરાંત થાય, પણ એ વિના બીજો એવો ઘાટ ટાળ્યાનો ઉપાય નથી.'' – લોયા : ૬

.... અને એ નારાયણને લઇને તો જેને વિષે મોટ્યપ કહીએ તેને વિષે સંભવે... અને હમણાં આ મુક્તાનંદ સ્વામી જેવા સંતને વિષે એ નારાયણને લઇએ તો એમને પણ ભગવાન જેવા કહેવાય અને એ નારાયણને લીધા વિના તો અક્ષરને પણ ભગવાન ન કહેવાય તો બીજાની શી વાર્તા કહેવી ?

– લોયા : ૧૩

ભગવાનનો તો યથાર્થ નિશ્ચય હોય તોપણ જો પંચવિષયનો અત્યંત અભાવ ન થઇ ગયો હોય ને તેની આસક્તિ હોય ને તે વિષયનું મુક્તાનંદ સ્વામી જેવા ખંડન કરે તો તેનું માથું શસ્ત્રે કરીને મુકાવી દે એવો દ્રોહ કરે.

– લોયા – ૧૭

અમે આજ રાત્રીએ સૂતા હતા. પછી અમને સ્વપ્ન થયું જે, અમે ગોલોકમાં ગયા, ત્યાં ભગવાનના અનંત પાર્ષદ દીઠા... કેટલાક તો પરમેશ્વરનાં કીર્તન ગાય છે, તે કીર્તન પણ મુક્તાનંદ સ્વામી ને બ્રહ્માનંદ સ્વામીનાં ગાય છે.

– ગઢડા મધ્ય : ૧૯

અને મુક્તાનંદ સ્વામી આદિક સાધુનાં જે કાવ્ય, કીર્તન તે ગાવવાં ને સાંભળવાં તથા ભગવાનના અવતાર ચરિત્રે યુકત એવાં કાવ્ય, કીર્તન બીજા કવિના હોય તો તેને પણ ગાવવાં ને સાંભળવાં. – ગઢડા મધ્ય : ૩૫

મુક્તાનંદ સ્વામીને કહ્યું જે, “તમે પણ પોતાના સંપ્રદાય સંબંધી ને પોતાના ઇષ્ટદેવ સંબંધી જે વાણી તથા શાસ્ત્ર તે જ દેહ પર્યંત કર્યા કરજયો ને તમારો દેહ રહે ત્યાં સુધી તમને એ જ આજ્ઞા છે.” – ગઢડા મધ્ય : ૫૮

... એવા દાસત્વ ભક્તિવાળા તો આજ ગોપાળાનંદ સ્વામી છે અને બીજા મુક્તાનંદ સ્વામી છે... આ ત્રણ અંગની જે અમે વાર્તા કરી છે તે બહુધા તો આ મુક્તાનંદ સ્વામી સારું કરી છે. અને મુક્તાનંદ સ્વામી ઉપર અમને ઘણું હેત છે. – ગઢડા મધ્ય : ૬૨

જેમ મુક્તાનંદ સ્વામીને અમે પ્રથમ લોજપુરમાં દીઠા હતા અને જેવી શ્રદ્ધા ને ભગવાનનું માહાત્મ્ય હતું તેવું ને તેવું જ આજ દિવસ સુધી નવું ને નવું છે, પણ ગૌણ પડ્યું નથી; એ બે લક્ષણે કરીને તે ભક્તને ઓળખવો.

– સારંગપુર : ૩

અને મુક્તાનંદ સ્વામીને અમારી પ્રસન્નતા કરવી તથા અમારો વિશ્વાસ એ અંગ. – ગઢડા અંત્ય : ૨૪

અમારો પ્રથમ ત્યાગી સ્વભાવ હતો, પણ જો રામાનંદ સ્વામીનાં દર્શનનો ખપ હતો તો મુક્તાનંદ સ્વામીની આજ્ઞાને અનુસારે વર્ત્યા. – ગઢડા અંત્ય : ૨૭

ધન–દોલત, સ્ત્રી અને પુત્ર એ આદિક જે પદાર્થ તેણે કરીને જેની બુદ્ધિમાં ફેર પડે નહિ અને એને અર્થે કોઇને વિષે આસ્થા આવે નહિ, એવા તો ... આ મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી છે. – ગઢડા અંત્ય : ૩૩

મુક્તાનંદ સ્વામી જેવા હોય તે સર્વથી સરસ વર્તમાન પાળતા હોય ને તેણે કરીને બીજા સંતને ઉદ્વેગ થાય, કેમ જે એમની બરોબર વર્તાય નહિ.

– લોયા – ૬

હે ભક્તો ! હરિચરિત્રામૃત સાગર ગ્રંથમાં શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામીના સદ્‌ગુણોની ખૂબ પ્રશંસા કરી છે. એ સિવાય સ્વામીના પ્રસંગો એટલા બધા છે કે, તે સર્વેને ભેગા કરવામાં આવે તો એક પુસ્તક બને; માટે અહીંયા સંક્ષેપ્તમાં થોડા–ઘણા જણાવ્યા છે.

હે ભક્તો ! આષાઢી સંવત ૧૮૮૬ જેઠ સુદ–૧૦ ના દિવસે શ્રીજી મહારાજ ધામમાં ગયા પછી મુક્તાનંદ સ્વામીને આ લોકમાં ગમતું નહિ. મહારાજનો વિયોગ સહન થતો ન હતો, તેથી પ્રભુને પ્રાર્થના કરી એટલે અક્ષરધામમાંથી શ્રીહરિજી અનંત મુક્તોને લઇને પધાર્યા અને મુક્તાનંદ સ્વામીને આષાઢી સંવત ૧૮૮૭ ના અષાઢ વદ–૧૦ ના દિવસે અક્ષરધામમાં લઇ ગયા. અર્થાત્ મહારાજ ધામમાં ગયા પછી દોઢ મહિનો સ્વામી આ લોકમાં રહ્યા.

હે ભક્તો ! કોઇને શંકા થાય કે દોઢ મહિના પછી સ્વામી ધામમાં ગયા, તો સાલ કેમ બદલાઇ ગઇ ? એના સમાધાન માટે જણાવું કે, મહારાજના સમયમાં અષાઢ મહિનામાં નવું વર્ષ શરુ થઇ જતું, એટલે ૧૮૮૬ ના છેલ્લા મહિનામાં મહારાજ ધામમાં ગયા અને આષાઢી સંવતના પ્રથમ મહિનામાં જ મુક્તાનંદ સ્વામી ધામમાં ગયા. વચનામૃતો પણ આષાઢી સંવતના જ છે, પણ વિક્રમ સંવતના નથી. અત્યારે વિક્રમ સંવત કારતક મહિનામાં નવું વર્ષ શરુ થાય છે.

## (નોંધ)

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીની ધામગમન તિથિ ત્રણ પ્રકારે ગ્રંથોમાં લખાઇ છે. 'શ્રી હરિચરિત્રામૃતસાગર'ના પૂર–૨૯ ને તરંગ ૧૦૫ માં આધારાનંદ સ્વામીએ અષાઢ વદ–૧૦ લખી છે, તેથી મેં પણ એ લખી છે.

અક્ષરાનંદ સ્વામીની ૮૨૩ મી વાતમાં અષાઢ સુદ–૧૦ લખેલ છે અને 'સ્વામિનારાયણ ચરિતગાથા' ગ્રંથમાં અષાઢ વદ–૧૧ લખેલ છે. પરંતુ મને આધારાનંદ સ્વામીએ લખેલ તિથિ સાચી લાગી એટલે મેં આષાઢી સંવત ૧૮૮૭ અષાઢ વદ–૧૦ લખી છે.



# ૧૪.
# ઉદાર દિલ સામત પટેલ

હે વહાલ ભક્તો !...

સામત પટેલ એટલે સાડદીકા ગામના સત્સંગી શૂરવીર ભક્ત.

સામત પટેલ એટલે શિર સાટે સત્સંગ રાખનારા એકાંતિક ભક્ત.

સામત પટેલ એટલે નાત બહાર રહીનેય ધર્મ–નિયમો રાખનાર ભક્ત.

સામત પટેલ એટલે માલ–મિલકત વેચીને મહારાજને અર્પણ કરનાર ભક્ત.

સામત પટેલ એટલે પોતાની જ ઇન્દ્રિને ભીષ્મ કરનારા નિષ્કામી ભક્ત.

હે ભક્તો ! ભક્ત ચિંતામણિ ગ્રંથના ૧૧૪ માં પ્રકરણમાં નિષ્કુળાનંદ સ્વામીએ વાળાક પ્રદેશના ગામડાંઓ અને ભકતોનાં નામ લખ્યાં છે. અમરેલી–બગસરા રાજુલા વગેરે વાળાક પ્રદેશ ગણાય છે. તેમાંથી શ્રીજી મહારાજે લોયાના ત્રીજાં વચનામૃતમાં સામત પટેલનું નામ લખ્યું છે. તેની નોંધ સ્વામીએ ૧૧૪ પ્રકરણમાં પણ લીધેલ છે :–

**“ચાડદિકે ભોજો કરમણ, ચોખા ભકત હરિના ચારણ**
**ભોજો સામત ભકત આહિર, વસે ચાડદિકે મનધીર’’**

**– ભ.ચિ.પ્ર.૧૧૪/૩૦**

હે ભક્તો ! રાજુલા પંથકમાં ચાડદિકા નામનું નાનું એવું ગામ છે, પરંતુ ત્યાં નાના એવા ગામમાં મોટા ભગત રહે છે. સમાજમાં લેવા પટેલ, કડવા પટેલ, કોળી પટેલ, કાનમ પ્રદેશમાં તો મુસ્લિમ પટેલ પણ છે, એ જ રીતે આહિર સમાજમાં આહિર પટેલ છે. આહિરો આમ તો ક્ષત્રિય ગણાય છે. આમ પશુપાલક ગણાય છે. શ્રીકૃષ્ણ–પ્રભુ જેને ત્યાં રમીને મોટા થયા એ ગોકુળના નંદબાબા પણ આહિર હતા.

હે ભક્તો ! આ ચાડદિકા ગામમાં આહિર સમાજમાં પટેલ જ્ઞાતિમાં સામત ભકત બહુ બળીયા ભકત થઇ ગયા છે. તે પૂર્વના બહુ મોટા મુમુક્ષુ હતા અને દ્રઢ નિષ્કામી વ્રતમાન પણ પાળતા હતા. ઘરમાં જળકમળવત્ રહેતા હતા અને ખેતીનો ધંધો કરી પોતાના પરિવારનું પાલન–પોષણ કરતા હતા.

હે ભક્તો ! તેઓ સ્વામિનારાયણ સંપ્રદાયના ચુસ્ત સત્સંગી હતા અને શિર સાટે સત્સંગ રાખતા હતા. તેઓની આગળ કોઇ પણ વ્યક્તિ સ્વામિનારાયણ ભગવાન કે તેમના સંતો–ભકતોની હલકી વાત કહેવાનું સાહસ કરી શકતા નહિ. તેઓ સર્વોપરી ઉપાસના રાખી શ્રીજી મહારાજનું ભજન કરતા હતા.

હે ભક્તો ! આહિર પટેલ સામત કેવા મહિમાવાળા છે, એવું સમાજને અને સત્સંગીઓને બતાવવા માટે એકવાર શ્રીજી મહારાજે ગઢપુરમાં દર્શન કરવા આવેલા સામત પટેલને કહ્યું : “પટેલ ! થોડા રૂપિયાની અમારે જરુર છે, તમે આપશો ?”

હે ભક્તો ! મહારાજનાં આવાં વચનો સાંભળીને સામત પટેલ મનોમન ખૂબ આનંદ પામ્યા અને વિચારવા લાગ્યા : “અરે ! હું કેટલો મોટો ભાગ્યશાળી તે મહારાજે મને પસંદ કર્યો ! સભામાં આટલા બધા સત્સંગીઓ બેઠા છે, એમાં કોઇ પાસે નહિ ને મારી પાસે પૈસા માગ્યા. મને સેવા કરવાનો અમુલખ લાવો આપ્યો, માટે પૈસા આપી મહારાજનો રાજીપો રળી લઉં.”

## જમીન અને પશુઓ વેચ્યાં !

હે ભક્તો ! આવો વિચાર કરી આનંદ પામતા–પામતા મહારાજને કહેવા લાગ્યા : “મહારાજ ! હું રૂપિયા સાથે લાવ્યો નથી, એટલે આજે જ મારા ગામડે જઇ રુપિયા લઇને આવું છું, આપ મારી રાહ જોજો. પણ આ સેવા મને જ આપજો, બીજા કોઇને ન કહેતા. મારા જીવનમાં મને આવો લાભ ફરીને કયારે મળશે ? માટે થોડા દિવસમાં હું પૈસા લઇને આવું છું, મારી રાહ જોજો.”

હે ભક્તો ! આ પ્રમાણે પ્રભુને પ્રાર્થના કરીને ગઢપુરથી નીકળીને ચાલતા–ચાલતા પોતાને ગામ ચાડદિકા ગયા. ઘેર જઇ પરિવારના લોકોને ભેગાં કરીને કહેવા લાગ્યા : “સૌ સાંભળો. સ્વામિનારાયણ ભગવાને આપણાં ઉપર કૃપા કરીને સેવા કરવાનો લાભ આપ્યો છે, માટે સેવા કરી પ્રભુને રાજી કરી લઇએ.”

હે ભક્તો ! ત્યારે તેમનાં પત્ની અને પુત્રે કહ્યું : “પણ આપણી પાસે તો પૈસા ક્યાં છે ? તે ભગવાનને આપીએ. આપણે ત્યાં ખેતીમાં બાર મહિના ચાલે એટલો બાજરો થાય છે; એમાંથી આપણે પરિવારનું ભરણ–પોષણ કરીએ છીએ. તો પછી પ્રભુને આપવા માટે પૈસા ક્યાંથી લાવીશું ?”

હે ભક્તો ! ત્યારે સામત પટેલ બોલ્યા : “આપણા સમાજમાં જયારે ગરીબ લોકોને ત્યાં દીકરા–દીકરીયું પરણાવવાના પ્રસંગો આવે છે, અને તેઓ પાસે પૈસા ન હોય તો તેઓ શું કરે છે ?” ત્યારે ઘરના લોકો કહે : “તો એવા લોકો માલ–મિલકત વેચીને પણ સંતાનોને પરણાવે છે, પણ પૈસા ન હોય તો કોઇ પોતાનાં સંતાનોને કુંવારા રાખતાં નથી.”

હે ભક્તો ! આવું સાંભળી સામત પટેલ કહે : “લોકો પોતાનાં સંતાનો માટે જો જમીન વગેરે મિલકત વેચી નાખતા હોય તો આપણે ભગવાન માટે ન વેચી શકીએ ?” પટેલની વાત સાંભળી હરખાતાં હૈયે– મા–દીકરા બન્નેએ હા કહી. તુરંત સામત પટેલ ધનવાન ખેડૂત પાસે ગયા અને જમીન, બળદ–ગાડું અને ગાયો–ભેંસો વેચી નાખ્યાં !

હે ભક્તો ! જમીન વગેરે વેચ્યું એના સાડા ચાર હજાર રૂપિયા ( એ સમયના) આવ્યા. તેના પોટલાં બાંધી તે ઉપાડીને ગઢડા આવ્યા અને હરખાતા હરખાતા શ્રીજી મહારાજની આગળ મૂકી દંડવત પ્રણામ કરી બેસી ગયા.

હે ભક્તો ! બસો વર્ષ પહેલાં ૪૫૦૦ રૂપિયા મોટી કિંમત ગણાતી, એટલા રૂપિયા જેની પાસે ગામડામાં હોય તે વ્યક્તિ સુખી ગણાતા. તેથી આટલી મોટી રકમ જોઇને મહારાજે સવાલ કર્યો : “ભગત ! આટલા બધા રૂપિયા ક્યાંથી લાવ્યા ?”

## રાજી થઇને ભેટી પડ્યા

હે ભક્તો ! ત્યારે સામત પટેલે વિચાર કર્યો : “જો સાચું કહીશ તો કદાચ શ્રીજી મહારાજ મારી સેવા નહિ સ્વીકારે, માટે ખોટું બોલું એટલે મારું દાન સ્વીકારે.” આવું મનોમન નક્કી કરીને બોલ્યા : “ મહારાજ ! અમો ખેડૂત કહેવાઇએ, એટલે ખેતીની ઉપજમાંથી થોડું–થોડું બચાવીને મરણ–મૂડી ભેગી કરીએ, એટલે ગઢપણમાં કામ આવે. તેથી મેં મરણ–મૂડી ભેગી કરી હતી, તે લાવ્યો છું.”

હે ભક્તો !

**"તનકી જાણે, મનકી જાણે, જાણે ચિત્તકી ચોરી;**
**ઇનકે આગે કયા છુપાયે, જીનકે હાથમેં જીવનદોરી."**

અંતર્યામી આગળ સામત પટેલ ખોટું બોલ્યા, એટલે મહારાજે કહ્યું : "સાચું બોલો, આ રૂપિયા કેવી રીતે લાવ્યા છો ? આ સભામાં બેઠેલા સૌ સાંભળે એમ બોલો; જો સાચું નહિ બોલો તો આમાંથી એકપણ પૈસો નહિ લઉં."

હે ભક્તો ! મહાપ્રભુની આજ્ઞા થતાં જ સામત પટેલ કહેવા લાગ્યા : "મહારાજ ! રોકડા રૂપિયા તો મારી પાસે નહોતા, એટલે જમીન–બળદ–ગાડું અને ગાયો–ભેંસો વેચીને એના સાડા ચાર હજાર રૂપિયા આવ્યા, તે લઇને આપને આપવા આવ્યો છું ?" આવું સાંભળી સભામાં જે ગૃહસ્થો બેઠા હતા, તે અચંબો પામી ગયા અને સામત પટેલને ધન્યવાદ આપવા લાગ્યા.

હે ભક્તો ! સામત પટેલની ઉદારતા અને મહિમા જોઇને શ્રીજી મહારાજ ઊભા થયા અને ભેટી પડ્યા અને ગળામાં પહેરેલ ગુલાબનો હાર કાઢીને સામત પટેલને પહેરાવીને કહ્યું : "ભગત! અમોએ તો તમને એટલા માટે પૂછ્યું હતું કે, તમારા ઘરમાં રોકડા રૂપિયા હશે, આમ આજીવિકાનાં સાધનો વેચીને પૈસા લાવવાનું અમે કયાં કહ્યું હતું ? માટે તમારા રૂપિયા પાછા લઇ જાવ અને બધું છોડાવી લ્યો."

હે ભક્તો ! મહારાજની આવી આજ્ઞા થતાં સામત પટેલ ગળગળા થઇ ગયા ને રૂપિયા રાખી લેવા વિનંતી કરવા લાગ્યા : "અરે પ્રભુ ! પરિવાર માટે તો અમારે આખી જિંદગી કમાવાનું જ છે, તમારા માટે અને સંતો માટે આવો લાભ અમોને કયારે મળે ? માટે આ બધા જ રૂપિયા અહીંયા જ રાખો, એવી મારી વિનંતી છે."

હે ભક્તો ! સામત પટેલે બહુ આગ્રહ કર્યો એટલે એક હજાર રૂપિયા મહારાજે રાખ્યા અને સાડા ત્રણ હજાર પરાણે પાછા આપીને જમીન છોડાવવાની આજ્ઞા આપી, એટલે સામત પટેલે ઘેર જઇ જમીન છોડાવીને ભજન–ભક્તિ કરતા કરતા ખેતી કરવા લાગ્યા.

## સામત ભગતને નાત બહાર મૂક્યા

હે ભક્તો ! સામત ભગત સત્સંગના બધા જ નિયમો પાળતા તેથી તેની નાતવાળાને ગમતું ન હતું. એના કારણે નાતના પંચે એમને બોલાવ્યા ને પ્રશ્નો પૂછ્યા : “સામત ! તું નાતના પ્રસંગમાં કેમ ખાતો નથી ? નાતના લોકો સાથે પણ તેં બોલવા–ચાલવાનું ઓછું કરી નાખ્યું છે. લગ્નમાં પણ તું દેખાતો નથી ?”

હે ભક્તો ! આગેવાનો આહિરોની વાત સાંભળી સામત ભગતે જવાબ આપ્યો : “વડિલો ! હું સ્વામિનારાયણ પંથ પાળું છું એટલે સ્વામી પંથીઓ ડુંગળી–લસણ ખાય નહિ, એ તો તમે જાણો જ છો. આપણી નાતના વરામાં તો આ બધું હોય જ છે, માટે હું ખાતો નથી, અને લગ્નમાં ગાળ્યાં–ચાળ્યાં વિનાનું બધું વપરાય છે, તેથી પણ હું જમતો નથી. તેમજ વિવાહમાં રસોઇ કરનારા સવારે ઊઠીને નાતાં–ધોતાં પણ નથી, એથી એના હાથનું બનાવેલું અપવિત્ર ગણાય છે, માટે હું જમતો નથી.”

હે ભક્તો ! ત્યારે નાતના આગેવાનો કહેવા લાગ્યા : “એ તો આપણી નાતમાં પહેલેથી જ ચાલ્યું આવે છે, તારા માટે અમારે નાતના રિવાજ બદલી નાખવા ? તું સાંભળી લે, તારે નાતમાં રહેવું હોય તો વિવાહમાં અને બીજા પ્રસંગોમાં નાત ભેળું બેહીને ખાવું પડશે, નહિતર તારી સાથે રોટી–બેટીનો વ્યવહાર બંધ કરીને તને નાતબહાર મૂકવામાં આવશે; હવે તારે શું કરવું છે? તેનો જવાબ દે.”

હે ભક્તો ! ત્યારે સહજાનંદી સિંહે ગર્જના કરતા કહ્યું : “વડિલો ! તમારી નાતને રાજી રાખવા, હું મારા સ્વામિનારાયણ ભગવાનને કુરાજી ન કરી શકું. મારા નિયમો તો મારા માથા સાટે છે. મારા જીવના કલ્યાણ માટે હું સત્સંગના નિયમો પાળું છું, માટે કોઇપણ ભોગે હું સત્સંગ કે નિયમો નહિ છોડું.”

હે ભક્તો ! સામત ભગતનાં આવાં આકરાં વે’ણ સાંભળી આગેવાનો તો આગબબુલા થઇને બોલ્યા : “તો તું આજથી નાત બા’રો છો. આજથી તારી સાથેના બધા સંબંધો પૂરા થાય છે. આજથી તારી સાથે રોટી–બેટીના વ્યવહારો પણ પૂરા થાય છે, આજથી આપણી નાતમાં તારી દીકરીને કોઇ પરણશે નહિ અને તારા દીકરાને કોઇ પરણાવશે નહિ.”

હે ભક્તો ! આવું સાંભળીને સામત પટેલ કંઇ પણ બોલ્યા વિના ઘેર જતા રહ્યા અને ઘેર જઇ કુટુંબના લોકોને વાત કરી, તેથી તેઓએ પણ કહ્યું : "આપણે સત્સંગના નિયમો કોઇપણ ભોગે છોડવા નથી, આપણે ભજન–ભક્તિ કરીને જીવન પૂરું કરી દેશું, અને સુખેથી ભગવાન પાસે ધામમાં જઇને રહેશું."

## મહારાજની કૃપાથી ફરી નાતમાં

હે ભક્તો ! નાતબહાર હોવા છતાં સામત પટેલના પરિવારમાં શાંતિ છે. તેઓ તો સુખેથી ભજન–ભક્તિ કરે છે અને ઘર સભા કરી સત્સંગને શિરસાટે પાળે છે. આવું જોઇને નાતીલાઓ મનોમન બળી ઊઠ્યા. એટલે તેઓએ ભગતના ખેતરમાં ગાયો–ભેંસોને ખવડાવવા માટે ઘાસની ગંજીઓ રાત્રીએ જઇ સળગાવી દીધી! એના કારણે સામત પટેલને પશુઓને ખવડાવવાં ઘાસચારાની મુશ્કેલી ઊભી થઇ. છતાંપણ તેઓ હિંમત હાર્યા નહિ અને બાજુનાં ગામડામાં જઇ ઘાસ લઇ આવ્યા.

હે ભક્તો ! નાનપણમાં સામત ભગતની દીકરી અને દીકરાનાં લગ્ન થઇ ગયેલાં, હવે તેઓ બન્ને યુવાન થઇ ગયાં હતાં, તો પણ બન્નેના સાસરીયાઓએ તેમની સાથેના સંબંધો કાપી નાખ્યા હતા.

હે ભક્તો ! આ બધા સમાચાર ચાડદીકા ગામના બીજા સત્સંગીઓએ ગઢપુરમાં જઇ શ્રીજી મહારાજને કહ્યા. તેથી મહારાજ સામત ભગત ઉપર ખૂબ રાજી થઇને બોલ્યા : "હવે અમારા સામત ભગતને કોઇ ઉપાધિ નહિ કરે. આજથી એની બધી ઉપાધિનો અંત આવશે, એવા અમો આશીર્વાદ આપીએ છીએ."

હે ભક્તો ! ગઢપુરમાં બેઠા–બેઠા જ મહારાજે આશીર્વાદ આપ્યા, એના કારણે આહિર નાતના આગેવાનોની બુદ્ધિ સાત્વિક થઇ અને તેઓએ પરસ્પર ભેગા થઇને કહ્યું : "સામત આમ તો આપણો જ કહેવાય, એ કયાં ખરાબ કામ કરે છે ? તે સ્વામીના ઉજળા પંથમાં જોડાણો છે, તેથી આપણી નાતમાં જમતો નથી. આમ તો એ આપણા માટે ગૌરવ લીધા જેવું કહેવાય. આપણેય કો'કદી કહેવા થશે કે, અમારી નાતમાં પણ ઉજળીયો ધર્મ પાળનાર છે, માટે હવે આપણે એને નાતમાં લઇ લેવો."

હે ભક્તો ! નાતમાં ઠેરાવ નક્કી કરીને સૌ ભેગા થઇને ભગતના ઘેર ગયા અને કહેવા લાગ્યા : “સામત ! ગમે તેમ તું અમારો છે, માટે હવેથી અમો તને નાતમાં લઇએ છીએ. તું સુખેથી તારા બધા નિ’મ પાળજે, પણ લગન હોય ત્યારે ખા’ નહિ તો કાંઇ નહિ, પણ અમથો આંટો મારી જાજે, એટલે અમને એવું લાગે કે સ્વામિનારાયણના ભગતનાં પગલાં અમારાં ઘરમાં પડ્યાં, તેથી અમારું ઘર પાવન બન્યું.”

હે ભક્તો ! સામત પટેલે પણ રાજી થઇને સૌને હાજરી આપવાની હા કહી. પછી તો તેમની યુવાન દીકરીને એમના સાસરીયા આણું વાળીને તેડી ગયાં અને ભગત સુખેથી ભજન કરવા લાગ્યા.

## સામત પટેલે મૂત્ર-ઇન્દ્રિય કાપી નાખી ?

હે ભક્તો ! સામત પટેલના દીકરાનાં લગ્ન પણ બચપણમાં જ થઇ ગયા હતાં. પણ નાત–બહાર મૂકેલા ત્યારે તેના દીકરાને તેના સસરા સાથે બોલાચાલી થયેલી. ત્યારે તેમણે ગુસ્સામાં આવીને કહી દીધેલું કે, “તમારી દીકરીને મારી સાથે ન મોકલવી હોય તો હવે કાયમ માટે તમારે ઘેર જ રાખજો, હવે મારે પણ એને જો’તી નથી.”

હે ભક્તો ! પછી તો પટેલને નાતમાં લેવામાં આવ્યા. તેથી દીકરાની વહુને આણું વાળીને ઘેર લાવવા માટે સામત ભગત છોકરાના સાસરે ગયા અને પોતાના દીકરાની વહુને મોકલવા માટે કહ્યું.

હે ભક્તો ! સામત પટેલની વાત સાંભળી એનો વેવાઇ કાંઇ પણ વિચાર કર્યા વિના ગુસ્સામાં આવીને બોલ્યો : “ભગત ! તારા દીકરાને મારી દીકરી જો’તી નથી, તારે જો’તી હોય તો બોલ. તારી હારે નાતરું કરાવું. તું મારી દીકરીને તારી ઘરવાળી બનાવીને રાખવાનો હો તો લઇ જા.”

હે ભક્તો ! કાળજું વીંધી નાખે એવા શબ્દો સાંભળી સામત પટેલ ગુસ્સે થઇને બોલ્યા : “અરે પાપી ! આવું બોલતા તારી જીભમાં જીવડાં ન પડ્યાં ? તારી દીકરીને તે શું વેશ્યા બનાવી છે અને મને શું ભડવો સમજે છે ? હું તો સ્વામિનારાયણનો ભગત છું અને મને તું આવાં વે’ણ કહે છે. મારી પુત્રવધુ તો મારી દીકરી કહેવાય અને તું એને મારી ઘરવાળી બનાવવાનું કહે છે ? તને કાંઇ લાજ–શરમ છે કે નહિ.”

હે ભક્તો ! આવું બોલતા–બોલતા તેમણે કટાર કાઢી અને તેનાથી પોતાની મૂત્ર–ઇન્દ્રિયને કાપી નાખી! તે હાથમાં લઇને વેવાઇ ઉપર એનો ઘા કરી જતા રહ્યા. પછી તો તાત્કાલિક વૈદને બોલાવ્યા ને દવા લગાવી લોહી બંધ કર્યું.

હે ભક્તો ! આ વાતનો તેના નાતમાં ખ્યાલ આવ્યો, એટલે સૌ મોંઢામાં આંગળાં નાખી ગયાં ને કહેવા લાગ્યા. ધન્ય છે સામત પટેલને કે આપણી નાતમાં આવો શૂરવીર સ્વામિનારાયણનો ભગત જન્મ્યો. આ વાતની ગઢપુરમાં પણ મહારાજને ખબર પડી એટલે મહારાજે સભામાં સામત પટેલના નિષ્કામી વર્તમાનનાં ખૂબ વખાણ કર્યા.

હે ભક્તો ! સમય જતાં સામત પટેલ વૃદ્ધ થયાં અને એક દિવસ દીકરાને બોલાવી સત્સંગ રાખવાની ભલામણ કરીને બોલ્યા : “આ મહારાજ મને તેડવા આવ્યા છે, માટે હું તેઓની સાથે ધામમાં જાવ છું જય સ્વામિનારાયણ.” આ રીતે કહી દેહ છોડી દિવ્ય દેહધારી બની ધામમાં જતા રહ્યા.

નોંધ : હે ભક્તો ! ‘સહજાનંદ સ્વામી ચરિત્ર’ પુસ્તકમાં સામત પટેલના ગામનું નામ ‘બાંભણીયા’ લખેલ છે, પરંતુ ‘ભક્ત ચિંતામણિ’ અને અક્ષ.વાતોમાં ‘સાડદીકા’ લખેલ હોવાથી મેં પણ ‘સાડદીકા’ લખ્યું છે, કારણ કે ભક્ત ચિંતામણિ વિશેષ પ્રમાણભૂત ગણાય.







# ૧૫.

# માનકુવાના મિત્રો : મૂળજી-કૃષ્ણજી

હે વહાલા ભક્તો ! .....

મૂળજી અને કૃષ્ણજી એટલે કચ્છ પ્રદેશના માનકુવા ગામના પટેલ ભક્તો !

મૂળજી અને કૃષ્ણજી એટલે બે દેહ પણ વિચારો એક એવા પાકા ભાઇબંધો !

મૂળજી અને કૃષ્ણજી એટલે વિષયી કામસુખને નરક માનનારા મહાન ભક્તો !

મૂળજી અને કૃષ્ણજી એટલે સાધુ બનવા માટે મૂત્ર–ઇન્દ્રિયને કાપી નાખનારા ભક્તો !

મૂળજી અને કૃષ્ણજી એટલે શ્રીજી મહારાજની અનન્ય નિષ્ઠાવાળા એકાંતિક ભક્તો !

મૂળજી અને કૃષ્ણજી એટલે મહારાજની કસોટીમાંથી પાર ઉતરેલા ઉત્તમ મુમુક્ષુ !

મૂળજી અને કૃષ્ણજી એટલે ઘનશ્યામાનંદ સ્વામી અને સર્વજ્ઞાનંદ સ્વામી !

હે ભક્તો ! કચ્છની ધીંગી ધરતી પર માનકુવા નામનું સુંદર રળિયામણું ગામ આવેલ છે. શ્રીજી મહારાજના સમકાલીન સમયમાં માનકુવા ગામના ૧૮ સંતો હતા ! કચ્છનો સત્સંગ રામાનંદ સ્વામી વખતનો છે. અત્યારે સંપ્રદાયમાં કચ્છનો સત્સંગ ખૂબ વખણાય છે.

હે ભક્તો ! તે માનકુવા ગામમાં બે મિત્રો હતા. એકનું નામ મૂળજી અને બીજાનું નામ કૃષ્ણજી. જાણે કે કૃષ્ણ–સુદામાની જોડ જોઇ લ્યો. બે દેહ હતા,

પણ જાણે કે બન્નેના દેહમાં એક જ આત્મા હોય એ રીતે નાનપણથી બન્ને મિત્રો સાથે રહીને આદર્શ મિત્ર તરીકે એક બીજાને પ્રેરણા પૂરી પાડતા હતા.

હે ભક્તો ! બન્ને પટેલો હતા. પણ બન્નેની અટક અલગ હતી. મૂળજી ભક્તની અટક વરસાણી હતી અને કૃષ્ણજીની અટક પીઠડીયા હતી. એ સમયે કચ્છ સત્સંગનું કાશી ગણાતું હતું.

હે ભક્તો ! આ બન્ને ભાઇબંધ હતા, પણ સગાં ભાઇઓની જેમ જ સાથે રહેતા હતા. એકવાર માનકુવામાંથી હરિભક્તો સંઘ લઇને પ્રગટ પ્રભુ એવા શ્રીહરિજીનાં દર્શન માટે ગઢપુર આવતા હતા. ત્યારે એ સંઘમાં કૃષ્ણજી પણ ગઢડા આવ્યા ને મહારાજનાં ભાવથી દર્શન કર્યાં.

હે ભક્તો ! ગઢડાનું સાત્વિક વાતાવરણ જોયું, સંતો દ્વારા મહારાજનાં ઐશ્વર્યો સાંભળ્યાં અને શ્રીજી મહારાજનાં દર્શન કર્યાં, આ દિવ્ય ત્રિવેણી–સંગમના કારણે એના અંતરમાં ટાઢું–ટાઢું થઇ ગયું. કૃષ્ણજીને મનમાં થયું કે, 'માનો ન માનો પણ આ સ્વામિનારાયણ, ભગવાન લાગે છે.'

હે ભક્તો ! પછી તો તેઓ સંઘ સાથે માનકુવા ગયા અને મિત્ર મૂળજીને વાત કરી : "મિત્ર ! મને તો સ્વામિનારાયણમાં ભગવાનનો ભાવ થયો છે. મારા સંકલ્પો એમનાં દર્શન કરવાથી વિરામ પામી ગયા હતા અને અંતરમાં અપાર શાંતિ થઇ હતી, તેથી હું તો એમને ભગવાન માનવા લાગ્યો છું. મારી ઇચ્છા છે કે, તું પણ એમને ભગવાન માન અને મારી સાથે એમનાં દર્શન કરવા ગઢડા ચાલ."

## બન્ને મિત્રો ગઢપુર આવ્યા

હે ભક્તો ! કૃષ્ણજીની વાત સાંભળીને મૂળજી ભક્તે કહ્યું : "મિત્ર કૃષ્ણજી ! જો ખરેખર સ્વામિનારાયણ, ભગવાન છે, તો પછી એવા ભગવાનને મૂકીને તું અહીં શા માટે પાછો આવ્યો ? આ દુનિયામાં ભગવાનથી શું અધિક છે ? તે તેમને મૂકીને તું સંસારના ઊંડાં કૂવામાં પડવા અહીં પાછો આવ્યો. માટે કાં તો એ સ્વામિનારાયણ, ભગવાન નહિ હોય, ને કાં તો તેં ઓળખ્યા નહિ હોય."

હે ભક્તો ! પોતાના પ્યારા મિત્રની વાત સાંભળીને કૃષ્ણજી કહેવા લાગ્યા : “મિત્ર મૂળજી ! સ્વામિનારાયણ તો જરૂર ભગવાન છે અને તેઓને મેં બરાબર જ ઓળખ્યા છે, પણ એ ભગવાનનાં દર્શન કરાવવાં માટે તને હું લેવા આવ્યો છું.”

હે ભક્તો ! પછી તો બન્ને મિત્રો, કચ્છનો સંઘ ગઢડા જતો હતો એની સાથે જોડાઇ ગયા અને ગઢપુર પહોંચી ગયા. પ્રથમવાર મૂળજીને મહારાજનાં દર્શન થયાં એટલે એ વખતે જ તેમને મહારાજ પ્રત્યે ભગવાનપણાનો નિશ્ચય થઇ ગયો ! પછી કચ્છનો સંઘ દર્શન કરીને પાછો ગયો, પરંતુ આ બંને ભાઇબંધો પાછા ન ગયા. તેઓ તો ગઢપુરમાં જ રોકાઇ ગયા.

હે ભક્તો ! ગઢડા રહીને મહારાજનાં દર્શન કરે, કથા સાંભળે, સંતોનો સમાગમ કરે અને બાકીના સમયમાં સેવા કરે. આના કારણે તેઓ સૌનાં વહાલાં બની ગયા. ગઢપુરમાં તેઓ ‘જેમ સાકર અને દૂધ એકબીજામાં મળી જાય’ એ રીતે જ સંતો–ભક્તો સાથે મળી ગયા.

હે ભક્તો ! ત્યાંતો માનકુવા ગામથી બન્નેનાં સગાંઓના પત્રો શ્રીજી મહારાજ ઉપર આવવા લાગ્યા. : “મહારાજ ! બન્ને મિત્રોને માનકુવા મોકલી આપો. એ બન્ને પરણેલા છે અને તેમની સ્ત્રીઓ તેમના વિના રોયાં કરે છે. જો તમે નહિ મોકલો તો તેમની પત્નીઓ ત્યાં આવશે.”

હે ભક્તો ! પત્રો વાંચીને શ્રીજી મહારાજે બન્નેને પોતાની પાસે બોલાવ્યા ને કહેવા લાગ્યા : “ભક્તો ! તમો અહીં બધા સાથે હળીમળી ગયા છો, પણ તમારા ઘેરથી બે–ત્રણ પત્રો આવ્યા છે. તમો ત્યાં નહિ જાવ, તો તમારી પત્નીઓ અહીં તમોને લેવા આવશે, એવું તમારા સંબંધીઓએ લખ્યું છે, માટે તમે કચ્છમાં તમારા ગામ જાવ અને ત્યાં રહીને અમારું ભજન કરજો.”

## કાતર લઇને મહારાજ બોલ્યા

હે ભક્તો ! શ્રીજી મહારાજે ખૂબ આગ્રહ કર્યો એટલે ગઢડા છોડીને ચાલ્યા ગયા, પણ માનકુવા ન ગયા. રસ્તામાં વાણિયાની વંથલી ગામમાં રોકાઇ ગયા. ત્યાં લાધા ઠક્કર નામના સત્સંગીના ઘેર રહી એમને મદદ કરે ને ભજન કરે, આ રીતે ત્યાં રહેતા–રહેતા થોડા મહિના ગયા, ત્યાં ગઢડામાં સમૈયો

આવ્યો. તેથી ગઢપુર જવા બન્ને તૈયાર થયા, એટલે લાધા ઠક્કરે ચાલીશ રૂપિયા ખર્ચ માટે આપ્યા.

હે ભક્તો ! આ બાજુ ગઢડામાં તો માનકુવાથી પત્રો આવવાનું શરુ જ હતું, તેથી મહારાજે જવાબ લખાવી દીધો હતો કે, “મૂળજી ને કૃષ્ણજી બન્નેને અહીંથી ઘણા સમય પહેલાં મોકલી દીધા છે, માટે હવે પત્રો લખતા નહિ.”

હે ભક્તો ! મૂળજી અને કૃષ્ણજી ગઢપુર આવ્યા. સભામાં બિરાજતા પ્રગટ પ્રભુનાં બન્નેએ દર્શન કર્યાં અને ૪૦ રૂપિયા ચરણ ભેટ મૂકી. ત્યારે મહારાજે પૂછ્યું : “તમારા ઘેર તમો ગયા નહોતા ? તમારા ઘેરથી પત્રો આવે છે, તમો ક્યાં રોકાયા હતા અને ઘેર કેમ જતા નથી ?”

હે ભક્તો ! ત્યારે બન્ને ભક્તો બોલ્યા : “હે મહારાજ ! અમો વંથલી વાણિયાની છે, ત્યાં રોકાયા હતા. અમારે હવે સંસારમાં રહેવું નથી, અમને ત્યાગી કરી દો. અમારે સાધુ થવું છે અને અહી રહીને તમને રાજી કરવા છે.?”

હે ભક્તો ! મૂળજી–કૃષ્ણજીની વાત સાંભળી, બન્નેને મુમુક્ષુ જાણી મહારાજ બોલ્યા : “ભક્તો, તમારે સાધુ થવું હોય તો મારી ના નથી, પણ તમારે ઘેર જઇ તમારા માતા–પિતાની અને તમારી પત્નીની રજાચિઠ્ઠી જોશે, માટે અત્યારે ઘેર જઇ એમને સમજાવી રજાચિઠ્ઠી લખાવીને અમારી પાસે આવો.”

હે ભક્તો ! મહારાજની રજા લઇ બન્ને પાછા માનકુવા આવ્યા અને મા–બાપ અને પત્નીઓ પાસે રજા માગવા લાગ્યા. પરંતુ બંનેમાંથી કોઇનાં સગાંઓએ રજા આપી નહિ; આ રીતે ત્યાં રહેતા અમુક સમય પસાર થઇ ગયો.

હે ભક્તો ! એ સમયમાં શ્રીજી મહારાજ માનકુવા પધાર્યા. તેથી બન્ને મિત્રોને ખૂબ આનંદ થયો. તેઓ તો દોડીદોડીને શ્રીજી મહારાજ અને સંતોની સેવા કરવા લાગ્યા. મહારાજ તો ત્યાં રહીને કથા–વાર્તા કરે અને હરિભક્તોને ઘેર પધરામણી કરવા જાય અને જમવા જાય.

હે ભક્તો ! એક દિવસ માનકુવામાં મોટી સભા થઇ હતી. ત્યારે મહારાજ ભક્તોની પરીક્ષા લેવા માટે એક હાથમાં કાતર લઇને બોલ્યા : “સાચા સત્સંગી હો તે અમારી પાસે આવો, સાધુ બનાવવા છે.” આવું સાંભળી મૂળજી

અને કૃષ્ણજી તુરંત ઊભા થઇને મહારાજ પાસે આવ્યા ને કહેવા લાગ્યા : "મહારાજ ! અમને સાધુ કરો, અમો તૈયાર જ છીએ." ત્યારે મહારાજ કહે : "ટાઇમે ખાવાં નહિ મળે, પીવાં નહિ મળે, ટાઢ–તડકો વેઠવો પડશે, હેરાન થશો, માટે તમારા મનને પૂછીને આવો."

## બન્ને મિત્રોએ ગુહ્ય-ઇન્દ્રિય કાપી નાખી !

હે ભક્તો ! શ્રીજી મહારાજના કહેવાથી બન્ને મિત્રો એકબાજુ જઇને મનને ઉપદેશ દેવા લાગ્યા : " હે મનવા ! આ પ્રગટ ભગવાન આજે સાક્ષાત્ પૃથ્વી પર પ્રગટ થયા છે, માટે તેઓને રાજી કરી લઇએ. જો ભગવાન નહિ ભજાય તો ગધેડાં, કૂતરાં, ઊંટીયા વગેરે ચોરાશી લાખ યોનિમાં જન્મ લેવા પડશે. ત્યાં તને કોણ ટાઇમે–ખાવાં–પીવાં દેશે ? કોણ ગોદડું ઓઢાડશે ? કોણ પથારી પાથરી દેશે ? માટે આ દેહે કરીને ભગવાન ભજી લઇએ એટલે જીવાત્માનો મોક્ષ થઇ જાય અને કાયમ માટે અક્ષરધામનું દિવ્ય–સુખ ભોગવવાં મળશે, માટે હા કહી દે હા."

હે ભક્તો ! આ રીતે બન્ને મનને શિખામણ આપીને શ્રીજી મહારાજ પાસે આવીને બોલ્યા : "મહારાજ ! મન હા પાડે છે, માટે સાધુ કરો." એમ કહીને કૃષ્ણજી કેડિયાની કંસો છોડવા લાગ્યા. ત્યારે મૂળજીએ તો કંસો તોડીને કેડિયું કાઢી નાંખ્યું ને બોલ્યા : "હવે કયાં કેડિયું પહેરવું છે તે કંસો છોડીએ ?"

હે ભક્તો ! ત્યારે શ્રીજી મહારાજ કહે : "તમે પરમહંસ થઇ ચૂક્યા. અમારી આજ્ઞાથી ગૃહસ્થાશ્રમમાં રહો." ત્યારે તે બન્ને કહેવા લાગ્યા : "હે પ્રભુ! અમને સંતો બનાવો, અત્યારે ખરો સમય આવ્યો છે." ત્યારે મહારાજ કહે: "પણ તમારાં ઘરવાળાંની રજાચિઠ્ઠી તો જોશે. તે લઇને પછી આવો."

હે ભક્તો ! પછી બન્ને કપડાં પહેરીને પોતપોતાનાં ઘેર ગયા અને પત્નીને અને માતા–પિતાને સમજાવવા લાગ્યા, પરંતુ કોઇ રજાચિઠ્ઠી આપવા તૈયાર ન થયું. તેથી બન્નેને વિચાર આવ્યો : "અમૂલ્ય અવસર ચાલ્યો જાય છે ને દેહનો કોઇ નિરધાર નથી, માટે હવે સંસારના બંધનથી છૂટી શકાય એવો કંઇક ઉપાય કરીએ, કારણ કે આવો સુયોગ પછી મળવો દુર્લભ છે."

હે ભક્તો ! એ સમયે શ્રીજી મહાપ્રભુ તો ગઢડા આવી ગયા હતા. તેથી બન્ને મિત્રોએ અરસ–પરસ નિર્ણય કર્યો : "જેના માટે આપણી સ્રીઓ આપણને રજા દેતી નથી તે અંગને કાપીને જ એને આપી દઇએ, પછી તો રજા આપશેને ? પછી મા–બાપ પણ લોકલાજને કારણે આપણને રજા આપી દેશે."

હે ભક્તો ! બન્ને ભયાનક નિર્ણય કરીને પોતપોતાની પત્નીઓ પાસે આવ્યા ને બોલ્યા : "તમારે જેની જરૂર છે તે લ્યો, તમને આપી દઇએ." આ રીતે બોલીને મોટા ચપ્પાથી મૂત્ર–ઇન્દ્રિય (ગુહ્યભાગ) કાપીને ઘા કર્યો ! પછી તો અતિ લોહી નીકળવાથી બન્ને બેભાન થઇ ગયા. વૈદને બોલાવી પાટા બાંધ્યા. માનકુવામાં ખ્યાલ આવવાથી હાહાકાર થઇ ગયો !

## જાતે વસ્ત્રો પહેરી સાધુ બન્યા

હે ભક્તો ! આ વાતનો ખ્યાલ શ્રીજી મહારાજને આવ્યો, એટલે ગઢડાથી પત્ર લખીને જણાવ્યું : "કચ્છના હરિભક્તોએ મૂળજી અને કૃષ્ણજી સાથે કોઇ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહિ. જે કરશે તેને વિમુખ માનજો."

હે ભક્તો ! મહારાજનો પત્ર મળ્યો, એટલે હરિભક્તો સૌ ભેગા થયા અને શું કરવું એ બાબત ચર્ચા કરવા લાગ્યા. ત્યારે દરબાર અદાભાઇએ કહ્યું : "એમના ઘરના એની સેવા કરતા નથી અને આપણને પણ મહારાજે ના કહી છે, આપણે એમની સેવા નહિ કરીએ તો એ બંને ભકતો મૃત્યુ પામશે. અત્યારે તેઓ ખૂબ પીડાઇ રહ્યા છે, માટે હું તો બન્ને ભક્તોની સેવા કરીશ. મહારાજ મને જે ઠપકો દેશે તે હું સાંભળી લઇશ અને જે પ્રાયશ્ચિત આપશે તે કરી લઇશ."

હે ભક્તો ! આ પ્રમાણે કહીને અદાભાઇ મૂળજી અને કૃષ્ણજી પાસે ગયા, તો બન્ને ખૂબ પીડાઇ રહ્યા હતા. પછી બન્નેને તેઓ પોતાના દરબારગઢમાં લાવ્યા ને જાતે સેવા કરવા લાગ્યા. એ સમયે ગામના સત્સંગીઓએ પણ અદાભાઇ સાથે બોલવાનો વ્યવહાર બંધ કરી દીધો.

હે ભક્તો ! અદાભાઇએ મૂળજી અને કૃષ્ણજી બન્નેની ભક્ત જાણીને ખૂબ સેવા કરી, તેથી બન્ને સાજા થઇ ગયા. પછી માનકુવાના સત્સંગીઓ જ્યાં કથા કરતા હોય ત્યાં ત્રણે કથા સાંભળવા જાય, પણ હરિભક્તો ના કહે એટલે

દૂર બેસીને કથા સાંભળે. 'પછી તો હરિભક્તોએ દૂર બેસીને પણ કથા સાંભળવાની ના કહી, એટલે અદાભાઇ કહે : 'બજારમાં તો ઢોર ને કૂતરાં પણ બેસે છે, દયા કરીને અમને બેસવા દો.''

હે ભક્તો ! આ રીતે દરબાર હોવા છતાં હરિભક્તોના મહિમા સમજીને દૂર બજારમાં બેસીને કથા–વાર્તા સાંભળતા. કોઇ કુસંગી કહેતા : "અરે અદાભાઇ ! તમો તો દરબાર છો, હાંક મારો તો બધા ભાગી જાય એમ છે, તો પછી શા માટે અપમાન સહન કરો છો ?" ત્યારે તેઓ કહેતા : "આ બધા મારા ભગવાનના ભક્તો છે, તેથી હું તેમને મારાથી મહાન માનું છું, તેઓ તો મારા મહારાજની આજ્ઞા માનીને મને ના કહે છે."

હે ભક્તો ! મૂળજી અને કૃષ્ણજીને સમય જતા સારું થઇ ગયું. ઘરવાળા કે પત્નીઓ ખબર કાઢવાં પણ આવ્યાં નહોતાં. હવે એમને આમની જરૂર નહોતી, એટલે રજાચિઠ્ઠી લખાવાનો કોઇ પ્રશ્ન જ નહોતો. તેથી બન્નેએ કુંભારને ત્યાંથી ગેરુ મંગાવી ભગવાં વસ્ત્રો કર્યાં અને તે પહેરીને જાતે સાધુ બનીને પાછા ગઢપુર આવ્યા ! ત્યારે મહારાજે તે બન્નેને પૂછ્યું : "તમે કોના સાધુ છો ?" ત્યારે બન્ને કહે : "અમે તમારા પરમહંસો છીએ." ત્યારે મહારાજે પૂછ્યું : "તમારા નામ શું છે ?" ત્યારે બન્ને કહે : "નામ ને રૂપ બધું મિથ્યા છે." ત્યારે મહારાજ ગુસ્સે થઇને પાર્ષદોને કહ્યું : "આ બન્નેને ગામબહાર કાઢી મુકો." તેથી તેઓને કાઢી મૂક્યા.

## મહારાજનો રાજીપો

હે ભક્તો ! મૂળજી અને કૃષ્ણજી બન્ને ઘેલા નદીના સામે કાંઠે જઇને રાત્રીના સમયે શ્રીજી મહારાજને યાદ કરી ભાવથી કીર્તનો બોલવા લાગ્યા. તે સમયે મહારાજ અક્ષર–ઓરડીમાં પોઢ્યા હતા, પણ ભક્તિભાવનાં કીર્તનો સાંભળીને ઊંઘ હરામ થઇ ગઇ !

હે ભક્તો ! ત્યારે ફરીને પાર્ષદોને બોલાવીને કહ્યું : "પેલા બન્નેને ત્યાંથી પણ કાઢી મૂકો. એમનાં કીર્તનો સાંભળીને અમને નિદ્રા નથી આવતી." આજ્ઞા થતાં જ ફરીને પાર્ષદો ઘેલા કાંઠે ગયા અને ત્યાંથી પણ દૂર કાઢી મૂક્યા.

હે ભક્તો ! બીજી રાત્રીએ પણ દૂર રહીને કીર્તનો બોલવાનાં શરુ કર્યાં. મહારાજની મૂર્તિને યાદ કરીને ગાય છે, એના કારણે મહારાજની નિદ્રા

ઊડી જાય છે. તેથી મહારાજ કહે : "આ કચ્છી માડુએ તો અમારો કેડો છોડ્યો નહિ, માટે એને વગડામાં કાઢી મૂકો."

હે ભક્તો ! પછી ફરીને પાર્ષદોએ જઇ વગડામાં જતું રહેવાનું કહ્યું. ત્યારે મૂળજી અને કૃષ્ણજી કહેવા લાગ્યા : "અહીં જ વગડો છે, તેથી અહીં જ રહીને અમો કીર્તન બોલશું. આ મહારાજની આજ્ઞા છે, માટે અમે દૂર જઇએ છીએ, નહિ તો અમે કચ્છી છીએ, તેથી તમારાં માથાં ભટકાવીને મારી નાંખીએ; પણ શું કરીએ મહારાજની આજ્ઞા છે, તેથી વગડામાં રહીએ છીએ."

હે ભક્તો ! આવું સાંભળીને પાર્ષદો પાછા આવ્યા ને મહારાજને બધી વાત કરી. ત્યારે મહારાજ કહે : "કચ્છી બહુ વહમા હોય, માટે વિચારીને પાસે જજો." પછી શ્રીજી રાતે પણ વગડામાં રહીને મહારાજની મૂર્તિમાં વૃત્તિ રાખી કીર્તનો બોલવાં લાગ્યા !

હે ભક્તો ! ત્યારે મહારાજ કહેવા લાગ્યા : "એ કચ્છી પરમહંસો હેતે કરીને આ ઓરડી તથા ઢોલિયો સહિત અમને ખેંચે છે; માટે જાઓ અને એને અમારી પાસે તેડી લાવો."

હે ભક્તો ! પછી પાર્ષદો જઇને બોલાવી લાવ્યા. તેઓ બન્નેને દૂરથી આવતા જોઇને મહારાજ ઢોલિયા નીચે ઉતર્યા ને એક દંડવત કર્યો. ત્યાંતો મૂળજી ને કૃષ્ણજી દોડીને આવ્યા ને દંડવત કરવા લાગ્યા. ત્યારે મહારાજ સભામાં બેઠેલા સંતો–ભક્તોને કહેવા લાગ્યા : "અમોએ આ બન્નેનો કૂતરાની જેમ તિરસ્કાર કર્યો; તો પણ એમણે અમને મૂક્યા નહિ. માનકુવામાં હતા ત્યારે અમોએ તેમને વિમુખ કર્યા હતા, તોપણ અમને છોડ્યા નહિ. અમારી દરેક પરીક્ષામાં તેઓ પાસ થઇ ગયા છે."

હે ભક્તો ! આ પ્રમાણે કહીને શ્રીજી મહારાજ બન્નેને પ્રેમથી ભેટ્યા અને દીક્ષા આપી સાધુ કર્યા. મૂળજીનું નામ ઘનશ્યામાનંદ પાડ્યું અને કૃષ્ણજીનું નામ સર્વજ્ઞાનંદ પાડ્યું. ઘનશ્યામાનંદ કાયમ માટે જૂનાગઢ રહેતા અને સર્વજ્ઞાનંદ સ્વામીને અમદાવાદ મંદિરના મહંત બનાવ્યા. પછી તો તે સર્વજ્ઞાનંદ સ્વામી મહંતાઇનો અને ૬૦ શિષ્યોનો ત્યાગ કરી વરતાલમાં ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરવા કાયમ માટે આવી ગયા હતા.




# ૧૬.
# ગુંદાળીના મામૈયો અને મેરામણ

હે વહાલા ભક્તો .....

મામૈયો અને મેરામણ એટલે ગુંદાળી ગામના ક્ષત્રિય શૂરવીર !

મામૈયો અને મેરામણ એટલે રાણદેબાના આજ્ઞાકારી દીકરા !

મામૈયો અને મેરામણ એટલે સંતો માટે પ્રાણ આપનાર ભક્તો !

હે ભક્તો ! સૌરાષ્ટ્રમાં ગુંદાળી નામનું નાનકડું ગામ છે. ત્યાં રાણદેબા નામના ચુસ્ત સત્સંગી માજી રહેતાં હતાં. માજી પોતાના પિયરમાં નાના હતાં ત્યારથી પૂજા-પાઠ કરતાં અને મહારાજનાં દર્શને ગઢપુર પણ જતાં હતાં.

હે ભક્તો ! આપણા સંપ્રદાયમાં બે પ્રકારનો સત્સંગ હોય છે. એક તો પોતાના પિતાની પરંપરામાં સત્સંગ હોય એટલે ઘરના લોકો સત્સંગી હોય છે અને બીજો પ્રકાર એ છે કે પિતાને ત્યાં સત્સંગ ન હોય, પણ માતાની પરંપરામાં સત્સંગ હોય એટલે માતા સાસરે આવ્યા હોય ત્યારે કરિયાવરમાં સત્સંગ લાવ્યા હોય છે. હાલમાં પણ સત્સંગમાં આ બે પ્રકારના સત્સંગીઓ જોવા મળે છે.

હે ભક્તો ! રાણદેબા જયારે પરણીને ગુંદાળી ગામ સાસરે આવ્યાં ત્યારે કરિયાવરમાં સત્સંગ લાવેલાં. ઘેર રહીને ભજન-ભક્તિ કરે અને એ બાજુનાં ગામડાંઓમાં સંતો જયારે સત્સંગ માટે વિચરણ કરતા હોય, ત્યારે પોતાના પતિને બળદ-ગાડું લઇને સંતોને તેડવા મોકલે અને પોતાને ત્યાં પશુ બાંધવાનો ફરજો હોય ત્યાં ખાલી કરાવી સંતોને રોકે અને મર્યાદા પ્રમાણે એક બાજુ બેસીને કથા-વાર્તા સાંભળે.

હે ભક્તો ! સમય જતાં રાણદેબાને બે સંતાનો થયાં. એકનું નામ મામૈયો અને બીજાનું નામ મેરામણ. દીકરાઓ સમજણ થયા ત્યારથી મહારાજનાં ચરિત્રો સંભળાવે અને ભગવાન તથા સંતોનો મહિમા કહીને સંસ્કાર આપે.

હે ભક્તો ! બન્ને સંતાનો મોટા થયા, તે સમયે તેમના પતિનું અવસાન થયું. વિધવા બન્યાં પછી રાણદેબા વિશેષ ભજન–ભક્તિ કરવાં લાગ્યાં અને ધર્મ નિયમોનું ચુસ્તપણે પાલન કરવાં લાગ્યાં.

હે ભક્તો ! છોકરાં યુવાન થયા એટલે પછી તેઓને સંતોને લેવા બાજુઓનાં ગામડામાં મોકલતા. પછી તો સંતોને ખ્યાલ આવી ગયો એટલે ઘણીવાર સામે ચાલીને ગુંદાળીમાં આવીને રાણદેબાને ત્યાં ઉતારો કરી કથા–વાર્તા કરી સત્સંગ દ્રઢ કરાવતા હતા.

## સંતો માટે શહીદ બન્યાં !

હે ભક્તો ! એકવાર બન્ને ભાઇઓ ખેતર ગયેલા. ત્યાં ભેંસો ચારતા હતા. એવામાં ઓચિંતાના સંતો ગુંદાળી આવ્યા. રાણદેબા એકલા જ ઘેર હતાં. પરંતુ સંતો સાથે પાર્ષદ હોવાથી તેમની સાથે વાત કરી સીધું–સામાન આપ્યું એટલે સંતો થાળ બનાવવા લાગ્યા.

હે ભક્તો ! ત્યાંતો ગામનો આગેવાન દરબાર કુસંગી હતો, તેને એના ગોલાએ કહ્યું : “બાપુ ! સ્વામિનારાયણના મુંડિયા પેલી રાણદેબાઇને ઘેર આવ્યા છે. જો એને રહેવા દેશો તો સ્વામીનો પંથ આપણા ગામમાં ફેલાશે અને આપણી પાસે હોકા–અફિણનો કસુંબો લેવા આવનારા જો એના સત્સંગી થાશે તો આહીં તમારી પાસે આવતા બંધ થઇ જશે, માટે કયાંક કરો.”

હે ભક્તો ! કુસંગીનો સરદાર આવું સાંભળીને એના જેવા બે પાંચ કુસંગીઓને લઇને જાતે રાણદેબાને ઘેર આવ્યો ને કઇપણ પૂછ્યા વિના સંતો રસોઇ કરતા હતા ત્યાં જઇ બધું ઢોળી નાખ્યું અને સંતોને મારવા લાગ્યો.

હે ભક્તો ! ત્યારે રાણદેબાએ લાજ કાઢીને–ઘુમટો તાણીને ગામધણીને બહુ વિનંતી કરી, પણ તે પાપી માન્યો જ નહિ અને સંતોને ગાળો દઇ, ધક્કા મારી ગામ–બહાર કાઢી મૂકયા.

હે ભક્તો ! બપોરે બન્ને દીકરા ઘેર જમવા આવ્યા. આવીને જુવે ત્યાંતો પોતાની માતાને હૈયાફાટ રુદન કરતાં જોયાં. કારણ પૂછતા માતાએ કહ્યું: “તમે જો મારાં પેટના હો તો આપણા સાધુને મારનાર ગામધણીને ઝાટકે દો, નહિતર હું માનીશ કે તમે મારા પેટે પથરા જન્મ્યા હતા.”

હે ભક્તો ! બન્ને ભાઇએ પણ પ્રતિજ્ઞા કરી : “મા! જો અમે આપણા સાધુને મારનારને ન મારીએ તો અમે કાઠિયાણીનાં પેટના નહિ. હવે તમો ઘરનો સામાન ગાડામાં ભરીને ગઢડા જતા રહો. વેર લઇને જીવતા રે’શું તો ગઢડા ભેગા થાશું, નહિતર સંતોનો પક્ષ રાખતા મરશું તો અક્ષરધામમાં ભેગા થાશું.”

હે ભક્તો ! પછી ગાડું ભાડે કરી માતાને ગઢપુર વળાવ્યાં ને બન્નેએ ગામધણી પાસે જઇને પૂછ્યું : “અમારા સંતોને કોણે માર્યા ?” પેલાએ કહ્યું : “મેં માર્યા” એમ કહેતાની સાથે જ તેને મારી નાખ્યો. બીજા મદદે આવ્યા તો તેને પણ મારી નાખ્યા. પછી ગામની બહાર સામસામે ધીંગાણું થયું, તેમાં તેઓ ઘાયલ થયા. ત્યારે સ્વામિનારાયણ ભગવાને દર્શન આપ્યાં ને બન્નેને ઠંડુ પાણી પાઇને કહ્યું : તમો મારા સંતો માટે મરાયા છો, માટે હું તમારું કલ્યાણ મુક્તાનંદ સ્વામી જેવું કરીશ. ચાલો મારા ધામમાં. પછી દિવ્યદેહ આપી પોતાની સાથે ધામમાં લઇ ગયા !

નોંધ : હે ભક્તો ! ‘શ્રીહરિચરિત્ર ચિંતામણિ’ ગ્રંથમાં આ બન્ને ભાઇઓનાં નામ ભીમા ડેર અને શાર્દુલ ડેર તરીકે ઉલ્લેખ છે.





# ૧૭.
# સુંદરજી સુતાર

હે વહાલા ભક્તો .......

સુંદરજી સુતાર એટલે ભુજના વતની ગુર્જર સુતાર.

સુંદરજી સુતાર એટલે ભુજના મહારાવના ખાનગી કારભારી.

સુંદરજી સુતાર એટલે રામાનંદ સ્વામીના કૃપાપાત્ર શિષ્ય.

સુંદરજી સુતાર એટલે શ્રીજી મહારાજના કૃપાપાત્ર સત્સંગી.

સુંદરજી સુતાર એટલે પ્રભુના એક વચને સંસાર છોડનાર દાસ.

સુંદરજી સુતાર એટલે અંતસમે પસ્તાવો કરતા મુમુક્ષુ.

હે ભક્તો ! કચ્છપ્રદેશના પાટનગર ભુજનગરમાં સુંદરજીભાઇ થઇ ગયા. તેઓ જ્ઞાતિએ ગુર્જર સુતાર હતા. તેઓની માતાનું નામ રૂપાબા હતું અને પત્નીનું નામ પુંજાબાઇ હતું. તેઓ રામાનંદ સ્વામીના શિષ્ય હતાં. પછી શ્રીજી મહારાજ પ્રત્યે ભગવાનપણાનો નિશ્ચય થયો હતો.

હે ભક્તો ! એકવાર તેઓ કુંવરનું ખાંડુ (તલવાર) ભાવનગરનાં રાજકુંવરી માટે લઇને આવતા હતા. એ સમયે અમુક જ્ઞાતિમાં એવો રિવાજ હતો કે, “કન્યાના ઘેર તેના લગ્ન વરરાજાની તલવાર સાથે થાય! અને સાસરે ગયા પછી ત્યાં વરરાજા સાથે થાય.”

હે ભક્તો ! ગોંડલની નજીક સુંદરજીભાઇ રસાલા સાથે આવ્યા. ત્યાં તેમને ખ્યાલ આવ્યો કે, સ્વામિનારાયણ ભગવાન બંધિયા ગામમાં છે, તેથી તેઓને દર્શન કરવાની ઇચ્છા થઇ. એટલે રાજરસાલાને સીમાડે ઊભો રાખી મહારાજનાં દર્શને બંધિયા આવ્યાં. આવીને દંડવત કરવા લાગ્યા. ત્યારે મહારાજે પ્રશ્ન પૂછ્યો : “કોણ ?” તુરંત સુંદરજી સુથાર બોલ્યા : “પ્રભુ!

આપનો દાસ.” મહારાજે બીજો પ્રશ્ન પૂછયો : “દાસનાં લક્ષણ શું ?” ત્યારે તેમણે કહ્યું : “સ્વામી કહે તેમ કરવું.”

હે ભક્તો ! તુરંત શ્રીજી મહારાજે કહ્યું : “જો તમે ખરેખર દાસ હો, તો અમારી આજ્ઞા છે કે રાજવંશી પોશાક ઉતારો, હથિયારો એક બાજુ મેલો, દાઢી–મૂંછ મૂંડાવો, ભગવી અલ્ફી પહેરો અને કાશીની જાત્રાએ ઊપડી જાવ!”

હે ભક્તો ! સ્વામિનારાયણ મહાપ્રભુ પોતાના આ ભક્તની ઊંચી આધ્યાત્મિક સ્થિતિનો તાગ લેવા માટે આકરી કસોટી કરી રહ્યા હતા. સામે સુંદરજી ભક્ત પણ એવા જ હતા. તેમણે કહ્યું : “ભલે મહારાજ ! આપ જેમ કહો એમ કરવા સેવક તૈયાર છે.” મહારાજે પણ કસોટીને મૂર્તરૂપ દીધું. તત્કાળ વાળંદને બોલાવી દાઢી–મૂછ અને કેશ મૂંડવામાં આવ્યા. પછી સ્નાન કરી ભગવી અલ્ફી પહેરીને ઉપડ્યા કાશીની જાત્રા કરવા!

## દાસ કોને કહેવાય ?

હે ભક્તો ! એકપળનો પણ વિલંબ કર્યા સિવાય સર્પ જેમ કાંચળી ઉતારે એમ મનમાંથી સંસાર ઉતારી નાખ્યો અને કાશીની વાટ સુંદરજીભાઇએ લઇ લીધી ! આધ્યાત્મિક વૈભવની સામે એમણે સંસારનો વૈભવ તણખલાં જેવો ગણ્યો હતો. ઇષ્ટદેવનાં એક વેણે એમણે સહેજ પણ થડકાર સિવાય સઘળું છોડી દીધું હતું.

હે ભક્તો ! સભાજનો તો આ સઘળી ઘટના આશ્ચર્યકારક રીતે જોઇ રહ્યા હતા. બધા સ્તબ્ધ બનીને બેઠા હતા. પછી મહારાજે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું : “સ્વામી! આજે અમે કેવું મોટું કાર્ય કર્યું ? ભુજના દીવાનને મૂંડી નાખી સાધુ બનાવી દીધા.”

હે ભક્તો ! ત્યારે સ્વામીએ હસતાં હસતાં કહ્યું : “ મહારાજ ! આપે ખૂબ જ સરસ કર્યું, એમાં પણ અમારા સાધુ ઉપર તો ખૂબ દયા કરી.” આવું સાંભળી મહારાજે પૂછ્યું : “દીવાન સુંદરજી સાધુ થયા એમાં સાધુ ઉપર શું દયા થઇ ?” ત્યારે સ્વામી બોલ્યા : “એકબાજુ તમારી આજ્ઞાથી રસકસ વિનાના ભીક્ષાના ગોળા જમીએ છીએ અને બીજી બાજુ મુખવાસમાં બાવાઓની લાકડીઓના માર ખાઇએ છીએ.”

... કાઠિયાવાડમાં અમને આવી પ્રસાદી બહુ મળે છે, પરંતુ કચ્છમાં જઇએ છીએ ત્યારે ત્યાં સુંદરજીભાઇનો પ્રભાવ હોવાથી આવી પ્રસાદી મળતી નહિ; પણ હવે તમે એને સાધુ કર્યા એટલે અમને કચ્છમાં પણ આ દિવ્ય પ્રસાદી મળશે.''

હે ભક્તો ! મુક્તાનંદ સ્વામીની વાત સાંભળી મહારાજ તેઓની વાતનો મર્મ સમજી ગયા અને બોલ્યા : "સ્વામી ! તો તો બહુ ખોટું થયું! અમારા સાધુ હેરાન થાય એવું અમારે કરવું નથી. કોઇ જલદી જાઓ ને સુંદરજીભાઇને પાછા બોલાવી લાવો."

હે ભક્તો ! મહારાજની આજ્ઞાથી તેઓ પાછા આવ્યા ને દંડવત કરી હાથ જોડી ઊભા રહ્યા. ત્યારે ફરીને મહારાજે પૂછ્યું : "કોણ ?" જવાબ મળ્યોજ: "દાસ." મહારાજે પૂછ્યું : "દાસનાં શું લક્ષણ ?" સુંદરજી બોલ્યા : "સ્વામી કહે તેમ કરવું." ત્યારે મહારાજ કહે : "અમારી આજ્ઞા છે કે, ભગવી અલ્ફી ઉતારો ને રાજપોષાક પહેરીને કુંવરનું ખાંડુ પરણાયાવો."

હે ભક્તો ! તુરંત સુંદરજી સુતાર રાજસી વસ્ત્રો પહેરીને મહારાજ આગળ બોલ્યા : "મહારાજ! આવી પરીક્ષા બીજા કોઇની લેતા નહિ, મારી પાસે દીવાનની પદવી છતાં હું આપનાં વચને સાધુ થઇ ગયો, પણ બીજા કોઇ મોટા માણસ આવું ન કરી શકે, માટે મોટાની પરીક્ષા ન લેતા." આટલું બોલીને તેઓ જતા રહ્યા.

## સુંદરજી સુતારનો ઇગો ઉતાર્યો

હે ભક્તો ! સુંદરજી સુતાર રવાના તો થયા, પણ એના અંતરમાં પોતે મહાન કાર્ય કર્યાનો અહંકાર ઉદય થયો. સુંદરજીના અહંકારની દુર્ગંધને મહારાજે પારખી લીધી. તેથી મનોમન નિરધાર કર્યો કે, "મારે મારા આ ભક્તના અંતરમાંથી અહંકારનો રોગ દૂર કરવા માટે ઔષધ તો કરવું જ પડશે."

હે ભક્તો ! પછી તો શ્રીજી મહારાજ ભાદરા પધાર્યા અને ત્યાંથી પત્ર દ્વારા મોટા મોટા ગામધણીઓ અને જમીનદારોને જણાવ્યું કે, "આ પત્ર મળે તરત જ ભગવાં વસ્ત્રો ધારણ કરી, જેતલપુરમાં રામદાસ સ્વામી પાસે જઇને કાશીની યાત્રા કરવા જજો."

હે ભક્તો ! પોતાના પ્યારા પ્રભુનો પત્ર મળતાં જ જે ભક્તો જયાં હતા ત્યાંથી જ સીધા જેતલપુર ગયા. ઘેર પૂછવા પણ ન ગયા અને કુંભારને ત્યાંથી ગેરુ (લાલમાટી) લઇને કપડાંને રંગી સાધુ થઇ રામદાસ સ્વામીને મળ્યા. તે સર્વેને લઇ સ્વામી ભુજ ગયા. તે સમયે મહારાજ ભુજ હતા.

હે ભક્તો ! સભામાં બેઠેલા ભક્તોને મહારાજે કહ્યું : "ચાલો અમારા નવા પરમહંસોને લેવા જઇએ. અમારાં એક વચને–એક પત્ર વાંચીને તેઓ ઘર–સંપત્તિ છોડીને સાધુ થઇ ગયા છે, તેમનાં દર્શન કરવાં ચાલો. સુંદરજી સુતારને પણ સાથે લઇ ગયા. નવા સંતોને જોઇ મહારાજ દંડવત કરવા લાગ્યા; ત્યારે સંતોએ દોડીને મહારાજને દંડવત કરતા રોક્યા."

હે ભક્તો ! પછી તે અઢાર સંતોને ભેટીને રાજીપો દર્શાવતા પ્રભુ બોલ્યા : "સંતો ! તમારા પર હું બહુ જ રાજી થયો છું, કારણ કે તમો સર્વેએ મારા એક કાગળને વાંચી બધું જ છોડી દઇને સાધુ થઇને આવી ગયા છો, માટે તમને ધન્યવાદ આપું છું."

હે ભક્તો ! પછી સુંદરજી સુતાર સામે જોઇને મહારાજ બોલ્યા : "દીવાન ! તમે કહેતા હતા ને કે, મારા જેવું કોઇ મોટા માણસ ન કરી શકે. તમારે તો રાજની નોકરી છે, કાલે જતી રહે તો સામાન્ય માણસ બની જાવ, પણ આ ૧૮ ને પૂછો, તેઓ મોટા ગામધણીઓ અને મોટા જમીનદારો છે, તોપણ અમારો કાગળ વાંચીને તરત સાધુ થઇને પરિવાર–મિલકત બધું જ છોડીને અમારી પાસે આવી ગયા છે."

હે ભક્તો ! મહારાજનાં આવાં વચનો સાંભળી સુંદરજીનો ઇગો ઓગળી ગયો અને તેઓએ માફી માગી. પછી મહારાજે દરેકને સમજાવી ઘેર મોકલ્યા. તેમાં એક કલ્યાણદાસને પોતા પાસે રાખ્યા ને દીક્ષા દઇ "અદ્‌ભૂતાનંદ સ્વામી" નામ પાડ્યું.

## સુંદરજી સુતારનો પસ્તાવો

હે ભક્તો ! સુંદરજીભાઇ રાજયના નાયબ દીવાન હોવાથી મોટા મોટા લોકોને ત્યાં મહેમાનગતિ કરવાની અને તેઓને ઘેર બોલાવવાના, તેઓની સાથે ફરવા જવાનું, આ બધા વ્યવહારનાં કામોમાં જિંદગીનો સમય જતો રહ્યો, દરરોજ મંદિર જવાનું, સંતોનો સમાગમ કરવા જવાનું, ઉત્સવ સમૈયા કરવા

જવાનું અને સમય કાઢી સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવાં જવાનું આ બધું ગૌણ થઇ ગયું અને વ્યવહાર મુખ્ય થઇ ગયો!

હે ભક્તો ! આજના સત્સંગમાં આગેવાન ગણાતા સત્તાધારીઓ અને ધનવાન લોકોને સુંદરજી સુતારનો આ પ્રસંગ જીવનમાં ઊતારવા જેવો છે. આજના મોટાભાગના ધનવાન અને સત્તાધારી સત્સંગીઓ પણ સુંદરજીભાઇ જેવું જ કરે છે. તેઓ દરરોજ મંદિરે જતા નથી, તેઓ દરરોજ સંતો પાસે કથા સાંભળવા જતા નથી. સંતો પૂછે તો કહી દે, "સ્વામી! ટાઇમ મળતો નથી." એને રૂપિયા કમાવાનો ટાઇમ મળે છે, મોટા નેતાઓને મળવાનો ટાઇમ મળે છે, મોટા ઉદ્યોગપતિઓને મળવાનો ટાઇમ મળે છે, પણ પોતાના જીવનું કલ્યાણ કરી દે એવા ભગવાનનાં દર્શન કરવાનો ટાઇમ મળતો નથી. પોતાના જીવનમાં રહેલી કુટેવો છોડાવી, સારા ભક્ત બનાવી દે એવા સંતોનો સમાગમ કરવાનો ટાઇમ મળતો નથી. આવા લોકોને પ્રેરણા મળે એ માટે હું સુંદરજી સુતારને જે પસ્તાવો થયો એ લખું છું. જેની નોંધ નિષ્કુળાનંદ સ્વામીએ 'ભક્ત ચિંતામણિ' ગ્રંથમાં લીધી છે, તે જોઇએ તેઓના જ શબ્દોમાં :–

"કચ્છ દેશના ભુજનગર, તિયાં સુતાર નામ સુંદર;
તે સત્સંગમાં શિરોમણિ, પણ રાખતો પ્રવૃત્તિ ઘણી.
મોટા મોટા માણસનો મોબતી, શેઠ શાહુકારનો સોબતી;
તે તો સર્વે હરિથી વિમુખ, તેની રાખે નિત્ય પ્રત્યે રુખ.
એમ ગઇ આયુષ્ય સઘળી, તોય ચેતી શક્યો નહિ વળી;
ત્યાંતો આવીયો દેહનો કાળ, થયું તન પરવશ તતકાળ.
પછી પસ્તાવો કરીને બોલે, કોઇ મૂરખ નહિ મુજ તોલે;
આવા સત્સંગીને શ્રીજીમહારાજ, તેને મૂકી મેં કર્યું અકાજ.
માટે શઠમાં હું શિરોમણિ, એમ કરે છે પસ્તાપ ઘણી;
ખોટા સંસારી સ્વારથ માંઇ, આવ્યો અંત કમાઇ કમાઇ.
તેતો ન આવ્યું આ સમે કામ, સુત વિત્ત ભાઇ વળી ભામ;
સર્વે વહાલાં થયાં છે વેરી, એમ કરે શોચ ફેરી ફેરી."

- ભ.ચિં.પ્ર. - ૧૫૭

હે ભક્તો ! ખૂબ પસ્તાવો કરવા લાગ્યા, એટલે શ્રીજી મહારાજે દર્શન દીધાં અને પંચભૌતિક દેહ છોડાવી દિવ્ય-દેહ આપી વિમાનમાં બેસાડી અક્ષરધામમાં લઇ ગયા.



# ૧૮.
# ડોસાભાઈ વાણિયા

હે વહાલા ભક્તો !

ડોસા વાણિયા એટલે બંધીયા ગામના વેપારી વણિક.

ડોસા વાણિયા એટલે રામાનંદ સ્વામીના અગ્રગણ્ય ભક્ત.

ડોસા વાણિયા એટલે શ્રીજી મહારાજના કૃપાપાત્ર સત્સંગી.

ડોસા વાણિયા એટલે શ્રીજીની એક આજ્ઞાએ કાશી ગયેલા ભક્ત.

ડોસા વાણિયા એટલે શ્રીજી પ્રભુની એક આજ્ઞાએ સાધુ થયેલ ભક્ત.

ડોસા વાણિયા એટલે સંસારમાં જળકમળવત્ રહેતા આદર્શ સત્સંગી.

હે ભક્તો ! રાજકોટ જીલ્લામાં બંધીયા નામનું ગામ આવેલ છે. ત્યાં ઘણા લોકો રામાનંદ સ્વામીના વખતથી હરિભક્ત હતા. પછી શ્રીજી મહારાજના આશ્રિત બન્યા હતા. તેમાં ડોસાભાઇ વણિક જ્ઞાતિમાં સારા સત્સંગી હતા. તેઓ સંસારમાં જળકમળવત્ રહેતા હતા.

હે ભક્તો ! એકવાર શ્રીજી મહારાજ એટલે કે સ્વામિનારાયણ ભગવાન બંધીયા ગામ પધાર્યા. ત્યાં આગેવાન સત્સંગી દરબાર મુળુભાઇની મેડી ઉપર ઉતારો કર્યો. એ સમયે ડોસા શેઠ મહારાજનાં દર્શન કરવાં આવ્યા. તેઓએ મહારાજને દંડવત કર્યા ને સભામાં બેઠા.

## શેઠ બન્યા સહજાનંદ

હે ભક્તો ! ત્યારે શ્રીજી મહારાજે તેમને કહ્યું : “તમને રામાનંદ સ્વામીએ કાશીની યાત્રા કરવા જવાની આજ્ઞા કરી હતી, તો પણ કેમ ન ગયા ?” ત્યારે ડોસા ભક્તે કહ્યું : “મહારાજ ! મારી ભૂલ થઇ. હું ગાફલાઇમાં ભૂલી ગયો, હવે તમે કહો તેમ કરું.” ત્યારે મહારાજે કહ્યું : “તમે આજને આજ

અને અત્યારે જ કાશીની યાત્રા કરવા જતા રહો.” ત્યારે ડોસા ભક્તે પૂછ્યું : “મહારાજ! મારે રસ્તામાં ખાવા માટે ભાતાનું કેમ થાશે ?” ત્યારે પ્રભુ કહે : “એ તો રસ્તામાંથી જ મળી રહેશે, સાથે કાંઇ લઇ જતા નહિ.”

હે ભક્તો ! મહાપ્રભુની આજ્ઞા થતાં જ ડોસા ભગત ચાલતા થયા અને જયાં ગામ બહાર ગયા, ત્યાંતો એક શેઠ ગાડી લઇને મળ્યા અને પૂછ્યું : “તમે કયાં જાવ છો ?” ત્યારે ડોસા ભક્તે સર્વે વાત કરી. તેથી શેઠ કહે : “અમો પણ કાશીએ જ જઇએ છીએ. માટે મારી ગાડીમાં આવતા રહો.” તેથી ડોસા ભક્ત બેસી ગયા.

હે ભક્તો ! પછી તો પેલા શેઠ જે જમે તે ડોસા ભક્તને જમાડે. જયાં સૂવે ત્યાં તેઓની સાથે સુવડાવે. જેમ કોઇ મનગમતા મહેમાન આવ્યા હોય અને એમને સાચવે એમ શેઠ ડોસા ભક્તને સાચવવા લાગ્યા. પછી કાશી પહોંચ્યા ને વિશ્વનાથ મહાદેવનાં દર્શન કર્યાં. પછી ગંગાજીમાં નાહીને દાન કર્યાં. આ બધું પેલા શેઠ સાથે રહીને જ કર્યું. પછી વળતા બંધીયાના સીમાડે આવીને શેઠે કહ્યું : “હવે ઉતરો તમારું ગામ આવી ગયું.” પછી ડોસા ભક્તે ઉતરીને પાછું વળીને જોયું તો શેઠ નહોતા ને બળદ-ગાડી પણ નહોતી !

## ડોસા ભક્તને બચાવ્યા

હે ભક્તો ! આવું જોઇને ડોસા ભકતને આશ્ચર્ય થયું. ત્યાંતો તેઓને શ્રીજી મહારાજનાં વચનો યાદ આવ્યાં : “ભાતું રસ્તામાં મળી જશે.” પછી તેઓ ઘેર આવ્યા ને પોતાની માતાને વાત કરી : “બા ! મહારાજે મને શેઠનુ રૂપ લઇ આપણાં ગામના સીમાડામાંથી પોતાની ગાડીમાં બેસાડીને કાશીની યાત્રા કરાવી. રસ્તામાં સમયે-સમયે સારું-સારું ભોજન જમાડ્યું અને રાત્રીએ સારી પથારીમાં સુવડાવ્યો. પછી વળતાં ગામના સીમાડામાં મને ઉતારી તેઓ અદ્રશ્ય થઇ ગયા.”

હે ભક્તો ! ત્યારે તેમની માતા ગળગળાં થઇ ગયાં અને કહેવા લાગ્યાં : “બેટા ડોસા ! સ્વામિનારાયણ પ્રભુએ તને જાતરા કરાવી એ તો સારું થયું, પણ તું જાણતો નથી, તને એ દિવસે જ કેમ યાત્રા કરવા મોકલી દીધો.”

હે ભક્તો ! ત્યારે ડોસા ભક્તે પૂછ્યું : “બા ! તમે જલદી કરો. મને કેમ એ જ દિવસે યાત્રા જવાનો મહારાજે આગ્રહ કર્યો ને મોકલી દીધો ?” ત્યારે આંખમાં આવેલ પ્રેમનાં આંસુ લુંછતા–લુંછતા માજી કહેવાં લાગ્યાં : “દીકરા ! જે દિવસે તું બંધીયાથી જાતરાએ ગયો, એ જ રાત્રીએ આપણા ગામમાં લુંટારાનું ધાડું આવ્યું અને ઉઘાડી તલવારો લઇને તે આપણે ઘેર આવ્યા. લુંટારાએ આવીને મને પૂછ્યું : “ ડોસા શેઠ કયાં છે ? જલદી બતાવો.” ત્યારે મેં કહ્યું : “એ તો કાશીની જાતરા કરવા ગયો છે. પછી તેઓ જતા રહ્યા.”

હે ભક્તો ! માતાની વાત સાંભળી ડોસા ભગત ભાવવિભોર થઇ ગયા અને કહેવા લાગ્યા : “બા ! તો તો મને બચાવવા માટે જ એ અંતર્યામીએ એ દિવસે જ યાત્રાએ હઠાગ્રહ કરીને મોકલી દીધો. મા ! કેવા દયાળુ મહારાજ છે કે જેઓએ મારો જીવ બચાવ્યો અને શેઠનું રૂપ લઇ મને કાશીની યાત્રા કરાવી.”

હે ભક્તો ! આ વાતનો ખ્યાલ આખા બંધીયા ગામમાં આવ્યો, તેથી ગામના લોકો ડોસા ભક્તના ઘેર આવીને કહેવા લાગ્યા : “ડોસા શેઠ ! તમે તો બહું મોટાં ભાગ્યશાળી છો કે તમારા ભગવાન સ્વામિનારાયણે તમારો જીવ તો બચાવ્યો, પણ કાશીની યાત્રા પણ મફતમાં કરાવી, માટે તમનેય ધન્યવાદ છે અને તમારા ભગવાનનેય ધન્યવાદ છે.”

હે ભક્તો ! ત્યારબાદ ડોસા ભક્તે એની માતાને કહ્યું : “બા ! મહારાજે મારા પ્રાણ બચાવ્યા છે, માટે હવેનું જીવન હું મહારાજની આજ્ઞા મુજબ જ જીવીશ. એ કહેશે તો અહીંયા રહીશ અને તેઓ આજ્ઞા કરશે તો હું સાધુ બની જઇશ.”

## ડોસા ભક્ત સાધુ બનવા તૈયાર

હે ભક્તો ! એક વખત બંધીયા ગામના કણબી (પટેલો) ગોળ વેચવા માટે ગઢડા આવ્યા હતા. તે સમયે તેઓ દરબારગઢમાં સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કરવાં આવ્યા. ત્યારે મહારાજે પૂછ્યું : “કયું ગામ ?” પેલાએ કહ્યું : “બંધીયા.” ત્યારે મહારાજે પૂછ્યું : “અમારા ભગત ડોસાભાઇ સુખી છે ને ?” ત્યારે પેલા લોકોએ હા કહી.

હે ભક્તો ! પછી મહારાજ કહેવા લાગ્યા : “પટેલિયાઓ ! અમારા ડોસા ભક્ત તો સંસારમાં જળકમળવત્ રહે છે. તે તો કથન માત્ર વહેવારમાં રહે

છે.” આવું સાંભળી પટેલો હસતા–હસતા બોલ્યા : “મહારાજ ! અમે તો વ્યવહારમાં ગળા સુધી ખૂંત્યા છીએ, પણ તમારા ડોસા ભગત તો ચોટલી સુધી ખૂંતી ગયા છે.” ત્યારે મહારાજ કહે : “એ તો અમારી આજ્ઞાએ કરી સંસારમાં રહ્યા છે.” તો પણ પેલાએ માન્યું નહિ.

હે ભક્તો ! પછી મહારાજ કહે : “પટેલિયાઓ! તમો માનતા નથી, પણ તમને ખાત્રી કરાવું કે, ખરેખર તેઓ મારી આજ્ઞાથી જ ઘેર રહ્યા છે, તો તમે સત્સંગી થશો ?” આવું સાંભળી કણબીઓએ મોઢાં મલકાવ્યાં, પણ કાંઇ બોલ્યા નહિ. પછી મહારાજે પત્ર લખાવીને ભગુજીને પત્ર દેવા બંધીયા મોકલ્યા.

હે ભક્તો ! ભગુજી પત્ર લઇને બંધીયા ગયા. તે વખતે ડોસા ભક્ત બીજાની વાડીએ માલ તોળતા હતા. ત્યાં ગોળ જોખતા હતા. ભગુજીએ ત્યાં જઇને જયસ્વામિનારાયણ કહ્યા ને પત્ર આપ્યો. પત્ર ખોલ્યો તો એમાં લખેલ હતું: “ડોસાભાઇને માલુમ થાય કે પત્ર મળે એટલે તરત તમો ભગુજી સાથે ગઢપુર આવતા રહેજો.”

હે ભક્તો ! તુરંત તેઓએ શેરડીના વાઢના માલિકને કહ્યું : “હવે મારાથી અહીં નહિ રહેવાય, મારા ભગવાને મને આજને આજ ગઢડા બોલાવ્યો છે, માટે હું જાવ છું.” આ પ્રમાણે કહી ભગુજી સાથે ગઢપુર આવતા રહ્યા. ઘેર પણ કહેવા ગયા નહિ.

હે ભક્તો ! ગઢપુર આવીને મહારાજને દંડવત કરીને બોલ્યા : “મહારાજ ! શી આજ્ઞા છે ? મને કેમ બોલાવ્યો ?” ત્યારે પેલા પટેલોને સભામાં ફરીને બોલાવેલા, એટલે મહારાજે ડોસા ભગતને કહ્યું : “તમને સાધું બનાવવા છે, બનશો ?” ત્યાંતો ડોસા ભગત કહેવા લાગ્યા : “મારા ધનભાગ્ય કે મને સાધુ બનાવો છો.” ત્યારે મહારાજે પેલા કણબીઓને કહ્યું : “પટેલો ! આ ડોસાભાઇ સાધુ બનવા તૈયાર છે, તમે સત્સંગી થશોને ?” ત્યારે પેલા કહે : “ના મહારાજ, અમારાથી તમારા નિયમ ન પળે, માટે અમો તમારા સત્સંગી નહિ થઇએ. આ ડોસાભાઇને અમોએ અમારા જેવા સામાન્ય માન્યા હતા, પણ તમોએ કહ્યું એમ એ સંસારમાં કથન માત્ર જ રહે છે.”

– અક્ષરાનંદ સ્વામીની વાતો : ૩૩૦



# ૧૯.
# જમતગડા રાણા રાજગર

હે વહાલા ભક્તો ! ......

રાણા રાજગર એટલે ગોલીડા ગામના રાજગોર બ્રાહ્મણ.

રાણા રાજગર એટલે સ્વામિનારાયણ ભગવાનના પરમ ભક્ત.

રાણા રાજગર એટલે યમદૂતોને પણ ડાંગ મારનાર શૂરવીર ભક્ત.

રાણા રાજગર એટલે શ્રીજી મહારાજના મહિમાને કેફવાળા ભક્ત.

રાણા રાજગર એટલે પોતાની સાથે પુત્રને ધામમાં લઇ જનાર મહાન ભક્ત.

રાણા રાજગર એટલે પોતાના બારમાને દિવસે માતાને ધામમાં તેડી જનાર મુક્ત.

હે ભક્તો ! રાજકોટ શહેરથી આઠ ગાઉં દૂર ગોલીડા ગામ આવેલ છે. તે ગામમાં રાજગુરુ બ્રાહ્મણો – પટેલો વગેરે સત્સંગીઓ રહેતા. તેમાં બ્રાહ્મણ જ્ઞાતિના રાજગુરુ અથવા રાજગર ચાર ભાઇઓ પાકા સત્સંગી રહેતા હતા. રાણાભાઇ, ભીમભાઇ, વશરામભાઇ અને રાઘવભાઇ તેઓનાં નામ હતાં.

હે ભક્તો ! આ ચારેય ભાઇઓ મહિમાવાળા અને કેફવાળા હતા. ચારેય સંપીને રહેતા અને સત્સંગ કરતા હતા. તેમાં એક દિવસ ચારેય ભાઇઓએ જોયું, તો યમપૂરીમાંથી યમદૂતો પોતાનાં ગામમાં આવી રહ્યા હતા. આવું જોઇને તેઓને નવાઇ લાગી અને અરસપરસ કહેવા લાગ્યા : “અરે ! આપણે સ્વામિનારાયણ ભગવાનના ભક્તો છીએ અને આ જમદૂતો આપણા ગામમાં કેમ આવી શકે ? ચાલો તેમને રોકીએ.”

હે ભક્તો ! આમ જોઇએ તો સામાન્ય લોકોને યમદૂતો દેખાય નહિ, પરંતુ ભગવાન જો ઇચ્છે તો કોઇપણને દેખાય, તેથી આ ચારેને યમદૂતો

દેખાયા ? તેથી તેઓને રોકવા ચારે ભાઇઓ યમદૂતો પાસે ગયા અને સવાલ કર્યો : "યમદૂતો ! તમો અમારા ગામમાં કેમ આવ્યા ? તમને ખબર નથી ? આ ગામમાં સ્વામિનારાયણ ભગવાનના ભક્તો રહે છે ?"

હે ભક્તો ! આવું સાંભળી યમદૂતો કહેવા લાગ્યા : "અમે ક્યાં ભગતને લેવા આવ્યા છીએ? અમે તો પાપી જીવને લેવા આવ્યા છીએ." ત્યારે ચારેભાઇઓ કહેવા લાગ્યા : "એ પાપી ભલે હોય, પણ તેઓને અમારા સત્સંગીનાં દર્શન દરરોજ થાય છે, માટે તમે પાછા જતા રહો." પણ યમદૂતો માન્યા નહિ. પછી યમદૂતો તે ચારે ભાઇઓને મારવા માટે તૈયાર થયા :–

**"ત્યારે ભીમ રાણો ભડ ભારી, કૃતાંત દાંતમાં ડાંગ મારી;**
**થયો કડાકો વસમી વીતિ, જમ ભક્તને ન શક્યા જીતી.**
**પામ્યા ભય ભાગ્યા જમરાણ, આતો જન દિસે છે જોરાણ;**
**ભક્ત તમે સાચા સાચા સ્વામી, અમે જઇએ છીએ હાર પામી."**

**- ભક્ત ચિંતામણિ : પ્ર. ૧૩૬**

હે ભક્તો ! આ ન મનાય એવી વાત છે. પરંતુ આ ભક્તોને સ્વામિનારાયણ ભગવાનનો સંબંધ હતો એટલે અશક્ય, શક્ય બની ગયું ! રાણા ભક્ત અને ભીમભાઇ આ બન્ને ભાઇએ યમદૂતને ડાંગ મારી એટલે તેના દાંત પડી ગયા! એનો મોટો અવાજ થયો. યમદૂતો તો આ ભક્તોની હિંમત જોઇને ડરી ગયા અને ભાગતા–ભાગતા બોલ્યા : "તમે ભગવાન સ્વામિનારાયણના સાચા ભક્તો છો. તમેય સાચા અને તમારા ભગવાન પણ સાચા, હવે અમે જતા રહીએ છીએ." નિષ્કુળાનંદ સ્વામી આ બાબતે ચોખવડ કરતા લખે છે કે, :––––

**"એમ જન જીત્યા જમ સાથે, કરી સા'થ સેવકની નાથે;**
**જેને બળ બહુનામીતણું, માન્યું પોતાને સેવકપણું.**
**તેથી જાણો કોણ ન જીતાય, આલોક પરલોકને માંય;**
**એનું આશ્ચર્ય કાંઇ મ જાણો, આપ્યો પરચો એ પરમાણો."**

**- પ્રકરણ :૧૩૬**

## રાઘવ અને વશરામ સાધુ થયા

હે ભક્તો ! રાણાભાઇ, રાઘવભાઇ, ભીમભાઇ અને વશરામભાઇ એ ચારે ભાઇઓ સંસારમાં જળકમળવત્ રહીને મહારાજની ભક્તિ કરતા હતા.

એક સમયે આખો પરિવાર ઘર–સભા કરીને સત્સંગ કરતો હતો. ત્યારે રાઘવ ભક્ત અને વશરામ ભક્ત બોલ્યા : “બા ! અમારે લગ્ન કરીને સંસાર માંડવો નથી, માટે અમોને સાધુ થવાની રજા આપો. સાધુ બની અમો સ્વામિનારાયણ ભગવાનની સેવા કરીને તેમનો રાજીપો મેળવશું.”

હે ભક્તો ! આવું સાંભળી તેની બા કહેવાં લાગ્યાં : “હવે હું ઘરડી થઇ છું, અને જતા દા’ડામાં તો મારો દેહ પણ પરવશ થઇ જશે, માટે હું રજા નહિ આપું. તમે સાધુ થઇ જાવ તો ઘડપણમાં મારી સેવા કોણ કરે ?”

હે ભક્તો ! માતાની વાત સાંભળી રાણા ભક્તે કહ્યું : “બા ! તમો બન્ને ભાઇને સાધુ થવાની હા કહો, તમારી સેવા હું કરીશ. તમે સાધુ થવાની હા કહેશો તો સ્વામિનારાયણ ભગવાન તમારા ઉપર ખૂબ રાજી થશે અને આપણાં સૌનું કલ્યાણ કરશે.”

હે ભક્તો ! પછી બન્ને ભાઇઓને લઇ રાણા ભક્ત ગઢપુર આવ્યા અને મહારાજને સમર્પિત કર્યા. પછી મહારાજે રાઘવ ભક્તને સાધુ કરી રાઘવાનંદ સ્વામી નામ પાડ્યું અને વશરામ ભક્તને સાધુ કરી વિશ્વાત્માનંદ સ્વામી નામ પાડ્યું. તેમાં રાઘવાનંદ સ્વામીએ કથા–વાર્તા કરી કરીને ખૂબ સત્સંગ વધાર્યો હતો. નવા મુમુક્ષુને સત્સંગી કર્યા હતા અને જૂના સત્સંગીઓને કથા–વાર્તા કરી તેનાં ધર્મ–જ્ઞાન–વૈરાગ્ય અને ભક્તિનું પોષણ કર્યું હતું.

## જેને ધામમાં આવવું હોય તે ચાલો

હે ભક્તો ! ગોલીડા ગામમાં રાણા રાજગરના ફળિયામાં ઘણા લોકો સત્સંગ–સભામાં બેઠા હતા. તેમાં રાણા ભક્ત સ્વામિનારાયણ ભગવાનની કેફ ભરી વાતો કરતા–કરતા બોલ્યા : “હે સત્સંગી ભાઇઓ અને બહેનો ! આવતી કાલે એકાદશીએ મારે અક્ષરધામમાં જવું છે. એટલે હું આ પંચભૂતનો દેહ છોડી દિવ્ય બ્રહ્મમય શરીરને પામી શ્રી સ્વામિનારાયણ ભગવાનની સેવામાં તે પ્રભુનો દિવ્ય પાર્ષદ થઇને રહીશ; માટે જેને આ જગતનાં અનંત દુ:ખોમાંથી મુક્ત થઇ સદાય સુખિયાં થાવું હોય તો તે તૈયાર થઇ જાવ. હું મારી સાથે તેને ધામમાં તેડી જઇશ!”

હે ભક્તો ! આત્મવિશ્વાસ અને પ્રભુના કેફમાં મસ્ત રહેનારા રાણા ભક્તે જાહેરમાં આવી જાહેરાત કરી! સહુને અક્ષરધામનું આમંત્રણ આપતા

હોય એમ ચાર વખત કહ્યું, પરંતુ સભામાં આવું સાંભળીને શૂન્યાવકાશ વ્યાપી ગયો હતો. લોકો એકબીજાને કહેવા લાગ્યા : "અરે ! રાણા ભગત આ શું વાત કરે છે ? એમ કાંઇ થોડું ભગવાનના ધામમાં જવાય છે ? અને કદાચ ધામમાં જવાય તો બીજાને થોડું સાથે લઇ શકાય છે ? આ તો બધી ગાલગપોળની વાતો લાગે છે."

હે ભક્તો ! આવું સાંભળીને તેના દીકરાએ કહ્યું : "પિતાજી ! હું તમારી સાથે ધામમાં આવવા તૈયાર છું, મારે આ સંસારમાં રહીને બંધનકારી પંચવિષયો ભોગવવાં નથી." ત્યારે તેમની બાએ કહ્યું : "બેટા ! મારે પણ તારી સાથે મહારાજના અક્ષરધામમાં આવવું છે, માટે મને પણ લઇ જા."

હે ભક્તો ! ત્યારે રાણા ભક્તે કહ્યું : "બા ! અત્યારે હું મારા દીકરાને લઇ જાઉં છું. તમોને હું મારા બારમાને દિવસે શ્રીજી મહારાજને લઇને તેડવા આવીશ, માટે તૈયાર રહેજો."

હે ભક્તો ! આ રીતે કહીને એકાદશીના દિવસે પિતા–પુત્રે સ્નાન કરીને ધોયેલાં ધોળાં વસ્ત્રો પહેર્યાં ને માળા લઇને બેસી ગયા. રાત્રીના બરાબર બાર વાગ્યા ને રાણા ભક્ત બોલ્યા : "જુઓ જુઓ, શ્રીજી મહારાજ વિમાન લઇને દિવ્ય પાર્ષદો સાથે અમને બન્નેને તેડવા પધાર્યા છે, માટે હું જાવ છું. સત્સંગ દ્રઢ કરીને રાખજયો."

હે ભક્તો ! આ પ્રમાણે કહીને બાપ–દીકરે બન્નેએ એક સાથે દેહ છોડી દીધા ! પછી મહારાજ તેઓને ધામમાં લઇ ગયા. પછી તેમનાં માતાને વચન આપ્યાં મૂજબ એમનાં બારમાના દિવસે શ્રીજી મહારાજને લઇને રાણા ભક્ત આવ્યા અને માજીએ પણ બહેનોને ને ભાઇઓને કહ્યું : "હું મારા રાણા સાથે ને મારા ઇષ્ટદેવ સાથે એમના ધામમાં જાવ છું, જય સ્વામિનારાયણ.!" આ પ્રમાણે કહીને માજીએ પણ દેહ છોડી દીધો અને મહારાજ તેમને દિવ્ય–દેહ આપીને વિમાનમાં બેસાડી ધામમાં લઇ ગયા.

નોંધ : હે ભક્તો ! રાણા ભક્ત પોતાના પુત્રને સાથે લઇ ગયા. એવું "ભક્ત ચિંતામણિ" અને "હરિચરિત્ર ચિંતામણિ" આ બંનેમાં ઉલ્લેખ છે. અને પોતાના ભત્રીજાને લઇ ગયા એવો ઉલ્લેખ "સત્સંગની શુભ વાર્તા" માં છે.



# ૨૦.

# ભક્ત પ્રહલાદજી

હે વહાલા ભક્તો .....

પ્રહલાદજી એટલે ભગવાન નારાયણના મહાન બાલભક્ત.

પ્રહલાદજી એટલે હિરણ્યકશિપુ અને રાણી કયાધુના પુત્ર

પ્રહલાદજી એટલે દૈત્યકુળના હોવા છતાં મહાન ભક્ત.

પ્રહલાદજી એટલે અખંડ સ્મરણપ્રિય પ્રભુને પ્યારા ભક્ત.

પ્રહલાદજી એટલે પંચવિષયોના પ્રલોભનમાં ન આવનાર ભક્ત.

પ્રહલાદજી એટલે પ્રભુ પાસે અંતર શત્રુ થકી રક્ષણ માગનાર મુમુક્ષુ ભક્ત.

હે ભક્તો ! કશ્યપ ઋષિને ઘણી પત્નીઓ હતી. તેમાં એક પત્નીનું નામ દિતી હતું. તે દિતીને ત્યાં હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ નામના બે બળવાન પુત્ર થયા. તેમાં હિરણ્યાક્ષ પોતાની શક્તિ દ્વારા પૃથ્વીને પાતાળમાં લઇ ગયો. એટલે ભગવાન નારાયણ બ્રહ્માના નાક દ્વારા સુવરરૂપે પ્રગટ થયા અને તેમણે હિરણ્યાક્ષ સાથે યુદ્ધ કરી તેને મારી નાખ્યો.

હે ભક્તો ! ભગવાન વરાહનારાયણે હિરણ્યાક્ષને માર્યો, એટલે એનો બદલો લેવા હિરણ્યકશિપુએ શક્તિ પ્રાપ્ત કરવા બ્રહ્માજી પાસેથી અનેક પ્રકારનાં વરદાનો પ્રાપ્ત કર્યાં, પણ નારાયણને જીતી ન શકયો, તેથી તેનાં રાજ્યમાં નારાયણનાં મંદિરો તોડી નંખાવ્યાં, પૂજા-પાઠ બંધ કરાવ્યા ને પોતાની પૂજા શરુ કરાવી.

હે ભક્તો ! હિરણ્યકશિપુની પત્નીનું નામ કયાધુ હતું. તે સદ્ગુણી હતી. તેને ત્યાં પ્રહલાદજીનો જન્મ થયો. તે જયારે ગર્ભમાં હતા ત્યારે કયાધુ નારદજીના આશ્રમમાં રહેતાં હતાં, તેથી ગર્ભ-સંસ્કાર સારા પડ્યા. પછી

પ્રહલાદનો જન્મ થયો. તે સમજણા થયા એટલે નારાયણ નામનું સતત સ્મરણ કરવા લાગ્યા. એટલે રાજ્યનું પ્રલોભન આપી હિરણ્યકશિપુએ તેને ભજન કરવાની ના કહી, પણ પ્રહલાદ માન્યા નહિ.

હે ભક્તો ! પછી તો પ્રહલાદને મારી નાખવા માટે અનેક પ્રયત્નો કર્યા, પણ ભગવાને એના શરીરને કોઇ પ્રકારની ઇજા થવા ન દીધી. પ્રહલાદનું શરીર પણ ભગવાનના ભજનને પ્રતાપે કરીને ચૈતન્યમય થઇ ગયું. પછી એક દિવસ તેના પિતા હિરણ્યકશિપુએ પૂછ્યું : "પ્રહલાદ ! તું જેનું ભજન કરે છે એ તારો ભગવાન ક્યાં છે ?" ત્યારે પ્રહલાદે કહ્યું : "ભગવાન તો સર્વત્ર છે : 'જલે વિષ્ણુ સ્થલે વિષ્ણુ, વિષ્ણુ પર્વત મસ્તકે.' ભગવાન ક્યાં નથી એમ કહો. 'હરિ વ્યાપક સર્વત્ર સમાના."

હે ભક્તો ! ત્યારે અસુરરાજ હિરણ્યકશિપુ બોલ્યો : "આ થાંભલામાં તારો ભગવાન છે ?" ત્યારે પ્રહલાદે હા કહી. એટલે તેના બાપે જોરથી તે સ્તંભને હાથની મુઠીથી પ્રહાર કર્યો. તે વખતે ભયંકર અવાજ થયો ને તેમાંથી ભગવાન, નૃસિંહ રૂપ ધારણ કરીને પ્રગટ થયા અને હિરણ્યકશિપુ સાથે યુદ્ધ કરી બ્રહ્માજીનાં વરદાનો સત્ય રાખીને વૈશાખ–સુદ ચૌદશે સંધ્યા સમયે તેનો નાશ કર્યો.

હે ભક્તો ! પછી પ્રહલાદજીને પોતાની ગોદમાં લઇને વરદાન માંગવાનું કહ્યું. ત્યારે પ્રહલાદજીએ જે માગ્યું તેની નોંધ સ્વામિનારાયણ ભગવાને લોયાનાં ત્રીજા વચનામૃતમાં લીધેલ છે કે, "પ્રહલાદ જે તે નૃસિંહજી પ્રત્યે બોલ્યા જે, 'હે મહારાજ ! હું આ તમારા વિકારળ રૂપથી નથી બીતો ને તમે જે મારી રક્ષા કરી તેને હું રક્ષા નથી માનતો; ને તમે જયારે મારા ઇન્દ્રિયોરૂપ શત્રુના ગણ થકી રક્ષા કરશો ત્યારે હું રક્ષા માનીશ."

હે ભક્તો ! પ્રહલાદજીની આવી વાણી સાંભળી ભગવાન નૃસિંહ ખૂબ રાજી થયા અને વરદાન આપ્યું, જેના કારણે પ્રહલાદજીના અંતરમાંથી માયાનો પાશ નીકળી ગયો. પછી તો ભગવાને જ પ્રહલાદને રાજગાદીએ બેસાડી રાજ્ય કરવા કહ્યું ને અંતર્ધાન થઇ ગયા.

હે ભક્તો ! પછી તો પ્રજાને પુત્રની જેમ માનીને રાજ્ય કરવા લાગ્યા. તેથી પ્રજાપ્રિય રાજા બની ગયા અને પ્રહલાદજીના સંગને કારણે દૈત્યો પણ પોતાની કુટેવો ભૂલી ભક્તિ કરવા લાગ્યા ને ધર્મનું પાલન કરવા લાગ્યા.



# ૨૧.
# કઠલાલનાં લક્ષ્મીબાઇ

હે વહાલા ભક્તો ....

કઠલાલની ડોશી એટલે મહારાજનાં મહાન ભક્ત લક્ષ્મીબાઇ.

કઠલાલની ડોશી એટલે પ્રગટ પ્રભુના અતિ માહાત્મ્યવાળાં ઉત્તમ ભક્ત.

કઠલાલની ડોશી એટલે નિયમ–નિશ્ચયવાળાં એકાંતિક ભક્ત.

હે ભક્તો ! ઉમરેઠ–ડાકોર નજીક કઠલાલ નામનું નાનકડું ગામ આવેલ છે. શ્રીહરિજી તે ગામમાં આવ્યા. ત્યાં પધરામણી કરીને મહારાજ ત્યાંથી ચાલતા થયા. તે સમયે કઠલાલનાં એક હરિભક્ત લક્ષ્મીબાઇ તાંબાના ઘડામાં પાણી ભરીને પ્રભુ પાછળ પાછળ ઉતાવળે પગલે દોડી આવ્યાં ને કહેવાં લાગ્યાં: “હે નાથ ! ઊભા રહો, ઊભા રહો. !! એમ પુકાર કરતાં કરતાં આવતાં હતાં. તેના અવાજને સાંભળી પર્વતભાઇએ શ્રીજી મહારાજને ઊભા રાખ્યા. ત્યારે તે બાઇ નજીક આવી....

(ચોપાઇ)

“હરિ કુ કહે તુમારે ચરના, ઘટ મેં બોરી ચરનામૃત કરના;
મેરે ગામ કે કૂપમેં પાકૂ, ડારી હું ચરનામૃત હિ તાકૂ.
પુરજન કુ મેં કરત હું જાતા, સત્સંગ નહીં એક કરાતા;
કૂપ કે નીર પિયે જન જેહૂ, જમપુરિ મેં એક જાવે ન તેહૂ.”

- હ.સાગર : પૂર : ૧૪ ત. ૬૨

## (અર્થ)

હે ભક્તો ! લક્ષ્મીબાઇ કહેવાં લાગ્યાં : "મહારાજ ! આપનો ચરણ આ ઘડામાં બોળો અને પાણીને પ્રસાદીનું–ચરણામૃત કરો. તે જળને હું મારા ગામના કૂવામાં નાખીશ. ગામના લોકો આગળ હું સત્સંગની વાતો ઘણી કરું છું, છતાં એક પણ સત્સંગી થતા નથી. તેથી તે કૂવાનું પ્રસાદીનું પાણી જે મનુષ્ય પીએ તે કોઇ જમપૂરીમાં જાશે નહિ."

હે ભક્તો ! શ્રીહરિજીએ લક્ષ્મીબાઇની હિંમત જોઇને તરત રાજી થયા અને ઘડાના પાણીને પ્રસાદી–ચરણામૃત કરી દીધું. પછી તે બાઇ હરખભેર ચાલતી થઇ. આ ઘટના જોઇને પર્વતભાઇને ઘણું જ આશ્ચર્ય થયું. તેથી તે પરમ ઉદાર ભાવનાથી તે લક્ષ્મીબાઇનાં વારમવાર વખાણ કરતા હતા.

નોંધ : હે ભક્તો ! 'શ્રીહરિચરિત્રચિંતામણિ : ભાગ ૩ ની ૫૦૯ મી વાતમાં તથા ભગવાન સ્વામિનારાયણ : ભાગ–૩. પેજ નં. ૧૪૬ માં કઠલાલની ડોશીનું નામ રામબાઇ લખેલ છે. પરંતુ 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથના પૂર ૧૪ ૧૪ તરંગ–૬૨ માં આધારાનંદ સ્વામીએ 'લક્ષ્મીબાઇ' લખેલ છે.'

# ઉપસંહાર

હે વહાલા ભક્તો ! લોયાના ત્રીજાં વચનામૃતમાં કુલ ૨૧ પ્રસંગો છે અને ૨૩ ભક્તોનાં નામ છે. જેમાં મામૈયોને મેરામણ બન્ને ભાઈનો ભેગો પ્રસંગ છે અને મૂળજી અને કૃષ્ણજી તેનો પણ ભેગો પ્રસંગ છે.

હે ભક્તો ! ૨૨ ભક્તો સ્વામિનારાયણ ભગવાનના ભક્તો છે અને એક ભગવાન વિષ્ણુના ભકત છે. આ દરેક ભકતોનાં જીવન પ્રસંગો મેં લખ્યાં છે, તે દરેકનાં અંગો અલગ-અલગ છે. કોઈને આજ્ઞાપાલનની દ્રઢતા જણાય છે, તો કોઈને મહિમા પ્રધાન છે. કોઈને પ્રભુ-પ્રસન્નતાથી દ્રઢતા છે, તો કોઈને મૂર્તિમાં વૃત્તિ રાખવાની દ્રઢતા છે. કોઈને વિશ્વાસની દ્રઢતા છે, તો કોઈને બ્રહ્મચર્યની દ્રઢતા છે. કોઈને મહારાજનો કેફ છે, તો કોઈને ત્યાગની દ્રઢતા છે.

હે ભક્તો ! અલગ-અલગ ભકતોનાં અલગ-અલગ અંગોમાંથી આપણે પણ આ પ્રસંગો વાંચી વિચારીને જીવનમાં ઉતારીએ અને એક અંગ તો અવશ્ય દ્રઢ કરીએ, એ જ અભ્યર્થના સાથે દરેક વાચક ભક્તોને મારા ઘણા ઘણા હેતપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ.

લિ : સ્વામી બ્રહ્મસ્વરૂપદાસ - કંડારી - વરતાલ

ગુરુવર્ય : સદ્‌ગુરુ શાસ્ત્રી સ્વામી કંડારી ગુરુકુળ

વરતાલ-સંસ્થાન મુખ્ય કોઠારીશ્રી

લેખન શરૂઆત વિ.સંવત ૨૦૭૫ માગશર સુદ-૪ વચનામૃત જયંતી

લેખન સમાપ્ત વિ.સંવત ૨૦૭૫ માગશર વદ-૧૧ -

શ્રી સ્વામિનારાયણ મહામંત્ર પ્રાગટ્યદિન.

(તા. ૧૧-૧૨-૨૦૧૮ થી તા. ૧-૧-૨૦૧૯)

# સંદર્ભ ગ્રંથસૂચિ


| | | |
|---|---|---|
| ૧. | વચનામૃત .... | શ્રીજી મહારાજની પરાવાણી |
| ૨. | ભક્ત ચિંતામણિ .... | સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી |
| ૩. | સત્સંગિજીવન .... | સદ્‌ગુરુ શતાનંદ સ્વામી |
| ૪. | અદ્‌ભૂતાનંદ સ્વામીની વાતો .... | સદ્‌ગુરુ અદ્‌ભૂતાનંદ સ્વામી |
| ૫. | શ્રીહરિચરિત્રામૃતસાગર .... | સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી |
| ૬. | શ્રીહરિલીલામૃત .... | આ. વિહારીલાલજી મહારાજ |
| ૭. | અક્ષરાનંદ સ્વામીની વાતો .... | સદ્‌ગુરુ બ્ર. અક્ષરાનંદ સ્વામી |
| ૮. | શ્રીહરિ ચરિત્ર ચિંતામણિ .... | સદ્‌ગુરુ રૂગનાથચરણદાસજી સ્વામી |
| ૯. | સત્સંગની - શુભવાર્તા .... | સદ્‌ગુરુ પુ. પ્રેમપ્રકાશદાસજી સ્વામી |
| ૧૦. | આદર્શ ભક્તગાથા .... | સદ્‌ગુરુ ધર્મવલ્લભદાસજી સ્વામી |
| ૧૧. | ભક્તાખ્યાન .... | સદ્‌ગુરુ જ્ઞાનજીવનદાસજી સ્વામી |
| ૧૨. | ભ. સ્વા. ચરિત ગાથા .... | સદ્‌ગુરુ માધવપ્રિયદાસજી સ્વામી |
| ૧૩. | સ. જી. સાગર મંથન .... | સદ્‌ગુરુ બ્રહ્મસ્વરૂપદાસ સ્વામી |
| ૧૪. | શ્રી સહજાનંદ સ્વામી ચરીત્ર .... | સંપાદક ડો. સંતવલ્લભદાસ સ્વામી |
| ૧૫. | ભક્ત ચરિતમ્ .... | સાધુ યજ્ઞવલ્લભદાસ સ્વામી |
| ૧૬. | ભ.શ્રી સ્વામિનારાયણ .... | હર્ષદરાય ત્રિભુવનદાસ દવે |
| ૧૭. | મહામુક્ત મોટીબા .... | મૂળજી છગનલાલ પંજવાણી |
| ૧૮. | વચનામૃત-પાત્રો .... | કીર્તિ પી. ધોળકીયા |

નોંધ

## : સૌજન્ય :

  

## "આભારના અધિકારી"

**પ.ભ. શ્રી રજનીભાઈ મણીભાઈ પટેલ**
**(આણંદ, હાલ. એટલાન્ટા-અમેરિકા) ના**

**પૂજ્ય પિતાશ્રી મણીદાદાના સ્મરણાર્થે આ પુસ્તકનું સૌજન્ય પ્રાપ્ત થયેલ છે.**

**હસ્તે. મણીદાદાના પૌત્રો**
**પ.ભ. ડૉ. જૈમિનભાઈ તથા પ.ભ. ડૉ. સંજયભાઈ - અમેરિકા-એટલાન્ટા**

**પૌત્રવધુઓ**
**અ.સૌ. શ્રી નિશાબેન તથા અ.સૌ. શ્રી જીજ્ઞાસાબેન**

**પ્રપૌત્ર**
**અવંત અને કુશ તથા**
**પ્રપૌત્રી પ્રિયા તથા દીયા**

**"પૌત્રી"**
**અ.સૌ. શ્રી રાજેશ્રીબેન**

**ભાણેજ**
**શ્યામ તથા સાવન**

**આ સુસંસ્કારી પરિવારનો વરતાલ સંસ્થા આભાર માને છે.**



## : લેખક :

# સદ્‌ગુરુ શ્રી બ્રહ્મસ્વરૂપદાસ સ્વામી (સાહિત્ય વિશારદ)

હે વ્હાલા ભક્તો ! પૂજ્ય બ્રહ્મસ્વરૂપદાસજી સ્વામી શાસ્ત્રીજી સ્વામીના પ્રથમ શિષ્ય છે. સમજણ અને જ્ઞાનથી વૈરાગ્ય થતાં ૨૧ વર્ષની ઉંમરે તા. ૧૨-૧૧-૧૯૮૬ વિ.સંવત્ ૨૦૪૨, કારતક સુદ એકાદશીના પવિત્ર દિવસે દીક્ષા લઈને સંત બન્યા છે.

સહજ ભજનમય અંગ, શ્રીહરિજીમાં સ્નેહ, મૌન અને વાંચનનો ઊંડો અભ્યાસ આ તેમનાં જીવનના અવિભાજ્ય અંગ છે. પાંચ વર્ષ સુધી તેઓએ અખંડ મૌન રાખી સતત સ્વામિનારાયણ મહામંત્રના જપ કરી ૧૦ વર્ષમાં ૧૩ કરોડ મહામંત્રના જપ કરી સ્વામિનારાયણ ભગવાનની તથા સંતો-ભક્તોની પ્રસન્નતા પ્રાપ્ત કરી છે.

વાંચનનો સતત અભ્યાસ હોવાથી, શાસ્ત્રોનું ચિંતન અને મનન કરીને ''સત્સંગિજીવન સાગર મંથન'' નામનો વિશાળ ગ્રંથરાજ તેમણે અમેરિકા 'શ્રી સ્વામિનારાયણ મંદિર ડલાસ'માં રહીને ઈ.સ. ૧૯૯૫-૯૬માં લખ્યો છે. આ ગ્રંથ સંપ્રદાયમાં અતિ લોકપ્રિય બન્યો છે.

પૂજ્ય સ્વામી કેવળ લેખક જ નથી, પરંતુ કવિ, સંગીતજ્ઞ અને કથાકાર પણ છે. તેમણે બનાવેલ કીર્તનોનું ''પ્રગટના ગુણગાન'' નામે પુસ્તક પણ પ્રકાશિત થયેલ છે. બ્રહ્મસ્વરૂપ સ્વામીએ કુલ-૧૯ નાનાં-મોટાં પુસ્તકો લખ્યાં છે.

## સ્વામી દ્વારા લખાયેલાં પુસ્તકોની યાદી નીચે મુજબ છે.

| ક્રમ | પુસ્તકનું નામ | વર્ષ |
|---|---|---|
| (૧) | પ્રગટના ગુણગાન | ઈ.સ. ૧૯૯૪ |
| (૨) | જ્ઞાનસરિતા | ઈ.સ. ૧૯૯૫ |
| (૩) | સત્સંગિજીવન સાગરમંથન | ઈ.સ. ૧૯૯૭ |
| (૪) | મોહનજીને મળવાને | ઈ.સ. ૧૯૯૭ |
| (૫) | જીવન-યાત્રા | ઈ.સ. ૨૦૦૪ |
| (૬) | માનવતાના દીવડા | ઈ.સ. ૨૦૦૪ |
| (૭) | વાણી વિવેક | ઈ.સ. ૨૦૦૪ |
| (૮) | જીવન એક સ્નેહ ઝરણું | ઈ.સ. ૨૦૦૪ |
| (૯) | અમાનવીય ક્રૂરતા | ઈ.સ. ૨૦૦૪ |
| (૧૦) | શીલવંતા સંતો સાંભળજો | ઈ.સ. ૨૦૦૯ |
| (૧૧) | કીધો યજ્ઞ ડભાણમાં | ઈ.સ. ૨૦૧૦ |
| (૧૨) | માંગરોળમાં શ્રીજી મહારાજ | ઈ.સ. ૨૦૧૧ |
| (૧૩) | અધ્યાત્મ ડાયરી | ઈ.સ. ૨૦૧૨ |
| (૧૪) | લોજધામની લીલા | ઈ.સ. ૨૦૧૩ |
| (૧૫) | કૃપા-મુક્તિ | ઈ.સ. ૨૦૧૪ |
| (૧૬) | મુક્તિના ઉપાયો | ઈ.સ. ૨૦૧૪ |
| (૧૭) | લીલા લોયાધામની | ઈ.સ. ૨૦૧૬ |
| (૧૮) | ધરગામનો મહિમા | ઈ.સ. ૨૦૧૯ |
| (૧૯) | આદર્શ જીવન પ્રસંગો | ઈ.સ. ૨૦૧૯ |